RIGHT TO INFORMATION

ANNEXURE "A"
(See rule 3)
Format of Application for obtaining information under
**The Right to Information Act 2005**

To,
The State Public Information Officer
Vidhan Sabha,
Vitthalbhai Patel Bhavan, Sector 10, Gandhinagar,
Gujarat 382010

(10 रु. Rs.10 दस रुपये TEN RUPEES)
(10 रु. Rs.10 दस रुपये TEN RUPEES)

1. **FULL NAME OF THE APPLICANT :** GEETIKA MISHRA
2. **ADDRESS** : 1886, 2nd floor, 5th main 8th cross,
   New Thippasandra, Bangalore 560075, Karnataka
   **Phone** : 8130758749
   **E-mail** : geetikamishra16@gmail.com
3. **SUBJECT OF INFORMATION REQUIRED**: Copies & documents of state assembly debates pertaining to the Gujarat Prevention of Anti-Social Activities Act, 1985
4. **PARTICULARS OF INFORMATION REQUIRED**

- All the copies of state assembly debates & discussions pertaining to the 'Gujarat Prevention of Anti-Social Activities Act', 1985
- A copy of all debates and discussions related to the Amended Gujarat Act No. 26 of 1986.
- All copies of debates and discussions related to the Amended Gujarat Act No. 14 of 2000.

**Place :** Bangalore

**Date :** 20/05/2020

Geetika
**Signature of the applicant**

*Reply / information sent via Email to my mail ID - geetikamishra16@gmail.com would be appreciated. Immediate acknowledgement would be sent confirming the receipt of the information.

अधपन्ना COUNTERFOIL

इसे फाड़कर प्रेषक अपने पास रख ले।
To be detached and kept by the Sender.

पोस्टल आर्डर

₹ 50

POSTAL ORDER

किसे अदा करना
To whom payable Gujrat

किस डाकघर में
At what Office

क्या इसे क्रास किया है
Whether crossed

भेजने की तारीख
Date sent 17/8/20

89G 893514

पन्नास रुपये ... पंजाह रुपये ... पच्चास रुपये पचास रुपए

भारतीय पोस्टल आर्डर
INDIAN POSTAL ORDER

महानिदेशक DIRECTOR GENERAL OF POSTS.

TO ............ को

रुपए की रकम THE SUM OF RUPEES FIFTY ONLY

₹50

AT THE POST OFFICE AT

के डाकघर में अदा करें।

कमीशन COMMISSION रुपए 5 RUPEES

प्रेषक अपना नाम और पता यहां लिख दे।
SENDER MAY FILL IN HIS NAME AND ADDRESS HERE.

Geetika
Bangalore

सत्यमेव जयते

जारी करने के महिने के अंतिम दिन से 24 महिने और द्वितिय कमिशन के भुगतान जारी करने के महिने की अंतिम दिन से 36 महिने
24 months from the last day of the month of issue and 36 months from the last date of the month of issue on payment of second commission.

के नीचे मत लिखिए DO NOT WRITE BELOW THIS LINE

89G 893514

...or required

- 2020

New Thippasandra,
Bangalore 560075, Karnataka.

Sir,

With reference to your application dated 20-5-2020 (ID No. 7 under Section 6(1) of the RTI Act & Rule-3(1) of the Gujarat Right Information rules, 2010, I am to state that the required information available in 77 pages in **Regional language(Gujarati)** and you a requested to deposit amount of Rs. 154/- (One hundred fifty four Rupe only), details whereof are as under .

| | | |
|---|---|---|
| (1) | Total No. of pages 77 (A4 size) | Rs.154/- (Rs.2/-per pag |
| | Total Rupees:- | Rs.154/- (One hundred fifty fo Rupees only) |

2. The calculation of above amount is subject to change, if any, at tl time of giving actual information and it shall be binding to you.

3. You can deposit / pay above amount by one of any mode payment described below.

By RPAD



# FORM B

(See rule-3(3) )

**Intimation to applicant to deosite fee and charges for required information and/ or documents**

No. R/67/(77)/ 12441

To,
Geetika Mishra,
1886, 2nd floor, 5th main 8th cross,
New Thippasandra,
Bangalore 560075, Karnataka.

- 4 JUN 2020

Sir,

With reference to your application dated 20-5-2020 (ID No. 77) under Section 6(1) of the RTI Act & Rule-3(1) of the Gujarat Right to Information rules, 2010, I am to state that the required information is available in 77 pages in **Regional language(Gujarati)** and you are requested to deposit amount of Rs. 154/- (One hundred fifty four Rupees only), details whereof are as under .

| | | |
|---|---|---|
| (1) | Total No. of pages 77 (A4 size) | Rs.154/- (Rs.2/-per page) |
| | Total Rupees:- | Rs.154/- (One hundred fifty four Rupees only) |

2. The calculation of above amount is subject to change, if any, at the time of giving actual information and it shall be binding to you.

3. You can deposit / pay above amount by one of any mode of payment described below.

| | | |
|---|---|---|
| (a) | by cash | - |
| (b) | by Demand Draft | It should be duly crossed and drawn in favour of (i) 'Goverment of Gujarat'<br>**or**<br>(ii) Gujarat Legislative Assembly, Viththalbhai Patel Bhavan, Sector-10, Gandhinagar-382028, Gujarat. |
| (c) | by Pay order | " |
| (d) | by Indian Postal Order | " |
| (e) | by Chalan- Deposited in the Budget Head '0070-other administrative services-60-other services-800-other receipt-(17)-fees and other charges under the Right to Information Act/Rules. | |

4. You are requested to mention through which mode you will like to obtain information and documents demanded by you, i.e. either personally or by the post.

Yours faithfully,

(K.M. Bhatt)

Public Information Officer
& Deputary Secretary,
Gujarat Legislature Secretariat

No.R/67/IDNO.77/ 13667
Gujarat Legislature Secretariat
Viththalbhai Patel Bhavan, Sec-10
Gandhinagar-382010.
Date: 25 AUG 2020

To,
Geetika Mishra,
1886, 2nd floor, 5th main 8th cross,
New Thippasandra,
Bangalore 560075, Karnataka.

Madam,

With reference to your application dated 20-05-2020 (ID No.77 Under-Section 6(1) of the RTI Act & Rule-3(1) of the Gujarat Right to Information Rules, 2010, and your Deposit of amount Rs. 160/- by way of Postal order for RTI- Fees recieved on dated-19/8/2020, I Provide your requested Information of 77 Pages attached herewith.

If you are not satisfied with above Information you can apply the First Appeal to Appelate officer & Deputy Secretary, Shri K.M. Bhatt, Gujarat Legislature Secretariat, Viththalbhai Patel Bhavan, Sec-10 Gandhinagar - 382010, Gujarat, Phone:-079-232 53039, within 30 days.

Your Faithfully

( M.H. Karangiya )
Public Information Officer
& Under Secretary,
Gujarat Legislature Secretariat

**શ્રી જશપાલસીંગ)**

અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૧૯૯૮-૯૯ના વાર્ષિક હિસાબો અને તે ઉપરના ઓડિટ રિમાર્કસ તથા સન ૨૦૦૦-૨૦૦૧નું અંદાજપત્ર અને સન ૧૯૯૯-૨૦૦૦નું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ રિમાર્કસ, અંદાજપત્ર અને સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**તારાંકિત પ્રશ્નના અન્વયે વધારાની માહિતી**

**શ્રી હેમંતભાઈ ચં. ચપટવાલા** (રાજયકક્ષાના કાયદો અને ન્યાય મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૧૩મી માર્ચ, ૨૦૦૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી મોહનસિંહ રાઠવાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૦૧૧૨ (અગ્રતા-૧૩) '' વડોદરા જિલ્લામાં મફત કાનુની સહાય માટેની અરજીઓ '' ના જવાબના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્નના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** (શિક્ષણ મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૨ મી માર્ચ, ૨૦૦૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૮૧૩૩ (અગ્રતા-૨૨) '' રાજકોટ જિલ્લામાં ગ્રાન્ટવાળી નિવાસી



**શ્રીમતી આનંદીબેન પટેલ)**

કન્યા શાળાઓને મંજૂરી '' ના જવાબના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

---

સરકારી વિધેયકો

સન ૨૦૦૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૦૦

**ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ વધુ સુધારવા બાબત વિધેયક, ૨૦૦૦**

**શ્રી હરેન પંડયા** (રાજયકક્ષાના ગૃહ મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, × રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૦નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૫ સન -૨૦૦૦નું ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

× વિધેયક તા.૨૧મી માર્ચ, ૨૦૦૦ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં **પ્રસિધ્ધ** કરવામાં આવ્યું છે.

તા.૨૯મો માર્ચ, ૨૦૦૦

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા)
વિધેયક, ૨૦૦૦

**શ્રી હરેન પંડયાઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૦ના વિધેયક ક્રમાંક-૧૫- સન ૨૦૦૦ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હરેન પંડયાઃ** માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫, જે પાસા તરીકે ઓળખાય છે એના અંદર સુધારા કરવા અંગેનું વિધેયક છે. અત્યાર સુધી પાંચેક પ્રકારના ગુના કરવાવાળી વ્યકિતઓની પાસામાં અટકાયત કરવામાં આવતી હતી. જેમાં શરીર સંબંધી તથા મિલકત સંબંધી ગુનો કરનાર ભયજનક વ્યકિત, દારુનો ગેરકાયદેસર ધંધો કરનાર, અનૈતિક વેપાર કરનાર, મિલકત પચાવી પાડનાર અને ઔષધ ગુનેગાર. આ પ્રકારની પાંચ પ્રકારના કાઇંટ એરિયાના લોકો, જેને પાસાની અંદર અટકાયત કરવાનું પ્રોવિઝન હતું. છેલ્લા કેટલાક વર્ષોથી જાહેર અને સાર્વજનિક સ્થળો પર અમૂક જાહેર જગ્યાઓ ઉપર કલબોમાં અને એવી રીતે જુગારની બદી ચાલતી હોય તેવી ફરિયાદો છુટીછવાઈ છેલ્લા કેટલાક દશકાઓથી જાણવા અને જોવા મળતી હતી. વર્લી-મટકા જેવી બદી અને જુગારની નવી નવી અનેક રીતરસમો જે કદાચ આપણે જાણીઓ તો પણ નવાઇ લાગે કે આમાં પણ જુગાર રમી શકાય, એવી નવી નવી રીતરસમવાળા જૂગારની પ્રવૃત્તિઓ જોવા મળતી હોય એવા પ્રકારની ફરિયાદો મળતી હતી અને એને કારણે જાહેર વ્યવસ્થા ઉપર એની ખરાબ અસરો પણ પડતી હોય તેવું જોવા મળતું હતું અને જયાં આગળ આ કામ ચાલતું હોય અથવા જયાં આ પ્રકારના અડ્ડા જેવું ચાલતું હોય એની આસપાસમાં રહેવાવાળા વ્યકિતઓના રોજિંદા જીવન ઉપર પણ આ અંગે ખૂબ ખરાબ અસર



ચૈત્ર ૯, ૧૯૨૨ શાકે

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા)
વિધેયક, ૨૦૦૦

**શ્રી હરેન પંડયા)**

પડતી હોય તેવું જોવા મળતું હતું. વર્તમાન સરકારનો સરકારની સ્થાપનાથી જ એક મકકમ નિર્ધાર છે કે આ પ્રકારની કોઈ પણ બદી કોઇ પણ સંજોગોમાં ના ચાલે. કયાંક કોઈ જગ્યા ઉપર કોઈક ધિકારીની ચાલુ રાખવાની ઇચ્છા હોય કે ના હોય એનાથી કોઇ ફર પડતો નથી. કયાંક વળી ખૂણે ખાંચરે કોઈક જગ્યાએ આવી પ્રવૃત્તિ ચાલતી હોય. પરંતુ રાજય સરકાર તરીકે આની સ્પષ્ટ સૂચના આપી છે કે તેનું ચુસ્ત અમલીકરણ થાય અને એના માટેના પ્રયત્નો ભૂતકાળમાં કયારેય નથી થયા એવા વર્તમાને સરકારે કર્યા છે અને એટલા માટે એક સારું પરિણામ આની અંદર મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારો છે એની અંદર એ છે કે, જુગારના અડ્ડા ચલાવવાવાળા ઇસમોને પાસા હેઠળ આવરી લેવાનું આવશ્યક જણાતા એને આની અંદર સમાવવાનો સૌથી પહેલો મુદ્દો છે અને બીજી વાત એ છે કે અમુક જણાએ કયાંક વાત પણ કરી હતી કે ખાતાનો મીસયુઝ થાય છે. કયાંક કોઈના નિવેદનમાં જાણવા મળ્યું. પરંતુ જયાં સુધી જૂગારના અડ્ડા ચલાવવાવાળાનો સવાલ છે ત્યાં સુધી એમાં એ પ્રોવિઝન રાખવામાં આવ્યું છે કે. જેને એક વખત આ મુદ્દે કોર્ટ ધ્વારા સજા થઇ ચૂકી હોય અને પછી ફરીથી આ ગુનાની અંદર પકડાય એને પાસા હેઠળ લેવાની જોગવાઈ કરવામાં આવી છે અને એટલા માટે મીસયુઝ થવાના ચાન્સીસ આની અંદર જરા પણ રહેતા નથી, એટલા માટે મારે કહેવાનું છે કે સૌથી મહત્વનો મુદ્દો છે એ આ છે.

બીજું, ગુજરાત પૂજય મહાત્મા ગાંધીજીનું ગુજરાત છે,, અહિંસાનું પુજારક ગુજરાત છે અને ગૌ-માતાને આપણા વૈદોમાં પણ

બી-૯-૩૦.

તા.૨૯મી માર્ચ, ૨૦૦૦

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા)
વિધેયક, ૨૦૦૦

**શ્રી હરેન પંડયા)**

માતાનું સ્થાન આપ્યું છે અને સભ્યોએ ગૌ-હત્યા ન થાય એના માટે પોતાના વિચારો પણ જુદા જુદા સમયે અને તબકકે કરેલા છે. આપણે સૌ જાણીએ છીએ કે,, ખેતી માટે, આરોગ્ય માટે આપણને દૂધ આપતી માતા, ઉર્જા ક્ષેત્રે ગાયનું છાણ કામ લાગે, પર્યાવરણ સંબંધી, લોકોની ધાર્મિક લાગણી તો આની અંદર ખરી જ એ બધા પાસા એ સિવાય બીજા અનેક પાસા છે એ તમામ પાસા ધ્યાનમાં રાખીને ગૌ-રક્ષા થાય, ગૌ-હત્યા ન થાય એ પણ વર્તમાન સરકારનો મકકમ નિર્ધાર શરુઆતથી રહેલો છે અને મારે એને કહેવાનું છે કે સરકારમાં આવ્યા પછી ચૂંટણી વખતનું સૂત્ર એ માત્ર ટૂંકા ગાળાના દેખાવો નથી. અહીંયા બેઠેલા તમામ લોકોનુ, અમારા સૌ લોકોનું આ જીવનમંત્ર છે અમે જન્મ્યા ત્યારથી મૃત્યુ પામીશું ત્યાં સુધી ગૌ-રક્ષા અમારા માટેનો જીવન મંત્ર છે અને એટલા માટે એના માટે જે પણ કરી છૂટવું પડે એ કરી છૂટવા માટે વર્તમાન સરકાર કટિબધ્ધ છે અને આ તબકકે એ જણાવતા આનંદ થાય છે કે હિન્દુસ્તાનની ગુજરાત એ સૌથી પહેલી રાજય સરકાર છે કે જે રાજય સરકારે પોતે ગૌ-હત્યા ઉપર વિરોધ, ગૌ-રક્ષા માટે ગૌ-હત્યા વિરોધી ઝૂંબેશ કરી હોય. અને એ સૌથી પહેલું રાજય હોવાને કારણે એમાં શું શું કર્યું? સૌથી પહેલા તો અવરનેશ ઊભી કરી. અધિકારી લેવલે સરકારી તંત્રમાં તમામ ક્ષેત્ર ઉપર આની જાગૃતિ કે આની શા માટે જરુરિયાત છે? અને એ જણાવતા આનંદ થાય છે કે આમાં અનેક ખાતાઓ સંકળાયેલ હોવા છતાં -શહેરી વિકાસ ખાતુ, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, પંચાયત, પશુપાલન વિભાગ, પોલીસ વિભાગ આ બધા સંકળાયેલા હોવા છતાં તમામ ખાતાએ આનાથી સંકલિત રહી આ ઝૂંબેશ દરમિયાન કામગીરી કરી અને બીજું એક જાણવા એ મળતું હતું અમને કહેવામાં આવે કે પોલીસનો સાથ નથી મળતો. પરંતુ આ વખતે ઝૂંબેશની શરુઆત જ પોલીસ



ચૈત્ર ૯, ૧૯૨૨ શાકે

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા)
વિધેયક, ૨૦૦૦

**શ્રી હરેન પંડયા)**

ખાતા ધ્વારા અને ગૃહ ખાતા તરફથી કરવામાં આવી અને એ ઝૂંબેશ દરમિયાન જાગૃતિ કરવા ઉપરાંત એવા મુદ્દા જાણવા મળ્યા કે જેમાં સુધારા કરવાની જરુર લાગી. દાખલા તરીકે દંડની રકમ, ગૌ-હત્યામાં દંડની રકમ એટલી ઓછી છે કે, જેથી એ ગૌ-હત્યા કરવાવાળા દંડ ભરીને એ પ્રવૃત્તિ ચાલુ રાખે તે દંડની રકમમાં વધારો કરવાની જરુરિયાત દેખાઈ. વાહનો જપ્ત કરવા માટેનો જે કાયદો છે એ મોટર વ્હીકલ એકટમાં ફેરફાર કરવાની જરુરિયાત લાગી અને આ પ્રવૃત્તિ કરવાવાળા જે લોકો છે અને એ લોકો માથાભારે પ્રકારના લોકો આમાં સંડોવાયેલા છે. મારે અત્યારે, એક એનિમલ વેલ્ફર બોર્ડનો એક સરવે થયો છે એના આંકડા જે ચોંકાવનાર છે એ કહેવા છે. ૧૯૫૧માં આપણા દેશમાં દર હજારે પશુઓ એ ૪૩૦ ગાયો હતી જે ઘટતી ઘટતી ૧૯૯૧માં દર હજારે પશુએ ૨૦૨ થઇ ગઇ અને એ સરવે તો એમ કહે છે કે, જો આજ પ્રમાણે વૃત્તિ, પ્રવૃત્તિ અને નીતિ જો ચાલુ રહી તો ૨૦૧૧માં દર હજાર પશુએ માત્ર ૨૦ ગાયો રહેશે. આવી ચિંતાજનક તબકકામાં આપણો દેશ આવી જશે. એવી ચિંતા આ એનિમલ વેલ્ફર બોર્ડે એના સરવેમાં કરી છે. મારે આ તબકકે એક મહત્વની વાત કહેવી છે કે, આ કામ કોઇ માત્ર સરકારનું કે કોઈ એક ખાતાનું કે કોઇ એક પક્ષનું કે કોઇ એક કોમનું છે એવું નથી. આ કામ આખા સમાજનું, તમામ રાજકીય પક્ષોનું ભેગું છે, તમામ સત્તાપક્ષ અને વિપક્ષ બંનેનું છે. હિન્દુ-મુસ્લિમ તમામ લોકોનું છે અને આ મુદ્દાને આપણે સમાજ તરીકે લેવો ખૂબ જરુરી બને છે અને એટલે મારી સૌથી પહેલી વિનંતી છે કે, આ વિધેયકની ચર્ચા દરમિયાન આને રાજકીય ટર્ન આપ્યા વગર સમાજ તરીકે અથવા તો ગુજરાત તરીકે, એક રાજય તરીકે અને આપણી સંસ્કૃતિની રક્ષા માટે, આપણે ડીસએગ્રીમેન્ટ ઓછું બતાવી અને આને આપણે વધારે

**શ્રી હરેન પંડયા)**

જીવદયા માટે અનેક કામો કર્યા છે એમના અનેક પર્વો અમને માર્ગદર્શન- રૂપે મળી રહયા છે. આ એ રાજયમાં થઈ રહયું છે કે, જેના ગર્વનર માનનીય શ્રી સુંદરસિંહ ભંડારી સાહેબ પણ જીવદયા માટે ખૂબ લાગણી ધરાવી રહયા છે અને આજનો દિવસ ગૌ-રક્ષા માટે જાન આપનારા સ્વ. ગીતાબેન રાંભિયા કે સ્વ. હરીભાઇ સોલંકીના આદર્શોને સાચા અર્થમાં શ્રધ્ધાંજલી આપવાનો દિવસ છે. છેલ્લે મારે એટલું જ કહેવું છે કે આખા દેશની અંદર ગુજરાત એવું રાજય બને કે જેમાં ગાયની હત્યા કરી ન શકાય. કોઇ પણ કસાઇની કરવત,, સાધનો ગાયના ગળા પર જવાની એના હાથની હિંમત ન થાય. સરકારની જાણકારીમાં ગાયના શરીરનું લોહીનું ટીપું ન પડે એ મકકમતા સાથે આ કાયદાનો અમલ કરવામાં આવનાર છે. એટલા માટે નાના મોટા ડિસ-એગ્રિમેન્ટના મુદ્દા હોય, કે મીસયુઝ થશે કે નહીં થાય એ ડિસએગ્રિમેન્ટના મુદ્દા સંવાદ ધ્વારા ઉભા કરીએ પરંતુ આ મુદ્દા ઉપર સમાજના મુદ્દા તરીકે જેમ નર્મદા યોજના એક અવાજે કરીએ છીએ એમ ગાયની હત્યા રોકવાના મુદ્દા ઉપર તમામ સભ્યો એક સાથે સાથ આપીએ. રચનાત્મક સૂચનો કરે, વિરોધના સૂર નં કરે એવી તમામ સભ્યશ્રીઓને વિનંતી, પ્રાર્થના અને અરજ સાથે તમામ સભ્યોને વિગતે ઓપિનિયન આપવા, સૂચન કરવા, સહકાર આપવા વિનંતી કરું છું.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કાયદામાં બે નાના સુધારા લાવ્યા છે એ અંગે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

એક વાતની ખાતરી હું સભાગૃહને આપવા માગું છું કે



**શ્રી અમરસિંહ ચૌધરી)**

અમારો પક્ષ અને અમે ગૌસંવર્ધનમાં માનીએ છીએ. અમારા પક્ષમાંથી કોઇ જગ્યાએ પક્ષ માટે એવું ઉચ્ચારણ નહીં થયુ હોય કે અમારા પક્ષમાંથી કોઇ ગૌ હિંસામાં માનતા હોય. માનનીય મંત્રીશ્રી જેટલું જીવદયામાં માને છે એટલું જ અમે પણ જીવદયામાં માનીએ છીએ. પણ કેટલીક બાબતમાં આપણો હેતુ શુધ્ધ હોવો જોઇએ. અને આપણો હેતુ જયારે શુધ્ધ નથી હોતો ત્યારે આપણી ભાવના ગમે તેટલી શુધ્ધ હોય તો પણ ભાવનાને લાંછન લાગે છે. ભાવના કલુષિત થાય છે. એવા જે પ્રસંગો બને છે એના તરફ મારે અંગુલી નિર્દેશ નથી કરવો. મારે એટલું જ પુનઃ ઉચ્ચારણ કરીને કહેવું છે કે જીવદયામાં, ગૌ- સંવર્ધનમાં અમે માનીએ છીએ. ચુસ્તપણે માનીએ છીએ. આ કાયદો પાસાનો થયો ૧૯૮૫માં તે વખતે ચાર જ પ્રકારના ગુના માટે પાસાનો કાયદો થયો હતો. એક દારુનો અડ્ડો ચલાવતા હોય, વારંવાર દારુ વેચવાના વગેરે ધંધા કરતા હોય, એવા લોકો માટે. બીજું, જે માથાભારે વ્યકિત હોય જે સમાજમાં ત્રાસ ફેલાવતા હોય, ટેરર ફેલાવતા હોય, સમાજના લોકો જેનાથી કાંપતા હોય, કોના જેવા એ હું નહીં કહું. એવા લોકો માટે અને ત્રીજું, ઢાફોકમાં જે લોકો માનતા હોય, વેશ્યાગીરી વગેરે કરતા હોય અને ચોથુ, લેન્ડ ગ્રેબીંગ જે જમીનો પચાવી પાડતા હોય અને જમીન ઉપર બંધાયેલા મકાનો છે એવા ખાસ કરીને સ્લમ વિસ્તારમાં, ઝૂંપડપટ્ટીમાં અમુક મકાન કબજે કરીને લોકોને ભાડે આપતા હોય એવા લોકો જે લેન્ડ ગ્રેબીંગની વાત કરે છે. લેન્ડ ગ્રેબીંગની વ્યાખ્યા નીચે આવે છે. જે જમીન પચાવી પાડે છે પછી એ સરકારી જમીન હોય કે ખાનગી જમીન હોય કે કોઇ વ્યકિતની જમીન હોય એવી જમીન પચાવી પાડવાના વારંવાર ગુના કોઇ વ્યકિત કરતી હોય એવા લોકો માટે કાયદો બનાવવામાં આવ્યો હતો. ત્યારપછી ૧૯૯૦માં સુધારો થયો અને ખાસ કરીને જે ઔષધી ગુનેગાર છે એટલે કે જે દવાંમાં ભેળસેળ કરે છે. એ ઉપરાંત બ્રાઉન સુગર વગેરે નશાયુકત

**શ્રી અમરસિંહ ચૌધરી) .**

ચીજો વેચતા હોય એવા લોકોનો ઉમેરો થયો. આજે જે ઉમેરો થાય છે એક તો જૂગારનો અડ્ડો ચલાવનાર છે એમાં પણ કવોલિફિકેશન મૂકયું છે કે જેને જૂગારના ગુના અંગે સજા થઈ હોય ત્યારપછી પણ જે ચાલુ રાખતા હોય એવા કે જે લોકો રીઢા ગુનેગાર છે. જૂગારનો અડ્ડો ચલાવવા માટે રીઢા થઈ ચૂકયા છે, તેવા ગુનેગારોને પાસા નીચે પકડાવી એમને પૂરી દેવા માટેની આ જોગવાઈ છે. અને બીજી જોગવાઈ છે ગેરકાયદેસર ગૌવધની પ્રવૃત્તિ કરતા હોય તે માટે છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીનું સૂચન કરવાનું મન થાય છે કે બીજો એક ધારો લાવવાનો છે. ગૌસંરક્ષણ અધિનિયમ જે કાયદો કરવાના છે, તો એમાં આ જોગવાઈ કરી હોત તો ચાલત. પણ માનનીય મંત્રીશ્રીને થોડીક ઉતાવળ હોય તેવું લાગે છે. એટલા માટે એમાં લાવ્યા છે. આ કાયદો વધારેમાં વધારે કડક બને તેવું ઇચ્છીએ. આવા જે વારંવાર ગુના કરનારા છે, તે લોકોને જેલ કરવામાં આવે, તે લોકોના મનમાં ડર ઉભો થાય કે આવા ગુનાઓ કરતા રહીશું,, તો કોઈક દિવસ પાસામાં પકડી લેશે. અને પાસાનો કાયદો એટલા માટે અસરકારક બન્યો છે. પાસામાં પકડાયા પછી એને સાત અઠવાડિયાં પછી પાસાના બોર્ડ પાસે રજૂ કરવામાં આવે. બોર્ડ જો ન છોડે અને જયાં સુધી બોર્ડ પાસે રજૂ ન કરે ત્યાં સુધી કોર્ટમાં જઈ શકતા નથી. કોર્ટ આવી અપિલ, અરજી રિજેકટ કરે છે કે પાસાએ નિર્ણય આપ્યો નથી. તેથી તમારા કેસમાં ઈન્ટરવિન કરી શકાય તેમ નથી, તેથી રિજેકટ કરે છે. લગભગ એક મહિના સુધી જેલ ભોગવવી પડે અને પડે જ. એનો ડર મોટો છે. ત્યાર પછી બોર્ડમાં જે કેટલાક લોકો છૂટે છે, એમાં પણ કેટલાક ઉતાવળે નિર્ણય લેવાયો છે, તેને કારણે છૂટી જાય છે. કેટલીક અધૂરી હકીકત છે, એના કારણે છૂટી જાય છે. કારણ કે બોર્ડ જોઈ શકે. કાયદામાં જોગવાઈ છે, તે પ્રમાણે કાર્યવાહી થઈ શકે નહીં, અને તે પ્રમાણે કાર્યવાહી થઈ ન



**શ્રી અમરસિંહ ચૌધરી)**

હોય તો બોર્ડ છોડી દે છે. કારણો આપીને છોડે છે. એમને એમ છોડતી નથી. આટ-આટલાં કારણોસર આ ડિટેન્શન યોગ્ય નથી,, તે માટે છોડી મૂકે છે. કોર્ટ કોર્ટની રીતે ઇન્ટરપ્રોટેશન કરે છે. પાસાના કેદીઓના આંકડા આપે તો આનંદ થશે. પાસામાં બે વર્ષ સુધી ડિટેન્શનમાં રાખવાનો કાયદો છે. તે બે વર્ષની સજા કેટલી લાંબી ભોગવે છે. એમાં પાસાના કેટલા કેદીએ બે વર્ષ સુધી સજા ભોગી છે. તે આપશો તો આનંદ થશે. બીજા આંકડા બે-ચાર દિવસ પહેલાં છાપામાં આવી ગયા છે. પાસામાં પકડાયેલા સરકારે કેટલા કેદીઓને છોડયા. સરકારે કેટલા કેદીઓને રજિસ્ટર્ડ પોઇન્ટ આપ્યા હશે, કારણ કે એને કન્ફર્મ ન કરે, તો રજિસ્ટર્ડ પોઈન્ટ ન આવે સરકારે એને પકડયા એનો ડી.એસ.પી., પોલીસ કમિશ્નર ડિટેન્શન ઓર્ડર કરે, તેને પકડે અને ત્યાર પછી ૨૪-૪૮ કલાકનો અંદર કન્ફર્મ કરવાના હોય છે. કેટલાક કેસ એવા હોય છે કે ૪૮ કલાકની અંદર કન્ફર્મ થયા વગર આમને આમ પકડાય છે. છૂટવાની વાત તો નથી, પણ આમને આમ કેસ એમના વતી થઈ ગયા છે. એ તો રજિસ્ટર્ડ કરવામાં નથી આવ્યા, પણ કેટલા કેસ કન્ફર્મ થયા? કેટલા કેસમાં છોડયા? એ આંકડાઓ આવી ગયાં છે. સરકારે બધાને કોના દબાણથી છોડયા છે? તેવું મારે કહેવાનું કારણ નથી, કારણ કે હું કબુલ કરું છું કે એવી રજુઆત મેં પણ મુખ્યમંત્રીશ્રીને કરી છે, મેં પણ ગૃહ મંત્રીશ્રીને કહયું છે. જયારે મને એવું લાગ્યું કે ખોટી રીતે ધરપકડ થઈ છે ત્યારે મેં પણ કહયું છે. મારે જણાવવું જોઈએ કે મારી રજુઆતથી મુખ્યમંત્રીશ્રીએ પાસાના કેદીઓને છોડયા છે તેવા કિસ્સાઓ છે. પણ જે મેરિટના કિસ્સાઓ જયાં ખરેખર એવા લોકો છે. એક કેસ માન. મંત્રીશ્રીને આપ્યો હતો. તાજેતરમાં કેસ આપ્યો હતો. અંબાજીમાં, અંબાજીની આજુબાજુ ત્યાં મૂળભુત આદિવાસીઓ રહેતા હતા. આદિવાસીઓની જમીન હતી. આદિવાસીની જમીન બિન-આદિવાસીમાં

ભા-૯-૩૨.

**શ્રી અમરસિંહ ચૌધરી)**

ટ્રાન્સફર ન થાય, તે માટેનો કાયદો છે, સુધારો થયો છે. ૭૩ (અ), અને આદિવાસી પણ આદિવાસીની જમીન ન ખરીદી શકે, તેવો સુધારો થયો છે. સ્વાભાવિક છે અબાજીનો વિકાસ થઇ રહયો છે. આ રીતે ગરીબ આદિવાસીઓને કોઇને કોઈ રીતે ભોળવીને આ લોકો લઈ લેતા હોય છે. આવું જ બન્યું છે. એક કાર્યકર આવા ગુનાઓમાં આદિવાસીઓને મદદ કરતો હતો તેને પાસામાં પકડવામાં આવ્યો. મેં કહયું કે આ કાર્યકર જમીન પચાવવા માટે ગયો નથી જે આદિવાસીઓની જમીન બિન આદિવાસીઓ પચાવી પાડે છે તે જમીન પાછી અપાવવા માટે સામાજિક કાર્યકર તરીકે, કાર્યકરની જવાબદારી તરીકે તેણે કામ કર્યું છે અને તેણે કોઇ ગુનો કર્યો નથી અને મારી આ વિનંતી સ્વીકારી અને તેને છોડી મૂકયો. એટલા માટે કહું છું કે આવી ભૂલ થાય છે. પાસાનો લોકોને ડર છે. લોકો પાસાનો ઉપયોગ કરે છે. જંગલમાં લાકડાં લઈ જતો હોય તો પાસામાં પકડી લો. શિક્ષણમાં ચોરી કરતા પકડવા છે તો પાસામાં પકડી લો. આમ દરેકે દરેક જગ્યાએ પાસાનો ઉપયોગ થાય તે વાજબી નથી. કોઈ હિન્દુ છોકરાને મુસ્લિમ છોકરી સાથે પ્રેમ થઇ ગયો અને બંને ચાલ્યા ગયા એની સામે પાસાનું શસ્ત્ર ઉગામવું તે બરાબર નથી. આવો જ એક કિસ્સો બન્યો હતો. કોઈ હિન્દુ છોકરીને મુસ્લિમ છોકરા સાથે પ્રેમ થઈ ગયો અને બંને જતા રહયાં, તેઓને ભગાડી દેવામાં આવ્યા, તેઓને પાસામાં પકડવામાં આવ્યા, છોકરા છોકરીને પ્રેમ થઇ જાય અને ચાલ્યા જાય અને તેમણે કોઈ મદદરુપ થાય તો તેને પાસામાં પકડવામાં આવે છે. એના મા-બાપને પાસામાં પકડવામાં આવે છે. આમ પાસાનું શસ્ત્ર છે તે ધારદાર શસ્ત્ર છે. આ પાસાનો દુરૂપયોગ છે. એના માટે બીજી જોગવાઇ હોઇ શકે. આના માટે પાસાનો ઉપયોગ કરવો તે વાત આ રીતે સ્વીકાર્ય નથી અને વાજબી નથી. આ રીતે પાસાનો ઉપયોગ ન થવો જોઈએ. આ



**શ્રી અમરસિંહ ચૌધરી)**

જે કેટલાક કિસ્સાઓમાં પાસાની પરિભાષા નથી અને પાસાની પરિભાષામાં આવતા નથી અને તે પાસાની કલમની પરિભાષામાં નથી આવતા. આવા કિસ્સાઓમાં પણ પાસાનો ઉપયોગ થાય છે. આવું ન થવું જોઇએ તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. કોઇ પોલીસ કમિશ્નરની ભૂલ હોય, કોઇ કલેકટરની ભૂલ હોય અને આ પાસાનો કેસ જયારે સરકાર પાસે આવે ત્યારે સરકારને સૂચન છે કે આની ચકાસણી કરવી જોઇએ. આજે આવું થઇ રહયું છે. સરકારી તંત્ર પાંગળુ બની રહયું છે, અધિકારીઓ તટસ્થપણે પોતે નિર્ણય લેતા હોય છે. તેવા અધિકારીઓ આજે નિર્ણય લેતા નથી અને તે અધિકારીનો ફરજ છે કે તટસ્થપણે નિર્ણય લેવો જોઇએ. એક ચીફ સેક્રેટરી હતા. મારી ઇચ્છા વિરુધ્ધની નોટિસ લખીને આવ્યા અને મેં ઇચ્છા વ્યકત ન કરી અને મારી અપેક્ષા હતી કે આ પ્રમાણે લખીને આવશે પણ વિરુધ્ધમાં લખ્યું હતું. આ કમી કરી દેવાનું છે. આ કામમાં તમારે પોઝિટિવ એપ્રોચ લેવો જોઈતો હતો ત્યારે તેઓએ કહયું કે હું ચીફ સેક્રેટરી છું. હું તંત્રમાંથી આવું છું અને આ તંત્ર કાયમી તંત્ર છે. હું તંત્રમાંથી આવ્યો છું અને મારી ફરજ કાયદાની પરિભાષા છે,. નીતિની જોગવાઈઓમાં અને કાયદાની જોગવાઇઓમાં છે અને પોઇન્ટ આઉટ કરવાની તમારી ફરજ છે. તમો સરકાર છો. તમે મારી નોટિસ ઓવરઓલ કરી શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, મેં ઓવરઓલ કરીને એના ઉપર ઓર્ડર કર્યો અને એટલી ત્વરાથી એનો અમલ થયો, પણ આજે એ પરિસ્થિતિ રહી નથી, અને એટલા માટે મારે એક ચેતવણી આપવી છે કે પાસાના કાયદામાં ઈન્ટરપ્રિટિશન માટે કોઇ પાર્ટી સુપ્રિમ કોર્ટમાં ગઇ નથી, બાકી જો કોઇ પાર્ટી આ કાયદાનું જે ઈન્ટરપ્રિટેશન આ સરકારે કર્યુ છે એ માટે કોર્ટમાં ગઇ હોત તો પાસાના કાયદાને રદ કરવાનું કામ કોર્ટે કર્યું હોત કે આટલો બધો દુરુપયોગ જે કાયદાનો થાય છે એને રાખવાની કોઇ જરુર

તા.૨૯મો માર્ચ, ૨૦૦૦

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા)
વિધેયક, ૨૦૦૦

**શ્રી અમરસિંહ ચૌધરી)**

અર્ધા કિસ્સામાં નિદોર્ષ છોડી દીધો હોય છતાં કહે ને સામે સાત કેસો થયા છે માટે આ પાસામાં ફીટ છે એમ કહીને પાસામાં પૂરી દેવામાં આવે. એજ રીતે કેટલીક વ્યકિતઓને પાસામાં ફસાવવા માટે સૂચના આપવામાં આવે કે ફલાણી વ્યકિતને આપણે પાસામાં પૂરવી છે માટે એની પૂર્વતૈયારી કરો અને પછી પોલીસ એના માટે પૂર્વ તૈયારી કરી અને પૂર્વ તૈયારી કરીને પછી પાસાનો કેસ બનાવે અને પછી કેસ બનાવ્યા પછી એને પકડવામાં આવે એ વાત કોઈ રીતે વાજબી નથી. એટલે આવા બધા કિસ્સાઓ બને છે એ કિસ્સામાં સરકારે કાળજી લેવી જોઈએ. એમ જૂગારના અડ્ડામાં એક વાર સજા મિનિમમ થઈ હોય તેવા લોકોની સામે જ કરવું તેમ બીજા બધા કેસોમાં જે ગુનેગાર છે એને બચાવવાનો મારો કોઈ આશય નથી. કોઈ ગુનેગારને છૂટો દોર મળે કે ગુનેગાર છટકી જાય એ બતાવવાનો મારો આશય નથી. ગુનેગાર હોય તો એની સામે જરૂર પાસા કરવા જોઈએ. માથાભારે વ્યકિત સામે પાસાનો કેસ કરવો જોઈએ. પણ ખરેખર એ માથાભારે હોય નહીં અને કુટુંબનો ઝગડો હોય અને એના કુટુંબનો બીજો ભાઇ, એનો કોઇ કુટુંબીજન આવીને એમ કહે કે આ મારો ભાઈ માથાભારે છે તો એવા કિસ્સામાં સરકારે જોવું પડે કારણ કે માથાભારેની વ્યાખ્યા જુદી હોય છે કે જે ખરેખર સમાજને નડતરરૂપ હોય. માત્ર નાના કુટુંબ કે. એક-બે-કે બે-ચાર કુટુંબને નહીં પણ આખા કુટુંબને નહીં પણ આખા સમાજને નડતરરૂપ હોય એવા લોકો સામે પાસાનું શસ્ત્ર ઉગામવું જોઈએ. આમાં ઘણો બધો દુરુપયોગ થાય છે માટે એ દુરુપયોગ ટળાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

બીજું જે પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ના ૮ મી કલમ છે એ શિક્ષાને પાત્ર ઠરે છે. જો ખોટી રીતે કોઇ ગાયોની કતલ કરતું હોય, અને માનનીય મંત્રીશ્રીએ આંકડા આપ્યા એ પ્રમાણે પશુઓમાં



ચૈત્ર ૯, ૧૯૨૨ શાકે

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા)
વિધેયક, ૨૦૦૦

**શ્રી અમરસિંહ ચૌધરી)**

ગાયોની સંખ્યા ઉતરોતર ઘટતા જતી હોય તો એના સંરક્ષણ માટે, એના સંવર્ધન માટે પ્રયત્ન કરવા જોઇએ એમાં બેમત નથી. પણ કેટલાક વખત આનો પણ દુરુપયોગ થાય છે એ હું કહેવા માગુ છું. દાખલા તરીકે કેટલાક બળદો લઈને જતા હોય, માત્ર શુભ હેતુ માટે બળદો લઈને જતા હોય. મારા વ્યારામાં કેટલ માર્કેટ છે એટલે માર્કેટ યાર્ડમાં કેટલ માર્કેટ પણ છે ત્યાં ઉત્તર ગુજરાતમાંથી બળદો લઈને આવે છે કેટલાક લોકો ભેંસો લઇને આવે છે આ બધા પશુઓ લઇને આવે છે અને ગાયો તો આ રીતે લાવવાનો રિવાજ બહું ઓછો છે પણ બીજી ભેંસો કે એના માટે આદિજાતિ વિકાસ નિગમ લોન આપે છે, અનુસૂચિત વિકાસ નિગમ લોન વગેરે આપે છે. ભેંસો ખરીદવા અને બીજા બધા નિગમો લોનો આપે છે અને દૂઝણું એક પશુ ઘરમાં હોય તો પૂરક આવક ઉભી થાય એટલા માટે આ છે, ત્યારે આવા ઢોરો ત્યાં જાહેર હરાજીથી વેચાય છે અને જાહેરમાં આ લોકો આવી હરાજી કરીને વેચે છે એટલે એવી જગ્યાએ ઢોરો લઇને જે લોકો જતા હોય એને પણ હેરાન કરવા માટે કેટલાક પરિબળો ઉભા થયા છે. ગૌરક્ષાના નામે એ બધાને માનનીય મંત્રીશ્રીએ રોકવા પડશે. કોઇ બજરંગદળવાળા ફૂટી નિકળ્યા છે એ પહેલા દેખાતા ન હતા, કોઇ જગ્યાએ વિશ્વ હિન્દુ પરિષદવાળા નિકળ્યા છે, તો કોઇ જગ્યાએ આર.એસ.એસ.વાળા નિકળ્યા છે એ બધા લોકો ધંધો કરતા હોય એવા લોકો છે એવા બધા લોકો માત્ર હેરાન કરવાનું જ કામ કરે છે. અને આમ થાય છે. મારે નામ નથી આપવું પણ એક પાંજરાપોળ છે એ પાંજરાપોળમાં વ્યવસ્થિત ધંધો થાય છે. એવા લોકો ઢોરને પકડીને પાંજરા પોળમાં મૂકી આવે અને એક અઠવાડિયા પછી પાંજરાપોળ જાહેરાત કરે કે રોગચાળો આવ્યા એટલે આ ઢોર મરી ગયા. એક પશુ નહિ બે પશુ નહિ. બકરાઓના બાબતમાં એક અઠવાડિયામાં એક હજાર બકરાઓ મરી ગયા છે. કોઇનું નામ આપીને એને બદનામ કરવા માગતો નથી પણ પાંજરાપોળનો હેતુ આપ જાણો છો,, આપ જીવદયામાં માનો છો. જીવદયાના પુરસ્કર્તા છો એટલા માટે

**શ્રી અમરસિંહ ચૌધરી)**

કહું છું. માનનીય મંત્રીશ્રીએ વાત કરી આ પાંજરાપોળનો હેતુ છે ખોડા ઢોર જેને કોઈ સાચવે નહિ, ખેડૂત પણ સાચવવા માટે તૈયાર ન હોય. વર્ષો સુધી ખેડૂતોએ એનો ઉપયોગ કર્યો છતાં પણ જયારે ખોડા થઈ જાય ત્યારે એને સાચવવા માટે તૈયાર થતા નથી. પાંજરા-પોળમાં જઈને મૂકી આવે, છોડી આવે. ઢોરોને સાચવવા એ જીવદયાનું કામ છે પણ એ પાંજરપોળના નામે સર્ટીફિકેટ લઈ આવે અને ત્યારપછી રજૂઆત થાય કે આટલા બકરા હતા એમાંથી આટલા મરી ગયા અને સાથે સાથે એનો વેપાર થઈ જાય. માનનીય મંત્રીશ્રી જાણવા માગશે તો આ પાંજરાપોળના નામ, એની સાથે સંકળાયેલ વ્યકિતઓ એ બધી વિગત હું આપીશ. ખાનગીમાં મારે કોઈ પાંજરાપોળને બદનામ નથી કરવી કારણ કે શુભ કામ કરનારી સંસ્થાઓ છે એટલે મારે બદનામ કરવી નથી. પરંતુ માનનીય મંત્રીશ્રી કહે છે ત્યારે નામ અને બધી વિગત આપીશ અને એ એમની રીતે તપાસ કરાવે, એમની રીતે એમના અધિકારીઓ પાસે તપાસ કરાવે પોલીસ પણ ભળેલી છે. ત્યાં જે પી.એસ.આઈ. વગેરે હોય છે એ પણ ભળેલા છે એ જે કાર્યકર્તાઓ છે વિશ્વ હિન્દુ પરિષદના, બજરંગદળના હોય કે આર.એસ.એસ.ના હોય એની સાથે અમારે કોઇ સબંધ નથી પરંતુ એની સાથે ત્યાંની પોલીસ પણ ભળેલી છે અને બન્ને ભેગા થઇને પકડીને પાંજરાપોળમાં મૂકી આવે, કરોડો રુપિયાનો આ લોકો ધંધો કરે છે, પશુઓ વેચીને પાંજરાપોળના નામે. માનનીય મંત્રીશ્રી જો ખરેખર તપાસ કરાવશે તો મને વિશ્વાસ છે કે મને કહેશે કે તમારી વાત સાચી છે એ કહયા વગર નહિ રહે એમની ફ્રેન્કનેશ હું જાણું છું એટલા માટે મને કહેશે કે તમે જે વાત કરી હતી એ સાચી વાત હતી અને એટલા માટે એનું નામ ડિસ્કલોઝ નથી કરતો. એટલે આવો કોઇ દૂરુપયોગ એમાં ન થાય. જેન્યુન છે જે લોકો જેન્યુન વેપાર માટે લઈ જાય છે હમણાં મહેસાણામાં તબેલાઓ બનાવ્યા હતા આર.એ.ની



**શ્રી અમરસિંહ ચૌધરી)**

દૂધ કોલોનીવાળા માટે અહીંયા તબેલા બનાવ્યા હતા એ લોકો જયારે ઢોર ખોડા થઇ જાય, દૂધ આપતા બંધ થઇ જાય ત્યારે અહીંયા લાવીને રાખતા હતા આ બધા જવાના આખરે તો ટકમાં કે એ એમાં જ જવાના છે એવા જે લોકો પરમીટવાળા છે જેને પરમીટવાળા કહી શકાય જેની પાસે સર્ટીફિકેટ છે કે, આ બળદ છે, આ ભેંસ છે આ વાછરડુ છે એ મેં વેચ્યુ છે આવા જે પરમીટવાળા ઢોર છે જે પશુ છે એ પશુ જયાં હેરાન થાય છે એ હેરાનગતિ મહેરબાની કરીને રોકો. હમણાં જ મારે કહેવું પડયુ અહીંયા આગળ વડોદરા મકરપુરા પેલેસ પાસે જેન્યુન બળદો લઈ જતા હતા અમારા માર્કેટ-યાર્ડના કાર્યકર્તા હતા એમની ટક રોકી છે. તમે કતલખાને લઈ જાઓ છો બધા જ ઢોર કતલખાને નથી લઈ જતા. બધા આ ધંધો નથી કરતા પણ આ તો અમુક લોકોને જૂએ છે કે આ દાઢીવાળા છે એવા છે, તેવા છે એટલે માની લે કે આ કતલખાને લઈ જાય છે પણ આ બધા આવા વેપાર કરનારા જે લોકો જ આવો વેપાર કરી શકે. બીજા વેપાર નથી કરતા. આ જે પાંજરાપોળ બધી છે.. (અંતરાય) ઉત્સાહ એટલા માટે જ છે...મેં કહયું કે એટલા માટે હેતુ સાફ હોવો જોઈએ. ગૌ સંવર્ધનનો હેતુ સાફ કરવો જોઈએ પણ કોઈકને માટે કોઇને આડે આવવા માટેનો જે હેતુ હોય એ હેતુ બરાબર નથી. ફકીરભાઇ મને ઉશ્કેરે છે એટલે મારે કહેવું પડે છે આ જે હેતુ છે એ બરાબર નથી. તમારા હાસ્યમાં ઘણી વખત ઉશ્કેરાઈ જવાય છે. કારણ કે તમારું હાસ્ય સાચુ નથી હોતું. તમારું હાસ્ય હંમેશા વ્યંગમાં હોય છે. તમારા હાસ્યથી ઘણીવાર ઉશ્કેરાઈ જવાય છે. એટલા માટે મારે આ વાત કહેવી પડે છે. એટલે આ સુધારો લાવ્યા છે એનો હેતુ...એનો વિરોધ નથી કરતો. હું આવકારું છું એને. કાયદો, કડક કાયદો બનાવવો જોઈએ. એનો વિરોધ નથી

જી-૯.૩૪.

**શ્રી અમરસિંહ ચૌધરી)**

કરતો પણ માત્ર એટલી જ વિનંતી કરું છું એનો જે દુરુપયોગ થાય છે એ બંધ થાય એટલી માનનીય મંત્રીશ્રી ખાતરી આપી જયાં જયાં પણ એમ લાગે અમે ધ્યાન દોરીશું કે આ દુરુપયોગ થયો છે ત્યારે ગમે તે ચમરબંધી હોય એની સામે પગલાં લેવાની માનનીય મંત્રીશ્રીએ તૈયારી રાખવી પડશે. આટલા શબ્દો સાથે આ જે સુધારા લાવ્યા છે એને હું આવકારું છું અને અભિનંદન આપું છું.

**શ્રી ગોરધનભાઇ પ્રા.ઝડફીયા** (રાખિયાલ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ રાજય મંત્રીશ્રી જે વિધેયક અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા માટેનુ લાવ્યા છે તેને હું સમર્થન કરું છું. છેલ્લાં ઘણાં સમયથી સમાજમાં એક પ્રકારની મુશ્કેલી અમુક કાયદા ના હોવાને કારણે પ્રવર્તતી હતી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે અને આખું જે બિલ લાવવા પાછળનો હાર્દ છે તેની સાથે માત્ર હાઉસમાં જ નહીં પણ આખું ગુજરાત સંમત થશે કારણ કે, બે પ્રકારના અસમાજિક ગણી શકાય એવા ગુન્હાઓ તેમાં ખાસ કરીને જૂગાર રમવાવાળા અને તેને પ્રોત્સાહન આપવાવાળા ગામડાથી માંડીને શહેર સુધી દરેક જગ્યાએ પોતાની કલબ અને ઘણી વખત તો સ્પોર્ટસ ઓથોરિટીનાં નામે ઘણી વખત ઉપર નામ લખ્યું હોય કે સ્પોર્ટસ કલબ છે પણ તેની અંદર પણ જૂગારખાનું વ્યવસ્થિત રીતે ચલાવતા હોય અને છતાં પણ કાયદામાં કડક જોગવાઇ ના હોવાને કારણે આ લોકો વારંવાર પકડયા અને વારંવાર છૂટી જાય અને બીજો જ માણસ પાછો તે ધંધો શરૂ કરે. એટલા માટે કાયદાની આવશ્યકતા હતી અને આજે જે કાયદો લાવ્યા છે તેની પાછળનો હાર્દ પણ એ જ છે. તેની અંદર ખાસ કરીને જયારે ભારતીય જનતા પાર્ટીની સરકારે ગાયોના રક્ષણ માટે ગૌ-સેવા અને સંવર્ધન એક વિભાગ પણ



**શ્રી ગોરધનભાઈ ઝડફીયા)**

જયારે શરુ કર્યો છે ત્યારે હું છેલ્લાં પાંચ વર્ષથી આ વિધાનસભામાં છું અને દર વખતે એકનો એક પ્રશ્ન પૂછયા કરતો હતો કે આવા જે પકડાય છે તેને માટે સજા કરવાની શું જોગવાઈ છે? તો દર વખતે મને જવાબ એ આવે કે કાયદા અનુસાર જે કાર્યવાહી કરવાની હતી તે થઈ છે પકડાયા છે અને જામીન ઉપર છૂટયાં છે. તેને કારણે વારંવાર આ પ્રવૃત્તિ કરનારાને વેગ મળતો હતો અને કાયદો એટલો કડક ના હોવાને કારણે ગાયોની અને ગાયોના વંશજો ૧૯૯૫માં એક ૭૦ વાછરડાં ભરેલી ટક ત્રણ માળ કરેલી ટક મેં જાતે પકડી છે. તેમાં ૭ વાછરડાંના મૃત્યુ પણ થયા. પરંતુ કાયદામાં કડક જોગવાઈ ના હોવાને કારણે તે માણસ પકડાઈ અને છૂટી જાય. આ કાયદાની પાછળનો ભાવાર્થ એવો છે કે આપણી કટિબધ્ધતા,, ગુજરાતની કટિબધ્ધતા કે આ ગુજરાતની ધરતી ઉપર કયાંય પણ ગાય અને ગાયનાં વંશજની કયાંય હત્યા, કતલ નહીં થાય. આવી સરકારની જે કટિબધ્ધતા દર્શાવી છે તે માટે માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

કાયદામાં જોગવાઈ ઘણી છે. ગાયોની કતલ કરવી નહીં અને તેને માટેનો ગૌ હત્યાબંધીનો કાયદો આખા દેશમાં છે પણ આખા દેશમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર તેની પોતાની કટિબધ્ધતા છતી કરી છે અને આ ગુજરાતની ધરતી ઉપર એક પણ ગાય કે વાછરડું તે કસાઇઓના હાથે કપાશે નહીં આવી જયારે ખાતરી આપી છે ત્યારે આ ગુજરાતની જનતા આદિ-અનાદિ કાળથી ગામડામાં તેના ગૌમૂત્રથી પોતાના ઘરનાં લીંપણ કરે છે અને એટલી પવિત્રતા આજથી નહીં પણ ભગવાન કૃિષ્ણનાં વખતથી ગાયોની પૂજા થતી આવી છે અને તેનાં સાચા અર્થમાં આ ગાયોની કતલ કરવાવાળા, ગૌ-વંશની કતલ કરવાવાળા જે આવી પ્રવૃત્તિ કરવાવાળા લોકોની સામે પાસા

**શ્રી ગોરધનભાઈ ઝડફીયા)**

જેવો કાયદો લાવ્યા છે. આવતા દિવસોમાં અને કેટલાય સંતોએ પણ ખૂબ નિવેદનો કર્યા છે. ભૂતકાળમાં લોકસભા ઉપર સંતોએ લાઠીચાર્જ પણ સહન કરવો પડયો હતો લોકો, સાધુ-સંતોને માર્યા હતા એ એટલા માટે ગયા હતા કે આ દેશમાં ગાયોની કતલ નહીં થવી જોઇએ. પૂજય મહાત્મા ગાંધીજીએ પણ પોતાના ઉચ્ચારણોમાં તે વખતે આઝાદીની લડાઈ વખતે કહયું હતું કે આ દેશમાં ગૌ-હત્યાબંધીનો સંપૂર્ણ અમલ થવો જોઈએ અને ગુજરાતની અંદર આ કાયદો લાવીને આપણે તે સાબિત કર્યું છે કે ગુજરાત તે એક એવું રાજય છે કે જયાં અક્ષરશઃ ગૌહત્યા બંધીનો કાયદો અમલમાં છે. અને આને રોકવાની કે તોડવાની જે કોઈ સાજીશ કરશે એને માટે જેલના સળિયા સિવાય કોઈ વિકલ્પ નથી. એ પ્રકારનો સંદેશો આ બિલની પાછળ છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ ચિંતા વ્યકત કરી કે આની પાછળ જુદી જુદી સંસ્થાઓ, માનનીય અધ્યક્ષશ્રી, આ સંસ્થાઓની મૂળ ભાવના આ ગાયો અને ગાયોના વંશજોને બચાવવાની હોય છે. તંત્ર નબળું પડે અથવા તંત્ર ઉપરથી પ્રજાનો વિશ્વાસ ઉઠે ત્યારે સ્વાભાવિકપણે આ વિચાર કરનાર લોકો, સંસ્થાને ન ગમે, પણ હવે જયારે મોટા મોટા જૈન સંઘો જાણશે કે ગાયોની હત્યા કરનારને પાસાની સજા કરવાનો કાયદો થયો છે તો લાખો સંતો આપણને આશીર્વાદ આપશે. સંસ્થા એ પાયાનો એક દૃષ્ટિકોણ હોય છે કે આ ગુજરાતમાં અને દેશમાં ગાયો કપાવી નહીં જોઇએ અને એને રોકતા હોય, કાયદો હાથમાં લેવો નહીં જોઇએ, પરંતુ ધ્યાન ઉપર લાવે અને તપાસ કરે તો ભારતના કે ગુજરાતના નાગરિક તરીકે કોઈ ખોટું કામ કરતું નથી.

સાથે સાથે આ વિધાનસભાગૃહમાં આ બિલ લાવીને એ પણ પ્રતીતિ કરાવી છે કે કાયદો ફકત કોઈને દંડવાનું કામ કરવા



**શ્રી ગોરધનભાઈ ઝડફીયા)**

માટે હોતો નથી. કાયદાનું મૂળભૂત પ્રાવધાન સજા કરવા માટે ઉભું કરેલું છે એવું પણ નથી. કાયદો એટલા માટે લાવીએ છીએ કે એનું પાલન થાય અને પાલન કરનાર લોકોને અથવા તો બાકીના લોકોને આ કાયદાથી રાહત મળે. ભૂતકાળમાં પણ આપણે જોયું કે ટાડાનો કાયદો, જયારે આખા હિન્દુસ્તાનમાં પ્રવર્તતો હતો, કેટલાય લોકો એમાં પકડાયા, એને પણ રાજકીય રીતે સત્તા ઉપર બેઠેલા લોકોએ ટાડાનો-કાયદાનો એટલા માટે વિરોધ કર્યો કે આમાં ખોટી રીતે પકડવામાં આવે છે અને આ કાયદો રદ થવો જોઈએ. કોઇ પણ કાયદો અનુશાસન કરવા માટે, કાયદાનું પાલન કરવા અને એની પાછળની અસામાજિક પ્રવૃત્તિ અથવા સમાજને નુકસાન કરનારી પ્રવૃત્તિ બંધ કરવાનું છે. એમાં ખાસ કરીને જુગારનો મારો પોતાનો અનુભવ છે.

૫, ૭ વર્ષ પહેલા એક વખત હું નીકળ્યો હતો,, તો એમાં એટલા બધા લોકો બેઠેલા હતા તો આપણે પણ એમાં આપણો વિચાર રાખીએ. પાછળથી ખબર પડી કે અહીંયા કલબ છે. આવા પ્રકારની પ્રવૃત્તિ ખુલ્લેઆમ કરતા હોય, વારંવાર કહીએ, તો પણ- કોઈ પરિણામ આવતું નહોતું. હવે આપણને બધાને વિશ્વાસ છે કે આ કાયદાથી આ ગુજરાતમાં જૂગાર રમનારા અને રમાડનારાઓને અને કેટલાયે પરિવારોને બરબાદ કરનારાઓને આ મોટામાં મોટી સજા કરવાની જોગવાઈ આ ગૃહમાં આવી છે અને ગાયો અને ગાયના વંશજોને રક્ષણ આપવાની પ્રતિબધ્ધતા ભારતીય જનતા પાર્ટીના અમારા સૂત્રમાં અને ઢંઢેરામાં લોકો સમક્ષ અમે મૂકી છે એની પ્રતિબધ્ધતા કરતા આ બિલને હું સમર્થન આપું છું અને બધા જ સભ્યોને વિનંતી કરું છું કે સમાજના હિત માટે આવેલા આ બિલમાં

૭૧-૯-૩૫

**શ્રી ગોરધનભાઈ ઝડફીયા)**

જ સમર્થન કરે. અસ્તુ.

**અધ્યક્ષશ્રીઃ** જૂગારનો અનુભવ શું રહયો? એ ન કહયું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફીયાઃ** પ્રચાર માટે હું મારા વિસ્તારમાં નીકળ્યો હતો, ત્યારનો એ કિસ્સો જાણવા જેવો છે. ૧૯૯૫માં પહેલીવાર વિસ્તારમાં ઉમેદવારી કરીને પ્રચાર કરતો હતો. ૧૫૦ જેટલા લોકો એક જગ્યાએ બેઠેલા. ગોળ ગોળ ટેબલો ગોઠવેલા. વેપારી મિત્રો હશે તેમ સમજીને નમસ્તે કર્યા પછી મેં જોયુ કે ત્યાં પૈસા પડેલા, પાના પડેલા અને કઈંક ગોળ ગોળ ચકરડી પડેલી. પછી અંદાજ આવ્યો કે આ તો કલબ છે અને તુરત જ એ પણ બંધ થઈ ગયું, પણ આ પ્રકારનો ખુલ્લે આમ વેપારી તે પ્રવૃત્તિ ચલાવતા હતા. ૧૯૯૫માં પહેલીવાર વિધાનસભામાં આવ્યો ત્યારે. પછી તો તરત જ બંધ થઈ ગયું હતું.

**અધ્યક્ષશ્રીઃ** તેમણે આપને મત આપ્યો કે કેમ? નેકસ્ટ.

**બપોરના ૨-૦૦)**

**શ્રી લક્ષ્મણસિંહ મો. પરમાર** (રાજગઢ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૦૦ લઈને આવ્યા છે એના ઉપર મારાં સૂચનો કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો આશય ખૂબ શુધ્ધ છે, પરંતુ એનાં પરિણામો માટે શંકા રહે છે. આમાં સુધારેલ કલમ-૨ના



**શ્રી લક્ષ્મણસિંહ પરમાર)**

ખંડ (૧) (ખ)માં '' જૂગારનો અડ્ડો ચલાવનાર'' એટલે જે કોઈ વ્યકિત, મુંબઇ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૯૮૭ની કલમ ૪ હેઠળ શિક્ષા પાત્ર ગુનામાં દોષિત ઠરી હોય અને એવી રીતે દોષિત ઠર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર પોતે અથવા ટોળાના સભ્ય અથવા સરદાર તરીકે તે કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો વારંવાર કરે અથવા કરવાની કોશિશ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યકિત ઉપર આ એક્ટ લાગુ કરવા માગીએ છીએ.

**સભાપતિશ્રી (દોલતરાય ના. દેસાઈ) અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, જૂગાર રમાતો **અટકાવવા** માટે આપણી પાસે જૂગાર પ્રતિબંધ અધિનિયમ છે જ. કોઈ પણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ જૂગારના અડ્ડાઓ ચાલે છે એ પેલા પી.આઈ. કે પી.એસ.આઈ.ના ધ્યાન બહાર ચાલે છે? આ જે કાયદો ગુજરાત જૂગાર પ્રતિબંધ એની નીચે એને શિક્ષા થઈ શકે છે એ આ પોલીસ અમલદારોને ખબર નથી? અને તેમ છતાં પણ આ જુગારના અડ્ડાઓ ચાલે છે ત્યારે પેલો માણસ બિન્દાસ થઈને જયારે જૂગારના અડ્ડાઓ ચલાવે છે. માનનીય મંત્રીશ્રી હું આપને પૂછવા માગું છું કે આપના ખાતાની આમાં મહેરબાની નથી એવું આપ માનો છો? આ જે જૂગારના અડ્ડાઓ ચાલે છે એ અડ્ડાઓ ચલાવનાર પાસેથી વ્યવસ્થિત હપ્તાઓ લેવાય છે અને હપ્તાઓને આધારે આ જૂગારના અડ્ડાઓ ચલાવનાર બિન્દાસ થઈને આવા અડ્ડાઓ ચલાવે છે અને એમને કોઈનો પણ ડર નથી કારણ કે એ મોઢેં કહી દે છે કે આ લોકોને હું હપ્તો આપું છું. પોલીસોને હપ્તો આપું છું એમ મોંઢે કહે છે અને એ હપ્તાઓ આપીને આ અડ્ડાઓ ચલાવે છે. આ કાયદામાં દારુનો ગેરકાયદેસર ધંધો કરનાર અથવા અડ્ડા ચલાવનાર એવી વ્યકિતઓને આપણે આમાં લેવા માગીએ છીએ. તો કોઈ પણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુના અડ્ડાઓ ચાલે છે એ આ જૂગારના અડ્ડાઓની જેમ એ પેલા પોલીસ

**શ્રી લક્ષ્મણસિંહ પરમાર)**

સ્ટેશનના અમલદારોની ધ્યાન બહાર ચાલે છે, એનો એમને ખબર હોતી નથી? એ વારંવાર ચલાવે છે એ બાબતમાં આપને એમ લાગે છે કે એની ખબર પોલીસ સ્ટેશનોને નથી? પોલીસ સ્ટેશનોની જાણ બહાર આ ચાલે છે એવું માનીને આપ ચાલો છો? તો દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલા દારુના અડ્ડાઓ ચાલે છે, કેટલી જગ્યાએ જૂગારના અડ્ડાઓ ચાલે છે એના આધારે તો પોલીસ સ્ટેશનની કિંમત નકકી થાય છે અને ત્યાં જનાર પી.આઈ. કે પી.એસ. આઈ. એ રીતે એની હરાજી બોલાય છે અને એ રીતે એનું ત્યાં પોસ્ટીંગ થાય છે. ત્યાં આગળ મૂકાનાર જે અમલદાર છે એ અમલદાર વ્યવસ્થિત રીતે આ અડ્ડાઓ ઉપરથી હપ્તાઓ લે છે. એકે એક પોલીસ અમલદાર પી.આઈ. અને પી.એસ.આઈ. સુધીનો માણસ જો આ હપ્તા ના લેતો હોય અને શુધ્ધ હોય તો આ વર્તમાન કાયદા છે એ કાયદા હેઠળ જ એ પોતે આ અટકાવી શકે તેમ નથી ? કે એના માટે આ પાસાનો કાયદો લાવવો પડે છે? તો એ અટકાવી જ શકે તેમ છે, પેલા જ ગુનાં હેઠળ અટકાવી શકે છે. જો પોલીસ અમલદાર એને અટકાવવા ધારે તો, પરંતુ એ ધારે છે, એ ધારવાની એની તૈયારી છે? પેલો કાયદો બોમ્બે પ્રોવિશનલ એકટ અને આ જૂગાર પ્રતિબંધ ધારો એના હેઠળ પણ એને પૈસા કમાવાનો મોકો મળ્યો હોઇ આ કાયદો આવ્યો.. એટલે કાલે જઇને પી.એસ.આઈ. કહેશે કે હું પાસા હેઠળ પૂરી દઈશ,, મારા હપ્તાની કિંમત વધારે. આ અસામાજિક પ્રવૃત્તિ બંધ થવાની છે આ કાયદાથી? હું એ પૂછવા માગું છું. આપણા બધાનો આશય, આ ગૃહનો આશય આ પ્રવૃત્તિ બંધ કરાવવાનો છે પણ આ પ્રવૃત્તિ બંધ થઈ જવાની છે એવું માનનીય મંત્રીશ્રી ઉભા થઈને કહે કે આ કાયદાથી આ બંધ થઈ જશે, આ કાયદો આવવાથી હવે પોલીસ ખાતાની હપ્તાની કિંમત થોડી વધવાની છે. બાકી પ્રવૃત્તિ આની આ જ ચાલવાની છે અને એની એ જ જગ્યાએ ચાલવાની છે.. પોલીસ ખાતાની, આપણા ગૃહ વિભાગની જે પકડ છે તેના ઉપર



**શ્રી લક્ષ્મણસિંહ પરમાર)**

આ પ્રવૃત્તિ તેમની દૃષ્ટિ બહાર ચાલતી હોય અને આપણે પગલાં ન લઈ શકતાં હોઇએ તો બરાબર છે, પણ તેમની દૃષ્ટિમાં હોય, અને તેમ છતાં આ પ્રવૃત્તિ ચાલતી હોય તેની સામે પગલાં ન લઈ શકતા હોઇએ ત્યારે તમે આ કાયદો છે તેનો અમલ કેટલો કડકાઈથી કરાવી શકશો? તેના ઉપર તમોને કોઈ ભરોસો છે ખરો? મને કહેતા શરમ આવે છે. આ શરમ છે કે એક કાયદાનો અમલ નથી કરાવી શકતાં અને તેના ઉપર બીજો કાયદો મુકવો પડે છે. આ કાયદાનો અમલ ન કરનાર અધિકારી, અમલદાર એમ કહે છે કે આ કાયદા હેઠળ હું આ પ્રવૃત્તિ બંધ નથી કરાવી શકતો? એ અમલદાર તો બંધ કરાવી શકે તેમ છે, છતાં કરાવતો નથી, અને બીજો કાયદો આપણે ઠોકીએ છીએ,, તો હવે આ કાયદા હેઠળ પણ જો એને નહીં રોકી શકીએ તો તેના ઉપર બીજો કાયદો લાવીશું? આ પ્રવૃત્તિ, અસામાજિક પ્રવૃત્તિ ગુજરાતમાં ચાલે છે, તે જાહેર રસ્તા ઉપર ચાલે છે. આ ગૃહમાં બેઠેલા માણસોને આ દારુના અડ્ડા કયાં છે, આ ગાંધીનગરમાં કયાં ચાલે છે તે ખબર નથી? તમે વિધાનસભામાં માગો તો દારુ આવી જાય, કયાંથી આવી જાય? બીજી મિનિટે મળી શકે. દારુના અડ્ડા ચલાવનારા અને આ જૂગારના અડ્ડા ચલાવનારા માણસો (અંતરાય) હું તો તમને પૂછવા માગું છું માનનીય સભ્યશ્રીઓ કે, તમારી છાતી ઉપર હાથ મૂકીને વાત કરો કે કેટલા તમારા મતદારોને દારૂ પીવડાવ્યો છે? અને તમે ચૂંટાઈ આવ્યા છો?

**સભાપતિશ્રીઃ** માનનીય લક્ષ્મણસિંહ, માનનીય સભ્યશ્રીઓને સીધો જવાબ ન આપો.

**શ્રી લક્ષ્મણસિંહ મો. પરમારઃ** હું આપના મારફત કહું છું, આપણે પણ કોઈને કોઇ જગ્યાએ જવાબદાર છીએ, વી આર ધ

બી-૯-૩૫.

**શ્રી લક્ષ્મણસિંહ પરમાર)**

રીસ્પોન્સીબલ, આપણે આ પ્રવૃત્તિમાં ભાગીદાર છીએ, એમ કહેતા મને શરમ નથી આવતી, કારણ કે આપણે ચૂંટણી ટાઈમે કોઈક કોઈક જગ્યાએ આ પ્રવૃત્તિમાં ભાગીદાર બન્યા છીએ. કોઈ એક માણસ કોઈ એક માયનો લાલ હાથ ઉંચો કરીને કહી દે કે મેં ચૂંટણીમાં, ચૂંટણીના ટાઈમમાં એક પણ મતદારને દારુ પીરસ્યો નથી. (અંતરાય)... આ નકરો ઢોંગ છે.

**સભાપતિશ્રીઃ** પ્લીઝ, પ્લીઝ, જયંતીભાઈ, પ્લીઝ, માનનીય સભ્યશ્રીઓ બધા બેસી જાઓ, પ્લીઝ. માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી લક્ષ્મણસિંહ મો. પરમારઃ** હું જે વાત કરી રહયો છું આ કાયદાના અનુસધાને તે કડવું સત્ય છે. આ કડવું સત્ય છે તે સત્ય જ છે. અને તે સત્ય ન હોય તો બધાએ  આપણા મનંને ઢંઢોળવાની જરુર છે. આપણે કાયદાઓ બનાવીએ છીએ, કાયદાના રક્ષક છીએ. વહીવટ લઈને બેઠા છીએ તે દરેકે પોતાના દિલને ઢંઢોળવાની જરુર છે. આ અસામાજિક પ્રવૃત્તિ કોઈને કોઈ રીતે જયારે ગૃહ વિભાગની મહેરબાનીથી ચાલે છે ત્યારે એ પોલીસ સ્ટેશનના અમલદારો છે એની સામે પાસાના કાયદાનો અમલ કરવા માગો છો? જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલે છે એ વિસ્તારમાંથી દારુનો અડ્ડો ચાલે અને પકડાય તો એ પી.એસ.આઈ. ને પાસામાં પૂરવા માગો છો? એ પી.આઈ.ને પાસામાં પૂરવા માગો છો? હું જાહેરમાં કહેવા માગુ છું કે, સંધ્યાકાળ પછી કોઈ પોલીસ સ્ટેશનની ઓચિંતી મુલાકાત આપ લો એમાં એકે એક પોલીસવાળો પીધેલો પકડાશે. (અંતરાય) તમે તો ૯૦ ટકા કહો છો પરંતુ હું તો ૧૦૦ ટકા કહુ છું. બધા જ પીધેલા પકડાશે. આપણા ગુજરાતની આ પરિસ્થિતિ છે ત્યારે ગુજરાતની અંદર દારુબંધીનો કાયદો છે એ નામનો જ છે. (અંતરાય)



**શ્રી લક્ષ્મણસિંહ પરમાર)**

માનનીય ઉદેસિંહભાઈએ જે વાત કરી એ બહું સાચી છે, એના અમે પણ સાક્ષી છીએ. આજે અસામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે એને નાથવી જરુરી છે, એ બંધ થાય તે જરુરી છે. એની અંદર આ કાયદો કરવો, આ કાયદાથી કેટલો ફાયદો થશે, મને એમાં પૂરેપૂરી શંકા છે. આ કાયદાનું કોઈ પરિણામ આવવાનું નથી. આ કાયદાની અંદર એક સુધારો એ કર્યો '' કૃર વ્યકિત '' આ ' કૃર વ્યકિત ' જે કોઈ વ્યકિત મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૫૪ની કલમ ૫ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે. સંરક્ષણ અધિનિયમ ૧૫૪ તો છે જ અને એની કલમ પણ ત્યાં જ છે એના હેઠળ કોઈ પગલાં લઈ શકતાં નથી,. એની અંદર કોઈ ગુનેગાર રોકાતા નથી. એ કૃર વ્યકિતની કોઈ વ્યાખ્યા નહિ. તો પછી આ કૃર વ્યકિત કેવી રીતે નકકી કરવાનો? આ કાયદામાં આનો કોઈ ખુલાસો નહિ, ' કૃર વ્યકિત ' કોને કહેવાય? આ કાયદો આવ્યા પછી કોઈ પણ વ્યકિત કોઈ સારા માણસને એને ટીટ કરવી હોય તો પોલીસ એને કરી શકે છે.

**સભાપતિશ્રીઃ** માનનીય લક્ષ્મણસિંહભાઈ, તમે સૂચન કરો.

**શ્રી લક્ષ્મણસિંહ મો. પરમારઃ** આ બિલ ઉપર હું બહુ જ ગંભીરતાપૂર્વક  બોલુ છું. મારે સરકાર ઉપર આક્ષેપ કરવા નથી. હું તો વાસ્તવિકતા રજૂ કરી રહયો છું. આ બિલ ઉપરની ચર્ચા ઉપર ઉતાવળ નહિ ચાલે કારણ કે, હું વાસ્તવિકતા રજૂ કરી રહયો છું. અમે અમારી નીતિની વાત કરી.

મારા મતદાર વિસ્તારની અંદર ઢોર વેચવાવાળા વણઝારા કોમ છે. અમારા વિસ્તારમાં જે બળદ ટેકરા ઉપર ચાલે એવા માળવી બળદ જોય છે. એ એમ.પી.માંથી લાવવા પડે છે. જો એ ચાલતા

**શ્રી લક્ષ્મણસિંહ પરમાર)**

લાવે તો ઝાલોદ અને દાહોદ ઉપર ભીલ લોકો બળદ સાથે લૂંટી લે. જો ટ્રક ઉપર લાવે તો આ કાયદો નડશે. તો આ વણઝારા કોમ આ બળદો લાવીને ખેડૂતોને વેચે છે એનો ધંધો બંધ કરી દેવો પડશે. અહીંયા ગાયની વાત કરી છે, એ ગાયની સાથે સાથે બળદની વાત કરતા હતા. માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ આ અંગે વાત કરતા હતાં. મેં વાછરડાની ટ્રક પકડી એ કતલખાને જતા હતાં કે એ માણસો એ વાછરડાને વેચવા જતા હતાં. એ ટ્રક લઈને જતાં હોય એમાં વાછરડા ભર્યા હોય ત્યારે કદાચ એમાં બે ત્રણ મૃત્યુ પણ પામે. એ વેપાર કરવા માટે ઢોર લાવે છે, એ પશુઓને લાવે છે એ વાછરડાને લાવે છે ત્યારે છેલ્લા બે વર્ષથી આ [× × × ×] હેરાનગતિ કરે છે. અમારા વિસ્તારના માણસો રાજસ્થાન અને એમ.પી.માંથી લાવી શકતા નથી.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સંસ્થા સામે આક્ષેપ કરવા અંગે

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલાઃ** માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર. હું ચર્ચા બહુ શાંતિથી સાંભળી રહયો હતો. માનનીય વિરોધપક્ષના નેતા બોલતા હતા તે વખતે પણ તેમણે વચ્ચે થોડો ઉલ્લેખ કર્યો. તો પણ હું શાંત રહયો. પણ વારંવાર કોઈ પણ સંસ્થા ઉપર આક્ષેપ કરવો એ કોઈ રીતે વાજબી નથી અને તેથી તેના માટેના જે ગુજરાત વિધાનસભાના નિયમો છે તેમાં નિયમ-૩૭

---

[××] આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં.



**શ્રી ફકીરભાઈ વાઘેલા)**

બહુ સ્પષ્ટ છે કે આપણે કોઈની પર, વ્યકિત ઉપર આક્ષેપ કરવો હોય તો તે માટેની કાર્યવાહી કરવી જોઈએ. આ બાબત (અંતરાય) હું કહું છું. આગળ બોલું છું. આ બાબતમાં અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, પાના-૨૮. તેમાં જે અધ્યક્ષશ્રીને તથા સંબંધિત મંત્રીશ્રીને અગાઉથી ખબર આપ્યા વગર કોઈ સંસ્થા ઉપર આક્ષેપ થઈ શકે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેતા હો તો હું પૂરું વાંચી જાઉં. આપના ધ્યાને મૂકું છું અને આ બાબતમાં આપનું માગદર્શન માગું છું.

**શ્રી લક્ષ્મણસિંહ મો. પરમારઃ** માનનીય અધ્યક્ષશ્રી,, મેં કોઈ વ્યકિત ઉપર આક્ષેપ કર્યો નથી. કોઈકનું નામ લીધું નથી. હું જે ચર્ચા કરી રહયો છું એ ચર્ચાની અંદર હું પણ નિયમો જાણું છું. ફકીરભાઈ, નિયમની મર્યાદામાં ચાલી રહયો છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલાઃ** સહેજ વિગત મારે મૂકવી પડશે. એટલા માટે કે તા.૩૦-૬-૧૯૭૨ના રોજ આ મુદ્દો જયારે ચર્ચામાં આવ્યો અને ત્યારે માનનીય અધ્યક્ષશ્રી રાધવજીભાઈ લેઉવાએ તેમનો જે નિર્ણય આપ્યો કે માનનીય સભ્યશ્રી અનેક સંસ્થાઓ ઉપર આક્ષેપો કરે છે. હું જરા કાળજીપૂર્વક જોતો હતો. આપણાં નિયમ-૩૭માં બતાવ્યું છે કે " No allegation of a defamatory or incriminatory nature shall be made by a member against any person." પછી જો આ જે પર્સન શબ્દ વાપર્યો છે તે પર્સન તેના ઈન્ડીવીડયુઅલ તરીકે પર્સન શબ્દ વાપર્યો છે કે જનરલ ટર્મમાં વાપર્યો છે એ જરા વિચાર કરવા જેવો પ્રશ્ન છે. કારણ કે કોઈ વ્યકિત ઉપર આક્ષેપ કરે ત્યારે મંત્રીશ્રીને અને અધ્યક્ષને ખબર આપવી જોઈએ. અને કોઈ સંસ્થા ઉપર આક્ષેપ કરે ત્યારે ખબર ન આપવી એ મને લાગે છે કે કદાચ તેનો સારો અર્થ ન થાય. કારણ કે કોઈ પણ સંસ્થાના વર્તન સંબંધમાં માનનીય મંત્રીશ્રીને જવાબ આપવાનો પ્રસંગ આવે ત્યારે

ભી.૯.૩૭.

**શ્રી શાંતિલાલ પુ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી એની ચર્ચા થયા પછી રિપોર્ટ તૈયાર કરીને અત્યારે આપના કાર્ય લક્ષમાં પડયા છે. માનનીય અધ્યક્ષ શ્રી, મારી વાત સાંભળો. આમાં એવું છે કે પી. એ. સી. પાસે જ્યારે પેરા આવે છે અને ત્યાર પછી એના પ્રશ્નોત્તરી માટે વિભાગ પાસેથી માહિતિ મંગાવવામાં આવે છે ત્યારે તેમાં લાંબો સમય જાય છે અને વિભાગ પાસે અંગ્રેજી અને ગુજરાતી કરવાનું થાય છે એટલે એમાં પણ ઘણો લાંબો સમય જવાને લીધે વિલંબ થાય છે. આ અંગે વખતો વખત સૂચનાઓ પણ આ આપીએ છીએ પણ........

**અધ્યક્ષશ્રી :** આમાં વાત બહુ સ્પષ્ટ છે કે આ બાબતમાં મે અહીયાં ટકોર કરી છે અને આજે પ્રશ્ન ઉભો થવાથી ફરી ટકોર કરવી પડે છે કે આપ અને માનનીય નાણા મંત્રીશ્રી સાથે બેસીને આનો કોઇક રસ્તો કાઢો, કારણ કે પાંચ પાંચ છ છ વર્ષ સુધી આ ગૃહમાં રિપોર્ટ ન આવે તો પછી એનો અર્થ શું છે આજે ૧૯૮૦-૮૧નો રિપોર્ટ ગૃહમાં રજુ કર્યો એ રિપોર્ટનો અર્થ શું છે? કોની સામે તમે પગલાં લેવાના છો.? આમાં બીજું શું થઇ શકે ? કોઇ રસ્તો કાઢો.

**૧૯૭૬-૭૭ અને ૧૯૭૭-૭૮ ની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૪૦, ૪૩, ૪૯, ૬૫, ૬૬, ૩, ૩૭, ૩૮, ૪૭, ૬૮, ૨૭, ૨૬, ૫૪, ૫૯ ૬૨, ૬૪, ૭૩, ૭૫, ૭૭, ૫૩, ૫૭, ૬૪, ૪૪, ૬૨, ૬૩, ૬૯, ૬૬, ૬૭, ૭૦, ૭૧, ૭૨ ૬, ૮, ૯, ૧૧, ૧૪, ૧૧, ૩૬, ૩૭, ૫૧, ૫૧, ૩૩, ૩૫, ૩૮, ૩૩ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## સરકારી વિધેયકો

**સન ૧૯૮૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૬૪ ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયક, ૧૯૮૬ ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ સુધારવા બાબત વિધેયક**

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી (મુખ્ય મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલાં સન ૧૯૮૬ના વિધેયક ક્રમાંક ૬૪, સન ૧૯૮૬ ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત સુધારા વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરૂં છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૧૯૮૬ના વિધેયક ક્રમાંક. ૬૪, સન ૧૯૮૬ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત સુધારા વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫માં આ વિધેયક પસાર કર્યા

---

વિધેયક સન ૧૯૮૬ના ઓગસ્ટ મહીનાની ૧૩મી તારીખના ગુજરાત રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.



પછી છેલ્લા એક વર્ષના ગાળામાં રાજ્ય સરકારને જે અનુભવો થયા તેના આધારે આ સુધારો લાવવાની ફરજ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જ ઉદાહરણ આપું કે આખા વર્ષ દરમ્યાન ૭૮૯ જેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા હતા અને તેમાંથી લગભગ ૫૫ જેટલા ગુનેગારો જ પોતે આ ગુના નીચે સજા ભોગવી રહ્યા છે. બાકીના એક યા બીજા કારણે બોર્ડ પાસેથી અથવા તો હાઈકોર્ટમાં અપીલ કરીને છૂટી ગયા છે. કે જે ગુનેગારોની વ્યાખ્યા કરવામાં આવી છે એમાં શરૂઆતમાં બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે બરાબર હતી પરંતુ વિરોધપક્ષના આગેવાનો અને નેતાશ્રીને લાગ્યું કે સાથે બેસીને કેટલીક જોગવાઈઓ કરવી જોઈએ અને રાજ્ય સરકારે એમની સાથે બેસવું યોગ્ય માન્યું, સાથે બેસી નક્કી કર્યું ત્યારે એક રજૂઆત એવી આવેલ કે ભયજનક વ્યકિતની વ્યાખ્યામાં સતત ત્રણ વર્ષ સુધી ગુના કરતા હોય એવી વ્યકિતને ગણવી. સતત ત્રણ વર્ષ સુધી માથાભારે માણસ ગુનો કરે પરંતુ એની સાક્ષી કે પુરાવા આપતા નથી, મળતા પણ નથી અને પકડવામાં આવે તો એક યા બીજા કારણે છટકબારીના કારણે છટકી જાય છે.

બીજો સુધારો સતત ત્રણ વર્ષ શબ્દ ડિલીટ કરવાનો છે. એડવાઈઝરી બોર્ડમાં ભારત સરકારે બધા રાજ્યોને સૂચના આપી છે કે હાઈકોર્ટના જજ સિવાયના નીચેના જજ ન હોવા જોઈએ, ચેરમેન હાઈકોર્ટના જજ સિટી રિટાયર્ડ જજ હોવા જોઈએ એવી સૂચના બધા રાજ્યોને આપેલ આ સુધારો હું લઈ આવ્યો છું.

ત્રીજો સુધારો Drugs અને Narcotics ની બાબતમાં વ્યાખ્યા આપવાની રહી ગયેલ એ વિસ્તૃત વ્યાખ્યા આપવાનો સુધારો છે.

આ ત્રણ સુધારા લઈને સભાગૃહ સમક્ષ આવ્યો છું, સભાગૃહના માનનીય સભ્યોને વિનંતી કરું છું કે ગુજરાતમાં શાંતિનું વાતાવરણ આજે છે એ જાળવી રાખવું હોય, આના કરતાં વધું સારું વાતાવરણ ગુજરાતમાં પ્રસ્થાપિત કરવું હોય તો જે જે વ્યકિત આવા ગુનાહિત ગુના કરે છે એને ઝેર કરવી પડશે, સમગ્ર ગુજરાતના હિતમાં આ સુધારા છે એટલે સર્વે સભ્યોને વિનંતી કરું છું કે આ સુધારા સ્વીકારી લેવામાં આવે અને પસાર કરવામાં આવે.

**શ્રી કેશુભાઈ સ. પટેલ :** પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન, થોડી વિગત મુખ્ય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું, ૭૮૯ ગુનેગારોને પકડયા ૯૫ને સજા કરી તો એમના કયા કયા કારણો હતા એની સ્પષ્ટતા થઈ જાય તો ચર્ચામાં થોડો ઓછો સમય સભાગૃહનો જાય.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** મોટા ભાગના ટેકનિકલ કારણો હતા, વ્યાખ્યા અસામાજિક માથાભારે માણસોની જે જોગવાઈ છે એમાં સતત ત્રણ વર્ષ ગુના રેકર્ડ પર નોંધાયેલ હોવા જોઈએ પરંતુ સતત ત્રણ વર્ષ ગુના રેકર્ડ થતા નથી, મોટા ભાગે આ કારણો છે.

**શ્રી ચીમનભાઈ પટેલ : (ઉંઝા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલ જ્યારે આ સભાગૃહમાં આવ્યું ત્યારે અમને એવી આશા હતી કે ગુજરાત રાજ્યમાં અસામાજિક પ્રવૃત્તિ કરનાર લોકોને કાબૂમાં લેવામાં આવશે.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** મેં જે આંકડા આપ્યા એમાં કુલ ૮૬૭ ગુનેગારો પકડયા એમાંથી ૭૧ જણાના બધી રીતે કેસ કન્ફર્મ થયો છે.

[શ્ર]ી ચીમનભાઈ પટેલ : મુખ્ય મંત્રીશ્રીએ [જ્યા]રાં કહ્યું એ હું કહેવા માગતો હતો કે આવા [શુભ] હેતુથી આ વાત ચર્ચાઈ હતી કે આખરે [કાય]દો અને વ્યવસ્થા રાજ્ય સરકારની જવાબદારી અને કાયદો અને વ્યવસ્થા સાચવવા સરકાર [પોત]ાની જવાબદારી અદા કરે એમાં છટકી [શકે] એમ નથી, કારણ કે જનમાલનું રક્ષણ [કર]વું એ સરકારની પ્રાથમિક જવાબદારી [છે.] ત્યારે એમ કહ્યું કે એ જવાબદારી અદા [કર]વામાં કેટલાક અંતરાયો નડે છે, વાજબી [છે.] એ અંતરાયો નડતા હોય અને સરકારનો [એ] ઈરાદો હોય તો અને કાયદો અને વ્યવસ્થાની [સ્થિ]તિ સારી અને સરખી જળવાઈ રહે એ માટે [અમ]ારો પ્રતિભાવ એવો હતો કે ખરેખર [અં]તરાયો હોય અને તેને સરકાર દૂર કરવા [મા]ગતી હોય તો તેને સાથ અને સહકાર આપવો, [ત્યા]રે એમ સૂચવ્યું કે અમારે અસામાજિક [પ્ર]વૃત્તિ કરનારાને કાબૂમાં લેવા છે, એમના [કહે]વા મુજબ હાલના માળખામાં જોગવાઈ [છે] એ અધૂરી છે, એટલે વધારાની જોગવાઈ [અ]ને અમને સત્તા આપવામાં આવે તો અમે [આ] લોકોને કાબૂમાં લઈશ. અમે પણ સરકાર [સારા] ઈરાદાથી આવેલ છે ઈરાદાથી હા પાડી, [ત્યા]રે એવો ખ્યાલ હતો કે હાલના કાયદાથી એ [પર્યા]પ્ત નથી તો કાયદામાં સુધારો કરવાની [જ]રૂરત છે, પરન્તુ એ કાયદાનો અમલ કેવી [રી]તે થાય ? મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે સતત [ત્ર]ણ વર્ષ સુધી ગુનેગાર હોય તેવા લોકોને [ધ]રપકડ થઈ શકે એવી કાયદામાં જોગવાઈ [છે] તો એવી જોગવાઈ, અનુસાર એ ધરપકડ [ક]રવામાં આવે છે ? આવી જોગવાઈ અનુસાર [આ] કાયદો લાગુ પાડવામાં આવે છે ? મારી [પા]સે જે માહિતી છે તે ઉપરથી સાફસાફ કહેવું [જો]ઈએ કે સતત ત્રણ વર્ષ સુધી જે લોકો ગુંડાગીરી કરે છે, અસામાજિક પ્રવૃત્તિ કરે છે એમને પકડવામાં આવ્યા નથી, પરન્તુ સ્થાનિક પોલીસને જે માણસો પ્રતિકૂળ હોય છે તેને ગમે તે રીતે આ કાયદાના ચોકઠામાં મૂકીને ધરપકડ કરવામાં આવે છે. હમણાં મુખ્ય મંત્રીશ્રીએ છે જે આંકડા આપ્યા છે એ આંકડા તો આંખ ઉઘાડનારા છે, એમણે કહ્યું કે ૭૦૦ લોકોની ધરપકડ કરવામાં આવેલ છે એમાંથી ૩૧ કેટલા લોકોના કેસ બોર્ડ પાસે ટકી શક્યા, બીજા કેસો ટકી શક્યા નહીં, તો મારે મુખ્ય મંત્રીશ્રીને પૂછવું છે કે આમાં માત્ર કોઈ ટેકનિકલ કારણો હતા ? ટેકનિકલ કારણ સિવાય બીજા પણ ઘણા કારણો હોય છે, પોલીસને તો પોતાનો હિસાબ ચોખ્ખો કરવાનો હોય છે, જેની સામે આખીયે ઉંમર સુધી એકપણ કેસ પોલીસ ચોકીમાં નોંધાયો ન હોય, તેના સામે સ્થાનિક પોલીસ અને અસામાજિક પ્રવૃત્તિ કરનારાના ગઠબંધનથી આવા માણસોના ધરપકડ કરવામાં આવેલ છે, એ હકીકત છે, હું મુખ્ય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ત્રણ વર્ષ સુધી જેમણે લાગલગાટ ગુનાખોરી કરી હોય એવા લોકોની ધરપકડ ન થાય, પણ જેણે છેલ્લા ત્રણ વર્ષમાં એકપણ ગુનો ન કર્યો હોય, પોલીસ ચોકીમાં એનું નામ પણ ન હોય, પણ સ્થાનિક પોલીસ અને અસામાજિક પ્રવૃત્તિ કરનારા લોકોના ગઠબંધનથી આ થતું હોય છે, તે વખતે કોઈ કાર્યકર આડે આવતો હોય તો તેને એન. એસ. એ. નીચે, ગુંડાધારા નીચે ધરપકડ કરવી તે કેટલે અંશે વાજબી છે એ હું મુખ્ય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું, મુખ્ય મંત્રીશ્રીને કહેવા માગું છું કે પાદરાનો કેસ હતો જેમાં આજ સુધી કોઈ દિવસ, એની સામે પોલીસ ચોકીમાં કેસ નોંધાયો નથી, તેને ગુંડાધારા નીચે મૂકી દીધેલ. આ સિવાય નડિયાદનો કેસ શ્રી દવેનો, એમાં મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ ભાઈ પોલીસની કામગીરીમાં અંતરાય થયેલા નહીં, પણ પોલીસ અને અસામાજિક લોકોના ગઠબંધનની આડે આવેલા એટલે નડિયાદમાં તાજેતરમાં જે બનાવો બન્યા તેમાં તેની ધરપકડ થયેલ. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ માટે એમ કહેવાય છે કે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં the legislate on any Act and any matter,



They make laws, unmake laws They Cannot makə a man a women or a woman a man સ્ત્રીને પુરૂષ ન બનાવી શકે કે પુરૂષને સ્ત્રી ન બનાવી શકે, બાકી ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં બધા જ કાયદા થઈ શકે. તેવી રીતે પોલીસ ખાતું પણ કાંઈનું કાંઈ કરી નાંખે છે. હું બહું ગંભીર રીતે કહું છું કે આ અસામાજિક ધારાના મૂળમાં આ બે-ચાર વસ્તુ નડે છે. આ બિલનું હું સંપૂર્ણ સમર્થન કરું છું, પણ સાથે સાથે માનનીય મુખ્ય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એ વાત મૂકવા માગું છું કે કાયદાનું ઓપરેશન કઈ રીતે થાય છે. સ્થાનિક લોકો જે અનુકુળ હોય એને તારવવામાં આવે છે એને બચાવવામાં આવે છે અને જે પ્રતિકૂળ હોય એને નાંખી દેવામાં આવે કસ્ટડીમાં. આ સ્થિતિ તમારે અટકાવવી છે કે કેમ ? હું નમૂનેદાર કિસ્સો આ નિરંજન દવેનો રજૂ કરવા માગું છું, આ તપાસ થઈ અને અંતરાય મૂક્યા, અસામાજિક પ્રવૃત્તિ સામે બંડ પોકાર્યું ત્યારે ત્યાંના જજે પણ રિમાર્ક કરી, નડિયાદના બાર એસોસિએશને હડતાળ પાડી કે આ પોલીસનું કૃત્ય છે એ બરાબર નથી. નડિયાદમાં ફરી તોફાનો થયા, કોમી તોફાનો થયા તો એની સામે પગલાં લો એ પગલાં લેતાં અચકાશો નહીં. આખરે કોમી દંગલો થાય તો સમાજમાં રહેતા માણસો સુરક્ષિત ન રહે, નિર્દોષ માણસોની કતલ થાય એવા બનાવો બનતા હોય ત્યારે રાજ્ય સરકાર પ્રેક્ષક બની બેસી રહે એ બરાબર નથી. એટલા માટે અમે આગ્રહ કરીએ છીએ કે તમે પગલાં લો. પણ આવી કોઈ વાજબી ફરિયાદો વિશે અમે ધ્યાન દોરીએ ત્યારે તો એવું ન થવું જોઈએ કે તમે એક બાજુ પગલાં લેવાની વાત કરો છો અને બીજી બાજુ જે માણસની ધરપકડ કરીએ છીએ ત્યારે તમે એને છોડવાની વાત કરો છો. માનનીય મંત્રીશ્રી પાસે અમે રજૂઆત કરવા જઈએ છીએ ત્યારે જે વિગતો અમારી પાસે આવે છે એની અમે પણ પ્રાથમિક ચકાસણી કરીએ છીએ કે આ કેસ સરકારના ધ્યાન ઉપર લાવવા જેવો છે કે કેમ એટલે અમે પણ એની ગંભીરથા પ્રથમ તપાસી લઈએ છીએ. અને પછી અમને પ્રાઈમાફેસી ખાતરી થાય કે સરકારનો ગમે તેટલો સારો ઈરાદો હોવા છતાં સ્થાનિક સ્તરે આ કાર્યવાહી યોગ્ય રીતે થતી નથી તો અમે સરકારનું ધ્યાન દોરીએ છીએ. સાત દિવસ તો આ માણસ મુંબઈ હતો, ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે અને જે દિવસે રેલ્વે સ્ટેશન ઉપર ઉતરીને ઘેર પહોંચ્યો તો તમારી ધરપકડ. નડિયાદમાં હતો નહીં તો પછી એને તોફાન સાથે કઈ રીતે જોડી દેવામાં આવ્યા. મારી તો વિનંતી છે કે મુખ્ય મંત્રીશ્રીને કે આપ આ કિસ્સામાં નિરંજન દવેને છોડે કે ન છોડે એ મહત્ત્વનું નથી પણ આવી ખોટી કામગીરી કરનારને તમે કાબૂમાં લેવા માગો છો છે કેમ, તમે આવા ખોટી રીતે હેરાનગતિ કરનાર સામે કોઈ શિક્ષાત્મક પગલાંનો ડર નહીં બતાવો તો લોકલ લેવલે તો હિસાબની પતાવટ થયા કરશે, આ યોગ્ય નથી. એટલા માટે ગુંડા વિરોધી ધારાથી અસામાજિક પ્રવૃત્તિ અટકાવવાની વાત હોય તો લાગલગાટ ત્રણ વરસ સુધી જેણે અપરાધ કર્યો હોય તેની ધરપકડ કરો. જે ૭૦૦ માણસોની ધરપકડ કરી એમાં લાગલગાટ ત્રણ વરસ સુધી ગુંડાગીરી આચરી હોય એવા જ તત્ત્વોની ધરપકડ કરી છે એવું છે નહીં. આ કિસ્સા બોર્ડ પાસે એટલા માટે ટકી શકતા નથી કેમ કે પોલીસ પાસે એના કોઈ પોઝિટિવ એવિડન્સ હોતા નથી. એવિડન્સ માત્ર એટલો કે મનનો તરંગ કે એ અનુકૂળ નથી માટે નાખો અંદર. મુખ્ય મંત્રીશ્રીને બીજી વિનંતી કરીશ કે જે ૭૦૦ માણસોને છોડી દેવા પડ્યા એનો અભ્યાસ કરાવો કે કયા કારણસર પોલીસે એને પકડ્યા. આ સરકારે નીમેલું બોર્ડ છે એ-જ્યુડિશિયરી ટાઈપનું છે એ હું સ્વીકારું છું એ પણ જો સરકારની દલીલ સ્વીકારતી ન હોય તો સરકારે પણ વિચારવું જોઈએ કે ૭૦૦-૮૦૦ માણસની ધરપકડ કરી અને બોર્ડે ૩૧ માણસોને

ાન્ય રાખે તો સરકારના કામગીરી ઉપર એનું રેફ્લેકશન પડે છે અને તેથી આ બાબતને ે સંદર્ભમાં તપાસવી જોઈએ.

છેલ્લે મુખ્ય મંત્રીશ્રી જે વાત લાવ્યા છે તેમાં જે બોર્ડની રચનાની વાત છે મેં તો અનેકવાર કહ્યું છે કે આ બધા બોર્ડ જ્યુડિશિયરી ટાઈપના હોય છે એમાં સરકાર નિમણૂક કરતી હોય તો પણ એક વાત સરકાર બધા કાયદામાં રાખે છે. સરકારનો રૂટિનમાં એક એવો પ્રતિભાવ હોય છે કે અમને માણસો મળતા નથી અને માણસો મળતા નથી એટલે હાઈકોર્ટ જજની લાયકાત ધરાવતા હોય તેમને અમે નીમી શકીએ એવી સરકાર હંમેશા છૂટ લે છે. મને લાગે છે કે આ આ છૂટ બરાબર નથી. મને હંમેશા એવું લાગે છે કે સરકાર નિમણૂક કરે ત્યારે સામાન્ય રીતે પેટ્રો ને જ લેનારા લોકોનું વલણ સરકાર તરફી હોય છે જે લોકો અનુભવ અને લાયકાતની દષ્ટિએ ક્વોલિફાઈડ નથી હોતા એવા લોકો સરકાર તરફ હંમેશા દષ્ટિ રાખીને પછી જજમેન્ટ આપતા હોય છે. અને આવું હોવા છતાં પણ ૭૦૦ કેસો જો બોર્ડ રિજેક્ટ કરતું હોય તો પોલીસ ખાતાની કામગીરી જોઈ જવી જોઈએ.

આ બોર્ડ એક અધ્યક્ષ અને અન્ય બે સભ્યોનું બનેલું હશે જેઓ કોઈપણ હાઈકોર્ટના ન્યાયાધીશ હોવા જોઈએ અથવા તો રહ્યા હોવા જોઈએ. એટલે સુધી તો કોઈ વાંધો નથી પરન્તુ આગળ ચાલીને એમ કહેવામાં આવ્યું છે કે તેઓ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નીમાવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ. મારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને પાસેથી એવી ખાતરી જોઈએ છીએ કે સરકાર જે લાયકાત ધરાવતા લોકોને નીમવા માગે છે અથવા નીમે તેવા લોકો પક્ષ તરફની તેમની સહાનુભૂતિના સંબંધે નીમે એવું કોઈ કન્સીડરેશન ગુજરાત સરકાર નહીં રાખે. આવી ખાતરી મારે માનનીય મુખ્ય મંત્રીશ્રી પાસેથી જોઈએ છીએ. એટલી ખાતરીની જરૂર છે. આજે આ પક્ષ સત્તા ઉપર છે કાલે બીજા સત્તા ઉપર આવે તો પણ છે પક્ષ સત્તા ઉપર હોય તે પક્ષ પોતાના માણસોની પસંદગી કરે એવું વલણ જો દાખવવામાં આવશે તો આપણે આ બોર્ડને જે કામગીરી સોંપીએ છીએ તે અસરકારક રીતે ડિસ્ચાર્જ નહીં કરી શકે અને ન્યાય નહી આપી શકે. મારી મુખ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે જ્યાં સુધી અવેલેબલ હોય ત્યાં સુધી રહેલા હોવા જોઈએ અથવા તો હોવા જોઈએ એટલા પૂરતી બોર્ડની નિમણૂક મર્યાદિત રાખો. અને ન મળે એવી સ્થિતિ ઉભી થાય અને લેવા જ પડે તો મહેરબાની કરીને આવી કોઈ નિમણૂક સરકાર પક્ષીય ધોરણે ન કરે.

આ શબ્દો સાથે હું એવી અપેક્ષા રાખું છું કે સરકાર આ કાયદાના અમલની બાબત રિવ્યુ કરે અને રીવ્યુ કરીને જે માણસો ખોટી રીતે પકડાયેલ હોય. જે પોલીસ અધિકારીએ ખોટી રીતે માણસોને પકડેલ હોય એવા અધિકારીઓએ અત્યાર સુધી આવી જે કામગીરી કરી છે તેમને તે અંગે વોર્નિંગ આપવામાં આવે અને હવે પછી આવી ખોટી ધરપકડ કરે તો તેમના સામે પગલાં લેવા જોઈએ. જેવી રીતે આપણે લોકપાલ બિલમાં કર્યું છે તેમ આમાં પણ કરવું જોઈએ. લોકપાલ બિલમાં આપણે એવું કહયું છે કે ખોટી ફરિયાદ નહીં થવી જોઈએ. મારી એવી માગણી છે કે ખોટી રીતે હેરાન કરવા માટે અથવા તો સ્થાનિક પ્રતિકૂળતાને ધ્યાનમાં રાખીને ધરપકડ નહીં કરવી જોઈએ અને જે અધિકારીઓ આવી પ્રવૃત્તિ કરતા હોય તેમને કાબૂમાં રાખવા જોઈએ.

**શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા (માંડવી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે ભૂમિકા આપી કે મૂળ વ્યાખ્યા બરાબર હતી પરન્તુ વિરોધપક્ષના આગેવાનો સાથે બેસવાનું





થયું અને વ્યાખ્યા સુધારેલી એના પરિણામે આ મુશ્કેલી આવી છે એવો ભાવ આમાંથી ઉપસ્થિત થાય છે. મારે એમ કહેવું છે કે લાગ-લગાટ ત્રણ વર્ષ શબ્દો કાઢવાથી હકીકતમાં ડેફિનેટ પરિસ્થિતિમાં અમે કાંઈક એચીવ કરી જઈશું એવી જો ભાવના હોય તો તે બરાબર નથી. ત્રણ સુધારા ઉપર પણ કહી શકાય તેમ છે. અમે એક ભયસ્થાન તે વખતે પણ વ્યકત કર્યું હતું અને આજે પણ કરીએ છીએ. દસ વર્ષમાં કોઈ શારીરિક મારામારીનો ગુનો નોંધાયો હોય તેના ઓઠા નીચે લાવીને જો કે હકીકતમાં કોઈ ગુનો ન નોંધાયેલો હોય, તો પણ વિરોધ પક્ષના માનનીય નેતાશ્રીએ કહ્યું તેમ, એવા લોકોને કે જે માત્ર કાર્યકર હોય તેને પણ લઈ જાય છે. અને પછી હાઈકોર્ટમાં કેસ નીકળી જાય એ સ્વાભાવિક છે. કાયદાના ફ્રેઈમ-વર્કને લાગેવળગે છે ત્યાં સુધી દશ વર્ષ પહેલાં કોઈ કૃત્ય માટે ગુનો નોંધાયો હોય અને એ પરિસ્થિતિમાં એ વ્યકિતને પકડી લેવી હોય તો પકડી લેવાય એવી વિશાળ જોગવાઈઓ આ બિલમાં રાખવા માટે ગુનેગાર ભયજનક વ્યકિત છે એની વ્યાખ્યામાં લાગલગાટ ત્રણ વર્ષ એટલા માટે વ્યકત કરવામાં આવ્યા હતાં કે તેને રિસ્ટ્રિકટ કરવું જરૂરી હતું એકન્ટિન્યુઅસ ભયજનક વ્યકિત છે કે કેમ તે જોવું જરૂરી હતું. અહીં કન્ટિન્યુઅસ શબ્દનો અર્થ એક કરતાં વધારે એવો કરી નાખ્યો. દશ વર્ષ પહેલાંના કોઈપણ બે પ્રસંગોને લઈ લે એટલે આ વ્યાખ્યાની અંદર પેલી વ્યકિત એવી જાય. એટલા માટે તેનું પોલિટીકલ વિન્ડિકશન કરવું હોય તો પણ થઈ શકે. એવી આ ત્રણેય સુધારાઓને સાથે લેતાં જે અસર ઉભી થાય છે તે તેવા પ્રકારની થાય છે. એમ કહેવાયું કે બોર્ડ માટે હાઈકોર્ટની પરવાનગી મળતી નથી. અને એટલા માટે હાઈકોર્ટમાં નીમાવાની લાયકાત ધરાવતી વ્યકિત એ બોર્ડમાં આવી શકે. મને એ સમજ નથી પડતી કે રિટાયર્ડ ડિસ્ટ્રીકટ જજ મેળવવામાં શું મુશ્કેલી પડે છે? જો સુધારો એમ લાવ્યા હોત કે નિવૃત જિલ્લા ન્યાયાધીશ કક્ષાના માણસ હોવા જોઈએ. હાઈકોર્ટમાં કોઈપણ વકીલ વકીલાત કરતા હોય અને હાઈકોર્ટ જજ તરીકે લાયકાત ધરાવતા હોય એવું Political Living હોય છે, એની પોલિટિકલ વિચારસરણી હોય છે એ ભયસ્થાન એમાં રહેલું છે, માટે રિટાયર્ડ ડિસ્ટ્રિકટ જજ એટલો સુધારો માનનીય મંત્રીશ્રી સ્વીકારે તો પણ મને એમ લાગે છે કે બાકીનાનો હેતુ તેમાં સરી શકશે.

ત્રીજું ઔષધ ગુનેગારની જે વ્યાખ્યા સુધારવા માગીએ છીએ તેમાં ગુનેગાર ઠરવું અને માત્ર ગુનાનો ભંગ કરવો એ બંને વચ્ચેના Distinctionનું પણ વિચાર કરવાની જરૂર છે. જો કાયદાનો ભંગ કરે તો એ વ્યકિત સામે ક્રિમિનલ એકશન લઈ શકાય છે અને જો ક્રિમિનલ એકશન લઈ શકાતું હોય તો માત્ર એ પરિસ્થિતિમાં કાયદાનો ભંગ કર્યો છે માટે તેને આમાં લઈ લો, જે કાયદાની પર્યાપ્ત જોગવાઈ છે એમાં જો લઈ શકાતું હોય તો એને આમાં લાવવું ન જોઈએ, એ પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ. માત્ર આટલા ત્રણ જ સૂચનો મારે કરવાના છે.

**શ્રી ધીરૂભાઈ ઠા. પટેલ (કુંડલા) :** મુખ્ય મંત્રીશ્રી આજે સુધારો લઈને આવ્યાં છે તેમાં ભયની જે વ્યાખ્યા આપવામાં આવી છે તેમાં મારે તો એ કહેવાનું છે કે સૌરાષ્ટ્રની અંદર આજે જે અસામાજિક પ્રવૃત્તિ કરનારી વ્યકિત છે તેની સામે કોઈ પંચ પુરાવા કે સાક્ષી, તેના સામે કોઈપણ માણસ આવી શકતો નથી તો આવી વ્યકિતઓની સામે કોઈ ન આવી શકે તેવી વ્યકિતને ભયજનક વ્યકિત તરીકે ગણવી જોઈએ તેટલું જ મારૂં સૂચન છે.

**શ્રી કરમશીભાઈ કા. મકવાણા (ચોટીલા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી

સન ૧૯૮૬ નું ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયક ક્રમાંક ૬૪ અહીંયાં લઈને આવ્યાં છે તેનું હું સમર્થન કરૂં છું, એટલા માટે સમર્થન કરૂં છું કે ૧૯૮૫માં ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ અટકાયત ધારો આ વિધાનસભામાં લાવ્યા તેની ચર્ચા કરી અને પસાર કર્યા પછી જાહેર જીવનમાં પડેલી વ્યકિતઓ અને રાજય સરકારને જે અનુભવ થયો છે તે સુખદ નથી. હું પોતે જાણું છું કે તેમાં સતત ત્રણ વર્ષના શબ્દોના ઉપયોગને કારણે સરકારને એક લાચાર પરિસ્થિતિમાં મૂકાવું પડયું હતું કારણ કે ગુંડાઓને કે અસામાજિક પ્રવૃત્તિ કરનારાઓને, કોઈપણ વ્યકિતને આપણે એવી તો છૂટછાટ ન આપી શકીએ કે એ સતત ત્રણ વર્ષ સુધી ગુનો કરતી રહે અને રાજય સરકાર એ જોયા કરે, એટલા માટે મેં તો અમરસિંહભાઈને મળીને કહયું હતું કે વહેલામાં વહેલી તકે આ સુધારો લાવવો જોઈએ, જો આ સુધારો દાખલ ન કરી શકાય તો અગાઉની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિમાં કોઈ ફેર નથી.

માનનીય મનુભાઈ કોટડિયા જાણે છે, અમરેલીના ધારાસભ્યો જાણે છે, ગામડામાંથી જે ધારાસભ્યો આવે છે તે જાણે છે કે ગામડામાં અસામાજિક પ્રવૃત્તિ કેવી રીતે ચલાવવામાં આવે છે. એને માટે અહીં હું એક દ્રષ્ટાંત આપવા માગું છું. નોહલીની અંદર હમણાં એક જગ્યાએ મારામારી થઈ અને એમાં ચાર ખેડૂતોને મરણતોલ માર (બપોરના ૨-૦૦) મારવામાં આવ્યો. એની અંદર પોલીસોને પુરાવા જ ન મળ્યા, કારણ કે ભયનું વાતાવરણ જ એવા પ્રકારનું ઉભું કરવામાં આવ્યું હતું કે જેને કારણે પોલીસને કોઈ પુરાવા મળી શકયા નહિ. આવા સંજોગોમાં અને કારણોમાં સરકારને વધુ સત્તા મળે છે અને એ જરૂરી છે અને એને હું આવકારૂં છું.

પરંતુ તેની સાથે આપણે કલમ-૩ અને પેટા કલમ-૨ માં બોર્ડની રચના કરવાની જે જોગવાઈ કરવામાં આવેલ છે એમાં નિવૃત્ત ન્યાયાધીશની જોગવાઈ રાખવામાં આવે એ જરૂરી છે. એમાં હાઈકોર્ટના ચાલુ ન્યાયાધીશની વાત કરવામાં આવેલ છે એ બરાબર નથી કારણ કે એમને તો વખત હોતો નથી. તેને બદલે આપણે નિવૃત્ત ન્યાયાધીશનો એમાં ઉપયોગ કરી શકીએ તો મને લાગે છે કે એ પોતાનો પૂરો સમય એમાં આપી શકશે અને થોડોક વધારે ન્યાય પણ આપી શકશે.

બીજી એક બાબત તરફ પણ હું રાજય સરકારનું ધ્યાન દોરવા માગું છું કે અસામાજિક પ્રવૃત્તિ કરનારાઓને આ બોર્ડ ઘણી વખત છોડી મૂકે છે. બોર્ડની આ નીતિ પણ બરાબર લાગતી નથી. એટલે મને એમ લાગે છે કે જે સભ્યો છે એ બરાબર નથી અને એમાં પણ ફેરફાર કરવા જોઈએ અને એક સૂચન હું એ પણ કરવા માગું છું છે જે જાહેર જીવનમાં પડેલી વ્યકિત હોય એના પણ એક પ્રતિનિધિને એમાં મૂકવામાં આવે. કારણ કે પ્રજા કાંઈ જાણતી નથી અને તેને પરિણામે આવી અસામાજિક પ્રવૃત્તિઓ કરનારા છે એને પ્રોત્સાહન મળે છે. (અંતરાય) જો કે આ સૂચન શ્રી મનુભાઈ કોટડિયાને પસંદ નથી એટલે નહિ કરૂં. જો કે આજની ગામડાંની પરિસ્થિતિનો મનુભાઈને અનુભવ છે અને મને પણ એનો અનુભવ છે. એટલા માટે આ જે સુધારો લાવવામાં આવેલ છે એને હું આવકારૂ છું.

**શ્રી આશાભાઈ ધૂ. બારૈયા (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે સુધારો લાવ્યા છે એને હું મારૂં સમર્થન કરૂં છું.

આમાં પ્રશ્ન એ થાય છે કે પોલીસ અ પણ આખરે માણસ છે અને એટલા માટે આ ગુંડા ધારામાં પોલીસનો પણ સમાવેશ કરવામાં આવેલ છે ત્યારે પોલીસની વિરૂદ્ધ જયારે ગુંડા ધારા



નીચે કામ કરવાનું થાય ત્યારે તેને માટે શું વ્યવસ્થા રાખવામાં આવેલ છે એ પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી જણાવશે.

**શ્રી મનુભાઈ કોટડિયા (ધારી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર અગાઉનાં વર્ષોમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબૂમાં રાખવા માટે અન્ય જે કાયદા હતા એ કાયદાથી પરિસ્થિતિ સુધારી શકાઈ નહિ અને એને કારણે ગુજરાતની અંદર સંખ્યાબંધ લોકોની એવી માગણી હતી કે એવો કાયદો હોવો જોઈએ કે જેને કારણે લોકો સલામતીની લાગણી અનુભવી શકે. આ પ્રકારનો નિર્ણય સરકાર કરી શકી અને આ ધારો લાવ્યા, પરંતુ આ ધારા અંગે જે આશા રાખવામાં આવી હતી એ આશા પણ ઠગારી નીવડી. ખાસ કરીને સૌરાષ્ટ્રને નિસ્બત છે ત્યાં સુધી ગુંડાગીરીએ માઝા મૂકી હતી અને ખાસ કરીને જયારે છેલ્લા વર્ષોમાં જયારે અમરસિંહભાઈ મુખ્ય મંત્રી બન્યા અને એમણે ગૃહ ખાતું પણ સંભાળ્યું, છતાં પણ એમાં કોઈ સુધારા લાવી શકાયો નહોતો. એમાં પ્રિવિન્સનનાં જે પાસાં લાવવામાં આવ્યાં છે અને એમાં કેટલીક ક્ષતિઓ હતી એ ક્ષતિઓ નિવારવા માટેનો સરકારે નિર્ણય કર્યો અને આ બિલ લાવવામાં આવ્યું છે. આ ક્ષતિઓ છે એ નિવારવા માટે જે પગલું ભરેલ છે એને હું આવકારૂં છું. એવા કેટલાક લોકો હોય છે કે જ પ્રજાને ૫-૧૦ વર્ષથી રંજાડતા હોય છે અને પોલીસ પણ એનું નામ જાણતી હોય છે. પરંતુ એની સામે કોઈ ફરિયાદ કરી શકાતી નથી તેમજ લખાવી શકાતી નથી અને એને કારણે આ કાયદાનો ઉપયોગ એની સામે થઈ શકતો ન હોતો. સરકારને આ બાબતમાં જે લાગણી છે એ લાગણી છે એ વાજબી છે અને એને કારણે આ સુધારાબિલ જે લાવવામાં આવ્યું છે એ આવકારપાત્ર છે અને હું પણ ઈચ્છું છું કે આ ક્ષતિને નિવારવામાં આવે, પરંતુ આ બાબતમાં હું નોંધ મોકલીને અને ખાસ કરીને માનનીય મુખ્ય મંત્રીશ્રીનું એ બાબત તરફ ધ્યાન દોરવા માગું છું કે અત્યારે છેલ્લે જે લોકોને પકડવામાં આવ્યા છે. અને પકડયા પછી એમના જે કેસ હોય છે એ કેસ સરકારમાં સાત કે ૧૨ દિવસમાં આવે છે અને સરકાર કન્ફર્મ કરીને પછી બોર્ડમાં મોકલી આપે છે. બોર્ડ અનું આખરી કન્ફર્મેશન કરે છે. એવા પકડાયેલા ગુનેગારોને સ્ટેટમેન્ટસ અને ડોકયુમેન્ટસની કોપીઓ આપવામાં આવે છે જેની કાયદામાં જોગવાઈ જ નથી, છતાં એ કોપીઓ આપવામાં આવે છે. પહેલાં આપણે લોકોને એવું કહેલું કે સ્ટેટમેન્ટસ આપો, આ ગુનેગાર રંજાડે છે, તમે આમાં સ્ટેટમેન્ટ આપશો તો એનો કોઈને ખ્યાલ નહીં આવે, કોઈ જાણી શકવાનું નથી એટલે લોકોએ સ્ટેટમેન્ટ આપ્યા અને સ્ટેટમેન્ટ સહીવાળાની અસલ કોપીઓ ગુનેગારને એના બચાવ માટે આપવામાં આવે છે. અસલ સહીવાળી એ ઝેરોક્ષ કોપીઓ આપવામાં આવે છે એટલે એનું પરિણામ એ આવ્યું કે પેલો માણસ તો છૂટી જાય છે કારણે કે એમા આપણા જે ન્યાયનો સિદ્ધાંત છે એ પ્રમાણે ૯૯ ગુનેગારો ભલે છૂટી જાય પણ એક નિર્દોષને સજા નહીં થવી જોઈએ એ એટિટયુડથી કન્ફર્મેશન માટેનો જે વિધિ કરવામાં આવે છે એના કારણે આ ખરેખરા જે બૂલેટલેગર અથવા તો હિસાખોર માણસો છે જેઓ સમાજનું કલંક છે એવા માણસો છૂટીને વીસ પચીસ દિવસે પાછા આવીને ઊભા રહે છે અને કહે છે કે તેં સ્ટેટમેન્ટ આપ્યું હતું તો મને હજાર રૂપિયાનો ખર્ચ થયો, લાવ હજાર રૂપિયા, લાવ પાંચ હજાર રૂપિયા, આ સ્થિતિ નિર્માણ થાય છે અને એના કારણે આજે આવા માણસોને પકડવાનું શકય રહયું નથી કારણ કે કોઈ સ્ટેટમેન્ટ આપતું નથી. અમે ઘણી મહેનત કરી કે આ માણસ ખરેખર પ્રજાને રંજાડે છે, બહેન દિકરીઓની આબરૂ લૂંટે છે, જમીન પચાવી પાડે છે તેથી આવા માણસને પકડવાની જરૂર છે તો પોલીસ અધિકારીઓ એમ કહે છે કે અમે શું કરીએ ? એના વિરૂદ્ધ કોઈ ફરિયાદ

નથી, લોકો સ્ટેટમેન્ટ આપતા નથી, એટલે આ ક્ષતિ છે. કાયદામાં જોગવાઈ ન હોવા છતાં આ સ્ટેટમેન્ટની નકલ આપવા માટેની જે વિધિ છે એ વિધિમાંથી આપણે બહાર નીકળી જવાની જરૂર છે. મારો ખ્યાલ તો એવો છે કે આપણે જે એક્ષટર્નમેન્ટના કેસો કરીએ છીએ તેમાં પણ સ્ટેટમેન્ટની આવી કોપી આપતા નથી તો આની અંદર શા માટે આપવામાં આવે છે? એ એક મોટો સવાલ થઈ પડયો છે અને એના કારણે આનો જે ઉદ્દેશ જે આશય હતો તે બર લાવી શકાયો નથી. તો આવી જે બીજી ઘણી ક્ષતિઓ છે એ નિવારવાની જરૂર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે વારંવાર જાહેરાતો કરે છે કે ગુજરાતની અંદર જે માણસો પરસેવો પાડીને કમાય છે તે તેની કમાણી શાંતિથી ખાઈ શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું છે તેમાં અમારો કાયમ માટેનો સહયોગ હોય છે, અને છે. પણ બહેન દિકરીઓની આબરૂ સલામત રહેવી જોઈએ, લોકોનું ધન સલામત રહેવું જોઈએ.- તેવી સ્થિતિનું નિર્માણ કરવામાં જે અન્યાય થાય તેવું જે કાંઈ છે તે કાબૂમાં ન આવતું હોય તો આ કાયદો અસરકારક કરવાની જરૂર છે કે જેના કારણે આપણે સ્થિતિ ઉપર કન્ટ્રોલ લાવી શકીએ. ફરી વખત હું વિનંતી કરૂં કે આનો જે રાજકીય ઉપયોગ થવા માંડયો છે એ બંધ થાય તો સારૂં.

શ્રી અશોક ભટ્ટ (ખાડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી રાજ્યમાં અસામાજિક પ્રવૃત્તિઓ કરનારાઓમાં ભય અને ડર થાય અને રાજ્યમાં ફરીથી એકવાર સલામતીનો સૂરજ ઉગે તેવી ભાવનાથી આ-સુધારો લાવ્યા છે એટલા માટે હું એને આવકારૂં છું. પરંતુ આવો સુધારો લઈને આવ્યા છે ત્યારે મુખ્ય મંત્રીશ્રીને વિનંતી કરવાની કે આપ જ્યારે પરિસ્થિતિની સમીક્ષા કરો, તારણ કરો, ત્યારે રાજકીય ગોગલ્સ પહેરીને ન કરો, કારણ કે રાજ્યમાં જે કાંઈ અસલામતી પેદા થાય છે ત્યારે એની પાછળના પરિબળો ઓળખવામાં નિષ્ફળ નિવડો છો અને તે નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને બીજાને જવાબદાર ગણો છો તેના કારણે આજે એ પરિસ્થિતિ પેદા થાય છે કે રાજ્યમાં અસામાજિક તત્ત્વો હિંમતભેર, વડોદરામાં પાણીગેટ પાસે આવીને, સફેદ કારમાં આવીને ખુલ્લેઆમ ગોળીબાર કરીને ચાલ્યા જાય છે, અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં કલકત્તાથી આવેલા યુવાનો, થાઈલેન્ડમાં કરાટેની તાલીમ લઈને આવેલા યુવાનો બોંબ લઈને આવે છે, એનો પ્રયોગ ગોંડલમાં કરી શકે છે અને ફરી એ અમદાવાદમાં આતંક ફેલાવવાના પ્રયત્નો કરે છે. આ સરકાર અને રાજ્યનું પોલીસ ખાતું એની પાછળનું પગેરૂં, એની પાછળના પરિબળોને શોધવામાં નિષ્ફળ નીવડે છે એની સામે આ સરકારે ક્યારેય આ ગુંડાધારાનો ઉપયોગ નથી કર્યો એનો રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ એકરાર કરવો જોઈએ. આ જે ૮૦૦ ઉપરાંત અસામાજિક તત્ત્વોને ગયા એક વર્ષમાં પકડવામાં આવ્યા એમાંથી કેટલા તત્ત્વો વિદેશી શસ્ત્રો લાવનારા હતા? તો ખબર પડશે કારણ કે હું જ્યારે જ્યારે પ્રશ્ન પૂછું છું કે વિદેશી શસ્ત્રો અને શસ્ત્રોની આયાત કરનારાને ગુંડાધારાની નીચે પકડવામાં આવ્યા હતા? તો સરકાર ખુલ્લેઆમ ના પાડે છે કે નથી પકડવામાં આવ્યા, એટલા માટે કે એમની સામે શસ્ત્ર ધારા હેઠળ પગલાં લેવામાં આવ્યાં છે. આવા જવાબો મને અતારાંકિત યાદીઓમાં મળેલા છે. એટલે આ રાજ્યમાં વિદેશી શસ્ત્રો લાવનારા સલામત, આતંક ફેલાવનારા સલામત આંધી ફેલાવનારા સલામત, આર્થિક ગુનેગારો સલામત છે. ૧૯૮૫માં ચૌધરી સરકાર વખતે જ્યારે આ કાયદાની ચર્ચા કરી હતી ત્યારે મેં એમ પણ કહયું હતું કે સફેદ અસામાજિક તત્ત્વો પણ સલામત રહેવા જોઈએ નહીં, એને પણ આ કાયદા હેઠળ પકડવા જોઈએ. મેં



એના પૂરાવા આપ્યા, ગુજરાતની અંદર સૌથી મોટો સફેદ, નામીચો આર્થિક ગુનેગાર, જેણે એક શરાફી પેઢી શરૂ કરીને ૮૦ કરોડ રૂપિયા જેટલી લોકોની રકમ પડાવી લીધેલી છે. રાજ્યના ઉચ્ચ કક્ષાના સી. આઈ. ડી. વિભાગના અધિકારીએ આની તપાસ કરી છે, ગયા મુખ્ય મંત્રીશ્રીના તો એની સાથેના ફોટા હતા, એની સામે આ કાયદાનો ઉપયોગ ન થાય? રાજ્યના આ જાતના ફસાયેલા લોકોને માગણી કરી છે, આવી અનેક ગરીબ માતાઓએ આપને પત્રો લખ્યાં છે, એ તપાસ કર્યા પછી પણ આજે એ સ્વતંત્ર રીતે ફરી શકે છે, એના ક્યા કારણો છે ક્યું એવું ગઠબંધન છે. ગયા મુખ્ય મંત્રીશ્રીના તો એની સાથેના ફોટા હતા, અમે એમ માનીએ છીએ કે આપનું કોઈ ગઠબંધન નથી. ક્યા એવા પવિત્ર અપવિત્ર બંધનોથી જોડાણ થયું હતું? ક્યા એવા કારણો છે, જેને કારણે પગલાં નથી ભરાતા, અમે તો એમ માનીએ છીએ કે પગલાં ભરાવા જોઈએ, સરકારે કદમ ઉઠાવવા જોઈએ. પણ સરકાર આજે એક નાનકડો સુધારો લઈને આવી છે. સરકારે એમ કહયું કે આ બધા એટલા માટે છૂટી ગયા કે ગયા વખતે વિધાનસભામાં કેટલાક સભ્યોએ સૂચન કર્યું કે લાગ લગાટ ત્રણ વર્ષ ગુનેગાર હોવો જોઈએ અને એ સૂચનનો સરકારે સ્વીકાર કર્યો એટલા માટે અસામાજિક તત્ત્વો બહાર રહયા છે. એ વાત સદંતર ગળે ઉતરે એવી નથી, એ વાતમાં કેટલું તથ્ય હશે એ તો ખબર નથી, પરંતુ હકીકત એ છે કે રાજ્યનું પોલીસ તંત્ર, જે વ્યકિતઓને પકડવી જોઈએ, એને પકડતી નથી. જેથી પરિસ્થિતિ એ થઈ છે કે હમણાં અમદાવાદ સાબરમતી જેલની અંદર એક હરિજન કેદીને અમરેલી જિલ્લામાંથી પકડીને લાવવામાં આવ્યો છે. અને પાસા હેઠળ પકડાયેલો કેદી છે, ક્યા ગુના હેઠળ પકડાયો છે એની વિગત મારી પાસે નથી, પરંતુ એને જેલની અંદર આપઘાત કરવો પડયો, એટલા માટે કે, એણે કહયું કે અમરેલીની પોલીસ પજવે છે, હું જ્યારે જ્યારે જાઉં છું ત્યારે મારી પાસે લાંચ માગે છે અને તેથી એણે બ્લેડથી આત્મહત્યા કરી. પાસાના કેદીનું જે પ્રકારનું સિલેકશન થાય છે એની વિગતો માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આપી છે. આજે રાજ્યમાં દારૂ વેચનારા સલામત છે. અમદાવાદ શહેરના વિદેશી દારૂ વેચનારાઓની યાદી બનાવો અને એમાંથી જુઓ કે, કેટલાને પાસા હેઠળ પકડયા. આ દારૂ વેચનારાને ત્યાં નોકરી કરતા હતા. એ મોટા ભાગનાને પાસા હેઠળ પકડયા છે, એના નામો નક્કી થાય છે, કેટલાક લોકો છટકીને એ ચાલ્યા જાય છે, એ બુટ-લેગર્સને પકડવા માટે આ કાયદો કરવામાં આવ્યો. સરકાર એ તો જરા જુએ કે ક્યા વિસ્તારમાં દારૂ વેચનારા પકડાય છે? ગયા અઠવાડિયામાં જોઈએ તો આસ્ટોડિયા પોલીસ સ્ટેશનમાં દારૂ પીનારાના કેસ થયા છે, પણ દારૂ વેચનાર એક પણ પકડાતો નથી. નારણપુરામાં દારૂ પીનારા પકડાય છે પણ દારૂ વેચનારા પકડાતા નથી. દારૂ વેચવાના કાયદા હેઠળ એકપણ કેસ થતો નથી. એટલે સામાન્ય કાયદા હેઠળ જે પગલાં ન ભરવા માંગતા હોય તો દારૂ પીનારાઓ છે એમને પકડવામાં આવે છે જ્યારે વેચનારા છે એમને નશાબંધીના હેઠળ તેમની સામે પગલાં ન ભરવામાં આવે ત્યારે મારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને એવી વાત કરવાની છે કે, આજે પરિસ્થિતિ એવી પેદા થાય છે કે ગુનો કરનારાઓ સ્વતંત્ર રીતે મુક્ત રીતે હરી ફરી શકે છે, ગુનો કરનારાઓ ઘુમી શકે છે, તેઓ નિર્ભય છે આવી પરિસ્થિતિ કેમ પેદા થઈ કારણ કે ગુજરાતની આ સરકાર નબળી છે અસામાજિક તત્ત્વો તેને ઓળખી ગયા છે કે આ સરકાર નબળી છે. એટલા માટે કોઈ એમ કહે કે અમદાવાદ

શહેરની અંદર અમે જન્માષ્ટમીના દિવસે શોભાયાત્રા કાઢીશું. ધર્મ ઉજવીશું તો આ સરકાર ડરી જાય છે કે એના ઉપર બોંબ પડશે તો, તોફાનો થશે તો, અસામાજિક તત્ત્વો તોફાનો કરશે તો એટલે આવી બીકના કારણે ધર્મની યાત્રાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે. મને લાગે છે કે આવી નબળી સરકાર તો બ્રિટીશના વખતમાં પણ નહોતી અને આ અગાઉના કોઈ મુખ્ય મંત્રીશ્રી આ રાજ્યમાં મેં જોયા નથા કે જે સરકારની રાજ્યમાં ધર્મના આગેવાનોને માર ખાવો પડે, ધર્મના વડાઓને માર મારવામાં આવે. આ જ સરકાર બોંબ ફેંકનારા કે ગોળીબાર કરનારાઓને જેર કરી શકતી નથી. ખાનગી ગોળીબાર કરનારાઓ સામે આ ગુંડા ધારાનો ઉપયોગ કરી શકતા નથી. અમદાવાદ શહેરમાં દારૂ વેચનારાઓને પકડવામાં આવતા નથી. અસામાજિક તત્ત્વો સામે જે કાગળો કરવામાં આવે છે તે નબળા થાય છે એની તો જરા તપાસ કરાવો. જે કાગળો થયાં છે એ કાયદાની જોગવાઈ પ્રમાણે કરવામાં આવી હતી કે કેમ, કાગળો પૂરાં કરવામાં આવ્યા હતા તેની તકેદારી રાખવામાં આવી હતી કે કેમ, એની અંદર જો તારણો કાઢશો તો ખબર પડશે કે પોલીસ સ્ટેશનોએ 'પાસા'નો ઉપયોગ કર્યો છે કે દુરૂપયોગ કર્યો છે. મેં આ કાયદો ઘડાયો ત્યારે કહયું હતું કે જે અધિકારીઓ આ કાયદાનો દુરૂપયાગ કરે તેમની સામે પગલાં લેવાવાં જોઈએ.

ગુનાની વ્યાખ્યા કરતાં આપણને એક વરસ ગયું તો પણ નથી કરી શકયા. આના કારણે ઔષધના ગુનેગારો એટલા બધા બેફામ બની ગયા છે. મુંબઈમાં હેરોઈન વેચાય કે ચરસ પકડાય, ગુજરાતની બહાર પકડાય પણ એ હેરોઈન કે ચરસ ગુજરાતમાંથીજ બીજા રાજ્યોમાં જાય છે, ગુજરાત તેનું વડું મથક બન્યું. ઔષધના ગુનાની વ્યાખ્યા ન કરી શકવાના કારણે ૮૭૧ લોકો જે જેલમાં હતા એમાંથી એક પણ વ્યકિત સામે આપણે આ કાયદાનો ઉપયોગ ન કરી શકયા. આ સરકાર સત્તા ઉપર આવી ત્યારથી આ મુખ્ય મંત્રીશ્રી જ ગૃહ મંત્રી હતા, તે દિવસે પણ પકડી શકયા હોત. આ કાયદો પસાર થયો ત્યાર પછી ગોમતીપુરમાં લઠ્ઠાના બનાવો બન્યા. ગુનેગારને આ કાયદો લાગુ પડતો હતો પરંતુ લઠ્ઠો એ ઔષધ તરીકે ખોટી દવાના લેબલ હેઠળ વેચાતો હતો. આના માટે ગુજરાત રાજ્યની ઔષધ નિયંત્રણ તંત્રને પત્ર લખીને કહયું છે કે આમ ગુંડા ધારાનો ઉપયોગ કરો અને તે કોની સામે કે જે સેકસ્યુઅલ દવાઓ બનાવીને વેચે છે, બનાવટી દવાઓ વેચે છે એવા માણસો પકડો, અમદાવાદ શહેરની અંદર વર્ષમાં ત્રણ ત્રણ વાર લાગ લગાટ આગ કરનારાઓનાં નામ આપ્યાં હતાં. બનાવટી દવાઓના ગુનેગારોના નામ આપ્યાં હતાં. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે કાં તો આ કાયદાની જોગવાઈના અભાવે અથવા તો બીજા કોઈ કારણે એ લોકો સ્વતંત્ર રીતે અને મુકત રીતે ફરી શકે છે.

એટલા માટે અમે આપને વ્યકિત સ્વાતંત્ર્યના અને લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોમાં આપેલા અધિકારોને બાજુ ઉપર મૂકીને પણ ન્યાયની એ ભૂમિકાઓને બાજુ ઉપર મૂકીને પણ આના માટે આ રાજ્ય સરકારને હું ખુલ્લો, કોરો ચેક આપવા માગું છું તે એટલા માટે કે રાજ્યના મુખ્ય મંત્રીશ્રી એવાં કદમો ઉઠાવે, જ્યારે વિરોધ હતા ત્યારે તેમણે અમદાવાદ શહેરની અંદર જે કદમો ઉઠાવ્યાં એ વખતે સાહેબ આપનું ચાલતું નહોતું. એમણે તો સ્પષ્ટ કહયું હતું કે મારી બદલાની બાબતમાં આપનું ચલાવી શકશો બાકીની બાબતોમાં મને કાંઈ કહેશો નહિ.

**શ્રી સુરેન્દ્ર રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર, માનનીય સભ્યશ્રી બિલ ઉપર બોલે ત્યાં સુધી તો બરાબર છે પણ વારંવાર માનનીય મુખ્ય મંત્રીશ્રીને ઉદ્દેશીને, આપનું ચાલતું નહોતું, આપ આ કરવા માગતા નથી. તો આ બાબત આ ગૃહ માટે વાજબી છે કે કેમ ?



**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્ય મંત્રીશ્રીનું ચાલે છે કે નહીં. એવું મારે..............................................

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય અશોકભાઈ......

**શ્રી અશોક ભટ્ટ :** આ માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો એટલા પૂરતું જ હું કહેવા માગું છું. હું જલદી જ પૂરું કરું છું.

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય અશોકભાઈ, ખરેખર વસ્તુ એ છે કે આપે હવે પૂરું કરવું જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ :** જરૂર પડે તો આપણે સાંજે પણ બેસીશું.

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય કેશુભાઈ સાથે પણ સમજૂતી થયેલ છે કે વિરામ સુધીમાં આ બિલ પૂરું કરવું જોઈએ. જરૂર પડે તો ૫-૧૦-૧૫ મિનિટ વધારે ફાળવી શકાય પણ વિરામ પહેલાં પૂરું થાય એમ કરવું જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ :** હું જલદીથી જ પૂરું કરીશ પણ અહીંયા તકલીફ એ છે કે કેટલાક સભ્યશ્રીઓ હું લાંબુ બોલું એવું ઈચ્છે છે. એમાં એક શ્રી સુરેન્દ્ર રાજપૂત છે. મેં જ્યારે એમ કહયું કે આ મુખ્ય મંત્રીશ્રીનું ચાલતું નથી ત્યારે એમને ગલગલિયાં થયાં અને એટલે જ એ ઊભા થઈ ગયા અને ગલી થાય એટલે માણસ ઊભો થઈ જાય જ છે.

**શ્રી સુરેન્દ્ર રાજપૂત :** ગલગલિયાંની વાત નથી પણ એમનો જે ઈન્ટેન્શન છે કે "એમનું કાંઈ ચાલતું નથી, એમનું કાંઈ ચાલતું નથી" એમ વારંવાર કહીને કોઈને ઉતારી પાડવાની વાત છે. શું શું ચાલે છે અને કયાં કયાં ચાલે છે. એની વિગતોમાં જો આપણે ઉતરવા માગતા હોઈએ તો અહીંયા બેઠેલા દરેક સભ્યોના પોતપોતાના વિસ્તારો છે અને દરેક ધારાસભ્યશ્રી પોતાના રાજકીય કાર્યકર્તાઓ સાથે સંકળાયેલા હોય છે અને એને પોતાની વગ છે. તેમ છતાંય અમુક વસ્તુઓ ત્યાં ચાલતી હોય છે એમના ઉપર એમના વતી કહેવામાં આવતું હોય છે અને તે વ્યકિતઓને.

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય સુરેશભાઈ, આપ આ રીતે વાત ના કરી શકો. માનનીય અશોકભાઈ, આપ પૂરું કરો.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આ સરકારને કોરો ચેક આપવા એટલા માટે માગું છું કે એમનું ચાલે છે કે નહીં એટલા માટે નહીં, પણ શાંતિનું સામ્રાજ્ય સ્થપાય, રાજ્યમાં અસામાજિક તત્ત્વો સરકારથી ડરે, અને રાજ્યમાં અસામાજિક તત્ત્વો ફરી કોઈ એકવાર ઊભા થઈને, કોઈપણ ધર્મની યાત્રાને રોકવા માટે પ્રયાસ ના કરે. રાજ્યમાં સૌ કોઈ ચેનથી રાત્રે સૂઈ શકે, એવું રાજ્ય આ રાજ્યના મુખ્ય મંત્રીશ્રીના હાથે સ્થપાય એમને જો કોઈ અસામાજિક તત્ત્વો લાગે એ તત્ત્વોને જેલના સળિયા પાછળ મોકલવા હોય તો જેલના સળિયા પાછળ મોકલે, એમને જેર કરવા માટે એમણે જે કાંઈ કદમ ઉઠાવવાં પડે એ ઉઠાવે. એમાં વચ્ચે એમના પક્ષનો કોઈપણ સભ્ય આવતો હોય તો તે વખતે ના પાડી હતી એવી ના પાડવાની હિંમત એ ફરી એકવાર બતાવે, આટલી અભિલાષા સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ (વિસનગર)** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી આ સભાગૃહમાં એન્ટી સોશિયલ એકટીવીટી એકટ (Anti Social Activity Act) નીચે સુધારો લઈને આવ્યા છે, એને હું અનુમોદન આપું છું.

**શ્રી અશોક ભટ્ટ :** આજે સ્થિતિ એવી છે કે બિન સભ્યોના કામકાજમાં હું એકલો જ છું અને ૫૦ મિનિટ છે. મહાશ્વેતાબહેન છે નહીં. એટલે ૫૦ મિનિટનો એ સમય પણ મળવાનો છે.

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય મુખ્ય મંત્રીશ્રી, આપણે ૧૦-૧૫ મિનિટનો સમય લઈએ તો પૂરૂં કરી શકાય.

**શ્રી અશોક ભટ્ટ :** બધા સભ્યોને રસ છે એટલા માટે કરવું જોઈએ. (અંતરાય)

**ઉપાધ્યક્ષશ્રી :** આપનો રસ તો પૂરો થઈ ગયો. માનનીય ભોળાભાઈ ચાલુ કરો.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે આવકારૂં છું કે સમાજ તંદુરસ્ત રીતે ચાલવો જોઈએ એ માનનીય મુખ્ય મંત્રીશ્રી સ્વીકારે છે અને એટલા માટે આ ગૃહમાં કોઈપણ કાયદો કરીને પણ એન્ટી સોશિયલ એલિમેન્ટસને કાબૂમાં લઈ શકાય તો લેવાવાં જોઈએ. આજની પરિસ્થિતિ એવી ચાલી રહી છે કે ગામડાંઓમાં જે સ્થિતિ ૪૦ વર્ષની આઝાદી પછી છે, એમાં એન્ટી સોશિયલ એલિમેન્ટસનો કાબૂ થયો છે. એમના એ કાબૂને માનનીય મુખ્ય મંત્રીશ્રી એમના આ કાયદાથી જો કાબૂમાં લે તો મને લાગે છે કે આ કાયદો કરેલ છે એ યોગ્ય ગણાશે.

ભાઈશ્રીએ કહયું કે પૂરાવાઓ આપવા માટે પણ કોઈ તૈયાર નથી. એન્ટી સોશિયલ તત્ત્વો સાથેનું પોલીસનું પણ એવું ગઠબંધન હોય છે અને એની સામે કોઈ સામનો કરે તો આ ધારા નીચે એવા માણસોને પણ પકડી લેવામાં આવે એવું મારા વિસ્તારમાં પણ આંદોલન સમયે બનેલું, અને તે ભાઈને ૪૪ દિવસે છોડી દેવા પડેલ, કારણ કે કોઈ પૂરાવો નહોતો, તેથી આવા કાયદાનો ઉપયોગ આ રીતે ન થાય અને જે પોલીસ તંત્ર દ્વારા આનો અમલ કરાવવાનો છે તેમાં પણ બધા માણસો સારા હોતા નથી તેથી ખોટો અમલ કરે તો એમને પણ શિક્ષા થવી જોઈએ, એવો આ કાયદાનો અમલ કરવામાં આવે તેવી હું વિનંતી કરૂં છું.

ગામડાંમાં ખેતી એ મહત્વનો ધંધો છે. જો આપણે ખેતીને વધારે આગળ લઈ જવી હોય તો ખેડૂતો અને મજૂરો આ બન્નેને રક્ષણ મળવું જોઈએ તેવું હં માનું છું. ખેડૂતો આખો દિવસ ખેતી કરે અને રાતના તેમના માલનું રક્ષણ કરવા માટે જાય તે શકય નથી. ખેતરો પણ જુદા જુદા હોય તેથી બધાજ ખેતરોમાં પૂરતું રક્ષણ કરી શકે નહીં, આવા સંજોગોમાં ચોરી કરનાર જે હોય તેની પોલીસની ડાયરીમાં નોંધ હોય છે અને એમને સજા પણ થયેલી હોય છે તેવા માણસોને છૂટોદોર મળી જાય છે, તેથી એવા લોકોને પકડીને ખેડૂતોને રક્ષણ મળશે તો હં માનું છું કે આ કાયદામાં જે સુધારો લાવ્યા છે તેને મારો સંપૂર્ણ આવકાર છે અને આ સભાગૃહના સભ્યશ્રીઓ પણ તેને આવકારશે. જે રિટાયર્ડ જજ અથવા તો હાઈકોર્ટના જજ એમાં જે ડિસ્ટ્રિકટ જજ સુધી કમિટીમાં મૂકી શકાય તેવું લાવશે તો સત્વરે કમિટી પણ તેનો નિર્ણય કરી શકશે અને તે રીતે સારો સમાજ બનાવી શકાશે તેવું હું માનું છું અને આશા રાખું છું.

**શ્રી મનુભાઈ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવામાં આવે તેવી હં દરખાસ્ત કરૂં છું.

**ઉપાધ્યક્ષશ્રી :** સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહના વિરામનો સમય બિલ પસાર થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી કેશુભાઈ સં. પટેલ (કાલાવડ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે સુધારો



લાવ્યા છે તેનો હેતુ સારો છે, અને તેમાં જે ખરાબી અને મુશ્કેલીઓ છે તે દૂર કરવા માટે લાવ્યા છે, પરંતુ સુધારો જયારે મૂકયો ત્યારે એમણે એમ કહયું કે વિપક્ષોના લોકોએ ફેરફાર કરાવ્યો છે, માનો કે એમણે કહયું, પરંતુ જે નિર્ણય થયો છે તે સંયુકત થયો છે, તે મુખ્ય મંત્રીશ્રીને ખબર છે, મારે તો મુખ્ય મંત્રીશ્રીને એટલું જ સૂચવવાનું કે જયારે કાયદો બનાવ્યો તે વખતે આપણે સાથે બેઠા, અને તે કાયદાના અમલ કરવામાં મુશ્કેલી પડે, અને તે મુશ્કેલી કેટલી બધી કે ૮૬૭ લોકોને પકડવામાં આવે અને એમાં માત્ર ૭૧ ને જ આ કાયદા હેઠળ કામ ચલાવી શકવાની સ્થિતિમાં રાજ્ય સરકાર આવે. એમાં મુશ્કેલી અનેક ઉભી થઈ, તે વખતે આ ગૃહમાં સુધારાનું બિલ લાવતાં હતા તે વખતે ફરીથી વિરોધ પક્ષોના લોકોની સાથે બેસીને ચર્ચા કરી હોત તો વધારે સારૂં ન થયું હોત ? એવું કરવાનો મુખ્ય મંત્રીશ્રીનો ઈરાદો કેમ ન હોતો ? તે ઈરાદો એમણે બતાવ્યો નથી, અને માત્ર ઉલ્લેખ રેફરન્સ કરીને છોડી દેવું, મને કહેતાં દુ:ખ થાય છે કે માનનીય મુખ્ય મંત્રીશ્રીનો જે કાંઈ ઈરાદો હોય તે ઘણો જ નબળો છે. જે વખતે આપણે સાથે મળીને એક કાયદો તેનો અમલ કરવા માટે કોશિશ કરતા હોઈએ તે વખતે આ રેફરન્સમાં મૂકી દેવું, કમસેકમ આટલી વાત મુખ્યમંત્રીશ્રીને કહું કે આમાં જાણે કે વિપક્ષોના લોકો જવાબદાર હોય તેવા સ્વરૂપથી વાત મૂકવી તે કોઈ પણ માણસ સમજી શકે તેવું છે, અને તે વાજબી નથી. આ સુધારો એકતરફી છે અને ૮૬૭ માંથી કેટલા લોકોએ કયા કારણસર છૂટી ગયા તે જોવું જરૂરી છે. આજે એમ કહીએ કે ત્રણ વર્ષની મર્યાદાને કારણે મુશ્કેલી પડે છે તો કાલે બીજા સવાલો આવીને ઊભા રહેશે, તો તેની સમીક્ષા કરવી જરૂરી નહોતી ? આજે અમારી પાસે હકીકતો નથી કે કયા કારણથી છૂટી ગયા છે, પણ આપણે ઉતાવળે બિલ પાસ કરીએ અને પછી બીજી મુશ્કેલીઓ ઊભી થાય તેના કારણો શું છે ? કારણો એ છે કે સરળતાથી જેનાથી છૂટી શકાતું હોય તેવી દલીલો બોર્ડમાં અને હાઈકોર્ટમાં થાય છે અને એ બારાંઓ આપણે બંધ કરીએ તો ત્યારે બીજાં એવાં બારાંઓ બહાર નીકળતાં હોય છે. આ કાયદો સંપૂર્ણ બને તે આવશ્યક હતું તે કરવામાં મુખ્ય મંત્રીશ્રી ચૂકી ગયા છે, એમ મારૂં પોતાનું માનવું છે.

આજે સવાલ કાયદા વધુ કરવાનો છે ? કાયદા એટલાં બધા છે, કાયદાની કોઈ ભરમાળ નહીં પણ જે કાયદા કર્યા છે એમાં પ્રજાકીય વિશ્વાસ ઉભો કરવાનો પ્રશ્ન છે. ગુંડાગીરી નાબૂદી ધારો હોય કે અસામાજિક તત્ત્વો માટેનો જ ધારો હોય એટલું જ પૂરતું નથી, આ રાજ્યની અંદર અને આ દેશની અંદર અનેક કાયદાઓ અસ્તિત્વ ધરાવે છે. પ્રશ્ન માત્ર સત્તા હસ્તગત કરવાનો નથી. પ્રશ્ન એ સત્તાનો વાજબી રીતે ઉપયોગ કરીને પ્રજાની અંદર વિશ્વાસ પેદા કરવાનો છે. કેમ પુરાવા મળતાં નથી ? કારણ કે પ્રજાની અંદર વિશ્વાસ નથી, પ્રજા હિંમતથી આગળ આવી શકતી નથી, શું જનતાની અંદર લોકો ખરાબ છે ? એના અમલીકરણની બાબતમાં જનતાને ઘણું કહેવાનું છે. આ કાયદો વિધાનસભા બનાવે છે અને એનું અમલીકરણ સરકાર કરે છે. જયારે સરકાર અમલીકરણ કરે છે ત્યારે આ કાયદાના અમલીકરણની બાબતમાં કયાં કયાં કચાશ રહી, શું શું ખામીઓ રહી તે અને એમાં કયા કયા અધિકારીઓ જવાબદાર હતા માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહની અંદર કહેશે કે અમલીકરણની ખામી માટે આમાં કયા પોલીસના અમલદાર ઉપર જવાબદારી ફીકસ કરી છે અને એના ઉપર પગલાં લેવાનું નકકી કર્યું છે ? કારણ કે આમાં ૮૦૦ જેટલા લોકો છૂટી જાય અને એટલા બધા કેસોની અંદર જયારે વહીવટી તંત્રમાં ખામી

છે. કાયદો તો આ વિધાનસભા શક્ય હોય તેટલો ફૂલપ્રુફ બનાવવા કોશિષ કરે જ છે પરંતુ આ બનાવ્યા પછી એનું અમલીકરણ કરવાનું છે એ અમલીકરણની ખામીને કારણે એમાં રહી જતાં ગમા અણગમાના કારણે અને એમાં ઈરાદાઓ ચોકકસ હોવાને કારણે એમાં દેખરેખની ખામીઓ ચોક્કસ રહી જતી હોય એ બધી ખામીઓને કારણે પ્રજાકીય વિશ્વાસ કોઈ કાયદા માટે થઈને જમાવી શકાયો નથી. માનનીય મુખ્ય મંત્રીશ્રીને હું કહીશ કે આ ગુંડા નાબૂદી ધારો એ બે ધારી તલવાર છે. આનાથી કશું ન થાય તો પ્રજામાં અવિશ્વાસનું વાતાવરણ પેદા થઈ જાય. આવી સત્તા હસ્તગત કર્યા પછી કશું થઈ શકતું નથી તો એ પ્રકારની વાત જો પ્રજામાં ફેલાશે તો એનો ભય જાણાશે અને આજે થોડા લોકો બહાર આવવા તૈયાર છે એ લોકો સાક્ષી આપવા તૈયાર નહિ થાય. આ ધારાની વાત છે ત્યારે હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને અને વહીવટી તંત્રને ચેતવી રહ્યો છું.

આ ધારાનો રાજકીય દુરુપયોગ કર્યો છે. એને અટકાવી શકાયો ? મને ખબર છે કે રાજકીય દરુપયોગ થયો છે એમ વહીવટી તંત્ર પણ માને છે અને બાકીના કેટલાક લોકો પણ માને છે પરંતુ એને અટકવવાની સર્મથતા નહોતી. રાજ્ય કોઈ નિર્ણય કરી બોર્ડ પાસે જાય છે. રાજ્ય પાસે કિસ્સા આવે છે ત્યારે રાજ્યના પગ નિર્ણય લેવામાં ધ્રૂજે છે તે વાજબી નથી કારણ કે રાજ્ય એ એક ન્યાય આપનારું સાધન છે. એની અંદર બહાર હોવા છતાં નિર્ણય સરકાર ન કરી શકતી હોય હું દરેક ચીજને બહાર મૂકવા માગતો નથી પરંતુ રાજ્ય જાણે છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી પણ જાણે છે અને ગૃહ ખાતુ પણ જાણે છે અને તેમ છતાં આ ગૃહની અંદર કહેવામાં આવ્યું છે કે આનો રાજકીય દુરુપયોગ નહિ થવા દઈએ. તેમ છતાં એનો રાજકીય દુરુપયોગ થયો છે અને એનો ભોગ હું પણ બની ગયો છું (અંતરાય) આ પ્રકારના ધારાનો, આ પ્રકારના ધારામાં જેમાં વ્યકિતનું સ્વાતંત્ર્ય છીનવી લેવામાં આવતું હોય તે વખતે ૧૯૭૪ની સાલમાં નવનિર્માણ આંદોલનમાં મને પણ પકડી ગુજરાતમાં ભારે માથાભારે કેદીઓને જયાં પુરવામાં આવે છે એવી ભૂજની જેલમાં મને લઈ જવામાં આવ્યો હતો અને આરોપ એ હતો...(અંતરાય) વહીવટી તંત્રની વાત છે, સત્તા આપ્યા પછી શું થઈ રહયું છે એના ઉદાહરણો છે, આ જે એ વસ્તુ અસ્તિત્વમાં છે. એટલા માટે કહું છું કે, પોલીસ આવી બધી વસ્તુઓને લઈને મૂકી દે છે. એટલા માટે હું ઉલ્લેખ કરું છું. ગઈકાલે ૮૦ વર્ષના એક ડોસાને પકડવામાં આવ્યા છે, પ્રશ્ન એવી રીતે થાય છે કે, હવે ધારામાં ત્રણની મર્યાદા કાઢી નાંખવામાં આવે છે એટલું જ નથી પણ જેમણે આ નિયમ વાંચ્યો છે એમને ખબર છે કે, જે લોકો વારંવાર ગુનો કરે, એની વ્યાખ્યા એ છે કે એકથી વધારે વખત ગુનો.

માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારને સત્તા મળે એની સાથે સંમત છું, ત્રણના ચાર વર્ષ કરે, પાંચ વર્ષ કરે, છ વર્ષ કરે, સાત વર્ષ કરે એની સાથે સંમત છું, પણ ૮૦ વર્ષના ડોસા ૨૦ વર્ષ પહેલાં એક નાનકડો ગુનો કરે અને આજે નાનો ગુનો કરે અને એની ધરપકડ થાય. આટલી બધી અમર્યાદિત સત્તાઓ જો પોલીસ-તંત્રને અને સરકારને સુપરત થતી હોય તો કેટલું વાજબીપણું છે ? ત્રણના બદલે પાંચ-છ-સાત વર્ષ કરે, એવો સુધારો લાવે તો હું સમજી શકું છું પણ ૨૦ વર્ષ પછી એકથી વધારે વખત ગુનો કરવામાં આવે એટલા માટે ૮૦ વર્ષના ડોસાની તાજેતરમાં એક નાનકડો ગુનો થાય એટલે ભૂતકાળની કિન્નાખોરીથી ધરપકડ થાય તો આવી અમર્યાદિત સત્તાઓ આપવામાં આવે તો શું પરિણામ આવે એનો હું ઉલ્લેખ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર-પાંચ વસ્તુને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્ય મંત્રીશ્રી પોતે વહીવટી



તંત્ર ઉપર વધુ સજાગતાથી અને આ કિસ્સાની અંદર તો હું એમ માનું છું કે, કેટલીક બાબતોની અંદર વારંવાર વિપક્ષોને સાથે રાખીને જરૂર સમીક્ષા આ ધારાની કરતા રહે તો આમાં પ્રજાકીય હિત માટે કોઈ સારું તત્ત્વ નીકળશે એમ મને પોતાને લાગે છે.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જાણીતો છે એવા ગૂંડા નાબૂદી ધારા અંગે હું સુધારો લઈને માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું, તે અંગે માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. મારે એક વાતનો સ્વીકાર કરવો જોઈએ કે, આ માનનીય સભાગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓએ આ સુધારાને ટેકો આપ્યો છે તે માટે હું સર્વે માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ધારો અમલમાં આવ્યા પછી, મેં શરૂઆતમાં વિગતો આપી હતી તેમ ઠીક ઠીક પ્રમાણમાં ગુનેગારોને પકડવામાં આવ્યા હતા પણ કોઈ ટેકનિકલ કારણોને લઈને કેટલાક લોકો છુટી જવા પામ્યા હતા. આ સુધારાથી એમાં ચોકકસપણે ફેર પડશે, પણ અટલી વાતની ખાતરી માનનીય કેશુભાઈને હું અપવા માગું છું કે, કોઈ ૮૦ વર્ષના ડોસાએ ૨૦ વર્ષ પહેલાં ગુનો કર્યો હોય અને અને પકડવામાં આવે તો એવા લોકોને આ કાયદામાં સમાવા માગતા નથી. ૮૦ વર્ષના ડોસાએ શું કર્યું શું કર્યું છે એની વિગતો મારી પાસે છે કે એ શું કરે છે ? એટલે એ વાતમાં ન પડીએ પણ એ ડોસાની પૂરેપૂરી વિગતો મારી પાસે છે એની કોઈ વખતે વાત કરવામાં આવશે ત્યારે એ અંગે વાત કરીશ.

પરંતુ આ ધારામાં હું ચોકકસપણે કહેવા માંગું છું કે, બને ત્યાં સુધી એનો અમે રાજકીય ઉપયોગ કદી કરવા માંગતા નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એક વાતને ઉલ્લેખ કર્યો એ વાત મારા ધ્યાન ઉપ જયારે બાબત આવી અને માનનીય સભ્યશ્રં દિનશાભાઈ પણ જાણે છે કે કેટલાક રાજકી કાર્યકરોને આ ગુંડા નાબૂદી ધારા નીચે પકડવામાં આવ્યા છે. કાર્યકર્તાઓને છોડી મૂકયા હતા એ કાર્યકર્તાના કેસ કન્ફર્મ નહોતા કરવામાં આવ્યા એટલે જયારે જયારે ખબર પડી છે કે રાજકીય કાર્યકરો છે અને રાજકીય કાર્યકરો ગુંડાગીરીથી નથી કરતા એ ખબર પડી છે ત્યારે એ રીતનાં પગલાં લેવામાં આવ્યા છે પણ કેટલીક વખત એવું પણ બને છે કે રાજકીય કાર્યકર્તાઓના અંચળા નીચે કેટલીક વખત એવી પ્રવૃત્તિ પણ ચલાવવામાં આવે છે કે કોઈક વખત કોઈક પાર્ટીના સભ્ય બની ગયા કારણ કે સભ્યો નોંધાણીની ઝૂંબેશ જયારે ચાલતી હોય ત્યારે એક રૂપિયો આપીને, આઠ આના ચાર આનાની રસીદ લઈને પાર્ટીની રસીદ બતાવીને કહે કે હું ફલાણી પાર્ટીનો સભ્ય છું. એનો અર્થ એવો નથી થતો કે એ કોઈ ગુનો કરે છે એ ગુનો એ અંચળા નીચે દબાવી દેવામાં આવે. એવું નથી બનતું તેમ છતાં પણ વાજબી રાજકીય કાર્યકર્તાઓ છે એ રાજકીય કાર્યકર્તાઓની સામે આવાં પગલાં એક વર્ષ દરમ્યાન લેવામાં આવ્યાં નથી અને ભવિષ્યમાં પણ પગલાં લેવામાં નહીં આવે. પણ આ સુધારો એટલા માટે લાવવામાં આવ્યો છે કે વારંવાર આવા ગુના કરતા હોય એમાં એક ઉમેરો સાથે બેસીને નક્કી કર્યો હતો. એમાં કોઈના ઉપર કોઈ આક્ષેપ મૂકવાનો સવાલ નથી. સાથે બેસીને નક્કી કરવામાં આવ્યું હતું કે વારંવાર આવા ગુનાઓ કરતી જે વ્યકિત હોય અથવા તો ગુનો કરવાની પ્રેરણા આપતી હોય એવી વ્યકિતએ ત્રણ વર્ષ સુધી સતત કરતી હોય એવા જે શબ્દો હતા એટલા જ કાઢી નાખવાની એમાં જોગવાઈ છે પણ કેટલાક ગુનેગાર એવા પણ છે કે આવું બધું કરતા હોવા છતાં પણ પોલીસના રેકર્ડ ઉપર ગુના નોંધાતા નથી, સાક્ષી પુરાવા નહીં આપવાને કારણે ત્યારે આવા

સુધારાથી આવા જે કેટલાક ગુનેગારો છે એની સામે ચોક્કસપણે પગલાં લઈ શકાશે.

ગુજરાતની પોલીસને લાગેવળગે છે ત્યાં સુધી વિરોધ પક્ષના માનનીય નેતાશ્રીએ ઈંગ્લેન્ડની પાર્લમિન્ટની સાથે સરખાવી. ગુજરાતની પોલીસને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાતની પોલીસે જ્યારે જ્યારે પ્રસંગો આવ્યા છે ત્યારે ગુજરાતની પોલીસે એની યથાર્થતા પુરવાર કરી બતાવી છે. એનો અર્થ એવો નથી કે ગુજરાતની પોલીસમાં કોઈ ખામી ખૂબી નથી. ખામીઓ પણ હોય છે. આપણે એમ કહી શકીએં એમ છીએ કે આપણામાં કોઈ ખામી નથી અને આપણે સંપૂર્ણ છીએ ? માણસ કોઈ સંપૂર્ણ નથી. એ પછી પોલીસ હોય કે કોઈ જાહેર સેવાના કામમાં પડયા હોય પણ કોઈને કોઈ ખૂબી ખામી રહેવાની છે. એટલે આ ખામી તો રહેશે.

બીજી એક વાત એ પણ કરી કે જે એડવાયઝરી બોર્ડ નીમવાનું છે એવી માનનીય શ્રી સુરેશભાઈએ પણ વાત કરી કે જે હાઈકોર્ટના જજીસ અથવા તો કવોલિફાઈડ હું બી હાઈકોર્ટ જજીસ એવું જે લેખવામાં આવ્યું છે, વિરોધ પક્ષના માનનીય નેતાશ્રીએ પણ કહયું એડવોકેટ માટે કે અમુક વર્ષોની પ્રેકટીસ પછી હાઈ કોર્ટ જજ થવા માટે એ લાયકાત પ્રાપ્ત કરતા હોય અને એના એવા જજોનું સ્વાભાવિક છે કે કોઈને કોઈ પાર્ટી સાથે એફીલીએશન વધતું અથવા તો ઓછા પ્રમાણનું રહેવાનું અને એવી વ્યકિતઓને જો મૂકવામાં આવે તો થોડી ઘણી પણ એની અસર રહેવાની. તો બને ત્યાં સુધી આ નિમણૂક કરતી વખતે એટલી ચોક્કસ કાળજી લેવામાં આવશે કે ડિસ્ટ્રિકટ જજ કે જેની ૧૦ વર્ષ કરતાં વધારે સર્વિસ થઈ છે અને ૧૦ વર્ષની સર્વિસ પછી ડિસ્ટ્રિકટ જજ પણ હાઈકોર્ટના જજ થવા માટે કવોલીફાઈડ ા ય છે. બને ત્યાં સુધી એવા જ લોકોની એમાં ન મણૂક કરવામાં આવશે. બારમાંથી કોઈ વ્યકિતને આં બોર્ડ માટે પસંદ કરવાનો રાજ્ય સરકારનો કોઈ આશય નથી કારણ કે બોર્ડનું કામ એ કાયમી કામ હોતું નથી. એ કામ તો જ્યારે એની પાસે કેસો આવે ત્યારે માત્ર એક દિવસની સિટિંગનું કામ હોય છે. ત્યાર પછી પાછા એ પ્રેકટીસમાં જાય છે ત્યારે સ્વભાવિક રીતે પ્રેકટીસમાં જાય ત્યારે એની જુદી અસર પણ પડવાની છે પણ ભારત સરકારે પણ એક સૂચના રાજ્ય સરકારને આપી છે કે આવા કેસો હાઈકોર્ટમાં અપીલ માટે જતા હોય છે. એટલે બને ત્યાં સુધી આ બોર્ડમાં હાઈકોર્ટના જજને નીમવામાં આવે એ વધારે યોગ્ય થશે. પછી રિટાયર્ડ જજીસ હોય કે કોઈ સર્વિસમાં હોય એવા જજીસને નીમવામાં આવે. એટલે આ બાબતની કાળજી પૂરેપૂરી રાખવામાં આવશે.

બીજું એમ પણ કહેવાયું ખાસ કરીને માનનીય શ્રી અશોકભાઈએ એમ કહયું. એમનો સ્વભાવ છે કે કોઈ પણ જાતની ચર્ચામાં એમના મનમાં જે હોય એ આવી જતું હોય છે. એ એનો સ્વભાવ છે અને એમના એ સ્વભાવને હું બદલી શકવાનો નથી; પણ એક વાત માનનીય અશોકભાઈએ કરી કે મને કોરો ચેક આપવા માગે છે. કોરો ચેક કે કોરી ચેક બુક આખીને આખી આપે એની કિંમત કયારે કે એના ખાતામાં બેલેન્સ હોય તો પણ જો ખાતામાં બેલેન્સ ન હોય તો એ માત્ર કાગળીઓ થઈ જાય છે. કોરો ચેક ગુજરાતમાં કાયમી શાંતિ બની શકે તે માટે આપવા માંગે છે પણ અશોકભાઈના ખાતામાં કોઈ દિવસ શાંતિ દેખાઈ છે ખરી. આજ દિન સુધી મેં અશોકભાઈના ખાતામાં કોઈ દિવસ શાંતિ જોઈ નથી એટલે એમનો કોરો ચેક મને માન્ય નથી કારણ કે હું લખીશ તો પણ એ પાછો ફરવાનો છે અને એટલા માટે એ કોરો ચેક આપવાના હોય તો પણ મને એટલા માટે જ માન્ય કે સ્વીકાર્ય નથી.



માનનીય અધ્યક્ષશ્રી, મને એટલા માટે આનંદ પણ થાય છે કે કેટલીક બાબતમાં તેમણે ટેકો આપવાની વાત કરી છે. ભલે ટેકો આપવાની વાત કરી હોય તો પણ એમણે જે કેટલાંક સૂચનો કર્યા છે તે આવકારદાયક છે.

ઔષધના ગુનાઓ અંગે વ્યાખ્યા કરવામાં આવી નં હતી પણ હવે આ બિલમાં એની વ્યાખ્યા કરવામાં આવી છે. એનો અર્થ એવો નથી કે ઔષધના ગુનાઓ અંગે પગલાં લેવા માટે બીજા કાયદાઓ નથી. એને માટે બીજા કાયદા છે અને એ કાયદાનુસાર તેમની સામે પગલાં લેવામાં આવ્યાં પણ છે.

માનનીય સભ્યશ્રી કેશુભાઈએ કહયું તે વાત સાચી છે કે કોઈપણ કાયદા આપણે બનાવીએ તો એને વિષે પ્રજામાં વિશ્વાસ ઊભો થવો જોઈએ અને કોઈપણ કાયદા અંગે આપણને માન હોવું જોઈએ અને અટલા માટે જ એના પ્રત્યે વિશ્વાસ ઊભો થાય તો એનું ચોક્કસપણે પાલન થઈ શકે પણ એવું નથી થતું. કેટલીક વખત તો કોર્ટ કે હાઈકોર્ટ એવા રૂલિંગ આપે કે આપણને તેનામાં વિશ્વાસ ન બેસે. કાયદાની વાત તો બાજુ પર રહી પરંતુ કાયદાનું અર્થઘટન કરનાર જે સંસ્થાઓ છે તેની તટસ્થતા આપણે સ્વીકારેલી છે એવી સંસ્થા પણ કોઈક વખત રૂલિંગ આપે કે અમુક કામ ન કરવા માટે સરકારે જે કહયું છે તે સરકારની વાત વાજબી છે તો પણ પોતાનું અર્થઘટન કરવું તેવો વિશ્વાસ પણ આપણે ઊભો કરવો પડશે કે નહિ ? આવો વિશ્વાસ ઊભો કરવા માટે આપણે પ્રયત્ન કર્યો છે. આપણે એક વાત સમજવી પડશે કે કાયદામાં પ્રજાને વિશ્વાસ ઊભો થાય એનો સાથે કાયદાનું અર્થઘટન કરનારે પ્રયત્ન કરવો પડશે. હું દાખલો નથી આપતો પણ ગઈ કાલનો બનાવ એવો છે કે જેમાં કેટલાક લોકોને વિશ્વાસ ન પડયો, એ અર્થઘટનમાં વિશ્વાસ ન પડયો. માનનીય અશોકભાઈએ એનો ઉલ્લેખ કર્યો એટલે મારે અહીંયાં કહેવું પડે છે કે કોઈપણ કાયદાનો અમલ ત્યારે જ થઈ શકે જ્યારે અ તેને માટે વિશ્વાસ ઊભો કરી શકીએ.

આ કાયદા માટે મારે વધારે કાંઈ કહેવું પણ કાયદો આવ્યો તે પછી શ્રી મનુભા કહયું કે એ નાકામિયાબ નીવડયો છે અને : કોઈ ફેર પડયો નથી, પણ એ વાત સાચી આ કાયદો આવ્યા પછી મોટા ભાગની પ્રવૃત્તિ આપણે ડામી શકયા છીએ. આમાં ચોક્કસ પડયો છે એમ માનનીય અશોકભાઈએ કહયું છે. તેમણે કહયું કે આમાં કેટલાક વેચનારા કે દારૂના અડ્ડા ચલાવનારા કે વિ દારૂ વેચનારા સામે પગલાં લેવામાં આવ્યાં મેં જે આંકડો આપ્યો ૮૬૭ નો એમાંથી : ભાગના જેઓ આ કેસમાં સંડોવાયેલા છે તે સામે પગલાં લેવામાં આવ્યાં છે અને ૭ કેસોમાં પણ પગલાં લેવામાં આવ્યાં છે.

માનનીય શ્રી કેશુભાઈએ અને માનનીય વિ પક્ષના નેતાશ્રીએ પણ વાત કરી કે કેટ કેસો કોર્ટમાંથી કે બોર્ડમાંથી છૂટી : છે. એટલે તેની તપાસ કરવી જોઈએ કે : કારણોસર આ બધા કેસોમાં છૂટી ગયા છે તો તે ચોક્કસ તપાસ કરીને જે કોઈ સુધારો કરવા જરૂર જણાશે તે સુધારો કરવા માટે જરૂર પગ લેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાતની હું ર સભાગૃહને ખાતરી આપવા માગું છું કે ગું નાબૂદી ધારાનો ઉપયોગ રાજકીય રીતે ભૂતકાળ થયો નથી કે ભવિષ્યમાં પણ કરવા માગતા નથ પરંતુ તે વખતે કાયદાનો ઉપયોગ થયો છે : કાયદાનો ઉપયોગ આજે પણ કરીએ છીએ ૮૦ વર્ષના કોઈ બુઢા ઉપર પણ કરાય કે કેટલીક વખત કોઈ કારણને આગળ ધરી રાજ્યની શાંતિ જોખમાય તેવા પ્રયત્ન કરે ત્યા કાયદાનો ઉપયોગ ચોક્કસપણે કરવો પડે. ગ: તેવી મોટી વ્યકિત સામે પણ કરવો પડે, તેની સરક રને ફરજ પડે છે, રાજ્યના હિતમાં, રાજ્યમાં શાંતિ

જોગવાઈ રહે એ અંગે સરકારે કરવું જોઈએ અને એ સરકારની ફરજ છે. એટલે કાયદાનો ઉપયોગ જ્યારે જ્યારે કરવામાં આવે ત્યારે એ કરવા માટે સરકારે તૈયાર રહેવું જોઈએ અને ઉપયોગ કરવો જોઈએ.

માનનીય અશોકભાઈએ વાત કરી કે વિદેશી શસ્ત્રો લાવે છે એની સામે 'આ ધારા અન્વયે પગલાં લેવામાં આવ્યાં છે કે નહીં ? ચોક્કસપણે અમુક જગ્યા તાકીને, અમુક દિશા તાકીને કહેવામાં આવે છે, જ્યાં જ્યાં વિદેશી શસ્ત્રો લાવવામાં આવ્યાં છે એમ લાગેલ છે ત્યાં ત્યાં પગલાં લેવામાં આવ્યા છે. માનનીય અશોકભાઈ અમુક દિશા તરફ તાંકી કહે છે, હું જાણું છું, તેઓ પણ જાણે છે એટલે હું એ વાતનો વધારે ખુલાસો કરતો નથી.

હું જે આ સુધારો લાવ્યો છું એને સ્વીકારવામાં આવે એવી નમ્ર વિનંતી છે.

**શ્રી કેશુભાઈ સ. પટેલ :** મુખ્ય મંત્રીશ્રીના પ્રવચનમાંથી એકજ મુદ્દો લઉં છું હજુ આ સમીક્ષા કરવાની બાકી છે ૮૬૭ અન ૭૧ વચ્ચેની.—તો આ સમીક્ષા થયા બાદ હજુ આ પ્રશ્નમાં વધુ આગળ કરવાની જરૂર છે, આના અમલીકરણ માટે કેટલીક વસ્તુની જરૂર છે તો એની સમીક્ષા કરવા ફરીથી મિટીંગ બોલાવવા મુખ્ય મંત્રીશ્રી સંમત થવા માગે છે ?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** સમીક્ષા કરવાની જરૂર જણાશે તો સાથે બેસવાનું કરીશું.

**શ્રી અશોક ભટ્ટ :** ગુજરાતના કેટલાક લોકોએ પત્ર લખીને શરાફી પેઢીએ સતત ત્રણ વર્ષ સુધી રૂા. ૮૦ કરોડની છેતરપિંડી ગુજરાતની પ્રજા સામે કરેલ તો આવી વ્યકિત સામે ગુંડા ધારાનો ઉપયોગ કરવો માગો છો ? બોમ્બ અને વિદેશી શસ્ત્રો કોઈપણ દિશામાં હોય તો એની સામે આ ધારા અન્વયે મુખ્ય મંત્રીશ્રી નિશાન તાકવા માગે છે ?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** બોમ્બ વગેરે લાવવા અંગે Terrorist Act અન્વયે પગલાં લેવાય છે.વિદેશી શસ્ત્રો અંગે Arms and Ammunition Act છે, આર્થિક ગુનેગારની વાત કરી તો તે અંગે ફોજદારી ધારા અન્વયે પગલાં લીધાં છે.

**શ્રી ધીરૂભાઈ દા. પટેલ :** આ ગુંડા ધારા અંગે જે વ્યકિતઓ ગામડાંમાં સાક્ષી, પુરાવા, પંચ તરીકે હોય છે અને તેઓ કોર્ટમાં જુબાની આપવા જાય છે ત્યારે પેલા માણસો તરફથી ધાકધમકી અને મારઝૂડ કરવામાં આવે છે તો એની સામે ગૂંડા ધારાનો ઉપયોગ કરવામાં આવે છે કે નહીં, આ ધારામાં આવી વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવે છે ?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** આવી વ્યાખ્યા નથી, આવી વ્યકિતને બીજામાં સમાવી દેવાની વાત ખરી પણ આમાં નથી.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ :** માલધારીઓ ખેતીમાં સતત ભેલાણથી નુકસાન કરે છે એવાને આ ધારામાં આવરી લઈ પ્રવૃત્તિ અટકાવવા માગો છો કે નહીં ?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** આ પ્રવૃત્તિ અટકાવવા માટે ઘણા કાયદા છે, ઘણી જોગવાઈ છે, એટલે આ પ્રશ્નને એટલો સસ્તો બનાવવા માગતા નથી કે જેને લઈને બધામાં લાગુ પાડી શકીએ.



**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૧૯૮૬ના વિધેયક ક્રમાંક-૬૪નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ-૨થી૪ કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજુ કરું છું કે સન ૧૯૮૬ની ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**ઉપાધ્યક્ષશ્રી :** સન ૧૯૮૬ના વિધેયક ક્રમાંક ૬૪નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

(વિશ્રાંતિ : બપોરના ૩-૦૦ થી ૩-૪૫ સુધી)

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને)

**બિન સરકારી વિધેયકો**

## સન ૧૯૮૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૫

**ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૧૯૮૫**

**રાજ્યમાં કોઈ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે માટે દાન અથવા પ્રીમિયમ સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી અશોક ભટ્ટ (ખાડિયા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૧૯૮૬ના વિધેયક ક્રમાંક-૨૫, સન ૧૯૮૫ના ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે દાન સ્વીકારવા ઉપર પ્રતિબંધ મૂકવા માટેના વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી. અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર અને સમગ્ર દેશની અંદર મા સરસ્વતીને લક્ષ્મીપુત્રો વેચાતી લે તે આપણી કમનસીબી છે. જેમ જેમ કાળાં નાણાંનો પ્રભાવ વધતો જાય છે, તેમ તેમ આ પ્રવૃત્તિ ઘણી વધતી જાય છે, એટલે કે બીજાં બધાં ક્ષેત્રોમાં અંકુશ મૂકવામાં નિષ્ફળતા આવતી હોય પરન્તુ આ કાળાં નાણાંથી શિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશીને સમગ્ર શૈક્ષણિક પ્રવૃત્તિને પણ કાળી કરે, એટલા માટે તેના ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. અન્ય રાજ્યો કરતાં આપણે ત્યાં થોડીક પરિસ્થિતિ સારી છે, જુદા પ્રકારની

*આ વિધેયક ગુજરાત રાજપત્ર ભાગ-૫ તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી હરિસિંહ ભ. મહિડા ]**

સુધીની મર્યાદામા આપવામા આવે છે. સામાન્ય રીતે ખેતીની જમીનનું ક્ષેત્રફળ ખેડૂત કેટલું ધરાવે છે. તે લક્ષમા લીધા સિવાય પણ મહતમ આઠ એકરના વાવેતર માટે તગાવી આપવામાં આવે છે. અલબત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે આ મર્યાદા નથી લાગુ પડતી.

(૨) **ઘાસ તગાવી** : ખેડૂત માટે ઢોર દીઠ રૂા. ૫૦ પણ ખેડૂત દીઠ વધારેમાં વધારે રૂા. ૪૦૦ બિન ખેડૂતો જેવા કે માલધારી પશુપાલકો વગેરે માટે ઢોર દીઠ રૂપિયા ૫૦ પણ કુટુંબદીઠ રૂા. ૨૫૦૦.

## અનુમતિ મળેલા વિધેયકો

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલું અને જેને રાજયપાલશ્રીની અનુમતી મળી છે. તેવું સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક—૭ સન ૧૯૮૫નું ગુજરાત પછાત વર્ગ વિકાસ કોરપોરેશન વિધેયક વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલું વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## વટહૂકમ ક્રમાંક--૧૧ નામંજૂર કરતો પ્રસ્તાવ

## સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૨૦

**સન ૧૯૮૫નું ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત વિધેયક**

**( પહેલું વાંચન ક્રમશ: )**

**દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યકિતઓ, ઔષધ ગુનેગારો અનૈતિક વેપાર કરનારા ગુનેગારો અને મિ પચાવી પાડનારઓની, જાહેર વ્યવસ્થા જ રાખવાને બાધ આવે તેવી અસામ અને ભયજનક પ્રવૃત્તિઓ અટકાવ તેમની નિવારક અટકાયત માટે જોગ કરવા બાબત વિધેયક**

શ્રી ભોળાભાઈ ચ. પટેલ (ક્રમ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રી આપણી વચ્ચે ગુંડા નાબુદી ધા બિલ લઈને આવ્યા છે તે વખતે હું કહેવા અને આ ચર્ચામાં ભાગ લેવા સ્થિત થયો છું કે આપણે adult fran સ્વીકારી અને ૩૭ વર્ષ પછી પણ ગુંડા નાબૂદી ધારો લાવવાની જરૂર થઈ એજ બતાવે છે કે આ સમા ઉપર ગુંડાઓનું રાજય ચાલી રહ્યું અને ગુંડાઓને દૂર કરવાના છે એટલે માટે આ ધારો લાવવો પડયો છે મને લાગે National security Act Preventive Detention પછી આપણે દારૂબંધીનો કાયદો લાવ્યા બધા કાયદાઓ હોવા છતાં આપણે કાયદો કેમ લાવવો પડયો ? મ આ કાયદાઓનો અમલ થતો નથી ગુના કરનાર લોકો અને તેનો કરનાર આ બંનેનું ગઠબંધન ચાલે છે. કારણસર જ આપણે આ જે અસામા પ્રવૃત્તિ છે એ ડામી શકયા નથી અને ધારાથી આપણે ડામવા માગીએ છી તેવો ડોળ કરીને ખરેખર જે સમાજ શાંતિ પ્રવર્તે છે તેને અશાંત કરવા માગ છીએ. આ ધારાના ઉપયોગથી કોઈ માણસ ગુજરાતમાં સહીસલામત રહી શ નહિ તેવું મારૂ માનવું છે. કારણ કે તે બતાવવામાં આવ્યું છે કે કોઈપણ સંજો દેખાય તો પણ તે માણસને પકડી શકા કોઈ વ્યકિતના સંબંધમાં રાજય સરકાર



**શ્રી ભોળાભાઈ ચ. પટેલ ]**

એવી ખાતરી થાય કે જાહેર વ્યવસ્થા જાળવી રાખવામાં બાધ આવે તેમ છે. અને તેવી રીતે કોઈ કૃત્ય કરતાં તેમને અટકાવવાના ઉદેશથી તેમ કરવું જરૂરી છે. તો એ વ્યકિતને અટકાયતમાં લઈ શકાશે. આ પ્રકારના અધિકારો પોલીસ કમિશનર અને જિલ્લા મેજીસ્ટ્રેટોને આપવામાં આવ્યા છે. તેમને એમ લાગે કે આ માણસને પૂરી દેવો છે તો એ પૂરી દઈ શકે છે. એટલે, આ ધારાનો ઉપયોગ સારી રીતે થવાનો છે તેવું હું માનતો નથી. અને મારા વિભાગમાં આ કાયદો કર્યા પહેલા જયારે એક સીધા સાદા ખેડૂતના દીકરાને આ ધારા નીચે પૂરી દેવામાં આવ્યો. વિસનગર તાલુકાના કમાણ ગામે આંતંક ચાલે છે. બે કોમો વચ્ચે મુખ્ય મંત્રીશ્રીને મે કાગળ લખીને પણ આપેલ છે. અને એમનું ધ્યાન દોરેલ છે. કે આ ખેડૂતનો દીકરો છે કે જેણે છેલ્લે કોઈ ગુનો કરેલ નથી. આ કાયદો કર્યા પહેલાં ૩ વર્ષે આવો કોઈ ગુનો કર્યો હોય તો એને પકડી શકાય. છે. આ પ્રોવિઝન હોવા છતાં એની સામે કોઈ ગુનો નથી. એણે કોઈ ગુનો કર્યો હોય, મારામારી કરી હોય એ મારામારીમાં સમાધાન થઈ ગયું હોય. હાઈકોર્ટની સુધી લડયા હોય અને સમાધાન થઈ ગયું હોય તો એને ગુનો કહેવાય. એને આ ગુંડા ધારા નીચે પૂરી દેવામાં આવે. પણ એના મા-બાપ આક્રંદ કરે એવી પરિસ્થિતીમાં જો આ કાયદાનો ઉપયોગ કરવાનો હોય તો મને લાગે છે કે આ કાયદાનો દુરૂપયોગ થવાનો છે અને જો આ કાયદાનો સદુપયોગ થતો હોય તો મને કોઈ વાંધો નથી.

૩૭ વર્ષની આઝાદી પછી ગામડાંના ખેડૂતો ખેતી કરે છે. દિવસે મહેનત કરે છે. અને રાત્રે એ પોતે પોતાનો પાક બચાવવા માટે સૂઈ શકતા નથી નિરાંતે અને ૨૫-૫૦ના ધાડામાં પાકને લૂંટી લેવા માટે એ લોકો આવે છે. એને સરકાર નશિયત કરી શકતી નથી. જો આવાં કામ માટે આ ધારાનો ઉપયોગ થાય તો હું માનું છું કે લોકો નિરાંતે ઊંઘશે. આવા જે રીઢા ગુનેગારો છે, રોજ જેને ચોરી કરવાની ટેવ પડી હોય છે. રોજ જેને લુંટ કરવાની ટેવ પડી હોય છે. એમને આમાં આવરી લેવામાં આવ્યા નથી.

આમાં ગેરકાયદેસર મિલકત ઉપર બાંધકામ કરે એને પૂરી દેવાની વાત છે તો એમાં મારે કહેવું છે કે ભાવનગરમાં એક જમીન છે. તેનું અન-ઓથોરાઈઝડ રીતે વેચાણ કરી દેવામાં આવ્યું છે. એમાં સરકારી જમીન પણ આવેલી છે. એ સરકારી જમીન કારવી વીડ તરીકે ઓળખાય છે. અને હજાર એકર જમીન એક કોન્ટ્રાકટરને વેચી દેવામાં આવી છે. એના ઉપર મકાનનું બાંધકામ ચાલે છે અને એ કોન્ટ્રાકટરે મંજૂરી મેળવ્યા સિવાય એક એક પ્લોટ ઉપર ૩-૩ માણસોની ડિપોઝીટ લઈને એના ઉપર બાંધકામ ચાલુ રાખેલ છે. એના ઉપર કોર્ટમાં કેસ થયેલ હોવા છતાં પણ ગેરકાયદેસર રીતે, કન્ટેમ્પ ઓફ ધી કોર્ટ કરીને પણ બાંધકામ ચાલે છે અને હાઈકોર્ટમાંથી પણ આવી હજારો એકર જમીનો ગરીબોને નામે લઈને બાંધકામ કરવાની પરવાનગી મેળવી છે. તેમ છતાં પણ આવા માણસો નિશ્ચિતપણે ફરી શકે છે. એ દુઃખદ છે. જે ઓર્ડિનન્સ બહાર પાડવામાં આવેલ છે તેની નીચે આવા લોકોને પૂરી દીધા હોત તો મને એમ થાત કે આ ધારાનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવ્યો છે. પણ આવું કાંઈ બન્યું નથી.

ગેરકાયદેસર રીતે દારૂ ગાળનારા દારૂ પીનારા જે લોકો છે, કોઈ બાટલી

શ્રી ભોળાભાઈ ચ. પટેલ ]

પીએ તો એ માટે ધારો છે. એ ધારા નીચે જો એકશન ન લેવાયા હોય તો આ ધારા નીચે કેવી રીતે લેવાય છે. મને શંકા છે કે આ રીતે આ કાયદાનો દુરૂપયોગ થવાનો છે.

બીજી વાત એ છે કે ગામડામાં જે રીતે લોકો રહે છે એ લોકો ફરિયાદ પણ કરી શકાતા નથી. જે ગુંડા હોય છે. એ ગુંડાઓની સામે પુરાવા પણ આપી શકાતા નથી. અને જે પુરાવા આપીને ફરિયાદ કરે છે. એ બીજે દિવસે સહીસલામત હોતા નથી. એટલે આ ધારાનો ઉપયોગ આવા લોકો માટે પણ કરવામાં આવે તો એ બરાબર છે. સાવરકુંડલાનું એક ગામ છે એ ગામમાં / ગૌચરની ૧૦૦ વીઘા જમીનનો ગેરકાયદેસર કબજો કર્યો છે. વીરડી ગામ છે. અને ત્યાંના જે સરપંચ છે એની વિરૂધ્ધ કોઇ ફરિયાદ કરી શકતું નથી, અને ફરિયાદ કરે તો બીજે દિવસે એ માણસ સહીસલામત નથી હોતો એ ગામે આવી ૧૦૦ વીઘા જમીન ઉપર ગેર-કાયદેસર રીતે પોતે ખેડતો હતો અને ખેડૂતો દર વર્ષે એને જો ૫-૧૦ હજાર રૂપિયા ભેગા ન કરી આપે તો એ ખેડૂતો પણ ત્યાં સહીસલામત નથી હોતા. આ પ્રકારની પરિસ્થિતિનું સર્જન જો ગુજરાતમાં થયું હોય અને એને માટે આ ધારાનો જો ઉપયોગ કર્યો તો એ બરાબર છે. આપણા સમાજમાં વ્હાઈટ કપડામાં, વ્હાઇટ કોલરમાં, જે લોકો આ સભાગૃહમાં ગૌરવપૂર્વક રીતે, ચુંટાઇને આવ્યા હોય, એવા સભાસદોના નેજા નીચે આવા માણસો જો આતંક મચાવી શકતા હોય અને એને માટે આ કાયદાનો ઉપયોગ કરવામાં આવે તો એ બરાબર છે. **(અંતરાય)** ના, ના એમ વાત નથી. મેં એમ કહયું છે કે આવા ગૌરવપૂર્વક આવેલા અને આ સભાગૃહમાં બેઠેલા સભાસદોના *ઓઠાં નીચે આવા લોકો આતંક કરતા હોય અને એમની સામે કાંઇ કરવામાં આવ્યું નથી એની સામે મારો વાંધો છે.

**શ્રી જયંતિભાઈ ભ. કાલરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર આ સભા-ગૃહના ઓઠા નીચે આવી પ્રવૃતિ ચાલે એવી વાત સભ્યશ્રી કરી શકે કે નહિ

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય પટેલ સભાગૃહના કોઇપણ સભ્ય ચુંટાયેલા એના *ઓઠાં નીચે કોઇપણ પ્રવૃતિ ચાલે હોય એમ કહેવું એ વાજબી નથી. એટલા માટે આ શબ્દો પાછા ખેંચી લેવા જોઇએ.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ :** સાહેબ એ તો તેમના આશરા નીચે કરતા હોય

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય ભોળાભાઈ પહેલા બેસી જાઓ પોઇન્ટ ઓફ ઓર્ડર આવ્યો છે. અહીંથી આપ કહો છો લો કે આ સભાગૃહમાં કોઇપણ માણસ સભ્યશ્રી ચૂંટાયેલા હોય અને એમના ઓઠા નીચે કોઇપણ પ્રવૃતિ ચાલતી હોય છે એમ કહેવું એ આ સભાગૃહના સભ્યોનું આ સભાગૃહનું અપમાન ગણાય. એ શબ્દો વાપરી ન શકાય. એટલે એ આપ પાછા ખેંચી લો.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ :** એ પાછા ખેંચી લઉં છું.

હું એ કહેતાં હતો— આ રીતે લોકો શાસક પક્ષમાં બેઠેલા હોય એમની રાહબરી નીચે આ ચાલતું હોય એમને કાંઇ કરવામાં

* આ શબ્દો પાછા ખેચવામાં આવ્યા.



શ્રી ભોળાભાઈ ચ. પટેલ ]

આવે પણ સામાન્ય માણસ એક બાટલી દારૂ પી ગયો. એ કારણસર એને પૂરી દેવામાં આવે તો કેટલું વાજબી છે સાહેબ ? બાટલી દારૂ પી ગયો હોય તો એને માટે દારૂનો કાયદો છે જ. એટલે આ બધા જે કાયદાઓ છે તે દ્વારા જો ૩૭-૩૮ વર્ષ પછી જો આપણે આવા ગુંડાઓને નાથી ન શકયા હોઈએ અને એમની રાહબરી નીચે આ બધું ચાલ્યા કરતું હોય ત્યારે આ ધારાનો ઉપયોગ રાજકીય રીતે જ થવાનો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીને કહયું તેમ આવા ગરીબ ખેડુતોના બાળકોને જો આ ગુંડા ધારા નીચે પૂરી દેવામાં આવે એમના માણસો આક્રંદ કરતાં હોય એમનો કોઈપણ ગુનો ન હોય તો એવા સંજોગોમાં એવા માણસોને નહીં પૂરવા જોઇએ. એવી મારી મુખ્ય મંત્રીશ્રીને વિનંતી છે.

વધુમાં સાહેબ આટલું જ નથી. આ વીરડી ગામમાં તો કોઈપણ માણસ એમની સામે કોઇ ફરિયાદ કરે તે મેં કહયું એવા માણસોની સામે, તો એને પંચાયતના ચોરામાં બોલાવીને કોરડા મારવામાં આવે છે. એટલે આ બધી પરિસ્થિતીનું ગુજરાતમાં સર્જન થયું છે એ હકીકત છે ભલે સૌરાષ્ટ્રના લોકો બોલી નહીં શકતા હોય પણ આ સત્ય હકીકત છે. એ વિભાગના ધારાશાસ્ત્રીઓ પણ જાણતા હશે એટલે મારી તો વિનંતી છે કે આ ધારો ન હોય તો પણ પ્રિવેન્ટિવ ડીટેન્શન એકટ તો છે જ અને એન. એસ. એ. પણ છે. આ બધા એકટસ હોવા છતાં જો એમની સામે કાંઇ ન કરી શકતા હોઇએ અને આ ગુંડા ધારા નીચે જ કરી શકતા હોઇએ અને ગુજરાતમાં શાંતિ સ્થાપી શકાતી હોય તો હું આ ધારાને આવકારું છું પણ જો એનો રાજકીય ઉપયોગ થવાનો હોય તો એ બરાબર નથી. હું માનુ છું ત્યાં સુધી આપણે આ ધારો પસાર કરીને પણ જો લોકોને શાંતિ-પૂર્વક પોતાની મજૂરીનો રોટલો ખાવા દેવાના નથી કે મેં અગાઉ કહયું એમ એવા લોકોને જો આપણે પૂરી ન શકીએ તો હું માનું છું કે આ ધારાનો કોઇ ઉપયોગ થવાનો નથી. જે લોકો રાજકારણમાં પડેલા છે, અને જે લોકો સમાજનું કાંઇક સારૂં કરવા માંગે છે. એવા લોકો ફકત પોતાનું માથું ન ઊંચકી શકે તેટલા માટે જ જો આનો ઉપયોગ થશે તો ખરેખર ભારે દુ:ખ સાથે એમ હું કહીશ. આ ધારો જે પસાર થઇ રહયો છે એ બહું ખોટું છે. **અને તેમાં** કાંઇ ખોટું નથી.

વધુમાં મારે એ કહેવું છે કે **આ ધારાનો** અમલ કરવા માટે પોલીસ અમલદારો મારફતે તપાસ થવાની છે. મારા વિભાગમાં મેં ટી. એસ. પી. સાહેબને વાત કરી કે સાહેબ, આ માણસને કયા ધારા નીચે પૂરી દેવામા આવ્યો છે ? તો તેમણે મને કહયું કે તમે રથયાત્રાના દિવસે લોકોને ઉશ્કેરતા હતા માટે તમને પણ પૂરી દેવામાં આવશે. એ કહયું છે સાહેબ, આવી વાત થઇ છે. આ ટેલિફોન ઉપર એ વાત થઇ છે. જયારે શાંતિ જાળવવા-માટે વિભાગમાં અમે વાતો કરતાં હોઇએ ત્યારે આવા બહાના નીચે કામ લેવાય છે. મેં આ જે કલમ વાંચી બતાવી એ નીચે કોઇ ઉશ્કેરાટ ઉભો કરે છે. એ બહાના નીચે પણ ગમે તેને પૂરી દઈ શકાય છે.

આ જે કારખાનાઓ ચાલે છે. જે બંદરો ઉપર માલ ચઢે છે. એ બંદરો ઉપર જે લોકો કોઇપણ મજૂરી કરતા નથી અને ફકત રોયલ્ટી ઉઘરાવે છે એવા લોકોને માટેનો વિચાર કોઇ કરે છે ખરૂં ? એમને આ ધારો લગાડીને પૂરી દેવામાં આવશે. એવી સરકાર ખાતરી આપશે.? જો હા,

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ ]**

તો ભલે આ ધારો પસાર થતો. એટલે મારી વિનંતી છે કે આવો ધારો પસાર કરીને જો ગુજરાતમાં આવી અસામાજીક પ્રવૃત્તિઓ કરનારા માણસોને આ ધારા નીચે પૂરી દેવામાં આવે અને લોકોને શાંતિપૂર્વક જીવવાનું મળે તો બહું આનંદ થશે પણ એ થવાનું નથી. અને મેં તમને એક પ્રકરણ તો કહયું સાહેબ, કે પહેલા જ દિવસે આનો ઉપયોગ કરીને મારા વિસ્તારમાં આવા ગરીબ માણસોને પૂરી દેવામાં આવેલ છે.

એનાથી પણ આગળ જઈને હું કહેવા માગું છું. સાહેબ. કે આ જે જુગારના અડ્ડાઓ ચલાવે છે અને વરલીના મટકા ચલાવે છે એ લોકોને કોણ પોષી રહયા છે? સાહેબ, મારો સવાલ છે કે આજે પોલીસ ખાતું આવા અડ્ડાઓ ચલાવે છે અને આ પોલીસ ખાતાને નોંધ આપવા છતાં એ અડ્ડા ચાલુ રાખવાની પ્રવત્તિઓ કરાવાય છે. આ હકીકત અમારા પોલીસ સ્ટેશનમાં પણ મેં પોલીસને આપી છે, છતાં આજે પણ એ અડ્ડાઓ ચાલે છે. એમને ત્યાંથી પૈસા મળે એટલે એ અડ્ડાઓ ચલાવવામાં આવે છે. હું એક દાખલો આપું કે પાટણની અંદર એક ઓનેસ્ટ અધિકારી ડી. એસ. પી. તરીકે આવ્યા. ૧૯૮૧--૮૨-૮૩ની સાલમાં એ વિસ્તારમાંથી હું પસાર થયો ત્યારે મેં લોકોને પૂછ્યું કે અહીં આગળ કેમ ચાલે છે બધું? તો, કહે કે આ નવા ડી. એસ. પી. સાહેબ આવ્યા પછી અસામાજિક તત્ત્વો જે હતા દારૂ ગાળનારા અને વરલી મટકા રમનારા અને બીજી રીતે ગુંડાગીરી કરીને લોકો ઉપર ત્રાસ ગુજારનારા એમનો ત્રાસ બંધ થઈ ગયો છે, સાહેબ. અને બે મહિના પછી ફરીથી એ વિસ્તારમાંથી નીકળ્યો ત્યારે મેં પૂછ્યું તો કે અમારા પેલા ડી. એસ. પી. સાહેબની બદલી થઈ ગઈ. કેમ ભાઇ. એમ થયું? તો કહે, ઉપરથી મોટા અધિકારી આવ્યા છે સાહેબ અને મોટા અધિકારીએ કહ્યું કે પેલા હપ્તા આપતા બં થઈ જશે. એ હપ્તા ચાલુ કરી દો, નહીં તમારી નોકરીની સલામતી નથી. આ સ હકીકત છે. એ હું કહું છું. આ કારણે નિષ્ઠાપૂર્વક કામ કરનાર અમલદારની બદ થઈ અને છેવટે હપ્તા ઉઘરાવનાર અમલદા ત્યાં આવ્યા અને ફરીથી હપ્તા ચાલુ થ ફરીથી અસામાજિક પ્રવૃત્તિ ચાલુ થઈ. એટ મારો કહેવાનો ભાવાર્થ એ છે કે જો સા અમલદાર હોય તો કાયદાનો સાચો અમ કરાવી શકે. અમલ તો અમલદારો દ્વારા થવાનો છે. સારા અમલદારો રાજ્યમાં ન એવું મારે કહેવાનું નથી. સારા અમલદારો છે પણ એ અમલદારોને આવા એકઝીક્યુશનમ મૂકવામાં આવતા નથી કારણ કે એ હપ્ ઉઘરાવી આપતા નથી. એટલે આવા જિલ્લાઓમાં ૧૯ સારા જેમને કહી શક એવા જો ૧૯ ડી. એસ. પી. ઓ આપ મૂકીશું તો હું માનું છું ત્યાં સુધી આ અસામ જીક પ્રવૃત્તિ જે સૂચિત ધારા નીચે આપ બંધ કરવા માગીએ છીએ, એને બદલે હાલ જે ધારા છે એ ધારા નીચે જ આપણે બં કરાવી શકીએ છીએ. એવું મારું માનવું હું માનું છું ત્યાં સુધી જ્યારે આપણને અને ઉત્સાહી મુખ્ય મંત્રીશ્રી મળ્યા છે તેઓ અસામાજિક તત્ત્વોને જ્યારે દૂર કર માગે છે એ સંજોગોમાં તેઓ જરૂરથી ગૂનંદા અધિકારીઓ શોધી કાઢીને જિલ્લ ઓમાં મૂકશે. તો હું માનું છું ત્યાં સુધી કાયદાની એમને જરૂર નહીં લાગે અને એમ પણ લાગશે કે આ કાયદો દૂર કરવો જોઈએ

વધુમાં મારે એ કહેવાનું છે કે અમા ત્યાં કેવો આંતક ચાલે છે તે કહું. એ આંતક એવો ચાલે છે કે એમને એક ખૂનની માહિતી આપી, કે સાહેબ આ જગ્યાએ લાશ પડી છે અને એ લાશની તપાસ કરો. તો, પોલીસ





**શ્રી ભોળાભાઈ ચ. પટેલ ]**

અમલદારે લાશનો કબજો લીધો, તપાસ ચાલુ કરી અને તપાસમાં આજ સુધી કોઈએ એને મારી નાખ્યો છે એની બાતમી મળી નથી. એક ગામમાં એક કોમના માણસનું એક ખૂન થઈ ગયું. અને એમાંથી બીજી કોમના એક માણસને પકડીને પોલીસે કહયું કે ભાઈ પાંચ હજાર રૂપિયા આપી જા તો તારૂં નામ નહીં આવે, નહીંતર તારૂં નામ મૂકવામાં આવશે. સલોટા ગામમાં એક ઠાકોરનું ખૂન થયું અને એના પાટીદારને પકડવામાં આવ્યા કારણ કે એ ઠાકોર એ પાટીદારને ત્યાં બે વર્ષ પહેલાં નોકરી કરતા હતા. આ સંજોગોમાં એવી જો તપાસ થતી હોય અને જો પોલીસ અમલદાર આ રીતે નિર્દોષ માણસને પૈસા ખાઈને પૂરી દેતી હોય, તો હું માનું છું ત્યાં સુધી એમના હાથમાં આ ધારો લોકોની સલામતી માટેનો નથી. એનો અમલ સારી રીતે થવાનો નથી અને પરિણામે લોકો હંમેશાં ચિંતામાં મેન્ટલ ટોર્ચરમાં સૂઈ નહીં શકે. એવી પરિસ્થિતિનું સર્જન જો ત્યાં ખોટા અમલદારો હશે તો ત્યાં થવાનું છે. એટલે મારી તો વિનંતી છે કે આ ધારો ભલે લેવાય અને પસાર તો થવાનો જ છે. એ સંજોગોમાં મારી તો માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે ગુજરાતમાં જે અસામાજિક પ્રવૃત્તિ ચાલે છે એ તમે આ ધારા આવ્યેથી અમને ખાતરી આપો કે આ અસામાજિક પ્રવૃત્તિ બંધ થઈ જશે તો અમને ખૂબ આનંદ થશે. ૩૮ વર્ષની આઝાદી પછી પણ જો ખેડૂતો નિરાંતે સૂઈ ન શકતા હોય એમનો પાક તૈયાર થાય ત્યારે સાફ થઈ જતો હોય, લૂંટાઈ જતો હોય અને નિરાંતે એ પોતાનો પાક પણ ન લઈ શકે, એમની મહેનતનો બદલો પણ એમને ન મળી શકે એવી પરિસ્થિતિનું સર્જન ગામડાંઓમાં હોય તો અમારે શું કહેવું? અને એ અસામાજીક તત્ત્વો તો જાણીતાં છે. પોલીસ સ્ટેશનમાં એમનાં નામો છે. છતાં પણ એમને પકડવામાં આવતા નથી અને એને છૂટો દોર આપવામાં આવે છે. એનું દુ:ખ છે. ખૂન થઈ જાય ત્યારે પ્રોટેકશન કરવા જાય અને રસ્તામાં એને મારી નાખવામાં આવે છે. એવા પ્રકારના કાગળો ઉભા કરીને આવા લોકોને નશ્યત ન કરવામાં આવે તે બરાબર નથી. ગુંડાગીરીને ફાલવા દેવામાં આવે છે એનું અમને દુ:ખ છે. વડનગર પોલીસ સ્ટેશનમાં આજથી ત્રણ વર્ષ પહેલાંની વાત કરૂં તો કેપુર ગામમાં એક બનાવ બન્યો. એક ઠાકોર બહેન કૂવામાં અકસ્માતે પડી ગઈ. એનો પતિ ટાઉટીઝમનો ધંધો કરે છે. પોલીસ સ્ટેશને બેસી રહીને અને એ પોતે જાતે તપાસ કરવા માટે પણ નથી આવ્યો. એની પત્ની કૂવામાં પડી ગઈ. એવી માહિતી મળી ત્યારે પોલીસ અમલદાર સાથે ભળી જઈને એણે ચાર યુવાન છોકરાઓ ઉપર જુલમ ગુજાર્યો. (સમયસૂચક ઘંટડી વાગતા) આમાં તો સમય મર્યાદા ન હોય. આતો બિલ છે અને મારે સત્ય હકીકત કહેવી છે આ ગૃહની અંદર...

**ઉપાધ્યક્ષશ્રી :** ચર્ચા કરી શકાય અને આપનો એ અધિકાર છે પણ આ બિલ પૂરૂં કરવાની પણ સમજૂતી થયેલી છે.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ :** એ સમજૂતી સાથે હું બોલી રહયો છું.

**ઉપાધ્યક્ષશ્રી :** એના અનુસંધાનમાં ચાલુ રાખો.

**શ્રી ભોળાભાઈ ચ. પટેલ :** આ તો જે ચાલી રહયું છે એની હું વાત કરૂં છું. અને આ પ્રમાણે થાય છે. (અંતરાય) નામ લીધા વગર દાખલો આપું છું. મેં ક્યાં નામ આપી દીધું છે? જે સત્ય હકીકત છે, બનેલી હકીકત છે એ રજૂ કરૂં છું. આ ખેડૂતના ચાર યુવાન છોકરાઓને પૂરી દેવામાં આવ્યા. બે મહિના

શ્રીભિખાભાઈ પ. પટેલ ]

સુધી એમને જેલમાં રહેવું પડ્યું અને જ્યારે મને એની ખબર પડી ત્યારે મેં ડી.એસ.પી.ને અરજી આપી અને એની તપાસમાં એ છોકરાઓને છોડ્યા. એ છોકરાઓ નિર્દોષ હતાં. એમની સામે કોઈ ગુનો નહોતો. તેમ છતાં પણ એમની પાસેથી ફક્ત પૈસા પડાવવા માટે જ એમની સામે ડ૦રનો આરોપ મૂકીને એમને પૂરી રાખવામાં આવ્યા હતાં. જો આવા માણસો ઉપર આ ગુંડા ધારો લાગુ કરવામાં આવે તો તે બરાબર છે? પણ જે લોકો ખોટું કરી રહયા છે અને પોલીસ સ્ટેશનમાં જ્યારે ખોટી રીતે ફરિયાદ નોંધાવવાની જેઓ હિંમત કરી શકે છે, એવા અમલદારોની સામે આપણે શું કરવા માગીએ છીએ? અને એવા અમલદારોના હાથમાં આ ધારાનો અમલ કરાવવા માગીએ છીએ? એટલે સત્ય હકીકત હું કહેવા માગું છું, અને જો આ પ્રમાણે આ ધારાનો આવા માણસોના દ્વારા અમલ કરાવવાનો હોય તો હું માનું છુ ત્યાં સુધી ગુજરાતની પ્રજા સહીસલામત નથી. મારું તો એમ માનવું છે કે; ગુજરાતમાં ગુંડાઓનું રાજ ફરીથી પ્રવર્તમાન થશે. સામાન્ય લોકો બોટલ પીનારા છે જે ગાળનારાઓ છે એ તો પોલીસ ગળાવે છે અને પોતે હપ્તા ખાવા માટે આવું કરાવે છે. એ મારૂં કહેવું છે. પોલીસ પોતે જો સાચી રીતે અમલ કરે તો ગુંડાઓની તાકાત નથી કે એ વિસ્તારની અંદર દારૂ ગાળી શકે કે વરલી મટકા રમી શકે અથવા તો બીજા કોઈ અડ્ડા ચલાવી શકે. આવી પરિસ્થતિમાં જ્યારે આ કાયદો આવા માણસોના હાથમાં મૂકવાનો છે ત્યારે જે લોકો ખોટું કરવાના છે એ આ કાયદાનો અમલ કરવામાં પણ ખોટું કરવાના છે અને એની સામે આપણે કાંઈ કરી શકવાના નથી. એ હકીકત છે.

છેલ્લે મારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને એ કહેવું છે કે જ્યારે આ ધારો તમે લાવી રહયા છો, ત્યારે અમે એને આવકારીએ છીએ. જો તમે અસામાજિક પ્રવૃત્તિને દૂર કરવા ઈચ્છતા હો તો આવી અસામાજિક પ્રવૃત્તિ દૂર કરવા માટેના અત્યારે ઘણા ધારાઓ છે. એ વર્તમાન ધારાઓ નીચે જો આપણે કંઈ કરી શક્યા નથી, તો આ ધારા નીચે શી રીતે કરી શકવાના છીએ એની મને શંકા છે. જો કરી શકશો તો મને આનંદ થશે. એમાં રાજકીય લોકોને અને જે લોકો સમાજના જાગૃત માણસો છે અને જ્યાં જ્યાં આવી અસામાજિક પ્રવૃત્તિ ચાલતું હોય ત્યાં એમનું ધ્યાન દોરનારા છે એવા લોકોને જ આ ધારા નીચે પૂરી દેવામાં ન આવે તેટલું ધ્યાન રાખવા મારી આપને વિનંતી છે. વધારે હું કાંઈ કહેતો નથી. સમયની તમે મર્યાદા મૂકી છે. બાકી તો આ ધારા નીચે જેટલું કહેવાય તેટલું કહી શકાય એમ છે અને ખરેખર તો આ ધારો જ યોગ્ય નથી એવું મારું માનવું છે.

શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા - (માંડવી): માનનીય અધ્યક્ષશ્રી અસામાજીક પ્રવૃતિ અટકાવતાં આ બિલને હ્રદયના હિચકીચાટ સાથે આવકારું છું. હીચકીચાટ એટલા માટે છે કે આ પ્રિવેન્ટિવ લો છે. બંધારણની જે મૂળભૂત વ્યાખ્યા છે સ્વાતંત્ર્યની જે ભાવના છે એની સાથે એને અનુરૂપ ન હોઈને એને રિસ્ટ્રિક્ટ કરતું આ બિલ છે અને. રિસ્ટ્રિક્ટ કરતું બિલ છે ત્યારે સ્વાતંત્ર્યમાં માનનારા બંધારણની ભાવનામાં માનનારા કોઈપણ વ્યકિતના મનમાં આ બિલને આવકારવાનો આનંદ ન હોય, પણ આ કમ્પલઝન ઓફ ધી સિચ્યુએશન અને પરિસ્થિતિનો તકાજો એવો છે કે આ બિલને આવકાર્યા વિના છૂટકો નથી.

આ પ્રિવેન્ટિવ બિલ છે. એટલે એને એ દિશામાં મૂલવવું પડશે. પ્રિવેન્ટિવ બિલ હોવાને કારણે એનું જેટલી વધારે કાળજીથી આપણે ઈનેકટમેન્ટ બનાવી શકયા હોત એટલું વધારે



શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા ]

અનુકૂળ થાત. વારંવાર આ સભાગૃહમાં કહેવામાં આવ્યું કે પ્રિવેન્ટિવ કલોઝ આપણે ખૂબ બનાવ્યા અને છતાં એ ઈનઈફેકટીવ બનતા જાય છે. પ્રિવેન્ટિવ કલોઝ જેટલા બને છે એ ઈનઈફેકટીવ બને છે એની પાછળનું કારણ શું? કારણ એ છે કે એનું અમલીકરણ નથી એ જ માત્ર એનું કારણ નથી? મારી દ્રષ્ટિએ આ એક માત્ર કારણ નથી. પણ સમાજના બદલાતા ઢાંચામાં જે ગુનાઓ બદલે છે એને અનુરૂપ આપણું ઈનેકટમેન્ટ નથી. એક વ્યકિતને આપણે ચોક્કસ સમય સુધી માત્ર જેલમાં પૂરી દઈશું. એ વ્યકિત જ્યારે સમાજ વિરોધી ગુનાઓ કરે ત્યારે છ બાર મહીના આપણે એને જેલમાં પૂર્યા. પણ એના જે કોન્ટેકટસ છે એની જે બીજી દુનિયા છે, એનાથી ચાલુ રહે છે. જેલની અંદરથી કંટ્રોલ કરનારા છે તેઓ પોતાની પરિસ્થિતિની. જેલમાંથી છૂટયા પછી પાછા એ માણસો પોતાનો ધંધો કરી શકે છે. મહત્ત્વની વાત એ છે કે આપણે એ ઈનકટમેન્ટસમાં ફેરફાર એવા કરવા જોઈએ કે જેથી કરીને એ વ્યકિત છૂટયા પછી પણ એની પ્રવૃત્તિ ન કરી શકે. તો એમાં આપણે શું કરી શકીએ? કરી એ શકીએ કે સમાજમાં અર્થનું પ્રાધાન્ય ઘણું છે, આજે કોઈપણ પ્રિવેન્ટિવ લો નીચે પકડાયેલ માણસ છૂટયા પછી એને ખૂબ ઝડપથી સમાજ સ્વીકારી લેતો હોય છે. એટલા માટે કે એ માણસ આર્થિક રીતે સધ્ધર છે. મારું સૂચન એ છે કે એક વખત અસામાજિક તત્વ તરીકે એસ્ટાબ્લિશ્ડ થયેલ જે માણસ હોય એ વ્યકિત જ્યારે છૂટે ત્યારે સૌથી પહેલાં તો એની ઉપર આર્થિક કંટ્રોલ આવવો જોઈએ. હી શુડ બી મેઈડ એ પ્રોપર્ટીલેસ મેન અને એ પ્રોપર્ટીલેસમેન જ્યારે બનશે ત્યારે સમાજની અંદર એની સ્વીકૃતિ બંધ થઈ જશે. આપણાં ઈનેકટમેન્ટ જે ઘડાય છે એમાં આ દિશાનો કોઈ આપણે વિચાર કરતા નથી હોતા. આ દિશામાં વિચાર કરવો એ બહુ જરૂરી છે.

બીજો વિચાર એ કરવો જોઈએ કે એક વખત એ માણસ છૂટે પછી એના કોન્ટેકટસ ચાલુ હોય છે. પણ એવું ન બને કે જ્યારે જિલ્લામાંથી આપણે એને બહાર કાઢીએ છીએ ત્યારે આપણા રાજ્યમાંથી પણ એને બહાર કાઢીને એને હદપાર કરી શકીએ? એક વખત એવી વ્યકિત પ્રસ્થાપિત થઈ ગયા પછી એના બંધારણીય અધિકારો પણ રિસ્ટ્રિક્ટ થઈ જાય છે. ત્યારે એને રાજ્યમાં પણ ચોક્કસ મર્યાદા સુધી આવવા દેવા નહીં જોઈએ. અને રાજ્યની બહાર મોકલવાની પણ ઈનેકટમેન્ટની અંદર જોગવાઈ કરવી જોઈએ. આ દિશામાં આપણે જો ઈનેકટમેન્ટ નહીં કરીએ તો માત્ર વ્યકિતને જેલમાં પૂરવાથી કોઈ ફાયદો થવાનો નથી. લિગલ કન્સેપ્ટ પણ આપણે એ દ્રષ્ટિએ બદલવા પડશે. બદલાતા ગુનાઓની સાથે લિગલ ઈનેકટમેન્ટ પણ બદલવાની ખાતિ જરૂર છે એ દિશામાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિચાર કર્યો હોત તો વધારે સારું થાત.

માનનીય મુખ્ય મંત્રીશ્રીને ધન્યવાદ હું એટલા માટે આપું છું કે કોઈ પૂર્વગ્રહો રાખ્યા વિના ખરેખર હ્રદયની નિખાલસતાથી આ કાયદાનું અમલીકરણ બનાવવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સહુ સાથે બેસીને બેઠક રાજી અને એમાં કોઈ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વિના મહત્ત્વના ફેરફારો સ્વીકારવાની પણ જ્યારે તૈયારી બતાવી ત્યારે એમને ધન્યવાદ આપવાના છે. પણ સાથે એટલું જ મારે તેમને ચેતવવાનું છે કે આ પરિસ્થિતિમાં આટલા ફેરફારો કરે કે જેથી કરીને કાયદાનો વધારે સારી રીતે અમલ થઈ શકે. વિશેષ મારે ખાસ કહેવાનું નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અશોકભાઈ, આપ કેટલો સમય લેશો?

**શ્રી અશોક ભટ્ટ** : ૧૦ મિનિટ.

**ઉપાધ્યક્ષશ્રી** : સાત આઠ મિનિટમાં આપ પતાવો. માનનીય મુખ્ય મંત્રીશ્રી, આપને કેટલો સમય જોઈશે ?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** : દસ-પંદર મિનિટ.

**શ્રી અશોક ભટ્ટ** : એક સુધારા સિવાય બાકીના સુધારા હું પાછો ખેંચી લેવાનો છું. કારણ કે સત્તાવાર સુધારો આવે છે એટલે બાકીના સુધારા પણ હું મૂકવાનો નથી. પણ મારે મારો રાઈટ ઓફ રિપ્લાય જોઈશે. હવે એવું છે કે એના પછીનાં જે બિલો છે એમાં બહુ ચર્ચા નહીં કરીએ તો ચાલશે. બાકીનાં ચાર જે બિલો છે એ આજ સાંજ સુધીમાં આપણે પૂરાં કરી દઈશું.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** : એક પાંચમું બિલ પણ કદાચ આપણે લેવું પડે એવી શકયતા છે. એટલા માટે, એ બિલમાં પણ અરધા કલાકથી વધારે સમય જાય એવું નથી એટલે બને એટલો ઓછો સમય લેવાય તો સારું.

**ઉપાધ્યક્ષશ્રી** : માનનીય દિનશા, આપ ત્રણ મિનિટમાં પૂરું કરો.

**શ્રી દિનશા પટેલ (નડિયાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી અસામાજીક પ્રવૃત્તિને ડામવા માટે જે ગુંડા વિરોધી ધારો લાવ્યા છે એ અંગે જયારે સમાધાનની વાત થઈ, આની અંદર સુધારા કરવાની વાત થઈ ત્યારે પણ, તે વખતે પણ હું હાજર હતો અને કેટલાક સુધારાઓ જે સૂચવ્યા છે એ આવકારદાયક છે.

હવે બીજું જે વ્યકિતઓ પાસે આનો અમલ કરાવવાનો છે એ વ્યકિતઓ એનો અમલ કરશે ખરા એ એક શંકા કારણ છે આની અંદર, કારણ કે મે પોતે જોયું છે. મારા જ વિસ્તારની અંદર નડિયાદમાં મે જોયું છે કે મારા જ બે કાર્યકરો જે જનતા પાર્ટીના ચુસ્ત ટેકેદારો હતા એવા કાર્યકરોને પકડવામાં આવ્યા પહેલાં એમ કહેવામાં આવ્યું કે પથ્થરમારામાં પકડવામાં આવ્યા છે એટલે એમણે મને બોલાવ્યો ઘેરથી કે દિનશાભાઈ તમે સાથે આવો અને પંદર વીસ મિનિટમાં એમનો જવાબ લઈને છોડી દઈશું. હું ગયો તો પોલીસ સ્ટેશનમાં અઢી કલાક સુધી એ ઈન્સ્પેકટરે મને પોતાને બેસાડી રાખ્યો અને તેટલું બેસાડી રાખ્યા પછી જવાબ દીધા. મેં કહયું કે ભાઈ અઢી કલાક થયા. મને હવે જવા દો. તો એમણે મને કહયું કે હવે આ એક કેસ પતી ગયો. પછી બીજો એસિડનો કેસ કરવામાં આવ્યો એટલે પાછો એસિડનો કેસ થયો અને મને કહે છે કે તમે ઘેર જાવ. એમને હવે કોર્ટમાં લઈ છોડવામાં આવશે. બીજા દિવસે રવિવાર હતો. બીજે દિવસે કેટલી હદ સુધી કર્યું પોલીસે એ જોવા જેવું છે. પોલીસ ઈન્સ્પેકટરે મારા કહેવા છતાં પણ એમના ગળે સ્લેટ બાંધી. સ્લેટ બાંધીને નામ લખીને એના ફોટા પાડયા બેડીઓ પહેરાવી, દોરડાં બાંધ્યા અને દોરડાં બાંધીને પાંચ પોલીસવાળા સાથે પાછળ ૧૫ પોલીસ લઈને મેજીસ્ટ્રેટ સાહેબને ત્યાં રવિવારે એમને ઘેર લઈ ગયા. ઘરની અંદર મેજીસ્ટ્રેટ સાહેબે રિમાન્ડ આપવાની ના પાડી. એનાં કારણે પૂરાવા નહોતાં એટલે ઘરની અંદર પાછા પકડી લીધા. પહેલાં છોડી દીધા રિમાન્ડ નહીં આપ્યો એટલે. એટલે મેજીસ્ટ્રેટે ટીકા કરી પોલીસની કે આ કેવી રીતે બની શકે મારા ઘરની અંદર કેવી રીતે પકડી એમની સામે કાર્યવાહી કરવામાં આવી.



જેની પાસેથી આનો અમલ કરાવવાનો છે એ લોકો કેવી રીતે આનો અમલ કરશે એ જ મને પોતાને સમજ પડતી નથી. એનાથી આગળ વધીએ તો જેની સામે કાયદેસરનાં પગલાં લેવાનાં હતાં એનું મેં કહયું ત્યારે મને કહે છે કે તમે નામ આપોને ? તો રેકર્ડ શું ધારાસભ્ય રાખે છે એના આવી વ્યકિતઓ કોણ છે એનો રેકર્ડ ધારાસભ્ય રાખે છે ? મે પણ એમને એ પૂછયું કે આ મારી જવાબદારી છે કે પોલીસની જવાબદારી છે ? એવી વ્યકિતઓ પાસેથી ૫૦ હજાર રૂપિયા લેવાયા છે એવી જાતની ફરિયાદ પણ કરી છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત અમલ કરવાની છે તે કેવી રીતે અમલ કરવાની હતી ?

પછી બીજી વાત. હકીકતમાં આવી વ્યકિતઓના પૈસાની આની અંદર જોગવાઈ કરવામાં આવી છે. તેને બદલે એ લોકો પાસેથી પૈસા લે છે, લોકો પાસે વ્યાજે પૈસા., એટલે ફીકસ્ડ ડિપોઝિટો લે છે. એવી વ્યકિતઓ સાથે માજી મુખ્ય મંત્રીશ્રીએ પણ ફોટા પડાવેલા અને તે ફોટાના આધારે કેટલીક ડિપોઝીટો મેળવી છે, એ ડિપોઝીટ મેળવ્યા પછી કરોડો રૂપિયાના કૌંભાંડ થયા છે. આ એ રીતે પ્રજાના પૈસા ગયા છે. પ્રજાના પૈસા ગયા પછી આજે પણ આ પૈસા તેમને પાછા મળતા નથી. તો આવા માણસોની સામે પગલાં લીધાં ? આવા માણસો સામે કોઈ પગલાં લેવાયાં નથી. આજના મુખ્ય મંત્રીશ્રીને હું કહું છું કે તમે આવી બાબતમાં ફોટા પડાવીને ફસાતા નહીં, મેં પહેલાં દિવસે વાંચ્યું કે બીજા જણા કોઈ ભાઈઓની વચ્ચે આજના મુખ્ય મંત્રીશ્રી ઊભેલા હતા અને ફોટો પડાવેલ એટલે, એમણે કહયું હતું કે ફલાણી ભવિષ્યવાણી મેં કહી હતી, આવું મેં વાંચેલું. મુખ્ય મંત્રીશ્રી આપ તો જુવાન છો, એટલે આપ પણ આ જો જો, તમારી ઈમેજ બગડે નહીં. એ રીતે કોઈવાર ફસાતા નહીં. અગાઉના મુખ્ય મંત્રીશ્રીએ તો ફોટા પડાવેલા અને મુશ્કેલી ઊભી થયેલી, તો આવું ન થાંય. એ જોવામાં આવે..

જે અસામાજીક તત્વોની વાત થાય છે એ અસામાજીક તત્વોને વધારે પડતું પ્રોત્સાહન ન મળે અને તેમના તરફ દોરવાનું એ થાય તે માટે આપણા સૌની જવાબદારી છે અને સરકારની પણ જવાબદારી છે. પણ એ તરફ કોણ વળે છે. દારૂના વરલી મટકાનાં અને જુગારના ધંધા તરફ કોણ મળે છે ? યુવાન મિત્રો વળે છે. બેકાર યુવાન મિત્રો જેમને કામધંધો મળતો નથી, રોજી મળતી નથી, વર્ષો સુધી જેમતા નામ એમ્પ્લોયમેન્ટની ઓફિસમાં હોય અને તેમને નોકરી ન મળે એવા લોકો વળતાં હોય છે. તો એમને પણં કંઈક કામ મળે એવું વિચારવું જોઈએ..

માનનીય અધ્યક્ષશ્રી, બીજું પાસપોર્ટ બનાવીને, પરદેશ લઈ જવાની વાત કરીને, અમે તમને પરદેશ લઈ જઈશું એવી વાત કરીને છેતરપિંડીનો ધંધો અનેક લોકો કરી રહયા છે, એમાં કેટલાંક લોકોના પૈસા ગયા., છે. આ રીતે મારા એક મિત્રનો દિકરો ફસાયેલો અને તેના દસ હજાર ગયા હતા. આવા હજારો અને લાખો રૂપિયા અમદાવાદમાં અને બીજેથી ગયા છે. મેં આની તપાસ માટે કહેલું કે આ શું થઈ રહયું છે ? એક વખત એવું બન્યું કે ૩૫ જણા હારતોરા પહેરીને, નાળિયેર લઈ પહોંચી ગયા સ્ટેશન ઉપર. એમને કહેવામાં આવેલ કે તમને જનતામાં ફલાણા નંબરનો ફલાણા નંબરનો ડબ્બો છે એમાં સીટ ફાળવવામાં આવી છે અને ત્યાં ગાડી જ આવશે અને ત્યાંથી ઉપડશે. એટલે તમે ત્યાં હાજર રહેશો, ૩૫ જણા કુટુંબ સાથે

**શ્રી દિનશા પટેલ]**

હારતોરા નાળીયેર લઈને ત્યાં પહોંચ્યા પણ ત્યાં ન મળે. ડબ્બો કે કશું જ ન મળે પણ એમની પાસેથી દસ દસ હજાર ૩૫ જાણા પાસેથી લઈને સાડા ત્રણ લાખ લઈને પેલો માણસ તો પલાયન થઈ ગયો હતો. તો આવા માણસ સામે કોઈ પગલાં ભરવાની આની અંદર કોઈ વાત આવતી નથી જે માણસો આવી રીતે છે. છેતરપિંડી કરતા હોય, પરદેશ લઈ જવાની વાત કરીને, એવા માણસો સામે પગલાં ભરાય તો હું માનું છું કે સાચું પગલું ભર્યું ગણાય. હકીકતમાં ગુંડાને આમાથી વધારે પ્રોત્સાહન મળે છે. અને જે નિર્દોષ લોકો છે તે છે તે આજે પણ દંડાય છે અને તેમને પૂરવામાં આવે છે. જ્યારે જે લોકો આવા ધંધા કરે છે તે બહાર છે. તો આની તપાસ થાય કે હકીકતમાં શું બની રહયું છે અને જેનો અમલ કરવાનો છે. એનો સાચી રીતે અમલ કર્યો છે કે કેમ ? એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એટલું જ કહેવાનું છે કે આમાં કેટલાક સુધારા સૂચવ્યા છે, અગત્યના સૂચવ્યાં છે, એની અંદર પણ મે એમ કહયું હતું કે પોલીસને સંજોગોવસાત દસ દિવસની મર્યાદા શા માટે આપવામાં આવી છે? પણ આમાં સુધારો કર્યો છે કે સાત દિવસનો કર્યો સાત દિવસ પણ પોલીસને શા માટે આપવા જોઈએ જ્યારે એની પાસે પૂરેપુરી માહિતી હોય ત્રણ વર્ષનું રેકર્ડ તપાસવાની વાત છે, ત્રણ વર્ષ પછી જો એની સામે ગુનો દાખલ કરવાનો હોય તો સાત દિવસ આપવાની જરૂર શું છે? હું તો કહું છું કે તે જ દિવસે એના કાગળ પ્રોડયુસ કરવા જોઈએ પછી જેટલી પોલીસની મર્યાદા વધારો, જેટલી છુટછાટ આમાં આપવામાં આવશે એટલી મુશ્કેલી વધારે થવાની છે તો આ બાબતમાં મુખ્ય મંત્રીશ્રી વિચારે એવી ખાસ વિનંતી છે.

(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

માનનીય અધ્યક્ષશ્રી, જમીનના બાંધ... કામની વાત છે એ સારી વાત છે. હકીક... સુધારો કર્યો છે. એ સારી વાત છે. પરં... જે ગવર્નમેન્ટ લેન્ડ છે અને મ્યુનિસિપલ... જમીનો છે, આવી જમીનો ઉપર બાં... બાંધકામ થયું છે એ બાંધકામનું ગેરકાયદેસર... થતું જ હોય છે. ત્યાં...

**બપોરના ૨-૦૦]** ઝુંપડા બંધાય છે. એક... ઝુંપડું બીજાને વેચાય છે... અને બીજું ત્રીજાને વેચાય છે. આવી જાત... પણ થતું હોય છે. તો એ વાતનો નિકાલ... થશે નહીં. તો પોલીસ એનો દુરુપયોગ... કરશે. અત્યારે તો મોટા ભાગે શહેરો... અંદર નાના નાના નગરો છે. એની અંદ... સરકારી જમીન છે, પડતર જમીન છે... એવી જગાએ ઝુંપડા બંધાયેલા હોય છે... નાના નાનાં મકાનો ગેરકાયદેસર રીતે બાં... યેલાં છે. તેનો ઉપયોગ આવતી કાલે... ન થઈ જાય અને પોલીસ એનો દુરપયોગ... કરે તેવી પણ જો કાળજી લેવામાં આવે... તો સારૂ. એ ગરીબ માણસો છે, તેમ... પાસે કશું જ છે નહિ. આવા માણસો... વસેલા છે એ રોડની ધાર ઉપર વસે... છે તેવા માણસોને નુકસાન થાય એ ત... લક્ષ દેવાય અને આટલી બાબત વિચા... તેવી વિનંતી સાથે વિરમું છુ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આમાં એક મર્યાદા કા... કાજ સલાહકાર સમિતિમાં બહું સ્પષ્ટ... સ્વીકારી લેવામાં આવી છે. તેનાથી... સૌ જાણકાર છો. તે એ કે રિસેસ પ... આ બિલ પસાર થવું જોઈએ. પુરૂ કર... કહી મેં જોયું છે કે સભ્યશ્રીઓ... એક જ મિનિટ પણ ૫-૫ મિનિટ લે... એક સભ્યશ્રીએ લગભગ અડધો ક... લીધો. એટલે, આવું તો દરેક ...



**[અધ્યક્ષશ્રી ]**

...ય છે. આમાં પોતપોતાની વાતો દરેક ...લે જો કરવી હોય તો સાત સાત દિવસ ...સુધી ચર્ચા ચાલે તો પણ આ બિલ પુરૂ ...શ્રાય (અંતરાય) દરેક જણ એક એક ...મિનિટ કહે છે. દરેક જણ એક એક કહે ...છે. બે તો વાગી ગયા, પછી એ પુરૂં ક્યારે ...થાય! (અંતરાય) પછી તેનો અર્થ જ ...રહે તે આપે સમજવું જોઈએ. જે સભ્યશ્રી ...કામકાજ સલાહકાર સમિતિમાં બેસતા હોય ...એમણે આપને સૂચના આપવી જોઈએ. ...ને એમની જવાબદારી છે, પછી તો સમજવું ...જોઈએ, એ કેમ ચાલે? (અંતરાય) બે ...મિનિટ તમે કહો છો તેવું દરેક જણ કહે ...છે. તમે એકલા કહેતા હો તો સવાલ નથી. ...તમે કહો છો અને આ બીજા પણ છેને? ...જુઓને તમે એકલા નથી, તમે એકલા હોત ...તો બે મિનિટ માટે તો મને કોઈ વાંધો નથી ...(અંતરાય) કોઈ બે મિનિટમાં પૂરૂં કરતા નથી, ...(અંતરાય) માનનીય અશોક ભાઈ, આપ ...રહેતા જ નથી. પછી સવાલ જ નથી. ...(અંતરાય) હા, બરાબર છે. જે પક્ષને એક તક ...મળી છે. તેમને ફરીથી ન મળે, જે પક્ષના ...સભ્યોને ન મળી હોય તેને જ મળેને.

**શ્રી કરમશીભાઈ કા. મકવાણા (ચોટીલા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર તરફથી અસામાજીક પ્રવૃતિ અટકાવવા બાબતનું જે આ વિધેયક લાવવામાં આવ્યું છે તેનું ...હાર્દિક સમર્થન કરૂ છું. એટલા માટે સમર્થન કરૂ છું કે કેટલાક વખતથી ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી અત્યંત ખરાબ થઈ હતી. અને ગામડામાં જીવન અશાંત અને અસલામત બની ગયું હતું એટલા માટે આ કાયદામાં જે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે તેનાથી લોકોને રાહત મળશે ખેડૂતોને રાહત મળશે, તેમ હું માનું છું અને તેથી આ બિલનું સમર્થન કરૂ છું. પરંતુ આ બિલની અંદર સૌરાષ્ટ્ર અને ગુજરાતની અંદર પણ માલધારી ભાઈઓ તરફથી ખેતીને જે જબરજસ્ત નુકસાન કરવામાં આવી રહયું છે તેની આમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. હું બે-ત્રણ મિનિટમાં જ પતાવી દઈશ.

**અધ્યક્ષશ્રી :** આપના મુદ્દા આવી ગયા.

**શ્રી કરમશીભાઈ કા. મકવાણા :** સાહેબ, દશ વર્ષના આંકડાઓ કાઢો કે માલધારીઓના ઢોર કેટલા ડબ્બે પૂરાવ્યા. માલધારીઓ તરફથી કેટલા ખૂન કરવામાં આવ્યા. એક મહેસાણાની અંદર બે વર્ષની અંદર લગભગ ૧૭૫૫ ખૂનો થયાં છે. તો આ તરફ હું સરકારશ્રીનું ધ્યાન દોરૂ છું અને ઈચ્છુ છું કે અત્યારે નહિ તો ભવિષ્યમાં જ્યારે સરકારને અનુકુળ લાગે ત્યારે પણ ખેતી ઉપર જે જબરજસ્ત આક્રમણ થાય છે અને રાષ્ટ્રને મોટું નુકસાન કરવામાં આવી રહયું છે તે તરફ ધ્યાન આપે તેવી વિનંતી છે.

**શ્રી અમરતલાલ ગ. અગારા (મોરબી) :** હું મારા મોરબીની બાબતમાં કહેવા માગું છું કે ત્યાંના સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે રહીને અસામાજીક પ્રવૃતિ ચલાવે છે. એ બાબતમાં મે પણ પત્રો લખ્યાં ૫-૫ માસ થયા. પોલીસ અધિકારીઓ સાથે રહીને દારૂના ભઠ્ઠા ચલાવે છે. જુગારના અડ્ડા ચલાવે છે. અને તેના કારણે હું ચુંટાયો છું તેમ હું સ્પષ્ટપણે કહું છું. માનનીય મંત્રીશ્રીને પણ અગાઉ મેં વાત કરેલી છે આ પ્રવૃતિ તાત્કાલિક અટકે, પોલીસ અધિકારીની બદલી થાય તે જરૂરી છે. આ અસામાજીક પ્રવૃતિ જાહેર ચોકમાં

**શ્રી અમરતલાલ મ. અગારા ]**

પણ ચાલે છે. જુગાર રમાય છે. અત્યારે પણ રમતા હોય છે.

**અધ્યક્ષશ્રી:** તેને કારણે આપ ચૂંટાયા છો ?

**શ્રી અમરતલાલ ગ. અગારા :** મારે એ ચાલું રાખવા દેવું નથી. ભલે હું બીજી વખતે ન ચૂંટાઉં તો પણ જો આ અસામાજીક પ્રવૃતિ સતત ચાલશે તો આ કાયદો તંત્ર વધુ યોગ્ય પ્રમાણમાં ચાલુ નહિ રહે. મને દહેશત છે કે મોરબીની અંદર પોલીસ નહિ હોય તો ચાલશે મોરબીના બધા લોકો છે. અમે પણ પોલીસ વગર ચલાવી લેશું. પણ જો અસામાજીક પ્રવૃતિ ચાલે તો દારૂડિયા અને જુગારિયાઓ જ હશે.

**શ્રી પ્રકાશચંદ્ર ક. બ્રહ્મભટ્ટ** (સાવલી) : **માનનીય** અધ્યક્ષશ્રી આ બિલ અંગે એટલું જ કહી શકાય કે આ દેશની આઝાદી અને તેમાંયે ગુજરાતના રાજકારણ પછી મોંઘવારી વધી છે. એટલે કે અનાજ, તેલ, ખાંડ, ઘી, વગેરેના ભાવો વધ્યા છે. અને લોકોને સસ્તુ જોઈએ છે. એ જ રીતે સરકારે વધારાની ભાવના ચાલુ રાખી અને આ રાજયની અંદર ગુંડાઓ વધ્યા અને આ ધારો લાવવો પડયો. એ આ રાજયની કમનસીબી છે. ગાંધીજીને ઉપર જઈને પણ ઉંઘ નહિ આવતી હોય એવી દશા ગુજરાતની ગત પાંચ વર્ષની સરકારે કરી છે. એ વાસ્તવિક છે. ગુજરાતનું પોલીસ તંત્ર છે. એની પાસે કોઈ ઈન્ડિયન પીનલ કોડની બધી જ કલમો યોગ્ય રીતે બરાબર છે. એમાં દારૂના ધંધો અટકાવવો હોય તો અટકાવી શકાય. પોલીસ ખાતાના હાથમાં આ કાયદો છે.

**અધ્યક્ષશ્રી :** આપનાં સૂચનો હોય તે કહો. ગાંધીજીને ઉંઘ આવતી હશે, કે કેમ એ આપને ખબર નથી. એમ મને પણ ખબર નથી.

**શ્રી પ્રકાશચંદ્ર ક. બ્રહ્મભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસતંત્રને સોંપવામાં આવશે એટલે તાલુકે તાલુકે એના હપ્તા વધી શકે..

**શ્રી વજુભાઈ વાળા** (રાજકોટ-૨) માનનીય અધ્યક્ષશ્રી, અનેક લોકો કહે એ પ્રમાણે મારે સરકારને એક જ સૂચન કરવાનું બાકી છે કે પાર્લામેન્ટની અંદર પણ મીસાનો ઉપયોગ રાજકીય લોકો સામે નહિ થાય એવી બાંયધરી આપ્યા પછી રાષ્ટ્ર પ્રેમી લોકો અને જેમાંથે ભૂતકાળની અંદર રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો હોય એવા લોકોની સામે જ ઉપયોગ થયો છે અને આ રીતે ગુજરાત ગવર્નમેન્ટ તેનો રાજકીય ઉપયોગ ન કરે. એટલું જ મારૂ સૂચન છે.

**શ્રી હેમતભાઈ રા. માડમ (ખંભાળીયા)** માનનીય અધ્યક્ષશ્રી આ બિલ માનનીય મુખ્ય મંત્રીશ્રી લાવ્યા છે ત્યારે એક વાત ચોકકસ કહીશ કે ગુંડા કોણ છે. અને દારૂ કોણ વેચે છે. એ પોલીસ નકકી કરવાની છે. ગઈ મિનિસ્ટ્રીમાં [ ***] નામ બોલાનું હતું એને પણ કેવી રીતે અંદર રાખી દેવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી :** કોઈનું નામ ન બોલી શકાય. એ નામ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

---

[***] આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા છે.



**શ્રી હેમતભાઈ રા. માડમ :** માનનીય અધ્યક્ષશ્રી, એવા માણસોને પણ રાજકીય ... પોલીસ નકકી કરીને પકડવાની છે. ... તો આ કાયદાનો મીસ-યુઝ કરે ... અધિકારી તો એની સામે પણ કંઈક ... આમાં કરવી જોઈએ. એવું મારું સૂચન છે.

**શ્રી અશોક ભટ્ટ (ખાડિયા) :** માનનીય અધ્યક્ષશ્રી, તા. ૪થી જુલાઈએ મારા પ્રસ્તાવ ... અને આ વિધેયક ઉપર એક સાથે ચર્ચા ... થઈ ત્યારથી માંડીને અત્યારસુધીમાં ... યુગ જતો રહયો. હું જયારે શરૂઆત ... હતો ત્યારે આ રાજયની અંદર સોલંકી યુગ ચાલતો હતો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી હું ૭ મિનિટમાં પૂરૂ કરીશ. હું ... વાત કરતો હતો કે ગઈ ચોથી જુલાઈથી આજ સુધીમાં સોલંકી યુગ પૂરો થયો છે. ... વખતે ગૃહ મંત્રીશ્રીએ જે રીતે આ બિલની રજુઆત કરી અને એ પછી આજે જે પરિસ્થિતિ આવી એમાં વચ્ચેના દિવસોની અંદર આ જ ગૃહની અંદર ૩ દિવસ પહેલાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પ્રસ્તાવ લાવીને જણાવ્યું હતું કે જે ભયજનક વ્યકિત છે. સમાજમાં જે રાષ્ટ્રદ્રોહી વ્યકિત છે. એમની સામે નિર્દય રીતે પગલાં ભરો. આવો આદેશ સરકારને આ ગૃહે આપ્યો છે. આ વિધેયક પસાર કરીને સરકારના હાથમાં સત્તા મૂકીએ છીએ કે જેથી આવતી કાલથી આવતા દિવસોની અંદર શૌંતિના અને સુખના અને ચેનના દિવસો આવે અને આવી પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે જે પરિસ્થિતિ સર્જવાની જરૂર છે. એ માટેનું એક શસ્ત્ર સરકારના હાથમાં મૂકાય જેમ ગાંડિવ વિના અર્જુન ન હોય એમ ગૃહ મંત્રીશ્રી પણ આવા કાયદા વિનાના ન હોય એવી પરિસ્થિતિ રાજયની અંદર થઈ જાય ત્યારે રાજય સરકાર એમ ન કહી શકે કે અમારી પાસે આ ગુંડા વિરોધી ધારો ન હતો અને એટલા માટે અમે ગુંડાને કાબૂમાં રાખી શકયા નથી એવા શુભ હેતુથી આજે આ પરિસ્થિતિ સર્જાઈ છે. એ પરિસ્થિતિમાં આ પ્રસ્તાવ રજૂ કરેલ છે. એમાં જે પ્રવચન કરેલ હતું અને આજે પ્રવચન કરેલ છે. તેની પાછળનો હેતુ એટલો જ છે કે એ દિશામા મે કહયું હતું અને આજે પણ એ વાતને વળગી રહું છું. કે રાજયમાં જે ભય જનક વ્યકિતઓ છે. એમને કાબુમાં લેવા આ કાયદાનો સરકાર ઉપયોગ કરે એમાં મારી કોઈ ના નથી. પરંતુ સરકાર જયારે કાયદો કરતી હોય છે. અને તેમાં ભયજનક વ્યકિતઓનિ સામે પગલાં ભરતી હોય છે. ત્યારે પરિસ્થિતિ એ પેદા થાય છે કે જાણ્યે અજાણ્યે રાજયનું પોલીસ તંત્ર જેના હાથમાં આ કાયદો મૂકવાનો છે. એણે વરૂઓને બહાર રાખ્યા છે. અને ઉંદરડા પકડયા છે. એટલે વરૂઓ અંદર જાય અને ઉંદરડા પકડવાની પાછળ પોલીસ તંત્ર સમય ન બગાડે એટલું જ હું આપની દ્વારા સરકારને કહું છું. સરકાર પાસે આજે સૌથી વધારે જો ભયંકર ગુજરાતની સ્થિતિ અને અમદાવાદની પરિસ્થિતિ આવી હોય તો તે ભયજનક શસ્ત્રો કરતાં આવા માનવીઓની છે. એમાં પણ સરકારે એક કાયદો કર્યો અને એક હુકમનો અમલ કર્યો. હું આપની દ્વારા સરકારશ્રીને કહું છું કે એમણે હુકમ કર્યો આદેશ આપ્યો કે ભયજનક શસ્ત્રો જેના છે, જે પરવાના ધરાવતા લાયસન્સદારો છે, એમણે લાયસન્સ જમા કરાવી દેવાં પંરતુ આ લાયસન્સ ઉપર એમને જે બુલેટો મળે છે. એની ચોપડી સરકારશ્રીએ જમા કરાવવાના હુકમો ન કર્યા પરિણામે સરકારનું જે પોલીસ તંત્ર છે એણે ખાળે ડુચા માર્યા અને દરવાજા ખુલ્લા રાખ્યા આજે જે ભયનજક વિદેશી શસ્ત્રો અથવા તો દેશી શસ્ત્રો ગુજરાતમાં

શ્રી અશોક ભટ્ટ ]

અને અમદાવાદમાં વપરાય છે. એની જે બુલેટો છે, એ આ જે બૂક છે, કવોટા છે, બુક છે. એના ઉપરથી મળે છે. એટલે સરકારશ્રીએ કાયદાનો અમલ કરે ત્યારે એવી પરિસ્થિતી ન રાખે કે ખાળે ડુચા મારે અને દરવાજા મોકળા રાખે. રાજ્યની અંદર અને અમદાવાદની અંદર લોકો શસ્ત્રો વેચનારા પરવાનેદાર છે. એમની પાસેથી સરકાર માહિતી મેળવે કે આ ચાર મહિના દરમિયાન કેટલા લોકો બુલેટો લઈ ગયા. એના ઉપરથી તપાસ કરવામા આવશે તો આ ગોળીઓ કયાંથી આવે છે. શસ્ત્રો કયાંથી આવે છે. એનું પગેરૂ મળશે એટલા માટે સરકારને કહું છું કે જે સરકારને કાંઇ કરવું હોય તે કરે તેની ના નથી. પરંતુ કાયદાનો સદબુધ્ધિપૂર્વક અને વિવેકપૂર્વક ઉપયોગ કરે તે મારી સરકારશ્રી પાસે માગણી છે. અમદાવાદ શહેરમાં જે બોંબ વર્ષા થઇ રહી છે. ચોથી જુલાઇ પછી તે યાદ કરો કાયદાની વાત કરતો હતો અને પ્રસ્તાવ રજુ કરતો હતો ત્યારથી અને આજની પરિસ્થિતિની સરખામણી કરો તો પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે. બોંબ ફૂટવાના બનાવો અમદાવાદમાં આજે ઘટતાં નથી. ચાકું મારવાના બનાવો અમદાવાદમાં ઘટતાં નથી જે પગલાં સરકાર દ્વારા ભરવામા આવ્યા છે અટકાયતી ધારાનો જે ઉપયોગ કરવામા આવ્યો છે. એ દિશામા પણ મારે એક વાતનો સ્વિકાર કરવો જોઇએ. કે સરકારે આ પાટલી કે પેલી પાટલીનો ભેદભાવ જે પહેલા ભૂતકાળની સરકાર રાખતી હતી, તે રાખ્યો નથી. હમણાં જે થોડાક અઠવાડિયામાં જે ધરપકડના પગલાં ભર્યા છે એ પગલાં પણ શાંતિના દિવસો તરફ લઇ જનારાં છે. અટલા માટે હું કહું છું કે ગયો યુગ સોલંકી યુગ હતો અને આ યુગ જે નવો યુગ શરૂ થયો છે. પાંચ વર્ષ માટે તે અમરસિહ ભાઇ અથવા તો ચૌધરી યુગ શરૂ થયો છે. હું સમીક્ષા કરતો હતો ત્યારના ગૃહ મંત્રીશ્રી અમરસિંહભાઈના જવાબ અને આજના મુખ્ય મંત્રીશ્રી અમરસિહ ભાઇનો જવાબ એ બે વચ્ચે ફેર છે. એમણે એમ કહયું કે આ સભાગૃહમાં અમણે એમ કહયું કે, ૧૨ના ટકોરા પહેલાંની વાત આપણે ભૂલી જઈએ અને ૧૨ ટકોરા પછીની આ વાતો આપણે યાદ રાખીએ. આ એમની શીખ અને એમની વિનંતી આ એમનો અનુભવ એ આ સભાગૃહના આ હવામાનમાં છે અને એટલા માટે એમણે જે ૧૨ના ટકોરા વાગવાનું કહ્યું છે એ ૧૨ના ટકોરા......

અધ્યક્ષશ્રી : જે માનનીય સભ્યશ્રીઓ આ તરફથી બોલ્યા એ બધા ૧૨ના ટકોરા પાછળનું જ બોલ્યા છે, પછીનું કોઇ બોલ્યા નથી.

શ્રી અશોક ભટ્ટ : એ બધા પોતાના વિસ્તારની વાત કરે હું એ વાત ઉપર આવું છું. મુખ્ય મંત્રીશ્રીને વધારે માહિતી પૂરી પાડવાના હેતુથી કહું છું. એમણે પોતાના મત વિસ્તારમા બનતી જે વિગતો તેની માહિતી એમણે આપી છે. અને એ બધાને સભ્યશ્રીઓએ મારા પ્રસ્તાવના સમર્થનમાં રાજ્યમાં અસામાજીક પ્રવૃતિઓ કેવી રીતે વ્યાપક બની છે એનું એક ચિત્ર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

મારા પ્રસ્તાવના સમર્થનમાં જે સભ્યોએ આ ચર્ચામાં ભાગ લીધો છે. એમનો હું આભારી છું. સામી પાટલીઓથી મારા વિસ્તારની વિરૂધમાં નહીં બોલીને, કારણ કે મૌન એ પણ એક જાતની સંમતિ ગણાય. એવી મૂંગી સંમતિ જેમણે મારા પ્રસ્તાવને આપી છે, એ મૂક સંમતિ



શ્રી અશોક ભટ્ટ ]

ઘણા ઘણા લોકો બોલી શકે એમ છે. એમ નથી બોલ્યા અને મૂક સંમતિ એટલા માટે આપી છે કે આ પ્રસ્તાવ આ બિલ પસાર થયા પછી રાજ્યની સરકાર એનો રાજકીય ઉપયોગ ન કરે. ગુંડાગીરી અને અસામાજીક પ્રવૃતિને ડામવા માટે સરકાર ...ક પગલાં ભરે. આ આની અંદર જોગ-...ઇ થયેલી છે. અને આ કાયદો, આ ...વિચાર યોગ્ય રીતે સરકાર અને સરકારનું પોલીસતંત્ર વાપરશે એવી સારી આપના દ્વારા સરકારને વિનંતી છે. ભાઇશ્રી દિનશા પટેલ અને બાકીના સભ્યોએ જે વાત પોલીસતંત્ર માટે કરી તે અંગે રાજ્યના ગૃહ મંત્રાલયે વિશેપ કરીને ધ્યાન રાખવું પડશે ...લોકો આજે બહાર છે. એ શા માટે બહાર ...છે? કેટલાં અસામાજીક તત્વો છે. એની યાદી સરકારની પાસે નથી? સરકાર એ ...તી નથી? હું એટલા માટે ગૃહ મંત્રી-શ્રીને વિનંતી કરૂ છું કે દરેક વિસ્તારના એસ.પી. ઓ. પાસે પોતાના વિસ્તારની માહિતી હોય છે. અને આખા રાજ્યની અંદર સોએક જેટલાં એવા લોકો છે કે જેની યાદી સરકારની પાસે છે તે યાદી ના આધારે એ સો લોકોને પૂરે તો હજાર લોકોને પૂરવાની જરૂર પડે તેમ નથી. આવા અસામાજીક તત્વો અને બુટલેગરો અને ભયજનક પ્રવૃતિ કરનારી વ્યકિતઓ છે એ બહાર ન રહી જાય અને માત્ર ઉંદરડા ...પકડાય એ દિશામાં સરકાર પગલાં ભરે એટલી વિનંતી કરીને હું ફરીથી સરકારને કહું છું કે આવું કાયદાનું શસ્ત્ર આપની પાસે મૂકયું ત્યારે દાનવીય પરિબળો રાજ્યની અંદર વ્યાપક પ્રમાણમાં વિદેશી ધન મેળવીને વિદેશી સહકાર મેળવીને અથવા તો વિદેશી તાલીમ મેળવીને જે ગુજરાતના અર્થતંત્રને ખતમ કરી નાખવાની દિશામાં આગળ આવતાં હોય તો અમે, આપને, આ સભાગૃહની અંદર આપ માગો છો એવું શસ્ત્ર આપીએ છીએ. આ શસ્ત્ર નિષ્ફળ ન જાય એટલી આપના દ્વારા સરકારને વિનંતી કરૂં છું.

ફરીથી કહું છું કે આ શસ્ત્ર ગુજરાતની અંદર શાંતિ સ્થાપવા માટે વાપરે વૃત્રાસૂર જેવા રાક્ષસો જે રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં ફાલ્યા હોય તેને ખતમ કરી નાંખવાની દિશામાં મુખ્ય મંત્રીશ્રી પોતાની તાકાત બતાવે, એવી તાકાત આપતા પરિબળ તરીકે એ બહાર આવે, આશા છે કે તેઓ રાજ્યની અંદર શાંતિ સ્થાપશે. એમની જે ભાવના છે, આ સભાગૃહની ભાવના છે. અને રાજ્યની પ્રજાની ભાવના છે. એ માટે, તેઓ સક્ષમ નીવડે અને કોઇ પરિબળ એમના ઉપર આવતાં હોય તો એ દબાણથી દબાય નહીં. એવી મારી આપના દ્વારા એમને વિનંતી છે.

શ્રી અમરસિંહ ભી. ચૌધરી (મુખ્ય-મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ વિશે અને માનનીય શ્રી અશોકભાઈના પ્રસ્તાવ અંગે આ સભાગૃહની અંદર લગભગ ૧૯ જેટલા સભ્યશ્રીઓએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા છે.

છેલ્લે છેલ્લે શ્રી અશોકભાઈએ કહયું કે આ શસ્ત્ર જે સરકારને આપવામાં આવે છે એ શસ્ત્રનો જાણ્યે-અજાણ્યે એવો ઉપયોગ ન થાય કે જેને પરિણામે કોઈ નિર્દોષને નુક-શાન થાય, અને કોઈ દોષિત છટકી જાય એ ખાસ જોવું જોઈએ. આ બાબત સરકાર હંમેશા ધ્યાનમાં રાખવા માગે છે. આ બિલને બન્ને બાજુથી આવકાર મળ્યો છે, તેની પાછળનાં કારણો આપ સારી રીતે જાણો છો કે આ બિલ અંગે માગણી આ પક્ષના, બીજા પક્ષના અને બધા પક્ષોના સભ્યોની

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી ]**

ઘણા વખતથી હતી અને લગભગ સર્વાનુમતિ હતી કે રાજયમાં આવો કોઈ કાયદો હોવો જોઈએ કે જે કાયદા નીચે અસામાજિક તત્વો છે જે નિર્દોષ નાગરિકોને રંજાડે છે, એવા નાગરિકોને, એવા તત્વોને જેર કરી શકાય અને નાગરિકોને ભયમુકત કરી શકાય. એ માટે આમાં લખવામાં આવ્યું છે અને એટલા માટે આ બિલ જયારે ઘડાયું ત્યારે આ બિલ સાથે બેસીને ઘડવામાં આવેલું વિરોધપક્ષના તે વખતના નેતાઓ સાથે બેસીને, તેમની સાથે ચર્ચા-વિચારણા કરીને, આ બિલની અંદર શું શું જોગવાઈ કરવી જોઈએ એ બધી જોગવાઈ એ વખતે કરવામાં આવેલી છે. છતાં માનનીય અધ્યક્ષશ્રી સંભવ છે કે માનનીય સભ્યશ્રી કેસુભાઈએ કહયું તેમ એ વખતે જે મુદ્દાની ચર્ચા થઈ હતી એમાનો કોઈ મુદ્દો બાકી રહી ગયો હોય તેમ છતાં તેનું જે હાર્દ હતું એ તો સ્વીકારવામાં આવેલ છે. એ તો સરકારે કર્યું જ છે. એટલા માટે કદાચ બંને પક્ષના સભ્યશ્રીઓએ માત્ર આ બિલમાં રચનાત્મક સૂચનો જ કર્યા છે. સ્વાભાવિક છે કે માનનીય સભ્યશ્રીઓએ પોતાના મત વિસ્તારોની વાતો અહીંયા રજૂ કરી, માનનીય સભ્યશ્રી ભોળાભાઈ વગેરેએ વિસ્તૃત પ્રમાણમાં પોતાના મત વિસ્તારોની વાતો રજૂ કરી. કરમશીભાઈએ તેમના વિસ્તારનો એક સળગતો પ્રશ્ન છે તેમ કહયું અને દર વર્ષે ચોમાસું શરૂ થાય અને તેમનો પ્રશ્ન ઉભો થાય છે, તેવો પ્રશ્ન છે એ વિસ્તારનો. તેમણે પણ રજૂઆત કરી એ સ્વાભાવિક છે. પણ માનનીય બધા સભ્યશ્રીઓની એ લાગણી છે કે આ કાયદાનો ઉપયોગ સરકારે બરાબર રીતે કરીને અસામાજિક તત્વોને ડામી દેવા જોઈએ.

એક વાત એવી પણ થઈ કે કેટલાક વ્હાઈટ કોલર્ડ અસામાજિક તત્વો કે જે તત્વો કેટલાક શોફિસ્ટીકેટેડ નાગરિકોની આજુબાજુ રહીને અથવા તો તેમની સાથે ના મેળાપીપણામાં રહીને કેટલીક એવી પ્રવૃત્તિઓ કરે છે કે જેની માહિતી કેટલીક વખત જે આગેવાનોની આજુબાજુ એવાં તત્વો હોય છે એ આગેવાનોને પણ હોતી નથી. અને જયારે તેનો ભાંડો ફૂટે છે ત્યારે જ ખબર પડે છે. જયારે વાત બહાર આવે છે ત્યારે જ ખબર પડે છે કે કયાં તત્વો કોની જોડે હતાં. ત્યારે જ તેની પણ ખબર પડે છે તેવી વાતો પણ થઈ. એ વાત નકારી શકાય તેમ નથી. કારણ કે માણસ એક સામાજિક પ્રાણી છે અને સામાજિક પ્રાણી હોવાને નાતે તેને સંબંધો રાખવા જ પડે છે કોઈને કોઈની જોડે અને સંબંધો રાખતી વખતે તેવું કોઈ બેરોમિટર હોતું નથી, તેવું કોઈ મિટર હોતું નથી કે આ વ્યકિત કોણ છે અને આ વ્યકિતના મનમાં શું છે? એવી વ્યકિત કયાં ધંધો કરે છે અને કયા ધંધામાં સંડોવાયેલી છે. પણ એક વાત નિશ્ચિત છે કે વ્યકિત કે આગેવાનોને જયારે ખબર પડે કે આ વ્યકિત સાથે સંબંધ રાખવા જેવો નથી,અથવા દોસ્તી દાખવા જેવી નથી તેની સાથે બેસવા જેવું નથી, ત્યારે સારી વ્યકિત જો તેની સાથેની દોસ્તી છોડી દે, તેની સાથેના સંબંધો બંધ કરી દે, તો તે વ્યકિત સાચી વ્યકિત કહી શકાય. આટલી બાબતોનો ખ્યાલ બધી વ્યકિતઓએ રાખવો પડશે. કયારેક કેટલીક વ્યકિત એનો ખ્યાલ રાખતી નથી જાણી બુઝીને રાખતી નથી કેટલીક વખત એવું બને છે પણ એ ખ્યાલ રાખવું પડશે.

ત્યારપછી કેટલાક દાખલાઓ પણ અપાયા કે સરકાર જાણી બુઝીને કેટલાંક કિસ્સાઓ દબાવવા માટે પ્રયત્ન કરે છે. એક તો બહુ જુના કિસ્સાનો દાખલો આપીને



**શ્રી અમરસિંહ ભી. ચૌધરી ]**

માનનીય સભ્યશ્રી અશોકભાઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ એમ કહયું કે એક કોંગ્રેસના આગેવાન મિ. વસાવાનું ખૂન થયું અને એ ખૂનની તપાસ પોલીસે જાણી બુઝીને કરી નથી અને જયારે દિલ્હીથી કહેવામાં આવ્યું ત્યારે તેની તપાસ કરી. તે વસ્તુ બરાબર નથી. એ મારા વિભાગના એક નિગમના ચેરમેન હતા. એની તપાસ કરવામાં કોઈ કમી નથી રાખી. પણ કોઈક વખત એવું બને કે કાગને બેસવું અને ડાળને પડવું. એવું બની જાય છે કે કોઈ દિલ્હીમાં રજૂઆત કરે અગર આ છાપામાં આવે અને બીજી બાજુ અઠવાડિયા પછી ધરપકડ પણ થાય એટલે કો-ઈન્સિડન્ટ આવા ઘણાં બનતા હોય છે. પણ એ વાતને કઈ આપણી સરકાર જાણી બુઝીને કરતી હતી તેવું માનવાને કોઈ કારણ નથી, કારણ કે સરકારની એ ફરજ છે કે આવું ખૂન જયારે બને ત્યારે તેની તપાસ પૂરેપૂરી કરવી જોઈએ. માનનીય ધારાસભ્ય શ્રી અશોકભાઈએ એમ પણ કહયું કે હું માહિતી આપું છું ત્યારે મને ઘણી વખત ઉતારી પાડવામાં આવે છે. ઉતારી પાડવાના શબ્દો વાપર્યા, તો ઉતારી પાડવાની કોશિષ કદાચ ન થાય પણ મજાકમાં ઘણી વખત એમ કહયું હશે કે માનનીય અશોકભાઈ જે માહિતી રાખે છે એટલી માહિતી કદાચ મારા ખાતા પાસે નથી હોતી એવું મેં ઘણી વખત કહયું હશે અને એ સારી વાત છે, માહિતી રાખવી એ કોઈ ગુનો નથી એ સારી બાબત છે અને માહિતીનો ઉપયોગ કરી શકાય, એને કાઈ પાસ ઓન કરે એ પણ સારી વાત છે. માનનીય બાબુભાઈએ કોઈ માહિતી મને પાસ ઓન કરી હોય એ માહિતીનો ઉપયોગ મે બરાબર કર્યો છે. માનનીય અશોકભાઈની માહિતીનો પણ ઉપયોગ કર્યો છે. એટલે બાબુભાઈ તો હિંમત ઘણી વખત બતાવી દેતા હોય છે.

ત્યારપછી માનનીય સભ્યશ્રીઓ તરફથી એક સંદેહ અહીંયા વારંવાર એ વ્યકત કરવામાં આવેલ છે કે આ કાયદાનો રાજકીય ઉપયોગ તો નહિ થાય ને ? આ કાયદાનો ઉપયોગ વ્યકિત સ્વાતંત્ર્યને રૂંધવા માટે તો નહિ થાય ને ? આવા શબ્દપ્રયોગો કરવામાં આવ્યા છે. વારંવાર મેં આ સભાગૃહમાં કહયું છે કે એને માટે આ કાયદાનો ઉપયોગ થવાનો નથી. સાથેસાથે એક ચોખવટ હું એ પણ કરવા માગું છું કારણ કે માનનીય શ્રી અશોકભાઈએ એમાં એક સુધારો સૂચવેલ છે. એ સુધારાના શબ્દો મેં જોયા. તો એમાં એમ છે કે કોઈપણ રાજકીય પક્ષનો સભ્ય હોય અને એ શાંતિથી પ્રવૃત્તિ કરતો હોય તો એની સામે આ કાયદાનો ઉપયોગ કરવો જોઈએ નહિ. એમની એ વાત બિલકુલ વાજબી છે. પરંતુ ગઈ વખતે કયાં એનો દુરુપયોગ થયો છે એ આપણે કહી શકીએ એમ છીએ. ઘણી વખત એમ બનતું હોય છે કે મોટામાં મોટો બુટલેગર, અસામાજિક તત્વ અથવા તો ગુંડો હોય એને જયારે આ ખબર પડશે ત્યારે એ કોઈપણ રાજકીય પક્ષનો આશ્રય લેવા માટે એક રૂપિયો ભરીને એની પાવતી બતાવશે અને સભ્ય તરીકે એનો ઉપયોગ કરશે. કેટલાક લોકો તો આવી પાવતી મઢાવીને રાખતા હોય છે. જેને એનો ઉપયોગ એ રીતે કરવાનો હોય છે એ તો આને કાચમાં મઢાવીને રાખતા હોય છે, કહેતા હોય છે કે હું ફલાણા પક્ષનો સભ્ય છું એટલે મારી સામે કોઈ પગલાં લેવાવાનાં નથી. એવી વાત કરશે.

**અધ્યક્ષશ્રી :** આપની પાસે આવી ફ્રેમમાં મઢીને કેટલી વ્યકિતઓ છે ?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ કાયદાનો ઉપયોગ બરાબર થવા માંડશે ત્યારે આવશે. એમ મને

લાગે છે. એટલા માટે આવા જે કોઈ હોય તે માત્ર પક્ષના સભ્ય છે એટલા માટે એ છટકી શકે એમ હશે તો એવા લોકોને છટકવા દેવામાં આવશે નહિ. એટલા માટે કાયદામાં જોગવાઈ કરી છે કે જો કન્ટિન્યુઅસલી વારંવાર તે આવા ગુના કરતાં હશે તો તે શિક્ષાને પાત્ર થશે. મને લાગે છે કે કોઈપણ પાર્ટીનો એ સભ્ય હશે તો પણ આ કાયદાની અંદર જે ગુના છે એ ગુના એ વરંવ'ર કરતા હશે એકવાર, બે વાર, ત્રણવ'ર આવા ગુના કર્યા હશે તો એને છોડવામાં આવશે નહિ. આ કાયદા નીચે એને પકડવામાં આવશે. પણ માત્ર કોઈ જગ્યાએ કોઈ આંદોલન કરે અને ૧૪૪મી કલમનો ભંગ કરે કે ૬૮-૬૯ કલમનો ભંગ કરે અને વારંવાર ગુનો કરે તો એવાને ગુંડા કહી શકાય નહિ. એવાને ગુનેગાર કહી શક'ય નહિ કારણ કે આપણે ડેમોક્રેસીમાં રહીએ છીએ. ડેમોક્રેસીમાં બધાને દેખાવો કરવાનો અધિકાર છે. એની કોઈક મર્યાદા તો હોવી જોઈએ. એ મર્યાદા ચુકાય છે. વારંવાર ગુના કરતા હોય તો એ આ કાયદાની વ્યાખ્યામાં આવે છે અને એની ધરપકડ થવી જોઈએ. પણ એ રીતે સરકાર કરવા માગતી નથી. ગુનાની વ્યાખ્યામાં જો એ ગુના આવે અને એ રીતના જે ગુનેગારો છે એ ગુનેગારોને આ કાયદા નીચે છોડવામાં આવશે નહિ. પણ એની સામે આ રીતે આ કાયદાનો ઉપયોગ કરવામાં આવશે.

ત્યારપછી એમ પણ કહેવામાં આવ્યું કે આપણે ત્યાં એને માટેના ઘણા બધા કાયદા છે અને એ કાયદાનો ઉપયોગ સરકાર બરાબર કરતી નથી. એમાં આ એક નવા કાયદાનો ઉમેરો થયો છે. પણ આ બધા કાયદામાં કોઈને કોઈ રીતે અમુક લોકો આવી શકતા નથી અને એને કારણે એમાંથી એ બાકાત રહી શકતા હોય છે. અને એટલા માટે આ કાયદો લાવવો પડ્યો છે. જે લોકો ખરેખર બુટલેગર કહેવાય છે, ખરેખર અસામાજિક કહેવાય છે એને જો જેર કરવા હશે તો કાયદો એવો સીધો હોવો જોઈશે કે જેના પરિણામે એ બધા લોકોને જેર કરી શકાય. એટલા માટે આ કાયદો લાવવો પડ્યો છે.

એક વાત એવી થઈ, માનનીય સભ્યશ્રી અશોકભાઈ અને બીજા માનનીય સભ્યશ્રીઓએ એવી વાત કરી કે, જેમની મારફત આ કાયદાનો અમલ કરાવવાનો છે એ પોલીસ તંત્ર પાસે એની અપેક્ષા રાખી શકાય તેમ છે? તો દરેક કાયદાને માટે જૂદું તંત્ર રાખી શકાતું નથી કે એન. એસ. એ. માટે જુદું તંત્ર, એન્ટિ-ટેરરીસ્ટ એકટ માટે જુદું તંત્ર કે અને પેલા ડીટેન્શન એકટ માટે જુદું તંત્ર, આખરે કામ તો આની આ જ પોલીસ પાસે લેવું પડવાનું છે. આની આ જ પોલીસ પાસે કામ પણ કરાવવું પડવાનું છે. કોઈક જગ્યાએ માનનીય સભ્યશ્રીએ વાત કરી તેવું કદાચ બન્યું પણ હશે પણ એનો અર્થ એવો તો નથી કે ગુજરાતનું આખું પોલીસ તંત્ર એવું છે. એ પોલીસ તંત્રમાં પ્રમાણિક માણસો પણ છે. માનનીય ભોળાભાઈએ દાખલો આપી એમ કહયું કે ફલાણી જગ્યાએ ડી. એસ. પી. હતા અને એ આવા હતા અને એમણે એમ પણ કહયું દરેક જિલ્લા માટે ૧૭-૧૮ ડી. એસ. પી. શોધી કાઢો તો આ બધું અટકી જશે. વાત એમની સાચી છે. એટલે એમને પ્રતીતિ થઈ છે. એ હકીકત છે. કે આ પોલીસ ખાતામાં એવા અધિકારીઓ પણ છે તેની પ્રતીતિ તેમને થઈ છે, બધાને પ્રતીતિ થઈ છે. એટલે આના આ જ પોલીસ ખાતા મારફતે એનો પણ અમલ આપણે કરાવવાનો છે. એની ટ્રાન્સફર કેમ કરી? કયાં કારણોસર કરી એ તો વિગતોનો વિષય છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, રિસેસ પછી પૂરું કરશો ને!



**શ્રી મનુભાઈ પરમાર:** પાંચ દસ મિનિટમાં પૂરું થઈ શકે તેમ છે.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, હુ મારા એમેન્ડમેન્ટ મુવ નથી કરવાનો. **(અંતરાય)**

**અધ્યક્ષશ્રી:** ના, ના. એમ નથી કહેતો. માનનીય મંત્રીશ્રી, કાં તો આપનું પ્રવચન અત્યારે પૂરું કરો અને કાં તો રિસેસ લંબાવીએ.

**શ્રી ચીમનભાઈ પટેલ :** પાંચ મિનિટમાં પૂરું કરવાનું હોય તો કોઈ સવાલ નથી. વધારે વખત લેવાનો હોય તો જ રિસેસ પાડો.

**અધ્યક્ષશ્રી:** અત્યારે આપને સહુને ગમે તેવું બોલે છે. **(અંતરાય)**

**શ્રી ચીમનભાઈ પટેલ :** આમાં તો બીજા જે એમેન્ડમેન્ટ છે એમાં ઝાઝો વખત નહીં જાય.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ટૂંકાવું છું કારણ કે બધાના ખુલાસા નથી કરતો. મેં વારંવાર આ કહયું છે એટલે બધી બાબતોના ખુલાસા નથી કરતો. એટલે, માનનીય અધ્યક્ષશ્રી, બધાએ આ બિલને આવકાર્યું જ છે. તો પછી બીજી લાંબી વાતોમાં હું નથી આવતો પણ આમાં એક-બે ચોખવટ મારે આમાં કરવાની હતી. તે ચોખવટ હું આમાં કરવા માગું છું. આ કાયદાની સાથોસાથ એક બીજો પણ નિર્ણય છે. આમ તો એને માટેની જોગવાઈ પણ છે. એનો કડકપણે અમલ કરવા માટે પણ મેં વિચાર્યું છે, સરકારે વિચાર્યું છે તે એ છે કે જો કોઈ પોલીસ અધિકારીના વિસ્તારમાં આવા ગુના બનશે અને તેના વિસ્તારમાંથી બુટલેગર, દારૂના અડ્ડાવાળા કે એવા લોકો પકડાશે તો એ જવાબદારી તેની છે એમ માનીને તેની સામે પણ જે જોગવાઈ છે એ જોગવાઈના આધારે એની સામે પણ પગલાં લેવામાં આવશે. જે કોઈ વિસ્તારમાં એ ગુનો બન્યો એનો અર્થ એ થયો કે કાં તો એણે પૂરેપૂરું ધ્યાન નથી આપ્યું અથવા તો ગુનો એણે બનવા દીધો અથવા તો જાણ્યે અજાણ્યે એની પોતાની સામેલગીરી છે એટલા માટે કેટલી વખત બને છે.

ત્યાર પછી માનનીય સભ્યશ્રી અશોકભાઈએ કહયું કે વરૂઓ બહાર રહે છે અને પેલા ઉંદરડાઓ પકડાઈ જાય છે. એ વાત પણ બરાબર નથી. વરૂને જો પકડીએ તો ઉંદરડા આપોઆપ એની મેળે ઠંડા પડી જવાના છે અને દરમાં ભરાઈ જવાના છે. એટલે વરૂને જ પકડવા જોઈએ, ઉંદરડાને શા માટે? તો આ કાયદાના અમલ સાથે આનો પણ ખ્યાલ રાખવાનો છે કે જે મૂળ વ્યકિત છે, જે મૂળ ગુનેગાર છે, મૂળ બુટલેગર છે તેને જ પકડવા માટેની કાળજી રાખવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં હમણાં જે ધરપકડો થઈ છે એમાં ત્રણસો કરતાં વધારે ધરપકડો થઈ છે. શરૂઆતમાં કદાચ માનનીય શ્રી અશોકભાઈએ કહયું એવું બન્યું હતું પણ ત્યારપછી સ્પષ્ટ સૂચના આપવામાં આવી કે મૂળ જે માણસો હોય, તેમને પહેલાં પકડો અને ત્યારપછી બાકીનાને પકડો. એવી સૂચના આપવામાં આવી છે. આખા રાજયમાં તેની યાદી આપવામાં આવેલ છે. એટલે મને લાગે છે કે આટલા ખુલાસા સાથે આ બિલનો રાજકીય ઉપયોગ નથી થવાનો, નથી કરવાનો તે નક્કી છે. આ ઓર્ડિનન્સ આવ્યો ત્યારે કેટલીક જગાએ એવી ધરપકડો થઈ હતી. તે વાત જયારે રાજય સરકારના ધ્યાન ઉપર આવી કે આમાં તો પોલિટિકલ વર્કર્સ છે, કોઈક વખતે તેમણે આંદોલનમાં ભાગ લીધો હતો અને તેથી આંદોલનના ગુના નીચે તેમને પકડયા હતાં.

તેવા કિસ્સા સરકારની પાસે આવ્યા ત્યારે કોઈની પણ રજૂઆત વિના સરકારે પોતે, આવા ગુનેગારોને છોડી મૂકયા હતા. જે બતાવે છે કે કોઈ રાજકીય ઉપયોગ સરકાર કરવા માગતી નથી. હું તો દાખલા આપી શકું તેમ છું કે કયા જિલ્લામાંથી કેટલા છૂટયા, તેના દાખલા આપી શકું તેમ છું. એટલે, માનનીય અધ્યક્ષશ્રી આ રીતે, આ રીતનો ઉપયોગ, આ સરકાર કરવા માગતી નથી. આ કાયદાનો અમલ બરાબર રીતે થાય એના માટે સહકાર તો જોઈશે, નહીંતર પછી કોઈ ગુનેગાર પકડાય જ નહીં. આપણા વિભાગનો હોય કે આપણો ઓળખીતો પાળખીતો હોય, એ વખતે કોઈ કાર્યકર આવીને કંહે કે શ્રી અમરશીભાઈ, આ તો નજીકના છે, એ તો નિર્દોષ પકડાઈ ગયા છે, ગઈ ચૂંટણીમાં આપણું સારું કામ કર્યું હતું આટલા મત અપાવ્યા હતા, આવી કોઈ વાત કરે, તો આ રીતે વાત કરવા માટે પણ તેમણે ન આવવું જોઈએ. એવી આ સભાગૃહ સમક્ષ વિનંતી કરું છું કારણ કે આવું ઘણી વખત બનતું હોય છે. આવા જે માણસો હોય છે તે જાણે છે કે કઈ પાર્ટી બહુમતિમાં આવવાની છે, તે 'જાણીને કહેશે કે ચાલો એના ઉપર વધારે કામ કરીએ. આવું પણ બનવાનું છે. આપણે સમાજમાં રહીએ છીએ. આટલી વિનંતી સાથે મેં આ જે બિલ રજૂ કર્યું છે. એ બિલને વ્યાપક પ્રમાણમાં આવકાર મળ્યો છે. માનનીય શ્રી અશોકભાઈએ તો જે સુધારા મુકયા હતા એ તેઓ મૂવ કરવા માગતા નથી. માનનીય સભ્યશ્રીઓએ જે કંઈ સૂચનો કર્યા છે એ બધાંની ખુલાસા હું નથી આપી શકયો, પણ એ સૂચનોનો હું જરૂર ઉપયોગ કરીશ.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય મંત્રીશ્રીના જંવાબ પછી હું મારો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની પરવાનગી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ :** હું મારો નિયમ ૧૫૨(૨) હેઠળનો પ્રસ્તાવ પાછો ખેંચુ છું.

**અધ્યક્ષશ્રી :** પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવે છે. હવે હું વિધેયક ક્રમાંક ૨૦ના પહેલ વાચનનો પ્રસ્તાવ મત ઉપર મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**(વિશ્રાંતિ : બપોરના ૨-૩૬ થી ૩-૧૫ સુધી)**
**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

## સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૨૦

### સન ૧૯૮૫નું ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત વિધેયક

**અમરસિંહ ભી. ચૌધરી (મુખ્ય મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૧૯૮૫ના વિધેયક ક્રમાંક ૨૦નું બીજુ વાંચન કરવામાં આવે.

**પ્ર ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કર્યો**

(સર્વશ્રી મનુભાઇ કોટડિયા, અશોક ભટ્ટ અને મોતીલાલ ચાવડાએ તેમના સુધારા રજૂ કર્યા નહિ.)

**શ્રી જયંતિલાલ ભ. કાલરિયા (ઉપલેટા):** માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨ પેટા કલમ નો સુધારો રજૂ કરૂં છું.

કલમ-૨માં ખંડ-ગ ને બદલે નીચેનો મજકુર મૂકવો :

(ગ) 'ભયજનક વ્યકિત' એટલે જે વ્યકિત પોતે અથવા કોઇ ટોળીના સભ





સરદાર તરીકે ભારતના ફોજદારી નિયમના પ્રકરણ-૧૬ અથવા પ્રકરણ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ પૈકીનો ણ ગુનો અથવા "શસ્ત્ર અધિનિયમ ના" પ્રકરણ ૫ હેઠળ શિક્ષાપાત્ર ઓ પૈકીનો કોઈપણ ગુનો લાગ- ત્રણ વર્ષની મુદત દરમિયાન વારંવાર અથવા કરવાની કોશિશ કરે અથવા તે માં મદદગારી કરે તે વ્યકિત."

XLV of1800,540 of 1957

In clause 2, foı sub-clause (C), Substitute the following namely :—

"(C)" dangerous person" means a person, who either by himself or as a member or leader of a gang during a period of three successive years habitually commits, or attampts to commit or abats the commission of any of the offences punishable under Chapter XVI or Chapter XVII of the Indian Penal Code or any of the offences punishable under Chapter V of the Arms Act, 1959."

સુધારો રજૂ કરવામાં આવ્યો.

**શ્રી જયંતિલાલ ભ. કાલરિયા :** હું નો સુધારો રજૂ કરૂં છું.

કલમ-૨માં ખંડ (ઝ) માં"(સરકારની સ્થાનિક મંડળની અથવા અન્ય કોઇ વ્યકિતની કીની)" એક કૌંસને શબ્દોને બદલે તાની માલિકીની નહીં પણ સરકારની નિક સત્તામંડળની અથવા અન્ય કોઇ કતની માલિકીની' એ શબ્દો મૂકવા.

In Clause 2, in suo—clause (h) for the orackets and woılds '(whether oelonging to Government, local aıthority oı any "other person)" sub-stitu'e the worlds not belonging to himself out belonging to Government local aıthority or any other person

સુધારો રજૂ કરવામાં આવ્યો.

**શ્રી જયંતિલાલ ભ. કાલરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં કલમ-૨ પેટા કલમ-૧ ખંડ-જ માં જે સુધારો મૂકવામાં આવ્યો છે. તેમાં મારો જે હેતુ છે એ એ છે કે હાલમાં જે વારંવાર ગુનાઓ કરે એને બદલે લાગલગાટ ત્રણ વર્ષની મુદત દરમિયાન એટલે આ જે ભયજનક વ્યકિતની ડેફિનેશન છે તેમાં ભયજનક કોઇ ગણાય એટલે કે લાગલગાટ ત્રણ મુદત એટલે ગુન્હાઓની ત્રણ વર્ષ સુધીની હારમાળાના હેતુના સંદર્ભમાં આ સુધારો મૂકવામાં આવ્યો છે.

**શ્રી ચીમનભાઈ પટેલ (ઉંઝા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી યજયંતિભાઇ જે સુધારો લઇને આવ્યા છે તેમાં હું સમજું છું કે પહેલા ડેન્જરસ વ્યકિતની વ્યાખ્યા હતી. તેમાં ૨૨મું ચેપ્ટર પણ ઉમેરાયેલું હતું તેને બદલે ૧૬, અને ૧૭ એમ બે રાખેલ છે. ૨૨ ૨૬ થાય છે. અને સામાન્ય રીતે જે વિરોધ પક્ષોનો વહેમ હતો, ભય હતો, ચિંતા સેવવામાં આવતી હતી અહીંયાં સભાગૃહમાં સમગ્ર ચર્ચા દરમિયાન કે આનો દુરપયોગ થશે તે અંગે મુખ્ય મંત્રીશ્રીએ તો આશ્વાસન આપ્યું. સધિયારો આપ્યો અને ખાતરી પણ આપી કે સરકારનો એવો ઇરાદો નથી. છતાં સ્થળ ઉપર અધિકારીઓ આનો દુરપયોગ ન કરી શકે એની સાવચેતીરૂપે મને લાગે છે કે ડેન્જરસ વ્યકિત એની વ્યાખ્યામાં પણ થોડોક સ્પેસિફિક સુધારો થયો છે. તે બરાબર છે. એટલે માનનીય શ્રી જયંતિભાઇએ જે સુધારો રજૂ કર્યો છે એ સુધારો અમારી દ્રષ્ટિએ બહુ જ આવકારદાયક છે અને સ્વીકારવા જેવો છે.

**અધ્યક્ષશ્રી :** ચર્ચા કરવાની જરૂર છે.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** સુધારો સ્વીકારી લઉં છું.

**સુધારા મત માટે મુકવામાં આવ્યા અને મંજૂર કરવામાં આવ્યા**
**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

(સભ્યશ્રી અશોક ભટ્ટે કલમ-૩ ઉપર સુધારા રજૂ કર્યા નહિ.)

કલમ-૩ વિધેયકની ભાગ બની.

કલમ ૪ અને ૫ વિધેયકનો ભાગ બની.

(સભ્યશ્રી અશોક ભટ્ટે કલમ ૬ ઉપરનો તેમનો સુધારો રજુ કર્યો નહિ)

કલમ ૬ વિધેયકની ભાગ બની.

(સભ્યશ્રી મનુભાઈ કોટડીયાએ કલમ ૮ ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.)

કલમ ૭ અને ૮ વિધેયકનો ભાગ બની.

અધ્યક્ષશ્રી : કલમ ૯ ઉપરનો સુધારો.

(સભ્ય, શ્રી અશોક ભટ્ટે કલમ ૮૮ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો નહિ.)

શ્રી જયંતિભાઈ ભ. કાલરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૯ ઉપરનો મારો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરૂં છું.

"કલમ ૯ ની પેટા કલમ ૧માં પણ અટકાયતની તારીખથી ૫ દિવસ કરતાં મોડી ના હોઈ તે મુદતમાં અને અપવાદરૂપ સંજોગોમાં અને કારણોની લેખિત નોંધ કરીને ૧૦ દિવસ કરતાં મોડી ન હોય તે મુદતમાં" એ શબ્દોને બદલે અટકાયતની તારીખથી સાત દિવસ કરતાં મોડી ન હોય તે મુદતમાં એ શબ્દો મૂકવા.

In clause 9, in sub-clause (1), for the words "but not later than five days and in exceptional cirumstances and for reasons to be recorded in writing not later than ten days" Sub stitute the words "but not later than seven days"

સુધારો રજૂ કરવામાં આવ્યો. અને

સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ ૯ વિધેયકનો ભાગ બની.

શ્રી જયંતિભાઈ ભ. કાલરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૧૦ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરૂં છું.

"કલમ ૧૦માં પેટા કલમ ... બદલે નીચેનો મજકૂર મૂકવો :

(૨) આવું દરેક બોર્ડ હાઈકોર્ટ... ન્યાયધીશ હોય અથવા રહયા ... તેવા અધ્યક્ષશ્રીનું અને સંવિધાન હેઠળ હાઈકોર્ટના ન્યાયધીશો ... નીમવાની લાયકાત ધરાવતા ડિસ્ટ્રિક્ટ ન્યાયધીશો હોય અથવા રહયા ... તેવા અન્ય બે સભ્યોનું બનશે."

In clause 10 for sub-clause (2), substitute the following namely:

"(2) Every such Board shall consist of a Chairman who is or has been a Judge of a High Court and two other members who are or have been District Judge qualified under the Constitution to be appointed as Judges of a High Court."

સુધારો રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચીમનભાઈ પટેલ (ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે ઓર્ડિનન્સ બહાર પડયો હતો અને બિલ પણ સભ્યોને આપવામાં આવ્યું હતું, એમાં સલાહકાર બોર્ડની જોગવાઈ છે જ. અહીંયા મેં અગાઉ કહયું તેમ રાજકીય પક્ષો...



...કર્તાઓને પકડવામાં આવે અને ...નો દુરપયોગ ન થાય એ બાબતની ...ત તો વ્યાખ્યામા ત્રણ વર્ગનો સમાવેશ ... તેના ઉપરથી અમુક પ્રકારનું રક્ષણ ...માં મળી જાય છે. તેવી જ આ જોગવાઈ ... કારણ કે સરકારને સલાહકાર બોર્ડ ...મવાનો અધિકાર મળતો હતો. અને અગાઉ ... જોગવાઈ આપવામા આવી હતી એમાં ... એમ હતું કે હાઈકોર્ટના જજ તરીકેની ...ની લાયકાત હોય એવા કોઈપણ ...લ એ નીમી શકે, એટલે અમને એ ...તે દહેશત હતી કે સરકારનો ગમે એટલો ...મ ઈરાદો હોય તો પણ કોઈ કોઈ વાર ...સની નિમણૂકમાં મુશ્કેલી થાય. એટલે ...નનીય શ્રી જયંતિભાઈ આ જે સુધારો ...ને આવ્યા છે એમાં તો બહુ સાફ ...ટ વાત કરી લેવામા આવી કે આવું ... બોર્ડ હોય એ ત્રણ સભ્યોનું બનેલ ... અને એમાં હાઈકોર્ટના જજ હશે ...ને બાકીના બે જે સભ્યો હશે એ બે સભ્યો ડિસ્ટ્રિક્ટ જજથી નીચેની કક્ષાના નહીં ... અને તેઓ હાઈ કોર્ટ જજની લાયકાત ...વતા હશે એટલે આ આખું બોર્ડ કાં તો ...લુ જજ અથવા તો નિવૃત જજીસનું ...નેલું રહેવાનું છે. એટલે સામાન્ય નાગરિક ...મે કોઈ અધિકારીએ દુરપયોગ કર્યો હોય ... પણ આવા ન્યાયતંત્રના માણસો આ સલાહકાર બોર્ડમાં હશે તો એની ચોકકસ ...જબી વાત સંભળાશે. એવી આ જે જોગવાઈ છે. એ આવકારદાયક છે.

શ્રી અમરસિંહ ભી. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું સુધારો સ્વીકારી લઉં છું.

સુધારો મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ ૧૦ વિધેયકનો ભાગ બની

કલમ ૧૧ થી ૧૮ વિધેયકનો ભાગ બની.

શ્રી જયંતિલાલ ભ. કાલરિયા : માનનીય અધ્યક્ષશ્રી કલમ ૧૯ ઉપર હું નીચે મુજબનો મારો સુધારો રજૂ કરૂ છું.

કલમ ૧૯માં (૨) ને બદલે નીચેનો મજકૂર મૂકવો.

(૨) એ પ્રમાણે રદ કરવામાં આવ્યો હોય તે છતાં—

(ક) સદરહું વટહુકમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું આ અધિનિયમ હેઠળ કરેલું છે. અથવા લીધેલું છે. એમ ગણાશે.

(ખ) દરેક વ્યકિત, કે જેના સંબંધમાં પોતે ભયજનક વ્યકિત હોવાને કારણે સદરહું વટહુકમની કલમ ૩ હેઠળ અટકાયતનો હુકમ કરવામા આવ્યે હોય અને તે હુકમ અધિનિયમને મળેલી રાજ્યપાલની અનુમતિ રાજ્યપત્રમાં પ્રથમ પ્રસિધ્ધ કરવામાં આવ્યાની તારીખ (જેનો આમાં હવે પછી 'સદરહું તારીખ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની તરતજ પહેલાં અમલમાં હોય તો તેની અટકાયત આ અધિનિયમની કલમ ૩ સાથે અસંગત ઠરતી હોય તે છતાં આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને અટકાયત હેઠળ ચાલુ રહેશે.

(ગ) (૧) સદરહુ વટહુકમની કલમ ૧૦ હેઠળ રચાયેલ અને સદરહુ તારીખ પહેલાં કાર્ય કરતું સલાહકાર બોર્ડ તેની

રચના આ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઈઓ સાથે અસંગત હોય તે છતાં આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને સદરહુ તારીખ પછી તે પ્રમાણે કાર્ય કરતું ચાલુ રહેશે.

(૨) સદરહું વટહુકમની કલમ ૧૧ હેઠળ કરેલા અને સદરહું તારીખની તરત જ પહેલા એવા સલાહકાર બોર્ડ સમક્ષ અનિર્ણિત હોય તેવા નિર્ણયાર્થે લખાણની તજવીજ જાણે કે એવું બોર્ડ આ અધિનિયમની કલમ ૧૦ હેઠળ રચવામાં આવ્યુ હતું તેમ તે બોર્ડની ચાલુ રાખી શકાશે.

'In clause 19, for sub-clause (2), substitute the follow ng namely.'—

"(2) Notwithstanding such repeal,—

(a) anything done or any action taken under the said ordinence shell be deemed to have been done or taken under this Act;

(b) every person in respect of whom an order of detention has been made under section 3 of the said ordinance by reason of his being a dangerous person and is in force immediately before the date on which the assent to this Act of the Governor is first published in the Official Gazette, (hereinafter referred )to as "the said date") shall, not withstanding that his detention has been rendered inconsistent with section 3 of this Act continue to be under detention subject to the provisions of this Act;

(c) (i) an Advisory Board constituted under section 10 of the said Ordinance and functioning immediately before the said date shall, not with standing that its constitution has been rendered inconsistent with the provisions of section 10 of this Act, continue to so function ater the said date subject to the provisions of this Act;

(ii) any reference made under section 11 of the said Ordinance and pending before such Advisory Board immediately before the said date may continue to be dealt with by that Board after the date as if such Board had been constituted under Section 11 of this Act."

સુધારો રજૂ કરવામાં આવ્યો.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સુધારો હું સ્વીકારી લઉં છું.

સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ ૧૯ વિધેયકનો ભાગ બની.

કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૧૯૮૫ના વિધેયક ક્રમાંક ૨૦નું સુધારેલ વિધેયક ક્રમાંક ૨૦નું ત્રીજું વાંચન કરવામા આવે અને એને પસાર કરવામા આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી :** સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૨૦નું સુધારેલા રૂપમાં ત્રીજું વાંચન કરવામા આવે છે. અને તે પસાર કરવામા આવે છે.



## સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક-૩૯

**સન ૧૯૮૫નું મુંબઈ જમીન (હંગામી) સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક.**

**મુંબઈ જમીન હંગામી સંપાદન અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી નલિન કે. પટેલ** (માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી વતી ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૧૯૮૫ના વિધેયક ક્રમાંક ૩૯, સન ૧૯૮૫નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરૂ છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નલિન કે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૧૯૮૫ના વિધેયક ક્રમાંક—૩૯ સન ૧૯૮૫નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત-સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

**શ્રી નલિન કે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ જમીન હંગામી સંપાદન અધિનિયમ ૧૯૪૮નો હેતુ જાહેર હિતમાં જમીન અથવા તો મકાનો સંપાદન કરવાનો હતો. તે કાયદામાં સુધારો કરીને, ગુજરાત એકટ નં. ૬, ૧૯૮૦ દ્વારા આ કાયદાને કાયદાપોથીમાં કાયમી સ્થાન આપવામાં આવેલ છે. આમ આ કાયદો કાયમી થતાં અમર્યાદિત સમય, સુધી મિલકતો સંપાદનમાં ન રહે તે માટે કાયદામા કલમ૯(૨) પછી કલમ ૯(૨) (અ) ઉમેરવામાં આવેલી, જેમાં પાંચ વર્ષની મુદતો માટે મિલકતો સંપાદન થઈ શકે. ગુજરાત એકટ નંબર-૬, ૧૯૮૦નો અમલમાં આવ્યો તે અગાઉ સંપાદિત થયેલી મિલકતો પાંચ વર્ષની મુદત માટે જ સંપાદનમાં રહેશે. તેવી તેમાં સ્પષ્ટ જોગવાઈ કરેલી. એ મુદત તા. ૩૧-૭-૧૯૮૫ના રોજ પૂરી થનાર છે એ સુધારાનો ઉદ્દેશ કામચલાઉ સંપાદન કરેલી મિલકતો સરકાર પાસે કાયમી રાખવાનો નહીં. પરંતુ તેની મુદત ૧-૮-૮૫થી બે વર્ષ માટે લંબાવવાનો છે. કારણ કે હાલ રાજયમાં જે જે શહેરોમાં જે ૩૨૧ મિલકતો સંપાદન છે. તેમાં વસવાટ કરનારાઓમાં વૈકલ્પિક વસવાટની વ્યવસ્થા તાત્કાલિક થઈ શકે તેમ નથી. રાજય સરકાર આગામી બે વર્ષમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરીને આ સંપાદનમાં માલ મિલકતને છુટી કરવાનો ઈરાદો ધરાવે છે. જેઓની મિલકત સંપાદન હેઠળ છે. તેઓને યોગ્ય અને વાજબી વળતર મળી રહે તે દ્રષ્ટિએ સમયાંતરે વળતરમાં ફરી વિચારણા કરવા માટેનો સુધારો એ અધિનિયમમાં દાખલ કરવામા આવેલ છે. નવા સુધારો પ્રમાણે પણ જે સંપાદન હેઠળની મિલકત તા. ૩૧-૭-૮૭ પછી સંપાદનમાં રહી શકશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આ બે જે કલમોનો સુધારા દાખલ કરવામાં આવ્યો છે તે સુધારો માન્ય રાખવામાં આવે.

*આ વિધેયક ગુજરાત રાજપત્ર ભાગ-૫ તા. ૨૨મી જુલાઈ, ૧૯૮૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

**શ્રી ચીમનભાઈ પટેલ (ઉંઝા) :** માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તે બોમ્બે લેન્ડ રિકવીઝશન (ગુજરાત

**શ્રી અરવિંદ સ. સંઘવી** (નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા છે એને ધ્યાનમાં રાખીને તેમજ તેઓએ આ. બિલને આવકાર્યું છે તે માટે હું તેઓશ્રીને ખૂબ ખૂબ આભારી છું.

એક-બે મુદ્દાઓની સ્પષ્ટતા કરીશ ખાસ તો એ છે કે આપણા મનમાં સ્પષ્ટ હોવું જોઇએ કે લોન આપતી વખતે આપણે જે કાબૂ રાખી શકીએ તે માટે જે આપણે બાંયધરી આપતી વખતે રાખી શકતા નથી, કારણ કે, આપણે માત્ર બાંયધરી આપવાની હોય છે. માત્ર બાંયધરી આપવાનું કામ કરતા હોઇને તે અંગેનું આ બિલ છે, લોન આપવા અંગેનું આ બિલ નથી. લોન આપતા હોઇએ ત્યારે જે મોનિટરીંગ કરી શકીએ, કાબુ રાખી શકીએ. અંકુશ રાખી શકીએ અને તેમના ઉપર જે કાંઇ અધિકાર રહે એટલો બાંયધરી આપતી વખતે રહે નહીં. એમ મારૂ માનવું છે અને એ સંદર્ભમાં એના વહીવટ અંગે જે બાબતો આપણે વિચારી એ છીએ તે કેટલા અંશે વાજબી છે. તે વિચાર માંગે છે. છતાં જે કાંઇ થઇ શકતુ હોય અને જે કાંઇ આપણા અધિકાર અને ક્ષેત્રમાં આવતું હોય તે કરવા માટે આપણે જરૂર વિચાર કરી શકીએ.

કોટન કોરપોરેશનને ખાસ કરીને કોટન માર્કેટીંગ ફેડરેશનને ૧૯૮૨-૮૩માં ૫ કરોડ આપ્યા હતા. ૫ કરોડની બાંયધરી આપી હતી. ૮૩-૮૪માં ૨૧ કરોડની બાંયધરી હતી. અને ૧૯૮૪-૮૫માં ૧૦ કરોડની છે. બાંયધરી છે. મતલબ કે જ્યારે જ્યારે બાંયધરીની જરૂર પડી છે. ત્યારે જરૂરિયાત અને આવશ્યકતાના સંદર્ભમાં બાંયધરી આપવાનો હંમેશા પ્રયત્ન થયો છે. ગયા વખતે ૨૧ કરોડની આપી હતી અને આ [illegible] ૧૦ કરોડની એટલી માગણી છે અને હેતુના સંદર્ભમાં જે તે સ્થાને બાંયધરી આપીને તેનું કાર્ય અટકે નહીં અને તે જરૂરી નાણાકીય જોગવાઇ કરી શકે તે માટે પ્રયત્ન કરવામા આવ્યો છે, જેની સાથે જી.ઇ.બી.ને તેની આવશ્યકતા અને તેની ઉપયોગિતાના સંદર્ભમાં વધારે બાંયધરી આપવામા આવી છે. જેની વિશેષ લંબાણ પૂર્વક વાત કરતો નથી. અને કોરપોરેશનને બાંયધરી આપતી વખતે મિલના કામદારોને મિલની માહિતી આપતી વખતે તે અંગે જરૂરી સૂચના આપી શકયા [illegible] અને ખાસ કરીને કામદારોને નુકશાન ન થાય અને કામદારોને પૂરી રોજી મળે તેવી જો સૂચના આપી શકતા હોઇએ તો તે આપવા માટે જરૂર પ્રયત્નો કરીશું એટલી હું ખાતરી આપું છું અને વિનંતી કરૂ છું કે આ બિલનો સ્વીકાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી અરવિંદ સ. સંઘવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૧૯નું બીજુ વાંચન કરવામા આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ—૨ કલમ—૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોરમ્યુલા વિધેયકનો ભાગ**

**શ્રી અરવિંદ સ. સંઘવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું. સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૧૯નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**



**અધ્યક્ષશ્રી** : વિધેયક ક્રમાંક ૧૯નું ત્રીજું વાંચન કરવામા આવે છે. અને વિધેયકને પસાર કરવામા આવે છે.

**વટહુકમ ક્રમાંક ૧૧ નામંજૂર કરતો પ્રસ્તાવ**

**સન. ૧૯૮૫નું વિધેયક ક્રમાંક-૨૦**

**સન ૧૯૮૫નું ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત વિધેયક**

**(પહેલું વાંચન) (ક્રમશ:)**

**અધ્યક્ષશ્રી** : માનનીય કલજીભાઇ દ્વારા આપનું પ્રવચન અધૂરૂં રહેલું છે. આપને યાદ દેવરાવવું પડે વારંવાર એ બરાબર નથી.

**શ્રી કલજીભાઈ ર. કટારા** : માનનીય અધ્યક્ષશ્રી; મારે પ્રવચનમાં જે કાંઇ કહેવાનું હતું તે કહેવાઇ ગયું છે એટલે મારે કાંઇ કહેવાનું રહેતું નથી.

**અધ્યક્ષશ્રી** : હું માનું છું કે બીજા બધા સભ્યશ્રીઓ પણ એમને અનુસરે.

**શ્રી કેશુભાઈ સ. પટેલ** (કાલાવડ): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબતનું આ બિલ રાજ્ય સરકાર આ ગૃહ સમક્ષ લાવી છે ત્યારે તો છેલ્લા કેટલાક વખતથી આ વટહુકમ ચાલી રહયો છે અને વટહુકમ પ્રમાણે અહીં....

**અધ્યક્ષશ્રી** : માનનીય કેશુભાઇ, એક મિનિટ હું એ જાણવા માગું છું કે કેટલા સભ્યશ્રીઓ આની ઉપર બોલવા માગે છે (થોડીવારબાદ) આટલા બધા સભ્યશ્રીઓ બોલનાર હોય તો આજે આ બિલ પાસ થાય નહીં. જે સંખ્યામાં સભ્યશ્રીઓ ઉભા થયા છે એ જોયા પછી પણ આપ એમ કહો છો કે આજે પૂરૂં થઇ શકે ?

**શ્રી કેશુભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું કહી રહયો હતો કે અસામાજિક પ્રવૃતિઓને અટકાવવાની આવશ્યકતા છે અને ઘણો લાંબો સમય થયો, ઓછામાં ઓછું કહું તો આ ગૂંડાગીરી ચલાવનારા જે તત્વો છે. તેને ઝેર કરવા માટે કેટલાક સવિશેષ અધિકારોથી સરકાર ગૂંડાગીરી નાબૂદ કરવા ધારો લાવે એની માગણી આ હાઉસમાં અને હાઉસની બહાર મે ઘણીવાર કરી છે. આ પહેલાની સરકાર, એ વખતે મે કહ્યું હતું આ હાઉસની અંદર કે ગૃહ મંત્રીશ્રી એકજ રાશીના હતા. અમારી વખતે જે ગૃહ મંત્રીશ્રી હતાં તેની રાશી અને ગઇ વખતે જે ગૃહ મંત્રીશ્રી હતા તેમની રાશી, એક જ હતી એટલા માટે જ હું ઉલ્લેખ કરૂ છું કે રાશિ બદલીને કાંઇક ફેરફાર થશે છે. પરંતુ જે ફેરફાર કરવામાં આવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : તમે જ્યોતિષ શાસ્ત્રમાં કયાંથી પડયા ?

**શ્રી કેશુભાઈ સ. પટેલ** : કેટલાક સંજોગો આપણને જ્યોતિષ શાસ્ત્રમાં વિશ્વાસ બેસાડી શકે તે પૈકીનું આ એક દ્રષ્ટાંત પૂરૂં પાડે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મુખ્ય મંત્રીશ્રી એ પણ કહ્યું છે કે મારા ગ્રહો સારા છે.

**શ્રી કેશુભાઈ સ. પટેલ** : સવાલ છે અધિકાર લેવાનો. જયાં સુધી અધિકારો લેવાના જરૂરી છે. પણ કયા પ્રકારના અધિકારો? અમે બધા સાથે બેઠેલા તે વખતના મુખ્ય મંત્રીશ્રી અને ગૃહ મંત્રીશ્રી પણ સાથે

જ હતા. અને મુસદ્દો સામાન્ય તૈયાર કરેલ હતો. એ મુસદ્દો પ્રમાણેનું આ બિલ ન આવ્યું જેમાં અમે સંમત હતા કેટલીક બાબતોમાં અને થોડુંક બીજા પ્રકારનું બિલ અને વટહુકમ આવ્યા. જે કાંઈ આવ્યું પણ હું તો એમ માનતો હતો કે આજે ગ્રામીણ ક્ષેત્રમાં શહેરી ક્ષેત્રમાં આ પ્રકારનો ગૂંડાગીરી નાબૂદી ધારો લવાય. પરંતુ વ્યકિતના પોતાના શકય તેટલા અધિકારો છે, બંધારણીય અધિકારો છે તેને તો આપણે જાળવીએ. માણસ ખરાબ છે. ખોટો છે કે સાચો છે એ નકકી કરનાર કોણ ? નકકી કરનાર તો કોર્ટ છે. અને એ સાચુ કરે છે કે ખોટું કરે છે, ગુનો કરે છે કે નથી કરતો એ નકકી કરનાર કોર્ટ છે. કેટલાક લોકોની ધરપકડ જરૂર થાય. પરંતુ રાજય સરકારની એ ફરજ નથી કે તેમની ધરપકડ થાય. કેટલાક ગુનાથી આપણે જેમની ધરપકડ કરી. દા.ત. સરકારે કેટલાક લોકો ઉપર મોટા ભાગે આજે ગુના વારંવાર બને છે. પરંતુ તેનું કારણ એ છે કે કોર્ટની અંદર સાબિત થઈ શકતા નથી. એ સાબિત એટલા માટે થઈ શકતા નથી કે જે સાક્ષીઓ છે એ સાક્ષીઓને ધાકધમકીથી દબાવીને એ કોર્ટની અંદર સાચી દિશામાં સાક્ષી ન પૂરી પાડી શકે એટલા માટે થઈને એક યા બીજા સ્વરૂપમાં તેના ઉપર દબાણ લાવવામાં આવે છે. આવા કેટલાક કિસ્સાઓ બન્યા છે કે જેઓ આ કોર્ટની અંદર સાક્ષી આપવા માટે ગયા હોય તેના ખૂન કરી નાખવામાં આવ્યા હોય. એને આપણે અટકાવી શકીએ કે નહિ ? માણસ હિંમતથી કોર્ટમાં જઈ શકે, સાચી વાત કહેવાની હિંમત બતાવી શકે અને એટલા માટે કોઈની આપણે ધરપકડ કર્યા પછી તેના ઉપરનો કોઈ કેસ ચાલે અને કેસ ચાલે એ દરમિયાનમાં આપણે એ સાક્ષી બની ન શકે એટલા માટે તેની ધરપકડ જરૂર થાય. પરંતુ એ પકડ થઈ ગયા બાદ એની ઝડપથી કોર્ટની કાર્યવાહી પણ સાથોસાથ થાય, વ્યકિતના જે અધિકારો છે એ અધિકારોને આપણે શકય તેટલા વધુને વધુ જાળવવા માટે કોશિષ પણ કરી છે તેમ કહી શકયા હોત. આ એક તરફની આપણી કાર્યવાહી છે. ગુનો વારંવાર કરે તેની આપણે ધરપકડ વારંવાર કરી તેની સામે દંડકશ્રી તરફથી કેટલાક અધિકૃત સુધારાઓ આવ્યા છે. તેનો અર્થ હું એમ સમજુ છું કે એ અધિકૃત છે અને સરકાર પણ આ સુધારાઓ માટે થઈને ઈચ્છુક છે. એ આવકાર્ય છે અને એ સુધારાઓ જરૂરી છે. સવાલ તો એ છે કે આ અંગેની કોર્ટની કાર્યવાહી પણ ઝડપે થાય એટલા માટે થઈને કોઈ સ્પેશિયલ કોર્ટની દિશાની અંદર પણ આપણે વિચારી શકયા નથી. પકડવા એ એક વસ્તુ છે, પકડી શકાય છે. વધુમાં વધુ અધિકારો લઈને કોઈને પકડી શકાય છે. પણ એ ગુનેગાર છે કે નહિ.? વ્યકિતઓના અધિકારોને આપણે સિમિત કરીએ છીએ તે વખતે ખરા અર્થમાં ગુનેગાર હોય તો સજા થવાને પાત્ર છે. અને જો ખરા અર્થમાં ગુનેગાર ન હોય તો એ માણસ છૂટવાને પાત્ર છે. એ વાતને આપણે ધ્યાનમાં રાખીને આપણે કયાંક જોગવાઈ કરી હોત, આ દિશામાં કાંઈક વિચાર કર્યો હોત તો,. પકડવા એ સહેલું છે, કોઈને પણ પકડી શકાય. નેશનલ સિકયુરીટી એકટ અહીંયા અમલમાં જ છે. બીજા કેટલાક કાયદાઓ તેને આનુષંગિક તેના અનુસંધાનમાં કરી શકાય તેમ છે, એ ટાઈપના કાયદાઓ કરી શકાય તેમ છે પણ એ કર્યા પછી આ મુદ્દાઓને સંપૂર્ણપણે ધ્યાનમાં રાખીને આપણે જો ચાલીએ તો મને પોતાને એમ લાગે છે કે



આજ દિવસ સુધી માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને વિશ્વાસ તો આપ્યો છે અને આ ગૃહની અંદર પણ વિશ્વાસ આપ્યો છે, આપને એમ કહ્યું છે કે રાજકીય રીતે અમે ધરપકડ નહિ કરીએ. માનનીય અધ્યક્ષશ્રી હું આ સરકાર કે સરકારની વાત કરતો નથી. રાજયને પણ અમર્યાદિત અધિકારો સુપરત થાય એ કેટલે અંશે વાજબી છે ? રાજયને અમર્યાદિત અધિકારો સુપરત થાય અને અહીંયા એમ કહેવામાં આવે કે અમે તેમની ધરપકડ નહિ કરીએ એવા સંજોગો ખરાબ થઈ જાય છે અને આ અધિકાર તો આપવામાં આવે છે નીચેના લેવલે, પોલીસ કિમશનરને કલેકટરને. કલેકટરે અને પોલીસ કમિશનરે વાજબી રીતે આનો ઉપયોગ નથી કર્યો તો તેના ઉપર કોઈ સજાની જોગવાઈ આમાં નથી, એ ન હોવી જોઈએ, પરંતુ તેના ઉપરના અંકુશની દ્રષ્ટિએથી વધુ તકેદારી તો જરૂરી બને છે અને એટલા માટે આ કાયદો બનાવતી વખતે સર્વાંગી પાસાઓનો વિચાર કરવો જરૂરી બનતો હતો. તેમ કરવામાં આવ્યું નથી અને આટલા બધા સુધારાઓ અધિકૃત રીતે અહીંયા મૂકવામાં આવ્યા છે, કારણ કે બહુ અભ્યાસપૂર્વક આ કાયદાનો અભ્યાસ કરીને જેટલું જરૂરી છે એ મૂકવા માટેની કોશિષ થઈ નથી. ગામડાં આજે ગભરાઈ રહયાં છે, ગૂંડા તત્વોની બોલબાલા ચાલી રહી છે અને આજના ચાલુ કાયદાથી તેને પકડી લઈશું તેવી વાતો આ ગૃહમાં કરવામાં આવી હતી તે વખતે મે કહયું હતું કે થોડાક અધિકારો વધુ લો અમે તમારી સાથે છીએ, સહકારનો હાથ લંબાવીએ છીએ. સરકાર વાજબી રીતે આ કાયદાનો અમલ કરે એમ અમે ઈચ્છીએ છીએ. આ ગૂંડા તત્વો જેર થવા જરૂરી છે. પરંતુ આજથી ચાર દિવસ પહેલાં માનનીય સુરેશભાઈએ આ ગૃહની અંદર એક કિસ્સો બતાવ્યો હતો. હું જે જિલ્લામાંથી ચૂંટાઈને આવ્યો છું એ જામનગર જિલ્લાના માનસર ગામમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીનું હમણાં જ આઠ દિવસ પહેલાં ખૂન થયું. કિસ્સો એવો છે કે જામનગર જિલ્લાનું સમગ્ર ગુજરાતમાં બહુ ગવાયેલું ગામ ધારાગઢ. આ ધારાગઢની અંદર જે અસામાજિક તત્વો વસે છે આખે આખું ગામ, જેમ અગાઉ માળિયા તાલુકાને માટે કહેવાનું એ પ્રકારનું આ ધારાગઢ. ૫૦.૫૦ કિ.મિ. ૬૦૦-૧૦૦ કિ.મિ. સુધીની મુસાફરી રાતોરાત કરી ધાડ પાડી આવે અને પછીથી જાણે કશું જ બન્યુ નથી સવારમાં તો આનંદથી દાંતણ કરતાં હોય, ત્યાંના બાળકો પણ તૈયાર આ સ્થિતિ આ ધારાગઢ ગામની, એની બાજુનું ગામ લુણસણ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીના ગામ વચ્ચે માત્ર એક નદી અને એ નદીની બાજુમાં માનસર ગામ અને માનસર ગામમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રહે. આજથી આઠ દિવસ પહેલાં પોલીસ પાર્ટી ત્યાં ગઈ. જેને નિસ્બત નથી તેવા [**]પ્રોહિબિશનના સબ-ઈન્સ્પેકટર છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય કેશુભાઈ નામ તો લઈ શકાય નહિ.

**શ્રી કેશુભાઈ સ. પટેલ :** નામ પાછું ખેંચી લઉં છું. પ્રોહિબિશનના સબ ઈન્સ્પેકટર એ ત્યાં ગયા, બીજા ઈન્સ્પેકટરની સાથે અને કાર્યવાહી એવી કરી કે તેમના પુત્ર અને બીજા ભાઈને બોલાવીને એમ કહયું કે તમારી પાસે હથિયાર છે તે કાઢો મરનારના પુત્રને કહયું કે તમારી સાથે હથિયાર છે તે કાઢો. હથિયાર તેની પાસે હતાં નહિ એટલે તેમને જીપમાં બેસાડયા.

---

[**]આ શબ્દો અધ્યક્ષના આદેશાનુસાર કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી**:- એક વાત આપના ધ્યાન પર લાવું. આની જ કોલ એટેન્શન દાખલ થઈ છે એટલે આપ જો અત્યારે ચર્ચા કરશો તો એ નીકળી જશે. ચર્ચા કરવાની આપને છૂટ છે. તેમાં કોઈ સવાલ નથી. આ તો માનનીય સુરેશભાઈ અને માનનીય મારખીભાઈ કાલે આવ્યા તેમણે ખાસ આગ્રહ કરીને આની કોલ એટેન્શન દાખલ કરાવી છે.

**શ્રી કેશુભાઈ સ. પટેલ** કોલ એટેન્શન ઉપર ભાર દેવામાં આવશે પરંતુ હું સરકારનું ધ્યાન દોરવા માંગું છું કે આ ધારાગઢની અંદર, આ ગામમાંથી ગૂંડાગીરી નાબૂદી ધારા હેઠળ કોઈને પકડયાં છે ? ધારાગઢ ગામની બાજુના ભાણવડ ગામની અંદરથી ગૂંડાગીરી નાબૂદી ધારા હેઠળ કોઈને પકડાયા છે ? અરે ભાણવડ તાલુકાની વાત જવા દો, સમગ્ર જિલ્લામાંથી ગૂંડાગીરી નાબૂદી ધારા હેઠળ કોઈને પકડીયા છે ? પકડયા કયાંથી અમદાવાદ અને સુરતમાંથી તેમાં કેટલાક લોકોને પકડાયા તેની સામે વાંધો નથી પણ રાજકીય હેતુસર પકડવામાં આવ્યાં. જેને હવે છોડી દેવામાં આવ્યાં છે. રાજકીય રીતે ધરપકડ નહિ કરવામાં આવે તેમ આ ધારાસભા ગૃહની અંદર સરકાર તરફથી અપનાવેલ વલણ પછીથી પણ જો આ તરફથી આજ પ્રકારની સ્થિતિનું પુનરાવર્તન થતું હોય, એટલા માટે કહી રહયો છું. માનનીય મુખ્ય મંત્રીશ્રીને, આ અધિકારો જે આપવામાં આવે છે એ બેધારની તલવાર છે, જે બે બાજુ કાપતી હોય છે અને નીચેના લેવલે જે વખતે અધિકારો આપ્યાં છે તે વખતે આ અધિકારો વધુ તકેદારીપૂર્વક આપવામાં આવે તે અતિ આવશ્યક છે એટલા માટે મેં સૂચન કર્યું. આ અધિકારોથી કોઈને પકડી લેવામાં આવે તેમાં વાંધો નહોતો, પરંતુ એ પકડેલા લોકો ઉપર ગુનેગાર તરીકેનો બહુ ટુંકા સમયમાં ત્રણ મહિના કે ચાર મહિનામાં સ્પેશિયલ કોર્ટો બોલાવીને આપણે તેમને સજા કરી શકીએ તેવું વાતાવરણ સર્જવાનો પ્રયત્ન કર્યો છે ખરો? આ એક વાત અને આ વાત કર્યા પછી ૧-૨ મુદ્દાઓ કહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાલરિયાનો સુધારો આવ્યો છે તે બાબતની અંદર ૨૨મું ચેપ્ટર છે તે પડતુ મૂકયું છે એટલે તેની હું ચર્ચા નહીં કરૂં પરંતુ સવાલ એ છે કે મિલકત પચાવી પાડનાર શબ્દની જયારે વ્યાખ્યા કરવામાં આવે અને મિલકત પચાવી પાડનાર એટલે જે, વ્યકિત કાઉન્સમાં સરકારની, સ્થાનિક સતા મંડળની અથવા અન્ય વ્યકિતની માલિકીની કોઈપણ જમીન એનો ગેરકાયદેસર રીતે કબજો લે, પછીથી જે બધી બાબતો છે એની સાથે હું સંમત થાઉં છું પરંતુ સરકારની ખાતગી મલિકીની કે સ્થાનિક સતા મંડળની જમીનનો કબજો લે આ એના ઉપરથી દાખલ થઈ છે. આ જમીનનો કબજો કોણ લે છે? ગાંધીનગરમાં ઝુંપડપટ્ટી છે, કબજો લીધો, જ છે. આ સરકારની હશે. સતા મંડળની હશે કાં ખાનગી હશે. અમદાવાદમાં ઝૂંપડપટ્ટી છે સમગ્ર ગુજરાતમાં ઝુંપડપટ્ટી છે. હું આનો અર્થ એવો કરૂં છું, મને પોતાને વિચાર કરતાં બીજો શબ્દ બીજો અર્થ નીકળતો લાગતો નથી કે આમાં ઝુંપડપટ્ટીના તમામ લોકોને આવરી લેવા માગીએ છીએ ? ફરીને લટકતી તલવાર કે તે ગેરકાયદેસર કબજો લીધો છે. હા, જે માણસ ગેરકાયદેસર કબજો લઈને ભાડું ખાતો હોય, પોતે ન વાપરતો હોય પણ ભાડું ખાતો હોય, જે માણસ ગેરકાયદેસર કબજો લઈને એક બનાવીને બીજું બનાવીને વેંચતો હોય, એ વાત બરાબર છે અને જે માણસ ભૂલથી વારંવાર શબ્દ છે એની



અંદર પરંતુ પોતા પાસે ૫૦ મિટર જમીન કયાંક આવી અને પોતાના કુટુંબનું પૂરૂં થતું નથી એ જમીનમાં અને બીજી જગ્યાએ ૭૫ મિટર જમીન લીધી તો એને ૧૨૫ મિટર જમીનનો કુલ કબજો લીધો. તો એકથી વધુ વખતે, એટલે વારંવાર શબ્દની વ્યાખ્યામાં જાય. હવે જે સુધારો આવે છે એ પ્રમાણે એણે ત્રણ વર્ષમાં કર્યું હોય તો મને લાગે છે આમાં કાંઈક શાબ્દિક રીતે કાંઈક ફેરફાર કરીને, હું જાણું છું કે સરકારની આ નીતિ નહીં હોય પરંતુ જયારે આની અંદર આ પ્રકારનો ઉલ્લેખ થયો છે તે વખતે માનનીય શ્રી કાલરિયાનો જે સુધારો આવ્યો છે એમાં પણ ખંડ (જ)માં કાઉન્સમાં સરકારની સ્થાનિક સતા મંડળની અથવા અન્ય કોઈ વ્યકિતની માલિકીની એ શબ્દોને બદલે પોતાની માલિકીની નહીં પણ સરકારની એટલો જ ફેરફાર છે. પોતાની માલિકીની ન હોય, પરંતુ સરકારની, હવે સરકારની પણ જમીનો હોય, આજે રેવેન્યુની જમીનો પડી છે. સરકારની જમીનો છે અને રેવેન્યુની જે જમીનો છે એમાં મોટાભાગની આવા પ્રકારની જમીનો સરકારની જમીનો છે. એના ઉપર ઝૂંપડપટ્ટીઓ હોય, એના ઉપર આપણે કાંઈ પગલાં લેવા માગીએ છીએ? વધુ સ્પષ્ટ થવાની આવશ્યકતા છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીને હું કહીશ કે શબ્દો બહું સારી રીતે મૂકીને અનુભવી શકાય કે આ ઝૂંપડપટ્ટીને આમાંથી બાકાત રાખીએ છીએ. જે માણસ પોતાના રહેવાં માટેનું સો મિટરની જગ્યા ૭૫ મિટરની જગ્યા, જે નકકી કરીએ કે ૧૨૫ મિટરની જગ્યા જેટલી જમીનની અંદર કોઈ માણસ રહેતો હોય એને આપણે આમાંથી બાકાત રાખીએ એટલું મારૂં સૂચન છે.

હું પોતે એમ માનું છું કે સંપૂર્ણ કલમ ૨૨ કાઢી નાખવાને બદલે એમાં ૨૨માં ચેપ્ટરમાં કલમ ૧માં છેલ્લી દારૂ પીને માણસ જાહેરમાં મુશ્કેલી ઉભી કરે છે. હવે એ કલમમાં ૨૨માં ચેપ્ટરની ૧મી જે કલમ છે પીધેલા માણસની જાહેરમાં ગેર વર્તણૂક. માણસ કદાચ પોતાના ઘરમાં પીતો હશે, પોતાના ઘરમાં પીતો હશે એના ઉપર કાયદેસર જે થતું હોય એ થાય પરંતુ પીધેલો માણસ જયારે જાહેરમાં ગેરવર્ત્તણૂક કરે છે તે વખતે અને એક વખત નહીં પણ વારંવાર કરે છે તે વખતે એ જ પ્રકાર ના જે માણસો છે એને આની અંદર સામેલ કરી લેવાની આવશ્યકતા છે એમ મારૂં પોતાનું માનવું છે અને જાહેર સુલેહ શાંતિનો આ રીતે ભંગ કરનાર વ્યકિત છે, બાકીની સરકારે કલમ ડિલીટ કરી છે એ બરાબર છે પરંતુ ૨૨માં ચેપ્ટરની આ જે કલમ છે એને ચાલુ રહેવા દેવી એ આવશ્યક છે એમ મને પોતાને લાગે છે. આટલા સુધારા સાથે માનનીય મુખ્ય મંત્રીશ્રી આ વસ્તુનો સ્વીકાર કરી લે તો મને લાગે છે કે આ જે ધારો આવ્યો છે એ ધારો મર્યાદિત રીતે પૂર્ણ હોવા છતાં પણ હું એને આવકાર આપું છું.

**ડૉ. કરસનદાસ સોનેરી** (ઈડર) માનનીય અધ્યક્ષશ્રી, મહોદય, માનનીય મુખ્ય મંત્રીશ્રી ગૂંડા વિરોધી ધારો જે આ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે. એના અનુસંધાનમાં હું બે ત્રણ વાતો કહેવા માગુ છું. કાયદાઓ ઘણા બધા પૂરતા છે આ રાજયમાં અત્યાર સુધીમાં જે કાયદાઓ નો જો નિષ્ઠાપુર્વક અમલ કર્યો હોત તો મને લાગે છે કે આ ધારો લાવવાની જરૂરિયાત ઉભો ન થઇ હોત, પણ કમનસીબી એ છે કે આવા કાયદાઓનો પૂરેપુરો નિષ્ઠાપુર્વક અમલ જે રીતે થવો જોઈએ એ રીતે થઇ શકયો નથી. અને આ દિશામાં મારે મુખ્ય મંત્રીશ્રીનું ખાસ ધ્યાન

દોરવું છે કે આનો ઉપયોગ કોઈ કરી શકશે ? તો સૌથી પહેલા એના માટે સરકાર જવાબદારી ઉપાડે માનનીય અધ્યક્ષશ્રી, સરકારની વાત જ્યારે હું કરૂં છું ત્યારે એમાં પ્રધાનો પણ હોય. ધારાસભ્યો પણ હોય, સંસદ સભ્યો હોય, અધિકારીઓ હોય, આખુ વહીવટી તંત્ર એમાં આવી જાય. સરકારનું કેવું કામ કરે છે. એનું પ્રતિબિંબ પ્રજા ઉપર પડતું હોય છે. સરકાર જે રીતે વર્તે છે. એ વર્તનનું પ્રતિબિંબ સમાજ ઉપર પડે છે. અને સમાજ એ રસ્તે ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પરિસ્થિતિ ગુજરાતમાં પેદા થઈ છે અને નવા મુખ્ય મંત્રીશ્રી 'યંગટર્ક ચીફ મિનિસ્ટર' જેને કહી શકાય. એમને જે હાલતમાં મુકાવું પડ્યુ છે એ છેલ્લા પાંચ વર્ષનું પ્રતિબિંબ પડે છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય સોનેરી, યંગ ટર્કનો મતલબ એસ્ટાબ્લીશમેન્ટ માટે ન હતો.

**ડૉ. કરસનદાસ સોનેરી :** માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષનો જે પરિપાક છે તેનો નીચોડ આવેલ છે.. ૧૯૮૦થી ૮૫નો પાંચ વર્ષનો જે પરિપાક છે તેનો નીચોડ છે એટલાં માટે મુખ્ય મંત્રીશ્રીને અનેક કદમ લેવાની ફરજ પડી છે. અત્યારે વખાણ કરૂં તો એ બરાબર ન કહેવાય. કારણ કે નીચડે વખાણ કરાય. પણ જે ચેતના દેખાય છે. જે કંઈ પ્રતિભા થઈ રહી છે. એનું સમાજ ઉપર પ્રતિબિંબિ થતું દેખાય છે. આ ટકાવી રાખવાનું છે પણ ગુજરાત આજે કેમ વાગોવાઈ રહ્યું છે ? કોઈ આ ખાનાખરાબી કરાવી રહયું છે ? કેમ થઈ રહ્યું ? છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સરકાર જે વહીવટ કર્યો છે. અને એ વહીવટમાં આ બિલમાં પહેલા ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમ દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર લોકોની સામે ઉપયોગ થશે તો દારૂબંધીનો કાયદો તો હતો જ. એનો ઉપયોગ કરી શક્યા ન હતા. પણ આ ગૃહમાં બેઠેલા માનનીય સભ્યશ્રી બહાર નીકળીને જે વર્તન કરે છે એની સામે સમાજ જોઈ રહ્યો છે. દુઃખની વાત એ છે કે ગુજરાતના કેટલાક પ્રધાનો જ્યારે પ્રવાસમાં નીકળે છે (અંતરાય) હું. સાબરકાંઠાનો છું. એટલે સમજી શકું છું. નાયબ મંત્રીશ્રી કે મંત્રીશ્રી પ્રવાસમાં નીકળે છે. ત્યારે એમનો પ્રવાસ ગોઠવાય ત્યારે પોલીસતંત્ર પહેલેથી તેની ગોઠવણ કરી મૂકે.

**અધ્યક્ષશ્રી :** માનનીય સોનેરી, આ પ્રકારે એક સામાન્ય પ્રકારનો આક્ષેપ કરવો એનો અર્થ શું થાય એ તો આપ સમજો છો એના કારણે પ્રધાનો હોય કે આ ગૃહમાં બેઠેલા સૌ કોઈ આજના કે ભૂતકાળના ઉપર એક શંકાની છાયા ઉભી થાય એટલે આપ જે રીતે કહો છો તે રીતે વાજબી નથી. આપને આક્ષેપ કરવાની છૂટ છે, એના માટે નિયમ છે તો એ મુજબ કરી શકો છો કે જેથી જેમની સામે આક્ષેપ કરવા માગતા હો તે જવાબ આપી શકે. પણ આખાયે વર્ગને પ્રજાની વચ્ચે આ રીતે લાવીને મૂકવો એ બરાબર નથી.

**ડૉ. કરસનદાસ સોનેરી :** માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યો અને પ્રધાનો એવા હોય તેમ કહેવાનો મારો અર્થ નથી આશય નથી.

**અધ્યક્ષશ્રી :** આશય ગમે તેવો હોય તો પણ એની અસર શી થાય એ આપણે જોવાનું છે.



**મહંત શ્રી વિજયદાસજી :** માનનીય અધ્યક્ષશ્રી, એમનો કહેવાનો આશય બરાબર નથી.

**અધ્યક્ષશ્રી :** એ પણ ભૂતકાળમાં પ્રધાન હતા આશય એવો ન હતો એમ કહેવાથી વાત પૂરી થતી નથી. (અંતરાય) આશય ગમે તેવો હોય તો પણ પ્રજાના મનમાં કંઈક છાપ પડે એ એમના આશય કરતાં તદ્દન જુદી પડે તેવું છે અને એટલા જ માટે આ પ્રકારની અર્ધી ભાષા ન વપરાય એ જરૂરી છે.

**ડૉ. કરસનદાસ સોનેરી :** માનનીય અધ્યક્ષશ્રી, વાત સાચી છે, પણ હકીકતો બનેલ છે પ્રજા જાણે છે. હવે હું વિશેષ ઉંડાણમાં જાઉં છું. તો પરિણામ શું આવે તે હું કહી શકતો નથી.

**અધ્યક્ષશ્રી :** મારી વાત બહુ સ્પષ્ટ છે કે નિયમ ૩૭ મુજબ આપને આક્ષેપ કરવો હોય તો એ આક્ષેપની બાબતમાં આ સભાગૃહના કોઈપણ સભ્યશ્રીને માટે કરવો હોય તો તેને આપે પહેલા ખબર આપવી જોઈએ. અને જેથી કરીને એ તૈયાર થઈને આવે અને આપને જવાબ આપે જો આપને કોઈ બહારના સભ્ય માટે કહેવું હોય, આ સભાગૃહના સભ્ય સિવાયની કોઈ વ્યકિતને માટે આક્ષેપ કરવા માગતા હો તો એ ખાતાના મંત્રીશ્રીને ખબર આપવા જોઈએ. અને એ અંગે મારી પરવાનગી લેવી જોઈએ. આટલી મર્યાદા સાથે આક્ષપ કરવાની છૂટ હોય છે.

**ડૉ. કરસનદાસ સોનેરી :** માનનીય અધ્યક્ષશ્રી આપે મર્યાદા મૂકી છે એનો હું સ્વીકાર કરૂં છું. એટલે આ બાબતમાં હું ઉતરીશ નહીં. પણ જે હકીકત છે. તે હકીકત રહેવાની છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય સોનેરી એ આપને કહ્યું કે આપ પણ ભૂતકાળમા મંત્રી હતા એટલે આપ જે બોલો છો એમાં આપ પણ આવી જાઓ છો.

**ડૉ. કરસનદાસ સોનેરી :** હું પણ આવી જાઉં. છું, સાહેબ.

**અધ્યક્ષશ્રી :** તો પછી શા માટે આવો ઉલ્લેખ કરવો પડે ?

**ડૉ. કરસનદાસ સોનેરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પણ એમાં આવી જાઉં છું.

**અધ્યક્ષશ્રી :** આમ બાંધે ભરમે આક્ષેપ કરવાની આપણા સભાગૃહમાં કોઈને પણ છૂટ નથી. આક્ષેપ કરવા હોય તો કરવાની છૂટ છે. પણ એ આક્ષેપ ઉપરની સંપૂર્ણ જવાબદારી ઉપાડીને, નિયમ મુજબ પધ્ધતિ અખત્યાર કરીને આક્ષેપ કરી શકો છો. બાકી સમગ્ર વર્ગને અન્યાય થાય એ માટેની કોઈપણ પ્રકારની ખરાબ છાપ પ્રજાની અંદર ઉભી થાય એ વાત કરવાનું કોઈપણ સંજોગોમાં વાજબી નથી શબ્દોની રમત આમથી તેમ કરો. એમાં કોઈ ફાયદો થતો નથી. સીધી સાદી ભાષામા આપ આ વાત ન કરી શકો.

**ડૉ. કરશનદાસ સોનેરી :** મહત્વનો સવાલ એ હતો, મારી વાત તો પૂરી થઈ ગઈ માની લઉં છુ પણ પ્રધાનો એટલે કે મંત્રીઓ. પાર્લામેન્ટના સભ્યો અને ધારાસભ્યો (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય દિનકરભાઈ. દારૂની બાબતમાં આપ ક્યાં છો તે તો સૌ કોઈ જાણે છે એટલે તમારે મોંમાં પાણી લાવવાની જરૂર નથી.

**ડૉ. કરસનદાસ સોનેરી :** એટલા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે આપે—મુખ્ય મંત્રીશ્રીએ, જે કદમ ઉપાડયાં છે, વહીવટી તંત્ર ઉપરનાં અને બીજાં જે જે કદમો લીધાં છે તે આવકારપાત્ર બને છે પણ આચાર સંહિતા એ મુખ્ય રહેશે. અને એ આચારસંહિતા જે અપનાવવામાં આવશે તેનું પ્રતિબિબ ગુજરાત ઉપર ચોકકસ પાડવાનું છે. ગઈ સરકાર વખતે જે પ્રતિબિંબ પડવાની અમે અપેક્ષા રાખતા હતા એ ન પડયું. કોઈ માનનીય પ્રધાન કોઈ કાર્યક્રમમાં હાજરી આપે, હવે એ કાર્યક્રમમાં હાજરી આપે ત્યારે એ કાર્યક્રમનું આયોજન કરનાર, એ કોઈ મોટો દારૂનો ધંધો કરનાર ન હોય, એ કોઈ પોતાની કલબ ચલાવતો હોય અને તેની સાથે એ કાર્યક્રમ એ અપાય, પોલીસ પણ ત્યાં હાજર હોય, તેના ફોટા પણ પડાય, એ ફોટા પેપરમાં પણ આવે, તેને કોણ પકડી શકે? માત્ર કાયદા કરવાથી એનો અંત નહિ આવે પણ સૌથી પ્રથમ આચારસંહિતા આપણે બધાએ અપનાવવી પડશે. અને તે વખતે એવું તો હું માનું છું કે આ કાયદાનો અર્થ રહેવાનો છે. વાતો ઘણી લાંબી કરવાની હતી પણ આપે મર્યાદા મૂકી છે તેને હું આવકારું છું. કારણ કે એ જરૂરી છે પણ કેટલાક કિસ્સા પણ એવા બને છે કે જો હું કહીશ તો કદાચ આપનો આદેશ થશે એટલે હું કહેતો નથી પણ સરકારે કેટલીક નીતિઓ સ્પષ્ટ કરવી જોઈએ.

ગઈ વખતે દારૂ અંગેની નીતિ અસ્પષ્ટ રહી. અહીં એમ કહેવામાં આવ્યું કે સંપૂર્ણ દારૂબંધીની વાત અમે સ્વીકારીએ છીએ. બહાર તેનો અમલ ન થયો અને પરિણામ એ કે આવું જાહેર રસ્તાઓ ઉપર દારૂ ગળાય દારૂ પીવાય અને તેના અનેક લોકો ભાગીદાર પણ બને અને અગત્યની વસ્તુ એ છે કે સરકારી તંત્ર પણ તેમાં મદદરૂપ થઈ શકયું. અને સરકારી તંત્ર મદદરૂપ થઈ શકે ત્યારે તેનો કોઈ દહાડો જ ન રહે કારણ કે એ જાણે છે સરકારી તંત્ર પણ જાણે છે અને લોકો પર પણ એવી અસર ઉભી થવાની છે કે જયારે અમુક લોકો આવે ત્યારે સરકારી તંત્ર તેમને આ રીતે સેવા આપતું હોય તો આપણે શા માટે તેના અંગે ચિંતા કરવાની જરૂર છે! તેના કારણે દારૂની એટલી બધી બદી વધી ગઈ છે કે દારૂબંધીનો કાયદો કાંઈ કામ કરતો નથી. એ સંજોગોમાં આ કાયદો જે આવી રહયો છે તેને હું આવકારૂં છું. હાર્દિક આવકાર આપું છું પણ મહત્વનો સવાલ તો એ છે કે આ કાયદો એ સોનાની કટાર છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી પોતાની મ્યાનમાં કટાર રાખશે તો શોભી ઉઠશે પણ એ કટારનો ઉપયોગ જો ખોટા માર્ગે થશે તો તેનું પરિણામ પણ એવું આવશે એટલે આ કાયદાનો ઉપયોગ બહું વિવેક પૂર્વક થાય. કા તો એક કદમ આગળ જઈને એમ પણ કહીશ કે રાજકીય તત્વો સામે આ કાયદાનો ઉપયોગ કરવો હોય તો મુખ્યમંત્રીશ્રી કરી શકે છે પણ સામાન્ય કોઈ સંમેલનથી, સામાન્ય કોઈ સરઘસ કાઢવાની, સામાન્ય કોઈ વિચાર કરવાથી, તેનો ઉપયોગ થાય તો બરાબર નથી. તેનો પૂર્વ ઈતિહાસ તેની પાસ્ટ હિસ્ટ્રી તપાસવી જોઈએ અને એ પાસ્ટ હિસ્ટ્રી તપાસ્યા પછી એમ લાગે કે એ ગૂંડાગીરીનું કામ કરે છે, એ ખૂની છે એ કોઈ બાબતમાં સંડોવાયેલો છે તેવા લોકોને પૂરી દેવા જોઈએ તેમ અમે સ્પષ્ટ માનીએ છીએ એટલે તેનો અર્થ એવો નથી કરતા અમે રાજકીય રીતે, રાજકિય નેતા બની જાય એટલે તેને બધી સલામતી મળી. તેવું ન બની શકે. તેવો જો ઉપયોગ કરવામાં આવ્યો હોત



તો મને લાગે છે કે ગય વખતની સરકારમાં ઘણોખરો તેનો ઉપયોગ થઈ શકયો હોત. હું બહું લાબું કહેવા માગતો નથી. ગઈ વખતની સરકાર વખતે તેનો ઉપયોગ થયો હોત. રાજકીય તત્વોને ડામવા માટે આ કાયદાનો ઉપયોગ થયો હોત તો ઘણાખરા સારા માણસો જેલના સળિયાની પાછળ હોત.

હું એક વાતનો ઉલ્લેખ કરવા માગું છું અને તે એ છે કે ઈડરના એક ધોરી રસ્તા ઉપર વિશ્રામ ગૃહ છે. ત્યાં અનેક માહાનુભાવો આવે છે. તેની સામેજ કેટલાક સમયથી દારૂના વેપારનું કામ કરે છે અને એ કામ કરે છે તેમાં પોલીસ તંત્ર તેનાથી પૂરેપૂરૂ જાણકાર છે એટલું જ નહિ તેને પોલીસનું રક્ષણ મળેલું છે. મારે કહેવું જોઈએ એક સારા પોલીસ અધિકારીએ તેમનાં સામે પગલાં લીધાં પરિણામ એ આવ્યું કે તેની ટ્રાન્સફર કરી દેવામાં આવી ત્યારે માત્ર કાયદો કરવાથી તેનો ઉકેલ આવવાનો નથી. તેનો ઉપયોગ નિષ્ઠાપૂર્વક થાય તો હું માનું છું કે સારૂં પરિણામ આવશે.

કોઈની મિલકત પચાવી પાડનારા લોકોની સામે આ કાયદાનો અમલ થવાનો છે. તેમ હું માનુ છું. ખૂબ આનંદની વાત છે. આ ઘણા એવા કાયદાઓ છે કે જેનાથી તેમને રક્ષણ આપી શકયા હોત પણ સાબરકાંઠા અને સૌરાષ્ટ્રમાં ઘણી એવી જમીનો છે. ગરીબ લોકોની કે જેને માથાભારે તત્વોએ કેપ્ચર કરી લીધી. છે. ખોટા દસ્તાવેજો, ખોટા પુરાવાઓ, ધાકધમકી અને પરિણામ એ આવ્યું છે કે એ લોકોના પ્રશ્નો છેલ્લા ૧૦-૧૫ વર્ષોથી પડેલા છે જેનો ઉકેલ આવી શકતો નથી. ત્યારે હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને વિનંતી કરૂં છું. કે તેનો ઉપયોગ કરો, બેફામ ઉપયોગ કરો. અમારા ઉપર એવું લાગનું હોય તો પણ ઉપયોગ કરો અને એટલા માટે હું આ દરખાસ્ત મૂકવા માગું છું. જેઓ ગરીબોને રહેંસી રહયા છે એમની સામે એનો ઉપયોગ કરો.

છેલ્લી એક વાત હું એ પણ કરવા માગું છું કે જયારે આ કાયદો અમલમાં આવશે ત્યારે જે જાહેર બાબતો છે, જે દારૂના અડ્ડા ચાલે છે, વેપાર ચાલે છે. ગૂંડાગીરી કરનારા જે લોકો છે એને માટે પ્રજાએ શું અરજી કરવાની રહેશે? સરકાર એને માટે તરત પગલાં લેશે એટલો જ સવાલ છે, કારણ કે કોઈ લોકો એને માટે હિમતપૂર્વક બહાર આવતા નથી. પોતાની મુશ્કેલી પણ રજૂ કરી શકતા નથી. તો મુખ્ય મંત્રીશ્રીને હું વિનંતી કરૂં છું કે જાહેરમાં જયારે આવું થતું હોય એને માટે પ્રયત્નો કરવાના છે. સરકારે અને પોલીસતંત્રે નકકી કરવાનું છે કે આ જે ચાલે છે ત્યાં આમ કરવાનું છે અને એનો ઉપયોગ કરવાનો છે અને એ પ્રમાણે વ્યવસ્થા કરવી જોઈએ. સાબરકાંઠામાં અનેક ખૂન થાય છે. એ ખૂનનો કોઈ ઉકેલ આવતો નથી. એવા કેટલાયે સારા માણસો હોય છે કે જેમને રાતોરાત રહેંસી નાખવામાં આવતા હોય છે. એનું પરિણામ એ આવે છે કે એને માટેના કાગળો થાય છે અને એ કાગળો તૈયાર કરવા માટેની જે વ્યવસ્થા ઉભી થાય છે અને એના પુરાવા એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે એ કિસ્સો મર્ડર તરીકે નહિ પણ આપઘાત તરીકે હોય એ રીતે એને ખપાવવામાં આવતા હોય છે. ધનસુરાની અંદર એક ખૂનનો બનાવ બન્યો હતો. ત્યાં એને માટેની દહેશત ઉભી થઈ અને આ ધારા નીચે એનો ઉકેલ લાવવો જોઈએ એમ માનું છું. મારે તો આ અંગે ખૂબ ખૂબ કહેવાનું હતું

પરંતુ મારી મર્યાદા આવી ગઈ હોવાથી હું વધારે કહી શકતો નથી પણ આ ધારાનો ઉપયોગ બહુ સારી રીતે થાય અને એને માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી આગળ આવે એવી હું અપેક્ષા રાખું છું.

**શ્રી મનુભાઇ કોટડિયા** (ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ વિધેયક ક્રમાંક-૨૦ લઈને આવ્યા છે અને બહાર પાડવામાં આવેલ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ માનનીય શ્રી અશોકભાઈએ રજૂ કરેલ છે. આ અંગે અગાઉ પણ ઘણી ચર્ચા થઈ ગયેલ છે અને ઘણા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિદ્વતાપૂર્વકના વકતવ્યો આ સભાગૃહ સમક્ષ રજૂ કર્યા છે. એટલે એ માટે બહુ સમય લેવાની મારી ઈચ્છા નથી.

ખાસ કરીને અહીંયાં જે માહિતી આપવામાં આવે છે અને આ ગૃહને એનાથી માહિતગાર કરવામાં આવે છે એમાં હું જવા માગતો નથી પરંતુ છેલ્લા ૫ વર્ષનો આ ગૃહના સભ્ય તરીકેનો મારો જે અનુભવ છે અને એમાં માનનીય ઉપાધ્યક્ષશ્રી સોનેરીએ જે વાત કરી એ બેહુ સાચી વાત કરી છે. આપણે જે ભોગવી રહયા છીએ અને જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એમાં ગત સરકારનો વહીવટી દોષ છે એ નાનો સૂનો નથી. જે પગલાં લેવામાં આવ્યા એ અસરકારક રીતે લેવામાં આવ્યાં હોત અને એ વખતે અમે જે વાત કરતા હતાં, ગૃહના માનનીય સભ્યશ્રીઓ જે વાત કરતા હતા અને જે માહિતી આપતા હતાં એ માહિતીને જો ગંભીરતાપૂર્વક લેવામાં આવી હોત તો અત્યારે આ જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે એને નિવારી શકાઈ હોત અથવા તો એ કક્ષાએ આપણે પહોંચ્યા ન હોત. ગૂંડા નાબૂદી ધારો લાવવો જોઈએ એવું આ ગૃહમાં અને ગૃહની બહાર જાહેરસભાઓમાં અ[…] વખતોવખત માગણી કરી છે મારો અનુભ[…] એવો છે કે સૌરાષ્ટ્રની અંદર ખાસ કરીને વકરે[…] ગૂંડાગીરી જેણે લોકજીવનને માટે ભારે મો[…] હાનિ પહોંચાડી હતી એને માટેના અ[…] દાખલા અને દલીલો આ ગૃહ સમક્ષ રજૂ[…] થઈ ચૂકયા છે. જેને માટે સંખ્યાબંધ દાખ[…] માનનીય શ્રી ચીમનભાઈએ અને મા[…] પુરોગામી વકતાઓએ આપેલા છે એટ[…] એમાં હું નહિ પડું પણ આવા સંખ્યાબં[…] બનાવોની વિગતો અહીંયા આપવા[…] આવેલી છે જે દાખલા બન્યા છે એના એકાદ[…] જેટલા જ આપવામાં આવ્યા હોય છે. [...] બધાનું સંશોધન કરવા માટે વિનંતી કરવા[…] આવેલી એ વખતે એનો સ્વીકાર કરવા[…] બદલે એની ઉપેક્ષા કરવામાં આવી હ[…] વિરોધપક્ષના આગેવાનો તરફથી અને ગૃહ[…] માનનીય સભ્યશ્રીઓ તરફથી એને માટે[…] જે માહિતી આપવામાં આવતી હતી [...] માહિતી રાજકીય પ્રકારની છે એમ ખપા[…] એને મહત્વ આપવામાં આવ્યું નહોતું એ[…] એને પરિણામે જે રોગ હતો એ વક[…] ગયો અને એમાંથી આ સ્થિતિ નિર્મા[…] થઈ છે અને એને કારણે સરકારને [...] ધારો લાવવો પડયો છે. ગત સરકારે પ[…] એ વાત સ્વીકારી હતી કે ગૂંડા નાબૂદી ધ[…] આ સરકાર લાવવા માગે છે અને એ[…] અનુસંધાનમાં વિરોધપક્ષના નેતાશ્રી [...] અગ્રણીઓ સાથે પણ એ વખતે ચર્ચા[…] હતી અને એ વખતે જે સ્વરૂપ અપનાવવ[…] આવ્યું હતું એ સ્વરૂપની નકલ મારી પ[…] છે. એ સ્વરૂપ અને આ જે વટહુકમ બહ[…] પાડવામાં આવેલો છે એનું સ્વરૂપ જોશ[…] આવશે તો લગભગ એની જોગવાઈઓ[…] ઘણો મોટો ફરક છે. છતાં પણ અમે એ[…] કહયું કે બરાબર છે કે સરકાર પાસે [...] એક શસ્ત્ર આવે છે એ શસ્ત્ર જો આપ[…] હોય તો આ જે દૂષણ છે એ સમાજને ફે[…]



રહયું છે એ દૂષણને નાબૂદ કરવા માટે સરકારે કટિબધ્ધ થવું હોય અને આ દૂષણ નાબૂદ કરે તો એ આવકારીશું.

આ વટહુકમ મે મહિનાની ૨૭ મી તારીખે બહાર પાડવામાં આવ્યો અને ત્યારપછી એમને જે અનુભવ થયો છે એ નિરાશાજનક છે અને એમ લાગે છે કે નેશનલ સિકયુરિટી એકટ પાર્લામેન્ટમાં પસાર કરવામાં આવ્યો ત્યારે તે વખતના ગૃહ મંત્રીશ્રીએ પાર્લામેન્ટમાં ખાતરી આપેલી હતી અને એ વખતના પાર્લામેન્ટના સંખ્યાબંધ સભ્યશ્રીઓની ડિબેટ મારી પાસે છે. પાર્લામેન્ટના સંખ્યાબંધ સભ્યશ્રીઓએ તે વખતે દહેશત વ્યકત કરેલી કે આનો રાજકીય દુરૂપયોગ થશે અને એનો રાજકીય દુરૂપયોગ ન થાય એના માટેની બાંહેધરી પણ માંગેલી કેન્દ્રના ગૃહ મંત્રીશ્રીએ પાર્લામેન્ટમાં ખાતરી પણ આપેલી કે આનો રાજકીય દુરૂપયોગ નહીં થાય. એટલે આપણી જે ફરિયાદ છે નેશનલ સિકયોરિટી એકટ બાબતે એ જ રીતે ગૂંડા નાબૂદી ધારાનો પણ રાજકીય રીતે ઉપયોગ જ થયો છે આ છેલ્લા બે મહિનામાં એ જોયું છે તે પછી એમ થાય છે કે આ શસ્ત્ર સરકારના હાથમાં આપવા જેવું નહોતું. એના માટેનો જે હેતુ હતો એ હેતુ બર લાવવાના બદલે સરકાર કાંઈક જુદા જ માર્ગે જાય છે. સવાલ આજે એ છે કે આ શસ્ત્ર એના હાથમાં આપીએ તો એ શસ્ત્રનો જે હેતુ માટે ઉપયોગ કરવાનો છે એ માટે ઉપયોગ થવાનો છે ખરો ? સરકારની દાનત હોય ગૂંડા નાબૂદીની અગર તો અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા માટે, સમાજમાં જે દૂષણો છે એ નાબૂદ કરવા માટેની સરકારની જો નેમ હોય તો અત્યારના જે કાયદાઓ છે ઈન્ડીયન પીનલ કોડ અને બીજા જે કાયદાઓ છે એ કાયદાઓમાં પણ ભરપેટ જોગવાઈઓ છે. સવાલ માત્ર એટલો જ છે કે આ કાયદામાં ન્યાયની અદાલતોમાં કેસ મૂકવા પડે છે અને આ જે સુધારેલું બિલ લાવ્યા છે એ પસાર કર્યા પછી એક વર્ષ સુધી ન્યાયની અદાલતમાં જવાની જરૂર ઉભી નહીં થાય એવી જોગવાઈ છે. આજે પણ કાયદામાં જે જોગવાઈઓ છે એ જોગવાઈના આધારે આપણે આ સમાજના દૂષણો નાબૂદ કરી શકીએ તેમ છીએ પણ તે શા માટે થતાં નથી ? તે કાયદાનો અમલ કેમ થતો નથી ? તો એની પાછળના કારણો છે એ કારણો પણ જાણીતાં છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે એમાં માત્ર સરકારના ગૃહમંત્રીશ્રી હોય કે બીજા કોઈ જવાબદાર આગેવાનો હોય એ માત્ર જવાબદાર નથી એમ હું માનું છું. કે આની પાછળ જે ક્રમશ: નૈતિક રીતે આપણું જે ધોરણ ઉંચું હતું એ નીચું ગયું છે એ પણ એને માટે નાનું સુનું કારણભૂત નથી. કાયદાઓ છે એ કાયદાના વાજબી અમલીકરણ માટે પોલીસ અધિકારીઓની જે નિષ્ઠા હોવી જોઈએ એના પ્રત્યે અને લોકોની જે નૈતિક હિંમત હોવી જોઈએ એ નિષ્ઠાનો અભાવ ભારે મોટો છે. લોકો નૈતિક હિંમત હારી ગયા છે. અમે સંખ્યાબંધ કેસો જોયા છે તેમાં ફરિયાદ આવે ત્યારે પુરાવા કે સ્ટેટમેન્ટ ન આપવામાં આવે અને પુરાવા ન આપે તો પોલીસ શું કરે ? એ વાત પણ સાચી છે. હવે પુરાવાઓ શા માટે નથી આપતા તેના મૂળમાં જવાનું જરૂરી છે. એ માટે એ જરૂરિયાત એટલા માટે ઉભી થાય છે કે પોલીસ અને અસામાજિક પ્રવૃત્તિ આચરનારાઓ સાથે ગઠબંધન છે એ લોકોને હતાશ કરે છે હિંમત વગરના કરી મૂકે છે, કારણ કે જયારે ફરિયાદ લખાવવા જાય ત્યારે એ ગુનાખોર પ્રવૃત્તિ કરનારના આગેવાન હોય તે પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીની બાજુમાં બેઠો હોય છે, એની સલાહ પ્રમાણે જ ચાલતું હોય છે કે કેવી

**શ્રી મનુભાઈ કોટડિયા ]**

રીતે પુરાવા લખવા અને ન લખવા અને તેથી એટલા કાગળો અધૂરા રહે છે. કાગળો અપૂરતા રહેવાને કારણે અને કોર્ટમાં સાક્ષી ન આપવાના કારણે અદાલતે તો પોલીસના પુરાવાઓ અને પોલીસે આપેલા પેપર્સ ઉપર ચુકાદો આપવાનો હોય છે ત્યારે મોટી મુશ્કેલી થઈ જાય છે અને એના પરિણામે સંખ્યાબંધ ગુનેગારો છૂટી જાય છે લોકો નૈતિક હિંમત હારી ગયા છે અને કોર્ટમાં જુબાની આપતા નથી, સ્ટેટમેન્ટ લખાવતા નથી અને એના આધારે આ થાય છે. એટલે એની પાછળનાં જે મૂળ છે એ શોધવાની જરૂર છે.

આક્ષેપો થાય છે કે સબ-ઈન્સ્પેકટરની ભરતીમાં, પોલીસની ભરતીમાં લાંચ લેવાય છે. એ આક્ષેપોમાં સત્યતા કેટલી હશે એમાં નહીં પડું પણ પોલીસની ભરતીમાં આગળ જે ચોકસાઈ હતી એ આજે નથી અને જે લાંચના આક્ષેપો છે તેમાં લેશમાત્ર તથ્ય હોય તો તે ષડયંત્ર તો ખરૂ ને ? એ શરમજનક છે કે આવા આક્ષેપો થાય એ પ્રકારની ભરતીની વ્યવસ્થા શા માટે આપણે રાખીએ છીએ ? એક વાત એ પણ થાય છે કે સબ-ઈન્સ્પેકટરની ભરતી આટલી મોટી લાંચથી શરૂ થતી હોય તો પછી એ સબ-ઈન્સ્પેકટર પોતાનો હોદો ધારણ કરીને શું કરવાનો ? કારણ કે, જે પૈસા તેણે આપ્યા હશે, એ રિકવર તો કરશે જ અને એ રિકવર કરવા માટેનાં સાધનો શું ? તો તે સાધનોમાં દારૂ ગાળનારા, જુગારની કલબોવાળા સાધનો મુખ્ય છે અને જે દાદાગીરી કરતા હોય તેના રીંગ લીડરો પણ સાધન છે આ એના પૈસા ઉભા કરવાનાં સાધનો છે. એના કારણે આ નૈતિક અધ:પતનના માર્ગે આ સમાજને આપણે લઈ ગયા છીએ એનું ભારે મોટું દુ:ખ છે.

હવે સવાલ એ છે કે આ કાયદાઓ તો છે અને તેમાં નવો કાયદો ઉમેર્યો પછી પરિસ્થિતિમાં ફેર થવાનો ખરો ? જો પરિસ્થિતિમાં ફેર થવાનો ન હોય તો પછી એક વધારાનું શસ્ત્ર સરકારના હસ્તક મૂકવાનું કોઈ પણ વાજબી કારણ લાગતું નથી. વધારાનું શસ્ત્ર મૂકીને સમાજ અપેક્ષા રાખે છે કે તેમાં જે દૂષણો છે, પીડા છે એ નાબૂદ થાય. સમાજ સુરક્ષિત બને અને બહેન-દીકરીઓ રાત્રે બાર વાગ્યે એકલી હરીફરી શકે એ પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે જ આ કાયદો છે. એ પરિસ્થિતિ નિર્માણ થાય તે માટે આ શસ્ત્ર હાથમાં આપવા માગીએ છીએ. આ શસ્ત્રથી એ થઈ શકે તેમ છે અને એ નિર્માણ થાય તેમ હોય તો અમારો સંપૂર્ણ ટેકો છે, કારણ કે આખરે તો આપણે સૌ સમાજના જવાબદાર આગેવાનો છીએ. આપણે ઈચ્છીએ છીએ કે સમાજ સુરક્ષિત બને, આતંક નાબૂદ થાય અને એનો પડઘો ગઈકાલે પાડયો છે. આ ગૃહે સર્વાનુમતે ગઈકાલે પડઘો પાડ્યો છે. સમાજમાંથી દૂષણો નાબૂદ થવાં જોઈએ, બહેન-દીકરીઓ અને લોકોનું ધન સલામત રહેવું જોઈએ અને એ માટે આપણે સૌ જવાબદાર છીએ. એ જવાબદારી અદા કરવા માટેનું સાધન આ શસ્ત્ર થઈ શકે તેમ છે ખરું ? આપણા સૌની જવાબદારી છે. એ કરવા માટે આ વધારાનું શસ્ત્ર સહાયરૂપ થઈ શકે તેમ છે ? અને જો શસ્ત્ર સહાયરૂપ થાય તેમ હોય તો અમારી ના નથી, પણ મને ડર છે કે આ શસ્ત્ર હાથમાં લીધા પછી પણ એનો દુરુપયોગ સિવાય કાંઈ થવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હું સુરત ગયેલો, ત્યાંના માણસોની ફરિયાદ હતી કે ઈન્સ્પેકટરોના દલાલો આવે છે, હીરા ઉદ્યોગમાં પડેલા લોકોને પરેશાન કરે છે. મોટા ભાગે આ અશિક્ષિત માણસો હોય અને આવીને એમ કહે કે તારૂં નામ ચડી ગયું છે, હું વાંચીને



**શ્રી મનુભાઈ કોટડિયા ]**

આવ્યો છું અને વીસ-પચ્ચીસ દિવસમાં તમારા ઉપર વોરંટ નીકળવાનું છે. આ રીતે પૈસાની રેલમછેલમ આ દલાલો મારફત આ ઈન્સ્પેકટરોને ત્યાં થવા માંડી છે. છેલ્લા એક મહિનાની અંદર ઓછામાં ઓછા પાંચ લાખની આવક ત્યાં ઈન્સ્પેકટરોએ કરી છે. મારો આક્ષેપ છે, માનનીય અધ્યક્ષશ્રી, પાંચ લાખની ઓછામાં ઓછી આવક કરે છે. આપણે ઈચ્છીએ કે સરકારની નેમ એવી છે કે આ શસ્ત્રને લઈને આ દૂષણ નાબૂદ કરવું છે. પણ એનો દુરુપયોગ થાય છે. એ દુરુપયોગ અટકાવવા માટેની કેટલીક ધારાકીય જોગવાઈ આપણે કરવી પડે તેવું છે. જે આ બિલની અંદર જોવા મળતું નથી. એટલે મને ડર છે કે આ કાયદાનો દુરુપયોગ થશે તો મુશ્કેલી થવાની છે. એમ કહે છે કે આનો રાજકીય દુરુપયોગ નહીં કરીએ, પણ આનો રાજકીય દુરુપયોગ થવા માંડયો છે. એટલે આ વટહુકમનું બિલ લાવવા માટે અમારી ઈંતેજારી હતી, અમારો આગ્રહ હતો એમાં ભારે મોટો ઓટ આવેલ છે. છતાં આની અંદર જો આનો દુરુપયોગ નહીં કરવામાં આવે ત્યાં સુધી એમાં અમારો પૂરેપૂરો સાથ અને સહકાર રહેવાનો છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય મનુભાઈ, મને ખ્યાલ છે ત્યાંસુધી આપે એમ કહયું હતું કે હું બહું ટુંકું પ્રવચન કરવાનો છું.

**શ્રી મનુભાઈ કોટડિયા :** બે કલાકની ચર્ચામાં અરધો કલાકમાં મંત્રીશ્રી લેશે એટલે થોડું વધુ બોલાય તો....

**અધ્યક્ષશ્રી :** આ અંગે વાટાઘાટ થઈ ગઈ છે. પછી આમાં શું કહેવાનું બાકી રહે છે? બધું નક્કી થઈ ગયું છે. હવે વધું કહેવાનું શું છે? (અંતરાય) કોને લંબાવવું પડયું છે? (અંતરાય) શેને માટે ? માનનીય મનુભાઈ બોલે છે. આપ શરૂ કેમ કરો છો? માનનીય મનુભાઈ, હું મનુભાઈની સાથે વાત કરૂં છું.

**શ્રી મનુભાઈ કોટડિયા :** પોઈન્ટ ઓફ ઓર્ડર કહેલ એટલે હું બેસી ગયો હતો.

**અધ્યક્ષશ્રી :** એ તો પોઈન્ટ ઓફ ઓર્ડર બોલ્યા નથી એ એમને એમ વચ્ચે આવી ગયા છે. એમને એમ કે આપની જગા મળી જાય તો લઈ લે.

**શ્રી મનુભાઈ કોટડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારો કહેવાનો આશય એ હતો કે આ કાયદાથી પરિસ્થિતિ હલ થવાની શકયતા ઓછી છે, એને બદલે જરૂર છે સામાજિક જાગૃતિકરણની. સામાજિક જાગૃતિકરણ નહીં લાવીએ ત્યાં સુધી, માનનીય અધ્યક્ષશ્રી, આમાં મુશ્કેલી થવાની છે.

આ બિલ પસાર કરવા માગીએ છીએ ત્યારે આ સભાગૃહ સમક્ષ પાંચ-છ મુદ્દા વિચારવા જેવા છે. એક તો એ છે કે શું આવા અધિકારો ખરેખર જરૂરી છે ખરા ? એ જરૂરી શા માટે છે એની વિગત આપીને, મંત્રીશ્રી આ ગૃહમાં કહે એ જરૂરી હતું કે કેમ એટલા કારણસર આપણે વધારાની સત્તા લેવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી,, બીજી વાત એ છે કે અત્યારનો જે કાયદો છે એ ખરેખર અપૂરતો છે? એ કાયદામાં પૂરેપૂરી જોગવાઈ હોય તો એનો ઉપયોગ શા માટે થતો નથી? આ કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરવા માટે જે અધિકારીઓ ફરજ અદા કરી રહયા છે. તેની સામે શું કરીએ છીએ?

શ્રી મનુભાઇ કોટડિયા ]

બીજો મુદ્દો એ છે કે આ વધારાનો અધિકાર છે. એનાથી પરિસ્થિતિ અંકુશમાં આવવાની ખરી? અંકુશમાં જો આવવાની ન હોય તો તે કેવી રીતે આવવાની છે. એની પણ આ ગૃહને માહિતી આપવી જોઇએ. આ પરિસ્થિતિ અંકુશમાં લાવવા માટે જો સરકાર કટિબધ્ધ હોય તો એનો ભાવિ કાર્યક્રમ બતાવવો જોઇએ કે આમાં આટલી આટલી સત્તા હતી અને વધારાની સતાનો અમો આ રીતે ઉપયોગ કરવાના છીએ. એ વધારાની સત્તાનો દુરુયોગના કારણે આ રીતે પરિસ્થિતિ હલ થવાની છે? માનનીય અધ્યક્ષશ્રી મને લાગે છે કે આ વધારાની સત્તા લેવાથી કોઇ વળવાનું નથી. જે આશય છે એ આશય બર આવવાનો નથી. મારો મુદ્દો એટલો જ છે કે આ વધારાના અધિકારનો દુરપયોગ થવાની શકયતા ખરી કે કેમ ? તો એનો દુરુપયોગ થવાનો છે. અને થઇ ગયો છે: માનનીય અધ્યક્ષશ્રી, બીજા ઠેકાણે પણ આવું બને છે. અમારે ત્યાં અમરેલીમાં પણ ચાલુ થઇ ગયું છે આમાં પોલીસ ખાતાના ' દલાલોએ અધિકારીને ખુશ રાખવા માટે, તેમના ગજવા ભરાવવા માટે આ ધારાનો દુરપયોગ ચાલુ કરી દીધો છે. મારે પ્રશ્ન એ પણ છે કે આ અધિકારોનો વિવેકપૂર્વક બુધ્ધિસર ઉપયોગ થવાનો છે ખરો ? જો વિવેકપૂર્વક બુધ્ધિસર ઉપયોગ જ થવાનો ન હોય તો...

**અધ્યક્ષશ્રી** : માનનીય મનુભાઇ, એકનો એક પ્રશ્ન આપ વારંવાર પૂછયા કરો છો અને તેનો જવાબ આપ જ આપ્યા કરો છો.

**શ્રી મનુભાઇ કોટડિયા** : મારો બહુ સ્પષ્ટ ખ્યાલ છે કે આવા અધિકારો આપવાથી હેતુ બહુ બર આવવાનો નથી. અને આવા સંજોગોમાં સરકારે પુન: વિચારણા કરવી પડશે. મેં અગાઉ કહયું તે પ્રમાણે રાજકીય રીતે કે ગમે તે રીતે સત્તા હાથમાં લઇ આપણે આખરે શું કરવા માગીએ છીએ? સામાજિક જાગૃતિ વગર એનો કોઇ અર્થ સરવાનો નથી તેમાં પોલીસની જે નૈતિક તાકાત છે, બળ છે. તેને પ્રોત્સાહિત કરીને ઉચું લાવ્યા વગર ચાલવાનુ નથી.

આ કાયદાની જે કેટલીક જોગવાઇઓ છે તેના તરફ હું ધ્યાન દોરવા માગુ છું. આમા ખાસ કરીને અમારા ખ્યાલ પ્રમાણે બે જોગવાઇઓ જે પડતી મૂકી છે તેને આમે જ કરવાની જરૂર હતી. એક તો જુગારીઓને આમા આવરી લેવામા આવ્યા નથી. જુગારની કલબોને આમા આવરી નથી અને બીજી વાત છે એ પાકનું ભેલાણ કરનારાઓને આવરવામા આવ્યા નથી. સૌરાષ્ટ્રમાં તો ભરપેટે પાકનું ભેલાણ થાય છે. દાદાગીરી પણ થાય છે. જમીન માલિકો ખેડૂતોને એકબાજુ લાચાર કરીને ઉભા કરી દે અને ખેતર ભેળવી દે છે. આવું એક ઠેકાણે થતું હોય તો બરાબર છે પણ અવારનવાર થાય છે. એટલે આ બે પ્રવૃતિઓ કરનારાઓને આમા આવરવાની જરૂર છે. એક તો જુગારની કલબો ચલાવનારાઓને અને બીજા પાકનું ભેલાણ કરનારાઓને તેમાં આવરી લેવાની મારી દ્રષ્ટિએ જરૂર છે. એ અંગે પણ ઓફિસીઅલ એમેન્ડમેન્ટ આવે, જેમ માનનીય કાલરિયા લાવ્યા છે, તેમના ડેપ્યુટી વ્હીપ એ લાવે એ જરૂરી છે.

**અધ્યક્ષશ્રી**: આમા એવું છે માનનીય મનુભાઇ આપ તો જોડે બેસીને સમજી ગયા છો, આના ઉપર તો આખો દિવસ બોલી શકાય તેમ છે. (**અંતરાય**) તેના માટે આવા લાંબા પ્રવચનો કરીને ખેંચવાનો કોઇ અર્થ નથી. સાથે બેસીને સુધારા સૂચવ્યા.



અધ્યક્ષશ્રી ]

બધું પતાવ્યું છે પછી એનો અર્થ શું ! ચાલો, ચાલુ, રાખો, .

**શ્રી મનુભાઇ કોટડિયા** : મેં અગાઉ કહયું એ પ્રમાણે કેટલીક કલમોની અંદર પણ સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. અને તેમાં પણ ખાસ કરીને કલમ ૩ છે તેમાં બહુ સ્પષ્ટતા કરવાની મંત્રીશ્રીએ જરૂરત છે. તેમાંય એવી જોગવાઇ છે કે કોઇપણ...

## કામકાજ સલાહકાર સમિતિના સાતમાં અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરૂ છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નલિન કે. પટેલ** : (સંસદીય મંત્રીશ્રી) : હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે કામકાજ સલાહકાર સમિતિના સાતમાં અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય.

**અધ્યક્ષશ્રી** : હું મત ઉપર મૂકું તે પહેલા જે અહેવાલ છે તે આપની સમક્ષ વાંચી સંભળાવું છું

સમિતિની બેઠક આજે એટલે કે ગુરૂવાર તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૫ના રોજ મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલી સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરૂ છું:

સમિતિની બેઠક આજે એટલે કે ગુરૂવાર, તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૫ના રોજ મળી હતી. સમિતિ નીચે મુજબ ભલામણો કરે છે. :

(૧) શનિવાર, તા. ૨૭-૭-૮૫ના રોજ સભાગૃહની બેઠક સવારે ૮-૩૦ વાગે રાખવી.

(૨) તા. ૨૬-૭-૮૫ અને તા. ૨૭-૭-૮૫ ના રોજ નીચે જણાવેલાં સરકારી વિધેયકોને નીચેના ક્રમમાં હાથ ધરવા અને પૂરા કરવાં.

૧. સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક-૨૦
૨. સન ૧૯૮૫નું ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવાં બાબત વિધેયક.

૨. સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૩૯ સન ૧૯૮૫નું મુંબઇ જમીન સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક

૩. સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૪૦ સન ૧૯૮૫નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક.

૪. સન ૧૯૮૫નું ગુજરાત મિનરલ રાઇટસ ટેકસં વિધેયક.

૫. સન ૧૯૮૫નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક.

(૩) તા. ૨૭-૭-૮૫ના રોજ છેલ્લા દિવસનો પ્રસ્તાવ જો હોય તો હાથ ધરવો.

**શ્રી મનુભાઇ કોટડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિએ

**શ્રી મનુભાઇ કોટડિયા ]**

જે કાર્યક્રમ રજૂ કર્યો છે તેમાં તો બંને વિરોધ પક્ષના નેતાઓ છે એટલે એ અંગે એમાં તો કોઇ ના પાડી શકે તેમ નથી પણ શનિવાર અને રવિવારના અમે ફ્રી છીએ તેમ માનીને અગાઉના કાર્યક્રમ મુજબ સંખ્યાબંધ માણસોને એપોઇન્ટમેન્ટ આપી હોય, સમય નકકી કર્યા હોય તેમાં મુશ્કેલી થાય છે. તો તે અંગે કમિટી ભવિષ્યમાં વિચારે તેવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય મનુભાઈ આ શનિવાર છેલ્લો છે. આ ચર્ચા થઈ છે અને ચર્ચા થઈ ગયા પછી નકકી થયું છે. આ શનિવારે આ શેસન પૂરી થતી હોય તો વધારે સારૂ આમાં એવું છે કે સભામાં ગૃહ જયારે મળતું હોય ત્યારે બાર મહિનામાં બે મહિના બધું થઈને હાજર રહેવાનું થાય, સભાગૃહને ખાતર થોડીક અગવડ તો વેઠવી પડેને !

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મનુભાઈ કોટડિયા** : આ બિલમાં જે જોગવાઈઓ છે તેમાં બે ત્રણ સેકશન અંગે થોડીક વાત કરીને હું મારૂ પ્રવચન પૂરૂ કરીશ. કલમ ૩ જે છે તેમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી:-** માનનીય મારખીભાઈ, આપનો બોલવાનો ચાન્સ આવે ત્યારે જ આપનું માઈક ચાલે. જો બધાના માઈક ચાલુ રહે તો અહીંયા હો હા જ થાય, બીજું કાંઈ ન થાય.

**શ્રી મનુભાઈ કોટડિયા** : કલમ ૩ છે તેમાં જાહેર વ્યવસ્થા જાળવી રાખવાનો બાધ આવે તેવી રીતે કોઈ કૃત્ય કરતી આ જે વ્યાખ્યા છે એ એટલી બધી અસ્પષ્ટ છે કે તેમાં ગમે તે માણસને ગમે ત્યારે આમાં સામેલ કરી શકાય. આમાં એમ લખ્યું છે કે રાજય સરકારને એવી ખાતરી થાય કે જાહેર વ્યવસ્થા જાળવી રાખવા માટે બાધ આવે તેવી કોઈ રીતે, એટલે તેમાં શું કરવાનું? ગમે તે માણસને કહી શકે આ જાળવાતી નથી એટલે લઈ જાય તેને, અટલે આમાં એક સ્પસ્ટીકરણ કરવાની ખૂબ જરૂર છે નહીંતર તો આ સેકશનમાં આધારે દુરૂપયોગ થવાની ભરપેટે શકયતા છે. તે પ્રમાણે કલમ૯ ની અંદર જોગવાઈ કરી છે કે આરોપીને કારણો આપવામાં સ્ટેટમેન્ટની નકલો પણ આપવી પડે છે. આમાં એવું છે કે તે હુકમ કયા કારણસર કરવામાં આવ્યો છે તેની જાણ તેને કરવી જોઈશે. આનો અર્થ નીચેના પોલીસ અધિકારીઓ કેવો ઘટાવે છે! જે તે સ્ટેટમેંટ હોય, ડોકયુમેંટ હોય તે પણ આરોપીને આપવાના. અને જો એ આપવામાં આવે તો તેની વિરૂધ્ધમાં કેસ સાબિત કરવા માટે, તેની વિરૂધ્ધમાં ગુનો સાબિત કરવા માટે, કોણે એવિડન્સ આપ્યા, કોણે પુરાવા આપ્યા, કોણે માહિતી આપી, એ બધી માહિતી પણ જયાંથી ધરપકડ થઈ હોય ત્યાંથી ગુનેગારને મળી જાય અને એ મળી જાય, એ અંતે છૂટીને પાછો આવવાનો જ છે, આવે એટલે પેલો માણસ ડોકયુમેંટ સપ્લાય કરનાર અગર તો જે પુરાવો આપનાર માણસ છે તે સલામત રહેવાનો નથી. એટલે એના આધારે પુરાવાઓ સરકારને મળવાના નથી, મુશ્કેલી થવાની છે એટલે એ માહિતી આપવા માટેની જે જોગવાઈ છે......

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૩૨ છે તેની અંદર કોઈપણ બિલ આવે ત્યારે તેનું પ્રથમ વાંચન પછી પ્રભારી મેમ્બર બિલના જે મેમ્બર ઈન ચાર્જ હોય તે જ તેનો પ્રસ્તાવ રજૂ કરીને જવાબ આપી શકે તેમ છે. આજે



**શ્રી અશોક ભટ્ટ ]**

પરિ-સ્થિતિ એવી પેદા થઈ છે કે પ્રભારી મેમ્બર રાજયના મુખ્ય મંત્રોશ્રી આ સભાગૃહની અનુમતિ લઈને ગયા છે કે કેમ તેની મને ખબર નથી પણ સવાલ એ છે કે મંત્રીમંડળના બીજા બધા મંત્રીશ્રીઓ જવાબ આપી શકે. તો એ બિલની ચર્ચા દરમિયાન નહિ માગણીઓની ચર્ચા દરમિયાન પ્રધાનમંડળની સંયુકત જવાબદારી હોય છે એટલે કોઈપણ મંત્રીશ્રી એક મંત્રીના બદલે જવાબ આપી શકે. પરંતુ જયારે બિલ રજૂ થાય ત્યારે આખી જે કાર્યવાહી છે એ પ્રભારી મેમ્બરે જ કરવાની હોય છે. માનનીય ગૃહ મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રી આ વાત જાણે છે છતાં તેમણે દૂરદર્શનના ઉદ્ઘાટનના કાર્યક્રમને વધારે અગત્યતા આપીને ગૃહમાં હાજર રહેવાને બદલે તેઓ ગયા છે તે ખરેખર એક મુશ્કેલી છે અને તેના કારણે હું આપનું સ્પષ્ટ માર્ગદર્શન માગું છું કે આ ઔચિત્વનો પણ સવાલ પેદા થાય છે. આ સભાગૃહમાં જયારે આવું અગત્યનું બિલ ચર્ચાતું હોય ત્યારે માનો કે હમણાં જ ચર્ચા પૂરી થઈ જાય તો અમારે જવાબ કોની પાસે માગવો ? બીજા કોઈપણ જવાબ આપશે એ વાજબી નહિ ગણાય, એટલા માટે કે આ બિલના પ્રભારી મંત્રીશ્રી પ્રસ્તાવ રજૂ કરી શકે તેમ ૧૩૨ નિયમમાં કહયું છે. (અંતરાય:) વિધેયકનું પહેલું વાચન પૂરૂં થયા પછી પ્રભારી સભ્ય—મેમ્બર ઈનચાર્જ તે વિધેયકના સંબંધમાં નીચેના જણાવેલા. નીચેમાં જણાવેલ પ્રસ્તાવમાનો કોઈ એક પ્રસ્તાવ કરી શકશે, એટલે આ નિયમ બહુ સ્પષ્ટ છે કે પ્રભારી મેમ્બર જ આ કરી શકે. હવે પ્રભારી મેમ્બર જે છે એ મેમ્બર કોઈ આકસ્મિક કારણો ઉભાં થયાં હોય, કોઈ અગત્યનાં રોકાણો આવી ગયાં હોય, કોઈ બહાર પરિસ્થિતિ એવી પેદા થઈ હોય અને ગયા હોય તો જુદી વસ્તુ છે. અત્યારે આવી કોઇ પરિસ્થિતિ નથી કે જેના કારણે તેમને બહાર જવું જોઈએ. એટલા માટે હું સ્પષ્ટ આદેશ માગું છું. માનનીય મુખ્ય મંત્રીશ્રી આ સભાગૃહના ઔચિત્યનો આગ્રહ રાખીને જો હાજર રહયા હોય તો એ થઈ શકત અને આવી પરિસ્થિતિમાં એ રીતે એ થાય?

**શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી અશોકભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે ખૂબ જ ગંભીર અને વાજબી છે. આ બિલ મુવ કરનારા મિનિસ્ટર ઈન-ચાર્જ છે એ માનનીય શ્રી અમરસિંહ ચૌધરી the Chief Minister, he is now in charge of Home Minister બીજા કોઈ ગૃહ ખાતાનો હવાલો સંભાળતા મંત્રીશ્રી છે નહિ અને એટલા માટે કેબિનેટની સંયુકત રિસ્પોન્સિબિલિટી નો સવાલ નથી But the Home Minister who has moved the Bill, he must remain present in the House when discussions are going on during the first reading. So, it is bounden duty to the House that he should remain presents.

**મહંત શ્રી વિજયદાસજી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી મહેતા અને માનનીય શ્રી અશોકભાઈએ જે પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે એ પ્રશ્ન અસ્થાને એટલા માટે છે કે એડવાઈઝરી કમિટીની અંદર બન્ને નેતાઓની હાજરીમાં જ રજૂઆત કરી હતી અને અહીંયા બધાએ એ સ્વીકારેલ છે. કામકાજ સલાહકાર સમિતિમાં સ્વીકારેલ છે આથી વિશેષ હું આપને એ કહેવા માગું છું કે જે પ્રભારી મંત્રી છે એ જવાબ આપવા માટે બંધાયેલા છે એ વાત સાચી છે. આ આખા બિલના જે પ્રભારી મંત્રી છે એ આ બિલનો

જવાબ આપવાના છે. કોઈપણ સંજોગોમાં આ પ્રભારી મંત્રીશ્રીએ સતત અહીંયા હાજર રહેવું જોઈએ એવું નથી. એમણે બહાર જવું હોય તો એ જઈ શકે છે. એના બદલે બીજા મંત્રીશ્રી પણ ઍની નોંધ લઈ શકે છે અને એ નોંધનો જવાબ આપી શકે છે. એટલે પ્રભારી મંત્રી આ બિલનો જવાબ આપવા માગે છે એની હું ખાતરી આપું છું.

**શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા :** માનનીય અધ્યક્ષશ્રી, એક બાબતનો હું ખુલાસો કરી લઉં કે એવું નક્કી થયું હતું કે ૫-૧૫ વાગ્યે પ્રાઈવેટ મેમ્બર્સ બિલ છે નહિ. એટલે ૫-૧૫ વાગ્યે ગૃહનું કામરાજ પૂરૂં કરવું અને આ વખતે મંત્રીશ્રીએ એમ કહયું હતું કે મારે જવું છે તો એ જઈ શકે છે, પણ ચાલુ મિટિંગમાં જઈ શકાશે એવી કોઈ વાત થઈ નથી.

**મહંત શ્રી વિજયદાસજી :** માનનીય અધ્યક્ષશ્રી, આ કાંઈ અમારા બે વચ્ચેની વાત નથી' આ તો કામકાજ સલાહકાર સમિતિના' સભ્યશ્રીઓ વચ્ચેની વાત છે. અને પાંચ વાગ્યાનો પ્રોગ્રામ હતો એ વાત પણ એમાં થઈ હતી અને અહીંથી પોણા પાંચ વાગ્યે જશે એ વાત પણ ત્યારે સ્પષ્ટ થઈ હતી. એમ છતાં એમાં આગળ ચાલીને હું તો એમ કહીશ કે એમણે સતત હાજર રહેવું એવું નથી અને અનિવાર્ય પણ નથી એની કોઈપણ મંત્રીશ્રી નોંધ લઈ શકે છે અને એ તમામ નોંધોનો જવાબ પ્રભારી મંત્રીશ્રી આપવાના છે અને આપશે (અંતરાય) એનું વાચન પૂરૂ થશે (અંતરાય)

**શ્રી ચીમનભાઈ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી જયારે આ ચર્ચા થઈ હતી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને હતા અને ત્યારે આ બિલની ચર્ચા થઈ અને આવતીકાલે રિસેસ સુધીમાં પૂરૂં કર એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી મુખ્ય મંત્રીશ્રીને એક સમારભમાં જ હોવાથી એનો પણ બિઝનેસ એડવાઈ કમિટીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો અને છતાં આ બિલ આજે પૂરું થ નથી અને ચર્ચામાં ધણા બધા સ ભાગ લેવાના છે. અત્યારે મુખ્ય મંત્રી ગયા છે એટલે એ જવાબ કાલે આપશે એની ચર્ચા ધારો કે આજે પૂરી ગઈ હોત તો પણ જવાબ કાલે આપત બનત. એટલે મને લાગે છે કે મુખ્ય મંત્રી બિઝનેસ એડવાઈઝરી કમિટીમાં અને સુરેશભાઈની હાજરીમાં નકકી ગયા હોય.

**શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા :** માન અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી હતા અને એમણે પણ કહયું હતું કે વાગ્યે કામ પૂરું કરીએ, કારણ કે પ્રાઈ મેમ્બર્સ બિલ છે નહિ. બીજી કોઈ થઈ ન હતી એટલે ચાલુ બિલે જ વાતનો મને ખ્યાલ નથી.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષ કામકાજ સલાહકાર સમિતિની વાતની ખબર નથી.

**મહંત શ્રી વિજયદાસજી :-** માન અધ્યક્ષશ્રી, આને ચર્ચાનો મુદ્દો વવો યોગ્ય નથી.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષ કામકાજ સલાહકાર સમિતિની વાતનો ખ્યાલ નથી. મારે તો આપના દ્વારા એ જ નિર્ણય જોઈતો હતો કે જયારે આવું આવતું હોય ત્યારે પ્રભારી મંત્રીશ્રી હાજર



રહે એ જરૂરી છે. આ મુદ્દા પૂરતું માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હાજર રહેવું કે કેમ? એ રજા લઈને ગયા હતા કે કેમ એ સવાલ નથી, કારણ કે એ હાજર રહયા હોત તો જવાબ આપી શકે કારણ કે બિલ લગભગ પૂરું થવાની તૈયારીમાં" હતું એટલા માટે મેં આ મુદ્દો ઉપસ્થિત કરેલ છે અને એટલા માટે આપના દ્વારા આજના પૂરતું નહિ પણ કાયમને માટે એક માર્ગદર્શનરૂપ બને એટલા માટે આપના દ્વારા આશા રાખું છું કે પ્રભારી મંત્રીશ્રી આવે વખતે હાજર રહયા હોત તો એ ઉચિત ગણાત.

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત કરી કે સમજૂતિ થયેલી છે અને આવતી કાલે રિસેસ સુધી આ બિલ લંબાવવાની પણ વાત થયેલ અને માનનીય અશોકભાઈ, આવતી કાલે રિસેસ સુધી આ બિલ લંબાવવાની પણ વાત થયેલ છે અને જયારે માનનીય મુખ્ય મંત્રીશ્રી અધ્યક્ષશ્રી,ની રજા લઈને ગયા હોય ત્યારે આ વિવાદ લાવવાની જરૂર રહેતી નથી અને આ માત્ર સમજણનો પ્રશ્ન છે કે જે તે વિભાગના મંત્રીશ્રીએ હાજર રહેવું જરૂરી છે. પણ એવા વિશિષ્ટ સંજોગો હોય તો અધ્યક્ષશ્રીની પરવાનગીથી જઈ શકે એ. પણ સમજૂતિનો સવાલ છે.

**શ્રી મનુભાંઈ કોટડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરી રહયો હતો એમાં (અંતરાય)

(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

**અધ્યક્ષશ્રી :** માનનીય અશોકભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર પૂરો થવાનો હજુ બાકી છે. માનનીય અશોકભાઈ, પર્સનલ બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હોય એ સારૂ ન કહેવાય. એ સ્વીકૃત નીતિ છે કે મંત્રીશ્રી હાજર રહે તો સારી વાત છે.

**શ્રી અશોક ભટ્ટ :** આ બિલ આજે પૂરૂ થાય તેવું નથી કારણ કે આજે જવાબ નથી આપવાનો.

**મહંતશ્રી વિજયદાસજી :** મે પૂરૂ કરવાનું કહયું જ નથી મેં તો માનનીય મનુભાઈને વિનંતી કરી કે માનનીય મનુભાઈ ટૂંકાવે તો બીજાને બોલવાની તક મળે.

**અધ્યક્ષશ્રી :** માનનીય અશોકભાઈ, આપણી પાર્લામેન્ટરી પધ્ધતિ અને બ્રિટનની પાર્લામેન્ટરી પધ્ધતિ વચ્ચે એક પાયાનો ફરક છે. અને એ ફરક એ છે કે આપણે ત્યા કલેકટિવ રિસ્પોન્સિબિલિટી ના સિધ્ધાંતે કામ ચાલે છે. ત્યાં જોઈન્ટ અને સેવરલ રિસ્પોન્સિબિલિટીના બેઈઝ ઉપર કામ ચાલે છે. એટલે ત્યાં મંત્રીની વ્યકિતગત જવાબદારી આવે છે અહીં મંત્રીની વ્યકિતગત જવાબદારી નથી આવતી કેબિનેટ એઝ એ હોલ આખું ફંકશન કરે છે. એટલે મંત્રીશ્રી ગેરહાજર હોય તો બીજા મંત્રીશ્રી જવાબદારી લે તો એનો કોઇ વાંધો હોઇ શકે નહીં. (અંતરાય) આમાં પાટલી પછાડવા જેવું કાંઇ હતું નહીં. (અંતરાય) માનનીય મનુભાઇ ઘણું કહેવાઇ ગયું. હવે આપના સિવાય વિરોધ પક્ષના બીજા કોઇ સભ્યશ્રીઓને ચાન્સ આપવા માગતા જ નથી?

**શ્રી મનુભાઈ કોટડિયા :** મે તો કહયું હતું કે અડધો કલાક તો લઈશ જ. આમાં ૧૫ મિનિટ લીધેલ છે.

**અધ્યક્ષશ્રી :** ૧૫ મિનિટ બધાની હોય તો જુદી વાત છે. (અંતરાય) આપને

અધ્યક્ષશ્રી ]

મારે કાંઈ બેસાડવા નથી, આપને બોલવું હોય તેટલું બોલો.

**શ્રી મનુભાઈ કોટડિયા :** ૧૦ મિનિટથી વધારે નહીં લઉં. માનનીય અધ્યક્ષશ્રી, સેકશન કલમ ૧૨ (૫) ની જે જોગવાઈ છે. એમાં વકીલ રોકવા માટેની મનાઈ ફરમાવી છે. કોઈપણ કાયદા વ્યવસાયી મારફતે હકકદાર રહેશે નહીં. એવી જે જોગવાઈ છે એમાંથી કોઈ રાજકીય ધરપકડ થઈ હોય તો તેને મુકિત આપવી જોઈએ. નહીં તો એમાં શું કરવું? ગમે ત્યારે પકડીને પૂરી દેવાની વાત સિધ્ધ થઈ ગઈ છે. છેલ્લા બે મહિનાનો અનુભવ થઈ ગયો છે, એટલુંજ નહીં પણ છેલ્લા ચાર વર્ષથી એન. એસ. એ.નો જે ઉપયોગ થાય છે. એનો પણ અનુભવ થઈ ગયો છે કે સરકારની ઈચ્છા પડે કે આ આવું કરે છે તો એને પકડીને પૂરી દે તો વાંધો નથી પછી કોર્ટમાં ૭ અઠવાડિયાના અંતે છૂટે પણ વકીલ રોકવા માટે જે મનાઈ કરી છે. એ મારી દ્રષ્ટિએ એક ન્યાયના હિતને જાળવવા માટે પણ વાજબી નથી. દરેક માણસ કાયદાનો જાણકાર હોતો નથી. અને કાયદાનો જાણકાર ન હોઈને કાયદાના જાણકાર લોકોની આમા સલાહ લેવામા આવે એવી જોગવાઈ ન રાખવામા આવે તો એ વધારે અન્યાયકારી છે તેમ હું માનું છું આ જે જોગવાઈ છે એ વાજબી નથી.

કલમ ૧૩ છે એમાં સરકારે વિશિષ્ટ અધિકારો પોતાની પાસે રાખવાનો પ્રયત્ન કર્યો છે. એમાં એવું છે કે અટકાયતનો હુકમ બહાલ રાખી શકાશે. બોર્ડ ઓફ નિર્ણય કરે. બોર્ડને થયું કે આ બરાબર છે આ ધરપકડ થઈ છે એ વાજબી છે એની પાછળ પૂરતા કારણો છે. અને આ માણસને એક વર્ષ સુધી જો જેલમાં રાખવામાં આવે તો સમાજની શાંતિ સ્થાપ[illegible] માટે અનુકુળ છે તેમ બોર્ડને [illegible] અને સરકારને એને રાખવો હોય તો રા[illegible] શકશે અને છોડવો હોય તો છોડી મૂકે લાગ[illegible] કોની આવે ? કોઈ પાંચ જણ ભેગા થ[illegible] કહે છે મહંત સાહેબને કે આને છોડી [illegible] ભાઈ સાહેબ મહંત સાહેબ તો [illegible] માણસ હોઈ રહેમ નજર કરી [illegible] કે છોડી મૂકો અને છોડી દે તો અધિકાર વાજબી નથી. અને બોર્ડમાં કન્ફર્મ થાય તો પછી વર્ષ સુધી રાખવા જોઈએ તેવી મારી સ્પષ્ટ માન્યતા છે એ પ્રકારના અધિકારો આપીશું તો એ [illegible] કારોનો દુરુપયોગ થવાની પૂરેપૂરી શકતા

આમાં બીજી પણ જોગવાઈ એવી કે જે જોગવાઈઓ તરફ સ્પષ્ટપણે સ[illegible] ધ્યાન દોરું કે આમાં દુરુપયોગ થશે પ્રકારની દહેશત ઉભી થાય છે. માત્ર છેલ્લી વાત કરી દઈશ. આ બધું હોવા પણ સમાજને આપણે ભયમુકત બ[illegible] છે. સમાજને આપણે સ્વમાનભેર જી[illegible] એ પ્રકારનો સધિયારો આપવાનો છે આમાં સરકાર જે કોઈ પગલાં છે લે, [illegible] પગલાં ભરે તેમાં અમારા સાથ-સહ[illegible] અગાઉ પણ ઓફર કરી હતી અને [illegible] પણ અમે ઓફર કરવા માગીએ છીએ સમાજને રક્ષિત બનાવવા માટે. આ[illegible] બહેન દિકરીઓની આબરૂ સલામત ર[illegible] માટે, લોકોનું કમાયેલું ધન સલામત ર[illegible] માટે વાજબી રીતે પગલાં ભરવામાં [illegible] એ પગલાંઓને અમારો હંમેશા સાથ[illegible] છે. આવે સમયે મારે કહેવાનું છે કે [illegible] અંદર છૂટી જાય છે કેસો ત્યારે આ[illegible] પ્રવર્તમાન કાયદાઓ છે એ કાયદા[illegible] અનુસંધાને છૂટી જતાં હોય છે અ[illegible] બાબતમાં આપણે બે ઠેકાણે સુધારો ક[illegible] જરૂર છે. એક તો એ કે આ કેસ [illegible]



શ્રી મનુભાઈ કોટડિયા ]

સરકારી વકીલો અને સરકારી વકીલોની ભરતીમાં ગુણવત્તા જોવામાં આવતી નથી એ જોવી પડશે. તેમાં સારા વકીલોને આકર્ષણ થવું જોઈએ, કારણ કે તેમાં જે પગાર ધોરણો છે, તેને જે સગવડતા આપવામાં આવે છે એ સગવડતા અને પગાર ધોરણ પણ મને લાગે છે કે ઘણું અપૂરતું છે એટલે સારા વકીલો આકર્ષાય, સરકારી નોકરીમાં સારા વકીલો આવે અને આ ગુનાઓ સાબિત કરવા માટે દિલચસ્પી બતાવે, આ ગુનાઓ સાબિત કરવા માટેની એ પ્રકારની ક્ષમતા ધરાવતા હોય એ પ્રકારના વકીલો જયાં સુધી સરકારી નોકરીમાં ન આવે. પોલીસ પ્રોસિકયુટર તરીકે ત્યાં સુધી પોલીસના પેપર્સ ગમે તેવા હશે તો પણ તે કેસો સાબિત થવાના નથી.

બીજું ન્યાયની જે પ્રક્રિયાઓ છે એ પ્રક્રિયામાં પણ કેટલાક આમૂલ પરિવર્તનો માગે છે અને એ અંગે પણ સરકારે વિચારવાની જરૂર છે કે આટલા સંખ્યાબંધ ગુનેગારો છૂટી જતા હોય તો એ છૂટવા પાછળનાં જે કારણો હોય એ કારણોનું વિશ્લેષણ થવું જોઈએ અને એ કરવામાં નહિ આવે તો ગમે તેવા શસ્ત્રનો આપણે ઉપયોગ કરીશું તો. આના પછી પણ બીજો કાયદો આપણે લાવીશું તો એ કાયદાઓથી પણ આપણે જે કરવા ધારીએ છીએ એ પરિણામ નહિ આવે. એટલે મારી સરકારને વિનંતી છે કે જયારે આપણે આ સત્તા સરકારના હાથમાં મૂકીએ છીએ ત્યારે આ શસ્ત્રનો વિવેકપૂર્વક બુધ્ધિપૂર્વક ઉપયોગ કરે, એનો દુરુપયોગ ન થાય. રાજકીય ઉપયોગ ન થાય અને ગૂંડા નાબૂદી માટે જ એનો ઉપયોગ થાય તેના માટે કાળજી રાખે, મેં હમણાં છેલ્લે ચર્ચા કરી તેમાં અમારા અમરેલી જિલ્લામાં માત્ર દારૂના નાના પીઠા ચલાવનારા સામાન્ય માણસો હતા તેવાને અમુકને પકડયા છે. દાદા જે છે તેમને પકડયા નથી. જે રીંગ લીડર્સ છે, સંખ્યાબંધ ખૂનો જેના ખાતે ખતવાયેલા છે એ તો આજે પોલીસની નિગાહેબાની નીચે, રાજકીય પક્ષોના સભ્યો બનીને આંટા મારે છે. એટલે આપણે કાયદો જે હેતુ માટે લાવીએ છીએ તે હેતુ બર લાવવો હોય તો પોલીસને અને ડિસ્ટ્રિકટ મેજીસ્ટ્રેટ ને સૂચના આપો કે આ પ્રકારની પ્રવૃત્તિ કરનાર, તેની ત્રણ વર્ષની હીસ્ટ્રી જોઈ અને અત્યારે એ પ્રવૃત્તિમાં પણ સામેલ હોય, જેના વિરુધ્ધમાં કોઈ પુરાવાની આપણે જરૂર ન હોય તેવા લોકોને પકડીને સળિયા પાછળ ધકેલી દો તો અમારી જે માગણી હતી એ કાંઈક અંશે સંતોષાય અને સમાજને આપણે નિર્ભય બનાવી શકીશું. આખરે આપણા સૌની જવાબદારી છે અને એ જવાબદારી અદા કરવા માટે જે કાંઈ કાર્યવાહી કરવી પડે એ કાર્યવાહી કરીએ, તેનો દુરુપયોગ ન થાય એ રીતે મને લાગે છે કે આપણે આ દિશામાં આગળ વધીએ.

**શ્રી ભોળાભાઈ સ. પટેલ (વિસનગર) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ગૂંડા નાબૂદી બિલ અગર ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ ન થાય તે પ્રકારનું બિલ લઈને માનનીય મંત્રીશ્રી આપણી વચ્ચે આવ્યા છે ત્યારે મારે સ્પષ્ટપણે મારા મંતવ્યો રજૂ કરવા છે કે સમાજમાં ગૂંડાગીરી વધી છે અને એ ગૂંડાગીરી નાબૂદ કરવી છે. ૩૭ વર્ષની આઝાદી પછી પરિણામ એ આવ્યું છે કે સમાજમાં ચારેય તરફ ગૂંડાગીરી ચાલે છે અને સરકાર તેને ડામી શકતી નથી. આટલા બધા કાયદાઓ હોવા છતાં પહેલી પાટલી ઉપર બેઠેલા આ કાયદાનો આશરો લઈને સમાજમાં આ ગૂંડાગીરી નાબૂદ કરી શકયા નથી માટે આ બિલ લઈને તેમને આજે આવતું પડયું છે. આપણી પાસે પણ બધા કાયદાઓ છે. અમે વડોદરા રાજયના પ્રજા-

શ્રી ભોળાભાઈ ચ. પટેલ ]

જન છીએ અને વડોદરા રાજ્યમાં જે રાજ્ય ચાલતું હતું એ ૩૭ વર્ષની આઝાદી પછી પણ અમે એ જોઈ શકતા નથી તેનું અમને દુઃખ છે. સ્વતંત્રતા આવી. ભારતમાં રાજાશાહી ન જોઈએ એ આપણે સૌએ સ્વીકાર્યું અને ભારતમાં રાજાશાહી આપણે નાબુદ કરી. આપણું માથું વલ્લભભાઈના ચરણોમાં નમે છે પણ જે નવી લોકશાહી આવી, આપણે જે નવી લોકશાહી લાવ્યા ..

**અધ્યક્ષશ્રી:** માનનીય ભોળાભાઈ આપની મિનિટ પૂરી થઈ ગઈ. નેક્સ્ટ.

## બિનસરકારી વિધેયકો

### સન ૧૯૮૫નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી મહાશ્વેતાબહેન ચૌહાણ ( થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર છે. નેક્સ્ટ.

### સન ૧૯૮૫નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી મહાશ્વેતાબહેન ચૌહાણ ( થોડીવારબાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર છે. નેક્સ્ટ.

**શ્રી રમણભાઈ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઓફ ઓર્ડર, માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે આપણા નિયમોમાં કોઈપણ જોગવાઈ એવી છે નહીં એટલે કોઈ સ્પષ્ટતા નથી કે જે સભ્યશ્રીએ બિલ દાખલ કર્યું હોય એ સભ્ય જો ગેરહાજર હોય તો એના વતીથી કે એના અધિકારથી બીજા સભ્ય આ સભા ગૃહમાં એ બિલ રજૂ કરી શકે અને માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણા નિયમોમાં જોગવાઈ ન હોય ત્યારે આપણે હમેશાં આપણી લોકસભામાં જે પ્રોસિજર લેવામાં આવ્યો હોય એનો આધાર લઈએ છીએ. પાર્લમેન્ટરી પ્રેક્ટીસ એન્ડ પ્રોસિજરની બુક ૧૯૬૮ના પાના નં. ૪૭૪

> "A Mamber who has introduced a Bill may at a subsequent stage, with the permision of the Speaker, nominate another member to pilot the remaining stage or stages of the Bill"

અને માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રોસિજર નીચે There were two Bills Piloted by some other Members. Such permission was given by the Speaker during the Seventh Session of Second Lok Sabha, in respect of the Institution of Chartered Engineers Bills, and, during the Tenth Session of Second Lok Sabha, in respect of the Catholic Church Premises and Ecclesiastic order (Restriction or Political Activity) Bill.

**અધ્યક્ષશ્રી :** માનનીય રમણભાઈ આજે તમે બીજું વાંચ્યું એ કયો પેરેગ્રાફ વાંચ્યો.

**Shri Ramanbhai Patel :** It is a foot-note.

**Mr. Speaker :** You may proceed.

**Shri Ramanbhai Patel :** Even for the introduction of



શ્રી રમણભાઈ પટેલ ]

the Bill in Lok Sabha it was allowed. A member who has given notice ıor introduction of a Bill may authorise another member to introcude in his behalf provided the authority is given in writing specifically and also to move the subsequent stages of the Bill by the member so authorised. Thus the person who is authorised to introduce the Bill becomes member in charge of the Bill provided the authority is sent an advance, In this case I have sent my authority in advance.
હવે મારો પ્રશ્ન એ છે કે જ્યારે આપણા કાયદામાં એવી કોઈ પણ જોગવાઈ ન હોય ત્યારે જે જોગવાઈ નથી એનો અર્થ એવો નથી કે નેગેટિવ છે.
I have been duly authorised by Mrs. Mahasawetaben and therefore. I should be allowed to move the Bill.
આવા સંજોગોમાં મારૂ સબમિશન એ છે કે જોગવાઈ ન હોવાને કારણે તેને એફરમેટિવ પણ લેવું જોઈએ તેવા સંજોગોમાં મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે I have been duly authoried by Mahaswethaben, I may be allowed to move this bill.

**શ્રી દિનકર દેસાઈ :** માનનીય અધ્યક્ષશ્રી, આપ રૂલિંગ આપો તે વખતે એક દહેશતરહેશે કે introduce થાય ત્યાર પછી સભ્યને બાકીના સ્ટેજ Pilot કરવાની વાત છે પણ હું જુદી ભૂમિકા પરથી વાત કરવા માગું છું કે private members ને પોતનું બિલ રજૂ કરવા માટે બહુ ઓછો સમય મળે છે એટલા માટે અને ગુરૂવારનો દિવસ નક્કી કર્યો તે દિવસે માનનીય મહાશ્વેતા બહેન બિમારીને કારણે આવી નથી શક્યા. એ સ્વાભાવિક છે કે એક મંત્રીશ્રી ગેરહાજર હોય ત્યારે બીજા મંત્રીશ્રી જવાબ આપી શકે છે તેમની collective responsibility એ વાજબી છે પણ Memberને પાતપોતાના મતદારો પ્રત્યે, પ્રજા પ્રત્યે, આ ગૃહ પ્રત્યે collective responsibility છે અને છે એટલા ખાતર આપનું રૂલિંગ આવે તે પહેલાં અમે તો આપને નમ્ર વિનંતી કરીએ કે આપણી લોકશાહીના હિતમાં આ ગૃહમાં જેટલી ચર્ચા વધારે થશે, લોકોના સવાલોની ચર્ચા વધારે કરીશું અને આ સવાલ એ ઘણી રીતે સ્પર્શતો આ સવાલ આ બિલની અંદર તેની જોગવાઈ પણ છે, ચર્ચાને અવકાશ છે. ૭.૧૫ વાગ્યા સુધીનો આપણા પાસે સમય છે તે વખતે મારી તો આપને નમ્ર વિનંતી છે. It is my submission, repuest, Sir, કે આપ આજે ઉદાર થાવ. આપને ઉદાર થવા કહું ત્યારે આપનું discretion છે. આપ ઉદાર થશો એ ગુજરાતને મોટામાં મોટી બક્ષીસ મળેલી ગણાશે અને આપ એવું રૂલીંગ આપો કે જેથી માનનીય રમણભાઈ આ બિલ introduce કરી શકે polntકરી શકે અને જવાબ આપી શકે, છેલ્લે બનવાનું હશે એ ભલે બને એટલું મારૂ submission, prayer અને વિનંતી છે.

(અંતરાય)

**અધ્યક્ષશ્રી: :** I dont want. on a Point of order, if I need any assistance. મારે મદદની જરૂર હોય તો જ હું બોલવા દઉં. મારે કોઈ મદદની જરૂર નથી કોઈની (અંતરાય) બધા સભ્યશ્રીઓની આ લાગણી હું સમજું છું.

શ્રી આર : હોમ-ગાર્ડઝને આ... કહેવા તે બરાબર નથી. માન... વપક્ષના નેતા-શ્રી આ પ્રવૃતિ બંધ કરાવવા માગે છે. (સતત ઘોંઘાટ) તેમણે મને સાંભળવો જોઇએ. મારે પૂરો જવાબ આપવાનો હજુ બાકી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય કેશુભાઇ, માનનીય ચીમનભાઇએ પૂછયું એનો જવાબ તો આપવા દો એમને?

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** : ગાંધીનગરમાં આવેલું મંદિર એ ગાંધીનગરમાં રહેતી જનતાના દર્શન માટેનું મંદિર છે. ભાવિક લોકો ત્યાં દર્શન કરવા માટે જાય છે. એમાં કોઇ ભેદ નથી કે આ અનામત તરફી કે અનામત વિરોધીનું મંદિર છે. ધાર્મિક લાગણી બધા માટે સરખી હોય છે. ધાર્મિક લાગણીથી કોઇ દર્શન કરવા જાય અને ત્યારે ત્યાં બેસીને કોઇ ટોળું ગમે તેવા બિભત્સ શબ્દો વાપરે, પ્રવચનો થાય, બિભત્સ ભજનો થાય (અંતરાય) અને દર્શન કરવા જાય તેનું અપમાન થાય તેવી વાતો કરવામાં આવે છે. બે-ચાર મહિનાથી આ પ્રવૃત્તિ ચાલે છે. જો એટલી બધી માનનીય સભ્યશ્રીઓની હોય તો જે નેતાનું નામ લીધું તે નેતાને વિનંતી કરે કે મંદિરમાં ત્યાં ભેગા થવાનું બંધ કરે. દર્શન કરવાનો અધિકાર બધાનો છે. બધા લોકો ત્યા દર્શન કરીને પાછા આવી શકે છે. આવી પ્રવૃત્તિ મંદિરમાં નહીં ચાલી શકે. (અંતરાય).

**શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા** : બીજાને તો ઠીક પણ પુજારીને એટલો માર માર્યો કે તેને હોસ્પિટલમાં દાખલ થવું પડે, મંદિરના ગર્ભદ્વારામાં પોલીસો બુટ પહેરીને મારે એ પરિસ્થિતિની અંદર મંદિરના ઘંટારવ બંધ થઇ જાય. પુજારીએ નક્કી કર્યું કે આપણે સાંજથી ઘંટારવ બંધ કરવાનો છે અને આરતીમાં ઘંટારવ નથી થતાં બાજુની મેટરનિટી હોસ્પિટલમાં નવા જન્મેલાં બાળકો સાથે પેહેલી ડિલિવરી માટે આવેલી બહેનોને પોલીસો મારે એ બહેને ટોયલેટમાં જાય, (અંતરાય) લાઠીચાર્જમાં હેડ ઇન્જરી ન કરવી જોઇએ એવી પોલીસને સખ્ત સૂચના છતાં બધાને જોઇ આવીએ તો બધાને હેડઇન્જરી, સાયકલની ચેનનો માર..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમની સાયકલની ચેન અને હેડઇન્જરીનો જ જવાબ આપો.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** : હોમગાર્ડના જવાનો જે પોતે કોઇ પણ જાતનું વેતન લીધા વગર માનદ ભથ્થું લઇને આટલા દિવસથી, છેલ્લા ત્રણ-ચાર માસથી સેવા કરે છે તેમને અસામાજિક તત્વો કહેવા એ કોઇ રીતે યોગ્ય નથી. અને પોલીસ જયારે કોઇ ગુનેગારને પકડવા જાય ત્યારે બુટ ચંપલ કાઢીને પછી પકડવા માટે જવું. કોઇ ગુનેગાર પથ્થરમારો કરતા હોય, કોઇક ગુનેગાર પોલીસને પથ્થરમારીને ભાગી જાય ત્યારે તેને પકડવા માટે પોલીસને જવું પડે અને તે વખતે બુટ ચંપલ કાઢીને પગે લાગી ન જઇ શકાય. માનનીય સભ્યશ્રીએ બીજા જે પ્રસુતા બહેનોની વાતો કરી એ તો સાવ ઉપજાવી કાઢેલી વાત છે અને આ રીતે જ ઉશ્કેરણી કરવામાં આવે છે. અહીં જ નહીં પણ આખા ગુજરાતમાં પણ આ રીતે ઉશ્કેરણી કરવામાં આવે છે. નાના ઇસ્યુ શોધી કાઢીને બનાવટી ઇસ્યુ ઊભા કરીને આ રીતે ઉશ્કેરણી કરીને તોફાનો ગુજરાતમાં ચાલુ રહે તેને માટે ગુજરાતમાં પ્રયત્નો કરવામાં આવે છે.



## સન ૧૯૮૫ની વટહુકમ ક્રમાંક: ૧૧ નામંજૂર કરતો પ્રસ્તાવ (નિયમ ૧૫૨ (૨) અને સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક: ૨૦

## ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબતનું વિધેયક

દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યકિતઓ, ઔષધ ગુનેગારો, અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની, જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી અસામાજિક અને ભયજનક પ્રવૃત્તિઓ અટકાવવાને તેમની નિવારક અટકાયત માટે જોગવાઇ કરવા બાબત વિધેયક

**અધ્યક્ષશ્રી** : હવે માનનીય સભ્યશ્રી, અશોક ભટ્ટનો વટહુકમ ક્રમાંક ૧૧ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૨૦ ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબતનું વિધેયક પર ગઇકાલે અધૂરી રહેલી ચર્ચા એક સાથે આગળ ચાલશે.

**શ્રી અશોક ભટ્ટ** (ક્રમશ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગઇ કાલે જે લોકોની આણંદ મુકામે ધરપકડ થઇ થતી એના કારણોનો હું અભ્યાસ કરતો હતો. જેમાં જશુભાઇ બારોટ હસમુખભાઇ પટેલ, એ લોકોની એમણે પેન્શન પ્રતિકાર આંદોલન ૧૯૮૪ માં ચલાવેલુ અને એક સભાનું આયોજન કરીને મામલતદારને આવેદનપત્ર આપેલું એ કારણોસર ધરપકડ કરવામા આવી. મને લાગે છે કે આ સરકારે જે પરિસ્થિતિ સર્જી હતી. એ પરિસ્થિતિનો આપણે જરા વિચાર કરવો પડશે. ગુંડા ધારો એ ખરેખર ગૂંડાઓને પકડવા માટેનો છે? અસામાજિક તત્વો માટેનો છે કે બીજાઓ માટે? આજે સવારના અખબારોના સમાચાર અને સાવરકુંડલાથી મળેલી વિગતોમાં મને એક માહિતી જે મળી છે. એના આધારે હું મારી વાત મૂકવા માગું છું આ સરકારના મનમાં કેટલીક ગ્રંથિઓ બંધાઇ ગઇ છે. આ સરકારની જે સ્થિતી છે અને એના કારણે એના પોલીસતંત્રની જે સ્થિતિ છે એ આવી છે. સાવરકૂંડલામાં એક ધાર્મિક વૃતિ ધરાવતા શ્રી અમુભાઇને પકડવામાં આવ્યા અને સાવરકુંડલા ગઇકાલે બંધ રહયું એમની ધરપકડના કારણોમાં એ કોમવાદી છે. એમ કહેવામા આવ્યું. એ કોઇ ભારતીય જનતા પાર્ટી કે વિરોધપક્ષના સભ્ય ન હતા. એ તો એક સામાજિક અને ધાર્મિક પ્રવૃતિ ચલાવતા હતા એના માટે કોંગ્રેસી અગ્રણીઓ અને મહિલા આગેવાનોએ નિવેદનો કર્યા અને એટલા માટે હું જયારે અમુભાઇનો વાંક વાંચતો હતો ત્યારે લોકસભાની ડિબેટસમાં આવો જ એક દાખલો બિહારમા બનેલો છે. એ બિહારનો દાખલો પણ લગભગ આવો જ છે. ગુજરાતની સરકાર પણ બિહારને પગલે પગલે જતી હોય એમ મને લાગે છે લોકસભામા ડિબેટ ફોર્થ સેશન વોલ્યુમ ૧૦, કન્ટેન્ટ્સ ૧૧ થી ૨૦ છે. એમા નેશનલ સિકયુરિટી એકટની ચર્ચા ચાલતી હતી. પેજ નં. ૨૩૩-૨૩૪ એ લોકસભામાં ચર્ચા ચાલતી હતી. એમાં પ્રો. પ્યારેલાલ ધનેજા નામના સભ્યે રામવિલાસ પાસવાનનો એક બહુ સરસ દાખલો આપ્યો હતો.

(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

પાસવાનજીએ જે કહયું હતું એ આજે સાચું પડે છે. એમણે એમ કહયું હતું કે

"मैं तो नहीं चाहता हूँ कि आपकी सरकार जाए और इसलिए कहता हूँ कि इसको लागु मत कीजिए। माननीय अध्यक्षश्री, बिहार की एक घटना है। बिहार में एक साधु को इमरजेन्सी में पकड़कर जेल में बंद कर दिया और उसके बाद वो मामला कोर्ट में आया तो डाँटते हुए सेशन जज ने पूछा पुलिस को, नादान सिपाही इन्हें क्यों पकड़ लाए। ये तो मंदिर के पुजारी है। सहमत हुए सिपाही ने कहा हुजुर इसे सजा देना है जालिम सड़क पर नारायण— नारायण कह रहा था, हो सकता है जं. पी. का आदमी।।"

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા પણ આ સરકાર અમુભાઈને ધાર્મિક વૃતિના ગણીને કોમવાદી માનીને પકડી લાવે છે. સાવરકુંડલા બંધ રહે છે. ગાંધીનગરની અંદર પણ એક પૂજારીને પીટવામાં આવે છે. ગુજરાતની સરકાર બિહાર સરકારની માફક એક પછી એક કદમ ઉઠાવતી આગળ જાય છે. ત્યારે મારે કહેવું પડે છે કે આ રાજયની અંદર આ સરકારને વિધાનસભા ગૃહમાં કાયદો ઘડવાનો અધિકાર મળ્યો છે, બંધારણીય રીતે અધિકાર આપણને પ્રાપ્ત થયા છે. ત્યારે પ્રિવેન્ટીવ ડિટેન્શનના કાયદા આપણે કરી શકીએ છીએ. પ્રિવેન્શનના કાયદા થતા હોય ત્યારે આપણે એ કાયદાઓનો અમલ કરવાનો અને એ કાયદાઓ ઘડતી વખતે કેટલીક કાળજી રાખવી પડે છે. આ રાજયની સરકારને ૧૯૭૭માં કેટલીક સત્તાઓ કેન્દ્ર સરકારે આપેલી એ પ્રમાણે રાજ્ય સરકારો કદમ ઉઠાવે છે. અને અસામાજીક તત્વોને પકડવાના કાયદાઓ છે. પણ એનો અમલ ક્યાં થાય છે? આ કાયદાઓનો અમલ આવતી કાલે રાજકીય આગેવાનો સામે થશે, ટ્રેડ યુનિયનો સામે થશે. એની વ્યાપકતા એટલી બધી છે કે કોઈપણ માણસને પકડી શકાય છે. અને એટલા માટે કોઈ વ્યકિતને પકડીને ચાર માણસ પાસે નિવેદન કરાવે કે આ માણસ જાહેર વ્યવસ્થાને બાધક છે. એટલા વ્યાપક સ્વરૂપનો આ કાયદો છે. અને એટલા માટે જ અમુભાઈની ધરપકડ થઈ શકી છે. એટલે જ હસમુખ પટેલની ધરપકડ થઈ છે. એટલા માટેજ બીજા અનેકની ધરપકડ થઈ શકે છે. અને એટલે જ હું એમ કહેવા માગુ છું કે આ દેશની અંદર આપણે જ્યારે આગળ વધીએ છીએ ત્યારે સરકાર કાયદો કરતી હોય તો એની દાનત એવી છતી થઈ ગઈ છે. કે, વટહુકમોનો અમલ કર્યો ત્યારથી આવો કાયદો લઈને આવવાની હતી ત્યારે વિરોધ પક્ષો આવકારવાના. વિરોધ પક્ષોને આ સરકારે મોડેલ બિલ આપ્યું હતું એ ક્યાં છે? મોડેલ બિલ જે બનાવવામાં આવ્યું હતુ એની કલમો અને આ બિલની કલમોમાં ફેરફાર થવાના કારણો શું છે? મોડેલ બિલ ચોરાઈ ગયું છે. (અંતરાય) આને કારણે જ મજુર આંદોલનો શિક્ષકોના આંદોલનો વિદ્યાર્થી આંદોલન એના ઉપર આ કાયદાનો અમલ થશે. અને એટલા માટે જ ભયજનક વ્યકિતની જે વ્યાખ્યાની જે વ્યાપકતા છે. ગઈકાલે મેં કહયું તેમ આ કાયદો નકલ છે. અને નકલને કારણે એની જે વ્યાખ્યા હોવી જોઈએ. એ આમાં નથી. કાયદાની કલમોની પહેલી અને બીજી કલમો જોઈએ તો તેમાં વ્યાખ્યાની બહુ વ્યાપકતા છે. સન ૧૯૬૦માં સન ૧૯૪૯ માં મુંબઈના ર...ો, ૧૯૬૦ના ૨૭મો ૧૯૫૮ નો ૫૪ નો અને સન ૧૯૭૬ નો રાષ્ટ્રપતિ અધિનિયમ ૨૭ અમુક વ્યકિતઓને અટકમાં રાખવાના હુકમોની સત્તા અને કોઈ પણ વ્યકિત



સંબંધમાં રાજય સરકારને ખાતરી થાય કે, જાહેર વ્યવસ્થા જાળવવાને બાધારૂપ છે તેવી કોઈપણ કૃત્ય કરાવતી અને અટકાવવાના ઉદ્દેશથી તેમ કરવું જરૂરી છે, તો તેવી વ્યકિતને અટકાયમાં રાખવાના આદેશનો હુકમ આપી શકાય. આ જે સ્થિતી છે. એના કારણે જે લોકો લોકશાહીમાં માને છે, જે લોકો વ્યકિત સ્વાતંત્ર્યમાં માને છે. જે લોકો બંધારણમાં માને છે. એ લોકો જાણે છે. કે અસામાજીક તત્વોને નામે આ સરકાર વિરોધપક્ષોને ખતમ કરી નાખવા માટે અને બદનામ કરવા માટેનું આ કૃત્ય કરી રહી છે અને એટલા માટે ગૃહના નેતાને મારે કહેવું છે કે કાયદો જ્યારે બને છે ત્યારે પેન્શનના પ્રતિકાર કરનારને શા માટે પકડવામાં આવે છે? આણંદ જેવા નાનકડા વિસ્તારમાં કામ કરતી બે વ્યકિતઓ ૧૯૮૪માં લડત લડયા અને એને આજે પકડયા ત્યારે જે પરિસ્થિતી પેદા થાય છે.એ મારે કહેવું પડે છે કે જ્યારે આપણે કેટલાક કાયદાઓ ઘડીએ ત્યારે કેટલાક ચુકાદાઓનું પણ ધ્યાન આપીએ છીએ સરકારશ્રીને હું કહું છું કે ૧૯૫૦નો જે ગોપાલન કેસ છે, પ્રિવેન્શન ડિટેન્શન, એકટ ઉપર બોમ્બે હાઈકોર્ટનું જે જજમેન્ટ છે. એ વાંચી લેવા જેવું છે. એમાં નાગરિક સ્વાતંત્ર્ય અને બંધારણીય હકકો ઉપરનો બહું જ અગત્યનો નિર્ણય છે./ અશાંતિકાળમા આવા કોઈ કાયદાની જરૂર પડે તો અસામાજિક તત્વોને અંકુશમાં લાવવા માટે વિચારી શકાય. નાગરિક સ્વતંત્રતાને ખતમ કરી નાખવાની દિશામાં કયારેય ન વિચારી શકાય. અને નાગરિક સ્વતંત્રતાને ખતમ કરી નાખવાની દિશામાં જો આપણે વિચાર કરીએ તો એવી સરકારને અટકાવવી જોઈએ.

આ કાયદાની કલમ ૩ (૧) ની મેં વાત કરી અને એ વાત કરતાંની સાથે એન. એસ. એ. જેવો જ આ કાયદો છે. એમાં પણ આ જ પ્રકારની જોગવાઈઓ છે અને એમાં આ પ્રકારની જ જોગવાઈઓ છે ત્યારે એમાં કેટલીક એ છે, પરંતુ જ્યારે આ કાયદો ઘડાયો ત્યારે ત્રણ સભ્યોનું એક એડવાઈઝરી બોર્ડ બન્યુ આ સરકારે જે એડવાઈઝરી બોર્ડ બનાવે છે. એ સિટિંગ હાઈકોર્ટના જજોનું બનાવવાનું વિચારી રહી છે. સીટિંગનું પણ બનાવી શકે છે. અને નિવૃત જજનું પણ બનાવી શકે. આજે પરિસ્થિતી એ પેદા થઈ છે કે ૨૦૦ કરતા વધુ માણસો ને કાયદા નીચે પકડવામાં આવ્યા છે. ૨૦૦ને પકડવામાં આવ્યા હોય અને હાઈકોર્ટના સીટિંગ જજોનું એડવાઈઝરી બોડ બનાવવામાં આવે તો પરિસ્થિતી એ થાય કે/પેલાને ન્યાય મળે નહીં જે સમય-મર્યાદામાં એને એડવાઈઝરી બોડ સામે રજુ કરવાનો હોય તે સતત હાઈકોટની માફક બેસે તો પણ ના કરી શકે.

આ કાયદામાં બીજી એક જોગવાઈ છે કે જો એડવાઈઝરી બોર્ડ પાસે જાય તો પોતે એકલા રજૂઆત કરી શકે. એની સાથે વકીલને લઈને ના જઈ શકે. ત્યારે મને જયોતિ બસુને કવોટ કરવાનું મન થાય છે. નેશનલ સિકયુરિટી એકટના ડિશકસન વખતે વોલ્યુમ ૧૦,૧૧ થી ૨૦ કન્ટેન્ટ વોલ્યુમ નં. ૭ સીરીઝ વોલ્યુમ ૧૦,૧૩,પેજ નં. ૨૧૩માં શ્રી જયોતિ બસુએ કહયું છે કે—

"In a large number of cases the Supreme Court has set aside Advisory Board's approval. The Abvisory Board is a pocket edition of the Executive sitting opposite to me with a white turban, Facts and circumstances are so complicated that a lawyer is a mus but it is prohibited in this Bill."

શ્રી અશોક ભટ્ટ ]

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની પાસે તો પોતાનું લીગલ ડિપાર્ટમેન્ટ છે. રાજ્ય સરકારની પાસે ન્યાયના તજજ્ઞો છે. તેવા સંજોગોમાં રાજ્ય સરકાર એવો નિર્ણય કાયદામાં કરે કે જેને એડવાઈઝરી બોર્ડ પાસે જવાનું છે એ કોઇ વકીલ ન રોકી શકે ત્યારે જે બંધારણની અંદર ૨૨મી કલમ નીચે સત્તાઓ મળી છે તે ૨૨મી કલમ પણ એમ કહે છે કે અને નેશનલ સિક્યુરિટી એકટ ઉપરની ચર્ચામાં કહયું એનું હાર્દ એ જ છે.

"This National Security Ordinance Bill is based on unamended Article 22. Article 22 says

"(1) No person who is arrested shall be detained in custody without being informed, as soon as may be, of the grounds for such arrest nor shall he be denied the right to consul and to be defended by, a legal practitioner of his choice.

(2) Every person who is arrested and detained in custody shall be produced before the nearest magistrate within a period of twentyfour hours of such arrest, including the time necessary for the journey from the place of arrest to the court of the magsistrate and no such person shall be detained in custody beyond the said period with the authority of a magistrate."

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જેને સજા કરવાની છે, જેણે ગુનો કર્યો છે, જયારે સજા થવાની છે એવા માણસને માટે પણ બંધારણ એમ કહે છે કે એને મેજિસ્ટ્રેટની સામે રજૂ કરવો જોઈએ. બંધારણની કલમ ૨૨મી એમ કહે છે કે એવા માણસને પણ રજૂ કરતી વખતે એને રજૂ કર્યા પછી એને પોતાનો બચાવ જો કરવો હોય તો એને ન્યાયની અદાલતમાં જવા માટે પણ અથવા એડવાઈઝરી બોર્ડ પાસે જવા માટે પણ એને વકીલ રોકવાનો અથવા વકીલની સલાહ લેવાનો અધિકાર છે. મારે ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે આ સરકાર કોફેપોસા નીચે પકડાય ત્યારે એને વકીલ રોકવાની છૂટ આપે અને રાષ્ટ્રીય સંરક્ષણ ધારા નીચે પકડાય ત્યારે વકીલ રોકવાની છૂટ નહીં, આવી જો સ્થિતિ હોય અને એ ચાલતી હોય અને ગુંડા ધારા નીચે પકડાય ત્યારે એના વકીલે એને મળવું હોય તો ગૃહ ખાતાના ગૃહ-સચિવની આવીને પરવાનગી લઇ જવાની, તે સિવાય જેલમાં મળવા પણ નથી દેવાતું, મને લાગે છે કે નાદિરશાહ જેવો આવો કાયદો ન કરત. સરકારને આવી સત્તાઓ લેવાનાં શું કારણો છે, કયા અધિકાર છે કયા નિયમ નીચે આ સત્તા લે છે? કોઇ માણસને જેલમાં પૂરી દેવાનો એને અધિકાર છે? એવો કાયદો કરવાનો અધિકાર છે પણ એવો કાયદો કરવાનો અધિકાર નથી કે એને ન્યાય મેળવવા માટે વકીલ પણ ન રોકી શકે. આ સ્થિતિ જો રાજ્યની હોય (અંતરાય) આ કાયદાનો જે અમલ થઇ રહયો છે ત્યારે એડવાઈઝરી બોર્ડ એને સીટિંગ જજની વાત મે આપના દ્વારા કરી.

સવાલ એ છે કે આ જે કાયદો છે એની અંદર કેવી મુશ્કેલીઓ છે? કાયદાની અંદર એમ કહયું છે કે જે કારણો આપવામાં આવે તે અપ્રસ્તુત હોય તો પણ પકડી શકાય. અને કલમ પાંચની અંદર આવું જે કહેવામાં આવ્યું છે એના કારણે આ રાજ્યની અંદર જે કાયદો થયો છે એને સમજી લેવો જોઈશે. અપ્રસ્તુત કારણોસર કોઇ ન પકડી શકાય. એનો એક રસપ્રદ કિસ્સો હું કહું છું. બિહાર કન્ટ્રોલ એન્ડ ક્રાઈમ એકટ



] અશોક ભટ્ટ ]

૯૮૧ના આ એકટ નીચે વિજય નારાયણ-ઘ નામના એક આરોપીને પકડવામાં ાવેલ અને એની ૧૯૮૪ના સુપ્રિમ ર્ટના શ્રી મૈયા રેડી, એ.પી.સેન અને . વેંકટરામૈયા આ ત્રણ જજની બેંચ ામે એક પિટિશન નંબર ૪૭/૧૯૮૪ ાખલ થઇ અને આ કેસની અંદર એવું હતું કે વિજય નારાયણસીંઘને જિલ્લા મેજિસ્ટ્રેટે અસામાજિક તત્વ તરીકે ત્રણ-જુદાં જુદાં કારણો આપીને અટકાયતમાં લેવામાં આવેલો. એક કારણ ૧૯૮૫માં તેણે સાક્ષીઓને હથિયારથી સજજ થઇને, બિનલાયસન્સદાર રિવોલ્વરથી એક કાપડના વેપારીની દુકાનમાં ઘૂસી જઇને એ રિવોલ્વરની અણીએ હપ્તો ઉઘરાવતો હતો. ૧૯૮૨માં સિનેમા હોલમાં બહાર આવતી સ્ત્રીઓને હેરાન કરતો હતો. ૧૯૮૩માં એ અપહરણ અને ષડ્યંત્ર કરતો હતો. ૧૯૭૫, ૮૨ અને ૮૩મા જુદા જુદા ત્રણ ગુનાઓ નીચે પકડાયો હતો. એટલે એ ગુના કરવાની ટેવવાળો ગણાય. આપણે ત્યાં એવું આપણા કાયદાની અંદર કહયું. ત્યારપછી સુધારો આપણે એ કર્યો. ખતરનાક એ બનવાનું છે કે સુપ્રિમ કોર્ટના જજમેન્ટ પછી ટકી શકે તેમ નથી તેટલા માટે આપણે સુધારો એવો કલમ ૬ની અંદર કે કલમ ૬ના પાર્ટ ત્રણની અંદર કરવા માગીએ છીએ કે આવો હુકમ કોઇ પૈકીનું એક કારણ અથવા કોઈ પૈકીનાં કેટલાંક કારણો અસ્પષ્ટ હોવાં, અસ્તિત્વમાં ન હોવાં, ત્રણ સુસંગત ન હોવા, ચાર આવી વ્યકિત સાથે સંકળાયેલી ન હોવા અથવા નજીકમાં ન હોવાને કારણે કોઈપણ એક પ્રકારનું કારણ અમાન્ય હોવાને કારણે અથવા બિન-અમલી છે તેમ ગણાશે નહી અને તેથી આવો હુકમ કરનારી સરકાર અથવા અધિકારીને કલમ ત્રણની જોગવાઇ પ્રમાણે બાકીનાં કારણો અથવા કારણો સંબંધોની ખાતરી થઇ હોય તો તેને અટકાયતનો હુકમ કર્યો હોય તો તેમ ઠરાવવું શકય નથી એવું કલમ ૬ના પાર્ટ ક ની અંદર છે. હું જે વાત કરતો હતો તે એ હતી કે સુપ્રિમ કોટના બે જજ, માનનીય રેડી અને માનનીય વેંકટરામૈયાએ આને ગુનાની ટેવવાળો ન ગણાય તેવો ચુકાદો આપ્યો. અને ત્રીજા જજે એવો ચુકાદો આપ્યો કે એ ગુનાની ટેવવાળો ગણાય. આવી અસ્પષ્ટતા હોવાને કારણે આ બિલની અંદર ગ્રાઉન્ડને બાકી રાખવાં, આવાં ગ્રાઉન્ડ અસ્પષ્ટ હોય તો પણ એને પકડી શકાય એવી જોગવાઇ રાખવાને કારણે આ કાયદો સુપ્રિમ કોર્ટમાં ટકી શકે તેવો નથી અને એટલા માટે હું આપના દ્વારા સરકારશ્રીને ફરી વિનંતી કરૂં છું કે આપશ્રી જે કાયદો લાવ્યા છો એ અધૂરો છે અને એની અંદરની આવી જોગવાઈઓને કારણે કોઈપણ અટકાયત જેને તમે અસામાજિક કે ગુંડાતત્વ તરીકે રાખવા માગો છે એ તત્વ આવતીકાલે બહાર નીકળી જાય એવી આ એક છટકબારી છે. દેખીતી રીતે બહુ કડક કાયદો બનાવવાનો પ્રયત્ન લીગલ ડિપાર્ટમેન્ટે કર્યો છે તેવું દેખાય, પરંતુ આ લીગલ ડિપાર્ટમેન્ટ જાણે છે કે આવી ખામીઓ રાખવાને કારણે એને છૂટવા માટેનું એક કારણ આપી શકાય છે. લીગલ ડિપાર્ટમેન્ટ જાણે છે કે આ સુપ્રિમ કોર્ટનું એક જજમેન્ટ છે. છે. અને આવા અનેક સુપ્રિમ કોર્ટના જજમેન્ટો લીગલ ડિપાર્ટમેન્ટ જાણે છે. પકડવા માટેનું કારણ સ્પષ્ટ હોવું જોઈએ એવી ખાતરી કેમ નથી આપતા? શા માટે કલમ-૨ની અંદર જે આવી હેબિટવાળો વારંવાર શબ્દ જે છે એ ત્રણેય જગ્યાએ વપરાવો જોઈએ એ તો મારો સુધારો આવશે ત્યારે કહીશ પણ હું જે વાત કરૂં છું તે એ છે કે આ કાયદાનો અમલ જેના દ્વારા આપણે કરવા માગીએ

શ્રી અશોક ભટ્ટ ]

છીએ એ તો માત્ર પોલીસ તંત્ર દ્વારા કરવાના છીએ. આ પોલીસ તંત્ર આટલું સક્ષમ છે ખરૂં? આ પોલિસ તંત્ર કે જેના હાથ દ્વારા કાયદાનો અમલ કરવા માગીએ છીએ એના હાથમાં, આપણે જાણે-અજાણે કોઈક અપ્રમાણિક અધિકારીના હાથની અંદર વધારાના ભ્રષ્ટાચારનું શસ્ત્ર તો આપતા નથીને? અને એને કારણે એવી પરિસ્થિતિ તો આપણે પેદા કરવા માગતા નથી ને? અને એટલા માટે રાજ્ય સરકારે આ આવા કાયદાઓનો અમલ કરવો જ જોઈએ. ગુંડાગીરી નાબૂદ કરવા માટેના કોઈપણ કદમ ઉઠાવે એવાં બધા કદમની અંદર અમારો સાથ અને સહકાર રહેશે. પરંતુ એ કદમ અધૂરાં, અધકચરા કે રાજકીય હેતુઓવાળા હોય તો અમારો સાથ એમાં ન રહે એ બહુ સ્વાભાવિક છે. અને એટલા માટે આવા તંત્રની ક્ષમતા વધારવા માટે ગયા મંત્રીશ્રીએ તો પ્રયત્ન કર્યા કે ન કર્યા તેની છણાવટમાં પડવા માગતો નથી પરંતુ આ ગૃહ મંત્રીશ્રીએ કેટલીક વસ્તુઓ વિચારવી જ પડશે. અને સૌથી પહેલાં એમણે પોલીસનું તંત્ર છે એના માટે સંનિષ્ઠ પ્રયત્ન કરવો પડશે. ૧૯૮૦ની ૮મી માર્ચે દિલ્હી ખાતે ગવર્નર અને મુખ્ય મંત્રીશ્રીઓની જે કોન્ફરન્સ મળી હતી એ પરિષદની કાર્યવાહીનો કેટલોક ભાગ મેં વાંચ્યો હતો અને એની અંદર એ વખતના વડાપ્રધાનશ્રીએ બહુ સ્પષ્ટ રીતે રાજ્યના ગવર્નરો અને મુખ્ય મંત્રીશ્રીઓને કહયું હતું કે ગોરે કમિટિનો રિપોર્ટ અને નેશનલ પોલીસ કમિશનનો રિપોર્ટ પણ દરેક રાજ્યે પોલીસ તંત્રને સુધારવા માટે અમલમાં મૂકવો જોઈએ. ૧૯૮૦થી ૮૫ સુધી તે વખતના ગૃહમંત્રીશ્રીએ રાજકીય પ્રવૃત્તિઓ, રાજકીય કાવાદાવા અને મુખ્ય મંત્રીશ્રીને સાચવવાની પ્રવૃત્તિઓમાં રહયા હતા અને પરિણામે એમને સમય ન-મળ્યો. એને કારણે પોલીસ તંત્રની પરિસ્થિતિ આજે એવી થઈ ગઈ છે કે રાજ્યની અંદર એક ડી.આઈ.જી. અને પાંચ સ્પેશિયલ આઈ.જી. તેમજ ૧૨ કરતાં વધુ આઈ.જી. તેમજ દરેક જિલ્લામાં ડી.એસ.પી. , એટલે આજે પોલીસ તંત્ર એવું થઈ ગયું છે કે પંદર એકટર અને સોળ ડાયરેકટર છે, એવું થઈ ગયું છે અને એના કારણે પોલીસ તંત્રમાં જે તિરાડ પડી છે અને જે વિભાજન થઈ ગયું છે, ઉચ્ચ અધિકારીઓમાં, એને ફરી એકવાર સાથે બેસાડીને અથવા તો કડકાઈથી કહેવું પડશે. હું જૂની વાત કરવા નથી માગતો કે પોલીસ વડાની નિમણૂંક વખતે જે થયું હતું અને જે એના સી.આર.-કે એના માટેની રિમાર્કસ જોવાઈ ન હતી. ભૂતકાળની અંદર જે થયું હતું એને આ જે ઉખેળવા માગતો નથી. (અંતરાય) થયું એ થઈ ગયું. નેશનલ પોલીસ કમિશનનો જે રિપોર્ટ છે અને ગોરે કમિટીએ જે ભલામણ કરી હતી. એમાં બહુ સ્પષ્ટ કહયું છે કે પોલીસે બહેનો, બાળકો, અને વૃધ્ધો ઉપર હાથ નહીં ઉગામવો જોઈઓ. નોકરીમાં જે પોલીસવાળા છે એના મવટે રિઓરીએન્ટેશન તાલીમ વર્ગ શરૂ કરદા જોઈએ. ગોરે કમિટીના રિપોર્ટની અંદર સ્પષ્ટ કહેવાયું છે કે પોલીસની નિમણૂંક કરતાં પહેલાં એની જે લાયકાત છે એનાં ધોરણો થવાં જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૩માં આવેલા પોલીસ નેશનલ પોલીસ કમિશનના રિપોર્ટની ૧૯૭૬માં અમલ કરવાની શરૂઆત થઈ હતી અને એ અમલના શરૂઆતમાં તે વખતના આઈ.જી. એ શરૂઆત કરી હતી અને એ શરૂઆત કરીને ધારાસભ્યોને પોતાના વિસ્તારની અંદર પોલીસ અને પ્રજા કેવી રીતે નજીક આવે એ માટેના



શ્રી અશોક ભટ્ટ ]

પ્રયત્નો પણ કોન્ફરન્સ અને વર્કશોપ ગોઠવાતા હતા. ૧૯૮૦માં આવેલી આ સરકાર આવી રચનાત્મક પ્રવૃત્તિવાળી ન હોવાને કારણે એણે આ પ્રયત્ન બંધ કરી દીધો. ૧૯૮૫માં ફરી એક વાર આ પ્રયત્ન શરૂ થાય એવો નેશનલ પોલીસ કમિશનનો રિપોર્ટ અને ગોરે કમિશનનો રિપોર્ટ માનનીય ગૃહ મંત્રીશ્રી વાંચી જાય એ જરૂરી છે. આ તંત્રને જો વધારે સબળ બનાવવું હોય અને આ કાયદો લાવવો હોય તો પોલીસ કેવો હોવો જોઈએ. હું નેશનલ પોલીસ કમિશનનો રિપોર્ટ મંગાવવાનો અને વાંચવાનો વિચાર દિવસોથી કરી રહયો હતો. હું એ માટે પ્રયત્ન કરી રહયો હતો પણ એ મને ન મળ્યો. રોયલ કમિશન ઓન પોલીસ ૧૯૬૬ એ રિપોર્ટ જે બ્રિટિશ પાર્લામેન્ટમાં રજૂ થયો હતો એની અંદર જે પોલીસ અંગેની વાત કરી છે એ બહુ અગત્યની છે. ડ્રોબેક ઓફ પોલીસ લાઈફ એના વિશે વાત કરવામાં આવી, પાના નંબર ૧૪ ઉપર.

"Our attention has been drawn on social disabilities of police personal"

આ બહુ અગત્યની વસ્તુ છે, સામાન્ય કોન્સ્ટેબલ જે છે એના માટે બહુ અગત્યની વસ્તુ આપણા માટે બની છે. અને એટલા માટે આપણે વિચાર કરવો પડશે કે એનું જીવન કઈ રીતે ઊંચું આવે. એ પ્રમાણિક કઈ રીતે બને અને એ પ્રમાણિક બને એ માટેના પ્રયત્નો આપણે સ્પષ્ટ રીતે કરવા પડશે. પોલીસ જે છે એ પ્રમાણિક નહી હોય તો આગળ આ રીપોટમાં કહેવામાં આવ્યું છે કે:-

"His personal conduct in all matter both on off duty, must be above the report. He must not only be honest, he must establish in the community a reputation for uprightness and fair dealing that puts him beyond the reach of criticism and malicious gossipings."

આ બહુ અગત્યની વસ્તુ છે. એ માત્ર પ્રમાણિક હોવો જોઈએ એટલું જ નથી કહયું, સમાજમાં એનું સ્થાન ઉંચું હોવું જોઈએ અને પોલીસનું સ્થાન ઉંચું લાવવું હોય તો પોલીસનો રાજકીય ઉપયોગ નહીં કરવો જોઈએ. સરકાર આ એક જ લક્ષ્મણરેખા નક્કી કરે તો પોલીસ દળનું મોરલ ઘણું ઉંચું આવે. પોલીસ દળનો રાજકીય ઉપયોગ કેટલો થાય છે એના દાખલા મારે આપવાના ન હોય. એનો ઉપયોગ કરનાર એ જાણે છે. આ જો થાય તો એક સ્થિતિ સર્જાતી જાય અને આવું થાય તો પોલીસ દળનું ધોરણ ઉંચુ આવું થાય તો પોલીસ દળનું ધોરણ ઉંચુ આવે અને આવે. આપણું ધોરણ ઉંચુ આવે અને અસામાજિક તત્વોનો સમાજ પર પ્રતિભાવ છે એ ઘટતો જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે-ત્રણ વાત કરી હું મારી વાત પૂરી કરીશ એક વાત આ કાયદામાં કહી છે જે સૌને નડનારી છે. આ કાયદામાં એક જોગવાઈ મિલકત પચાવી પાડનાર માટેની છે. મોટી મિલકત સરકારની પચાવી પાડે છે તે તો આ સરકારના મહેસૂલ ખાતામાં આવીને સસ્તા દરે લઈ જાય છે. ગરીબ માણસો માટે લેન્ડ સિલિંગ એકટ નીચે પ્રાપ્ત કરેલ જમીન સરકાર એક કલમના ઘોદે આપી દે છે એટલે એક કલમના ઘોદે ભલે ખાનગી ઉદ્યોગનો માલિક હોય, ખાનગી ઉદ્યોગ માટે ભલે હોય પણ અર્બન લેન્ડ સિલિંગ એકટનો હેતુ એ હતો કે ગરીબ માણસોને ઝૂંપડાવાળા માટે જમીન સંપાદન કરવાનો હેતુ હતો. એ માણસ અહીં આવવાનો નથી, એ જમીન પચાવી પાડવા આવનાર નથી. કોઈ સ્ટુડીઓ બાંધવા માટે સરકારી જમીન જોઈતી હોય તો મળી શકે પણ હોસ્પિટલના નામે સરકારી જમીન લઈ જાય અને પછી ન બાંધે એવું નીકટવર્તી વર્તુળ માટે બની શકે. હજીરા જતાં રસ્તા પર આવતી જમીનો એ બીજાના નામે સરકારી જમીનો થઈ જાય અને તપાસ ચાલુ છે એમ કહે, રેવન્યુ ખાતામાં આવું

શ્રી અશોક ભટ્ટ ]

બને અને છતાં મિલકત પચાવનારો એ ન ગણાય, સરકારે એને કાયદેસર આપી છે. આ કાયદો જયારે પસાર કરશું ત્યારે સૌથી પહેલો ભોગ કોણ બનશે પેલો ગરીબ ઝૂંપડા વાળો બનશે, કારણ કે સરકારી જમીન પર એ કબજો જમાવી બેઠો છે, સરકારનું સમાજ કલ્યાણ ખાતું એને સો વાર જમીન જોઈએ તો એ ફાળવી આપવાનું નથી, કારણ કે એને મુખ્ય મંત્રી સાથે ભાઈબંધી નથી, એના મિત્રવર્તૂળમાં આવતો નથી, એને સો વાર જમીન નહીં મળે, આખું આલિયાબેટ મળી જાય પણ સો વાર જમીન આ રાજયમાં નથી મળતી, એ ઝુંપડાવાળો જાણે છે અને એટલા માટે મારી બહુજ ચિંતા અને મારી સાથે માનનીય શ્રી લક્ષ્મણભાઈ પટ્ટણીને વિશે ચિંતા થવ ની છે, એટલા માટે હું જાણુ છું કે આ મિલકત પચાવી પાડવાની વાત છે એની કેટલા લોકોને અસર થાય છે વડોદરામાં ૯૦ ટકા લોકો ઝૂંપડાવાળા છે એ સરકારી જમીન ઉપર છે અમદાવાદ કોરપોરેશન પ્રમાણે ૩૫ ટકા ઝૂંપડા સરકારી જમીન ઉપર છે. આ ઝૂંપડાવાળા ઉપર આ ધારાની અસર પહેલી થવાની છે. આની સામે હું સરકારને કહું છું કે ઝૂંપડા બાંધનાર તત્વો અને ભાડું ઉઘરાવનાર તત્વો કે જેને સ્લમ ગુંડાઓ કહી શકાય એની સામે પગલાં ભરવાનો વિચાર થાય તો હું ચોકકસ આવકારૂં. સરકારી જમીન ઉપર જે ઝૂંપડા બાંધે તેને પકડવા છે? આવી જમીન પચાવી પાડનારના બે દાખલા આપું. અમદાવાદ ગુજરાત હાઉસિંગના મેધાણીનગરમાં શોપિંગ સેન્ટર એક સુપ્રિન્ટેડેન્ટ ઓફ પોલીસના છોકરાએ બાંધેલ છે. અને દુકાનો વેચી દીધી છે. નવા વાડજમાં હાઉસિંગ બોર્ડના હજારો મકાનો ઓઇળ નહીં એક શકિત મંડળ બનાવ્યું અને એના કાર્યક્રમમાં રાજયકક્ષાના એક વખતના પ્રધાનશ્રીએ હાજરી આપી એને માન્યતા મળી ગઈ. હાઉસિંગ બોર્ડ એને ખાલી કરાવતું નથી. તકાત છે આવા લોકો સામે પગલાં ભરવાની શકિત છે આવા લોકો સામે પગલાં ભરવાની પણ એ નથી તો કાયદામાં સ્પષ્ટ કરીએ કે કોરા ચેક જેવો કાયદો પોલીસના હાથમાં મૂકવામાં આવશે, તો પકડવામાં આવે છે એવી ધમકી આપીને પણ એની પાસેથી પૈસા પડાવવાની વૃતિ ચાલશે, જેની ફરિયાદ એ ગરીબ માણસ આપના સુધી નથી કરી શકવાનો. એટલે આજે હું એ વાત કરૂ છૂં.

આ કાયદામાં જોગવાઇ છે એમાં ઔપધમાં ભેળસેળ કરનાર સામે ધારામાં જે જોગવાઇ છે તેને આવકારૂં છું કારણ કે બીજા દેશોમાં તો આવી ભેળસેળ કરનાર માણસની ધરપકડ થાય ત્યારે એને ફાંસીની સજાની જોગવાઇ છે. આવી બીજા કેટલાક દેશોમાં જોગવાઇ છે. એટલે એને પકડી શકાય પણ પકડતી વખતે પોલીસ પકડે એના બદલે ડાયરેકટર ઓફ ડ્રગ્સ ભલામણ કરે એને જ આની નીચે પકડવા જોઇએ. એટલી એની આચારસંહિતા ગૃહ ખાતું નહીં કરે તો પોલીસ ખાતું ગમે તેને પકડીને લઇ જશે અને પછી કાયદામાં તો જોગવાઇ છે કે પોલીસ પકડી શકે પણ આચારસંહિતા કરવી પડશે આરોગ્ય મંત્રીને વાત કરૂં છું કે ડાયરેકટર ઓફ ડ્રગ્ઝની લેબોરેટરીની ક્ષમતા વધારવી પડશે જયારથી આ કાયદો અમલમાં આવશે ત્યારથી. આવો કાયદો અમલમાં આવે ત્યારે આવી જે પ્રવૃતિ કરતા હોય એ છટકી ન જાય. આવી બાબતમાં એક વખત મેં ડાયરેકટર ઓફ ડ્રગ્ઝને પ્રોટિન પાવડર અંગે ફરિયાદ કરી કે બનાવટી પાવડર જેવો પાવડર તૈયાર થાય છે. એના સેમ્પલ લેવાયા અને પછી સેમ્પલ નાપાસ થયા. વડોદરાની એક કંપનીનું સેમ્પલ લેવાયુ એ નાપાસ થયું એના પર ફરિયાદ દાખલ કરવાને



શ્રી અશોક ભટ્ટ ]

બદલે રાજયના રાજયકક્ષાના આરોગ્ય મંત્રીએ એની પરની થયેલી ફરિયાદ કોર્ટમાંથી પાછી ખેંચવાનો પ્રયત્ન થયો. જો સરકાર પોતે જ, ખાતાએ કરેલ પ્રવૃતિને મંત્રીશ્રીઓ પાછી ખેંચે તો એવી કૃતિ ધરાવતી સરકાર આવો કાયદો લઇને ન આવે અને આવે તો એવી ખાતરી આપે કે આ સરકાર તો બદલી ગઇ પણ હવે કાળજી રાખશે.

આ બધી વાત કર્યા પછી આ કાયદાની જે જોગવાઇ છે એ અપુરતી લાગે છે. આ કાયદો અસ્પષ્ટ છે. આ કાયદો થોડો અધૂરો છે. આ કાયદામાં જે સુધારાઓ જરૂરી છે. એ સુધારા મે મૂકયા છે. એટલે એ વખતે હું પ્રવચન કરીશ. પણ આ જે સરકાર છે, જે આ કાયદો લઇને આવી છે એ સરકારની રાજનિતી સમજાવીને હું મારી વાત પૂરી કરીશ.

આ રાજયના મુખ્ય મંત્રીશ્રી એ ચાણકયને ટપી જાય એવી નવી રાજનીતિ આ રાજયમાં અપનાવી રહયા છે. ચાણકયની રાજનીતિ એ અપનાવી રહયા છે એવી રાજનીતિવાળી આ સરકાર આ કાયદો લઇને આવતી હોય તો એ કાયદાને કેમ સમર્થન આપાય એનો વિચાર કરવો પડશે. આ રાજનીતિને હું સોલંકી રાજનીતિ ૧૯૮૫ તરીકે ઓળખાવું છુ. સોલંકી રાજનીતિ માણસના ખૂનમાં વહી રહી છે. તેના પ્રકોપના કારણે માણસાઇ માંદી પડી છે. સોલંકી રાજનીતિ માત્ર સત્તાની રમત છે આવા રાજનીતિજ્ઞ દ્વારા રચાતી સરકાર જે સામાજિક અને અસામાજિક કોણ એ નકકી કરશે, સાચું શું અને ખોટુ શું એ નકકી કરશે તો સમજી લેવાનું કે સચાઇના મોં ઉપર બુરખો પહેરાવવાનો પ્રયત્ન કરશે. સચ્ચાઇના મો ઉપર બુરખો પહેરાવવાનો પ્રયત્ન થઈ રહયો છે અને બુરાઈના કબ્જે રાજયમાં ફરકાવાઇ રહયા છે. આજે રાજયમાં અસામાજિક તત્વો જેલમાં જવાની નથી સ્પષ્ટ વિધાન દ્વારા કહું છું કે આ રાજયમાં માણસની જીંદગી ભયમાં છે, એ કારાવાસમાં છે, કોણ એને મુકત કરાવશે? એટલે માનવી અને જીંદગીને મુકત કરાવવા માટે હું મારા વકતવ્યને આ સભાગૃહમાં મૂકુ છુ અને આશા રાખું છુ. કે સામી પાટલી પર બેઠેલા સભ્યો આત્માનો અવાજ સોલંકીની ૧૯૮૫ની રાજનીતિ સાંભળ્યા પછી, સમજ્યા પછી મારી સાથે જોડાશે.

**શ્રી અમરસિંહ બી. ચૌધરી** (ગૃહ મંત્રીશ્રી) : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું એવી કોઇ અકળામણ અમારા મગજમાં તો છે નહીં, સામે હોય તો ખબર નહીં. માનનીય અશોકભાઇના પ્રવચનનો જવાબ તો હું મારા બિલના પ્રવચનો જવાબ આપીશ ત્યારે આપીશ. ખૂબ શાંતિપૂર્વક મેં સાંભળ્યું છે પણ માનનીય સભ્યશ્રીઓને ચર્ચા કરવામાં કોઈક માહિતી મળે એ માટે આ બિલ અંગે કેટલીક વિગતો રજૂ કરવા માગું છું.

ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાયે વર્ષોથી જુદા જુદા પ્રકારના ગુનાઓમાં તીવ્ર વધારો થતો હોવાનું વલણ જણાયું છે. જેમાં મહત્વના ગુના છે તે ખૂન, મનુષ્ય વધ, ખૂનની કોશિશ, ધાડ, લૂંટ તથા ઘરફોડચોરી હંગામા, વ્યથા, બળાત્કાર, પરચૂરણ ગુના, જુગાર, દારૂબંધીના ગુનાઓ. સને ૧૯૮૦ કરતાં ૮૪માં ઓકટોબર, ૧૯૮૪ સુધી ખાસ કરીને નીચે જણાવેલા ગુનાઓ ખૂનની કોશિશ ૩૧૫ કિસ્સામાં થઈ, લૂંટના ૭૪૩ કિસ્સા બન્યા, વ્યથાના ૧૦૦૯૦ કિસ્સા બન્યા, બળાત્કારના ૧૧૮ બન્યા, દારૂબંધી ધારા અંગેના ૧,૧૫,૭૫૧ ગુના

શ્રી અમરસિંહ ભી. ચૌધરી ]

બન્યા, પરચૂરણ ગુના ૨૨,૪૫૮ એમાં મોટો વધારો થયો છે. આના કારણે જાહેર વ્યવસ્થાને અસર થઈ છે. સાથોસાથ ઉપર જણાવેલા ગુના ઉપરાંત બીજા અસામાજિક પ્રવૃત્તિને લગતા ગુનાઓ અસામાજિક તત્વો દિવસે કે રાતે કરતા હોય છે અને જેનાથી જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચે છે તેમ છતાં લોકો તેમના જાનમાલની સલામતીને ખાતર આવા ગુનાને પોલીસમાં જાહેર કરતા ન હોઇ પોલીસ રેકર્ડ પર આવતા નથી. હાલમાં રાષ્ટ્રીય સલામતી ધારો અમલમાં છે પરંતુ આ ધારા હેઠળની જોગવાઇઓ નીચે જાહેર વ્યથાને હાનિ પહોંચાડતા તત્વોની અટકાયત કરી શકાય છે તેથી આ ધારા હેઠળ અન્ય અસામાજિક પ્રવૃત્તિ આચરતા તત્વો સામે પગલાં લઇ શકાતાં નથી, તેથી આવા તત્વો વિના રોકટોક પોતાની પ્રવૃત્તિ આચરે છે. અને જનતાના જાહેર જીવનને હાનિ પહોંચાડે છે. આ બાબત ધ્યાનમાં લઇ રાષ્ટ્રીય સલામતી ધારા કરતાં વિસ્તૃત ફલક ઉપર અસામાજિક તત્વોને આવા ધારા હેઠળ આવરી લેવાની આવશ્યકતા જણાય છે.

ઉપરની આવશ્યકતા પરિપૂર્ણ કરવા માટે મહારાષ્ટ્ર અને તામીલનાડુ સરકારની જોગવાઇઓ, રાષ્ટ્રીય સલામતી ધારાની અદ્યતન જોગવાઇઓ વગેરે ધ્યાનમાં લઇને તેમજ ભારતના બંધારણને સુસંગત રહીને અસામાજિક તત્વો જેઓ રાજ્યની ગરીબ આમજનતાને અનેક રીતે ત્રાસ અને ભય પમાડે છે એને અંકુશમાં લેવા માટે ઘણા સમયથી રાજ્ય સરકાર એક ધારો લાવવા વિચારતી હતી. સૂચિત વિધેયકને પહેલાના મંત્રીમંડળે તેની તારીખ ૩૧-૮-૮૪ની બેઠકમાં મંજૂરી આપેલ. સદરહુ વિધેયક અપવાદરૂપ સંજોગોમાં વિધાનસભામાં રજૂ કરી શકાયું નહિ તો તેને વટહુકમ તરીકે પણ શક્ય તેટલું વહેલું અમલમાં મૂકવા માટે સદરહુ મંત્રીમંડળ તરફથી સહમતિ આપવામાં આવી, ત્યારબાદ, નવું મંત્રીમંડળ અસ્તિત્વમાં આવેલ, પરંતુ વિધાનસભાનું ટુંકું સત્ર મળેલ જેમાં બિલ રજૂ કરી શકાયેલ નહિ, જેથી સૂચિત વિધેયકને વટહુકમ તરીકે બહાર પાડવા માટે ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી તરફથી માનનીય રાષ્ટ્રપતિની સૂચના મેળવવા કેન્દ્ર સરકારને લખાણ કરવામાં આવેલ. નવા મંત્રી મંડળ તરફથી સદરહુ હુકમને બહાર પાડવા માટે કેબિનેટની મંજૂરી મેળવવામાં આવેલી, અને કેન્દ્ર સરકારે ૨૫-૫-૮૫ના રોજ વટહુકમ બહાર પાડવા માટેની મંજૂરી આપતાં સરકારે ૨૭-૬-૮૫ના રોજ વટહુકમ બહાર પાડી અમલમાં મૂકવામાં આવેલ છે. ઉપરોક્ત સૂચિત ધારા હેઠળ દારૂનો ગેરકાયદેસર ધંધો કે હેરાફેરી કરનાર કેફી અને અન્ય દવાઓ અંગેના ગુનેગારો ભયકારક વ્યકિતઓ, મહિલાઓ, અનૈતિક વેપારમાં સંકળાયેલા ગુનેગારો અથવા મિલકત પચાવી પાડનાર ગુનેગારોનો સમાવેશ કરાયેલ છે. ઉપર દર્શાવેલા અસામાજિક પ્રવૃત્તિ અંગેની વ્યાખ્યા તે ધારામાં દર્શાવેલ છે. અસામાજિક તત્વોની વ્યાખ્યા સામે ગેરકાયદેસર હથિયારો ધરાવતી વ્યકિતઓને પણ અટકાયતમાં લેવાની જોગવાઇ સૂચિત ધારામાં કરવામાં આવેલ છે.

સૂચિત ધારાની મુખ્ય જોગવાઇ નીચે મુજબ છે. અસામાજિક તત્વોની અટકાયત વધારેમાં વધારે એક વર્ષના સમય માટે કરી શકાશે. નિર્ધારિત સમય મર્યાદામાં અટકાયતના કારણોનો અને તેને લગતા કાગળો, દસ્તાવેજો અટકાયતીને આપવા કે જેથી તેની સામે અસરકારક રજૂઆત સરકાર સમક્ષ કરી શકાય. નિર્ધારિત સમય મર્યાદામાં અટકાયત કરેલ વ્યકિતના કેસની ચકાસણી કરવા સલાહકાર બોર્ડ સમક્ષ અટકાયતીનો કેસ ચકાસવો અને



શ્રી અમરસિંહ ભી. ચૌધરી ]

રજૂ કરવો. સલાહકાર બોર્ડનો અભિપ્રાય જો એમ આવે કે અટકાયત કરવા માટે પૂરતાં સબળ કારણો નથી તો અટકાયતીને તાત્કાલિક અટકાયત મુકત કરવો અને જો સલાહકાર બોર્ડનો અભિપ્રાય એમ આવે કે અટકાયત કરવા માટેનાં પૂરતાં સબળ કારણો છે તો તેની અટકાયત સરકાર ચાલુ રાખી શકે. સલાહકાર બોર્ડનો અહેવાલ ગુપ્ત ગણવો, માત્ર અટકાયત અંગેનાં કારણો પૂરતાં છે કે કેમ તે અંગેનો અહેવાલ ગુપ્ત ગણવો નહિ.

સલાહકાર બોર્ડ સમક્ષ અટકાયતી તેના કેસની રજૂઆત વકીલ મારફતે કરી શકશે નહિ. અટકાયતો વધારેમાં વધારે સમય એક વર્ષનો રહેશે અને તે પહેલાં રાજ્ય સરકાર તેનો હુકમ રદ કરવા અથવા અટકાયત હુકમમાં સુધારો કરવા ધારે તો તે અંગેના કારણો અંગે રાજ્ય સરકારે લેખિત નોંધ રાખવી પડશે. કોઈ કેસમાં અટકાયતી હુકમ રદ થાય તો તેવા કિસ્સામાં જરૂર જણાયે રાજ્ય સરકાર અગાઉ આપેલા કરણોસર ફરી અટકાયતનો હુકમ કરી શકશે. **પરંતુ તેવા હુકમના અમલીકરણમાં અગાઉના અટકાયતી સમયના કુલ એક વર્ષના સમયની ગણતરીમાં આવરી લેવાનો રહેશે.**

અટકાયતમાં લેવાયેલી વ્યકિતને કોઇ ખાસ કારણોસર કામચલાઉ મુકત કરી શકશે પરંતુ કામચલાઉ મુકિત અંગેના કારણોની લેખિત નોંધ રાખવાની રહેશે. અટકાયત કરવાની સત્તા રાજ્ય સરકાર અગર તો અધિકૃત કરાયેલા જિલ્લા મેજિસ્ટ્રેટ પોલીસ કમિશનરને રહેશે. ઉપરોકત વટહુકમ બહાર પાડયા પછી રાજયમાં નીચે જણાવેલા અસામાજિક તત્વોમાં સંડોવાયેલી વ્યકિતઓને

**(વિશ્રાંતિ : સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી** (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, હું જે કારણો જણાવતો હતો એમાં ૧૦મું કારણ અટકાત કરવાની સત્તા રાજ્ય સરકાર અગર તો અધિકૃત કરાયેલ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનરને રહેશે અત્યાર સુધીમાં આ ધારાની નીચે ૩૦૦ જેટલા અસામાજિક તત્વોની ધરપકડ થઇ છે. છેલ્લા કેટલાક સમયથી લોક પ્રતિનિધિઓની આવો ધારો લાવવા માટેની માગણીઓ આવતી હતી અને તેથી અસામાજિક તત્વોને અંકુશમાં લેવા માટે આ ધારો અત્યંત આવશ્યક જણાયેલ. તેના અમલીકરણથી જાહેર વ્યવસ્થા સારી રીતે હલ કરી શકાશે તેવું માનવું છે. આવો ધારો લાવવા માટે વિરોધ પક્ષના સભ્યશ્રીઓની પણ અવારનવાર માગણી આવતી હતી અને પ્રજામાંથી પણ માગણી ઉઠતી હતી તેને લક્ષમાં રાખીને તા. ૨૦-૬-૮૪ના રોજ વિરોધ પક્ષના સભ્યો અને કોંગ્રેસ પક્ષના સભ્યોની સરકીટ હાઉસમાં એક મિટિંગ પણ તે વખતના માનનીય ગૃહ મંત્રીશ્રીએ રાખી હતી. એમાં લગભગ તમામ પક્ષના અગ્રગણ્ય સભ્યશ્રીઓ હાજર હતા. તે મિટિંગમાં જે કાંઇ સૂચનો થયાં હતાં. તેનો મોટા ભાગે આ ધારામાં સમાવેશ કરવામાં આવ્યો છે. કેટલાંક એવાં સૂચનો હતાં જેનો સમાવેશ નથી પણ થયો. પરંતુ બધાની સાથે ચર્ચા વિચારણા અને સૂચનો લીધા પછી આ બિલ તૈયાર કરવામાં આવ્યું છે. જયારે આટલી બધી પૂર્વ-ચર્ચાઓ આ બિલ અંગે થઈ ગઈ છે ત્યારે આ બિલ અહીં લાંબી ચર્ચા કર્યા વગર પસાર કરવામાં આવે તો એ વધારે ઉચિત ગણાશે, તેમ છતાં પણ આ સભાગૃહમાં કોઈપણ કાયદો ઘડતી વખતે રચનાત્મક સૂચનો થાય તો તેનો સ્વીકાર કરવા માટે રાજ્ય સરકાર હંમેશાં રચનાત્મક અભિગમ

શ્રી અમરસિંહ ભી. ચૌધરી ]

રાખે છે, આટલા શબ્દો સાથે સભાગૃહ સમક્ષ આ બિલ હું ચર્ચા માટે મૂકું છું.

**શ્રી ચીમનભાઈ પટેલ** (ઉંઝા) : (વિરોધ-પક્ષના નેતાશ્રી) માનનીય મંત્રીશ્રી ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે અને તેને અંગેના વટહુકમને નામંજુર કરતી દરખાસ્ત પણ માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટે રજૂ કરેલી છે તે અંગે માનનીય સભ્યશ્રી ભટ્ટે અને બિલ રજૂ કરનાર માનનીય મંત્રીશ્રીએ કેટલીક વિગતો આપી છે. માનનીય મંત્રીશ્રીએ એમ કહયું કે અત્યારે તેઓ બીજી દલીલમાં ઉતરવા માગતા નથી, બીજા વિગતોમાં પણ ઉતરવા માગતા નથી, પણ આ બિલ કયા ઉદ્દેશને ધ્યાનમાં રાખીને લાવવામાં આવ્યું છે તેટલા પૂરતું તેમનું નિવેદન મર્યાદિત રાખ્યું છે એમ હું સમજ્યો છું. ગયા વખતની સરકાર વખતે સૌરાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક ભાગોમાં ગુંડાગીરી એટલી બધી વ્યાપક પ્રમાણમાં વકરી ગઈ કે જેને લીધે વિરોધ પક્ષના આગેવાનોએ ગુંડાગીરીને કાબૂમાં રાખવા માટેની માગણી કરી હતી. અને સરકારને કહયું હતું કે હાલના કાયદાઓની જોગવાઈઓ જો પર્યાપ્ત ન હોય તો એને માટે બીજા રાજ્યોમાં છે તે પ્રમાણે ગુંડા વિરોધી ધારો પણ તમે વિચારો અને તે માટે તે વખતના ગૃહ મંત્રીશ્રીએ આ ગૃહમાં અનેક વખત આશ્વાસન આપેલું કે અમે તેનો વિચાર કરીએ છીએ અને તે પછી ચર્ચામાં એકવાર એમ પણ કહેલું કે ગુંડાગીરી નાબૂદી ધારો લાવવો, એટલે એનો એવો અર્થ છે કે ગુંડાગીરીનું અસ્તિત્વ છે એનો સ્વીકાર કરવો એમાં રાજ્ય સરકારને તે વખતે હિચકિચાટ હતો, પરંતુ તે પછી અનેક સંખ્યાબંધ બનાવો ગુજરાતમાં બન્યા જેને પરિણામે સરકારને જોઈતી હતી તેવી સાબિતીઓ સરકારના રેકોર્ડ ઉપર આવી કે ગુંડાગીરી વકરી ગઈ છે અને તેણે માઝા મૂકી છે. પરિસ્થિતિ તો એટલે સુધી વણસી ગઈ કે ગુંડાગીરીને કાબૂમાં લેવાની વાત તો બાજુ પર રહી પણ મારે ખુબ દુઃખ સાથે કહેવું પડે છે કે આ સરકારે અને ગયા વખતની સરકારે ગુંડાગીરીને કાબૂમાં લેવાને બદલે ગુંડાગીરીને રાજકીય રક્ષણ આપવાની ભરપેટ પ્રવૃતિઓ કરી છે. આજે પણ ગુંડાગીરી આચરતા તત્વોને અસામાજિક તત્વોને આ સરકાર રાજકીય આશ્રય આપે છે. પરિણામ એવું આવે છે કે એને લીધે ગુંડા તત્વોને ઉત્તેજન મલે છે. અસમાજિક પ્રવૃતિ આચરનારા લોકોને વેગ મળે છે.

આ સભાગૃહમાં અનેક વખત અમે ફરિયાદો કરી છે કે ગુજરાતમાં જે કદી નહોતું બન્યું એવું ગુજરાતના જાહેર જીવનમાં ગયા વખતની સરકારના સમયકાળ બનવા માંડયું, જે આજે પણ આ સરકારના વખતમાં ચાલુ છે. ગુજરાતના જાહેર જીવનની એક આમાન્યા હતી સામાન્ય રીતે એવી પરિસ્થિતિ હતી કે જેમાં રાજકીય કાર્યકરો કે જાહેર જીવનમાં ભાગ લેનારા સમાજસેવકો પર અસામાજિક તત્વો કે ગુંડા તત્વોએ હુમલો કરવાની હિમત કરી નહોતી પરંતુ બન્યું એવું કે આ સભાગૃહના સભ્ય હતા એવા ઉપર ધોળે દિવસે બસ સ્ટેન્ડ ઉપર હુમલો કરે અને તેનું મૃત્યું નીપજાવે, તેનું ખૂન થાય અને સરકાર ઠંડે કલેજે એની તપાસ કરે અને તપાસમાં કંઈ મળે નહીં એવી સ્થિતિ આ રાજયમાં સર્જાયેલી છે. તે વખતે પણ મેં એમ કહયું હતું કે આ ગુંડા તત્વોને આશ્રય આપવાનું કામ સરકાર ન કરે તો વધારે સારું, પણ લાઠીમાં શું બન્યું ? લાઠીમાં જિલ્લા પંચાયતની ચૂંટણીમાં એક ભાઈ ચુંટાયા, અકસ્માતે એ જનતા પાર્ટીના કાર્યકર હતા પણ હું એને રાજકીય મુદ્દો બનાવવા માગતો



શ્રી ચીમનભાઈ પટેલ ]

નથી પણ એક જાહેર સેવક જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઊભા રહીને ચુંટાયા એમાં ખોટું શું છે? પણ કોંગીના હારેલા ઉમેદવારને એ વાત ન ગમી અને સરકારના અધિકારીઓની હાજરીમાં એનો ઘાટ ઉતારી દીધો અને અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી નહીં. ડેપ્યુટી કલેકટરની ત્યાં હાજરી હતી. હું કહેવા એ માગું છું કે આ શાસનમાં ગુંડા તત્વોને સરકારની જે આમાન્ય હતી એ આમાન્યા ઓગળી ગઈ છે, કારણ કે એમને એવું આશ્વસન છે કે, ભરોસો છે કે ગમે તે કરે જાવ. સરકાર ગાંધીનગરમાં બેઠી છે, રક્ષણ મળવાનું છે અને એ વિશ્વાસથી ગુંડા તત્વો ગુજરાતમાં કામ કરી રહયા છે મારો મત વિસ્તાર તે વખતનો જામજોધપુર, એમાં લાલપુર તાલુકાના તાલુકા પંચાયતના પ્રમુખ જામનગરની ગ્રેઈન માર્કેટમાં દુકાન ધરાવે છે, ભરચક લતો છે. એ લત્તામાં લાલપુરના અસામાજિક તત્વો આવીને ગોળીબાર કરી જાય, ખુલ્લો હુમલો કરે અને નામ આપવા છતાં, નામજોગ ફરિયાદ કરવા છતાં મહિનાના મહિનાઓ સુધી ધરપકડ ન થાય એ તો કોંગી શાસનમાં જ બની શકે એમ મને લાગે છે. આ સભાગૃહમાં બેઠેલા એક માનનીય સભ્યશ્રી પોપટભાઈ સોરઠિયા એમના ઉપર હુમલો થયો હતો અને એ હુમલો હોસ્પિટલમાં થયો અને એ હુમલો કરનાર કોણ હતા એની તપાસ કરો તો બહુ સ્પષ્ટ રીતે દેખાશે કે કોંગીના એ સક્રિય કાર્યકર્તાઓ હતા. તે વખતે મેં એમ કહયું હતું આવા સમાજસેવકો અને રાજકીય આગેવાનો ઉપર અસામાજિક તત્વો હુમલો કરે તે બૂમરેંગ થશે અને ત્યારે કોંગ્રેસના લોકો એમાંથી બાકાત રહેશે કે કેમ એ સવાલ મેં પેદા કર્યો હતો. અને તે પછી બન્યું પણ એવું કે વિરોધ પક્ષના આગેવાનો ઉપર હુમલા થયા, ગુજરાતના કોંગી આગેવાનો કે જેમને અસામાજિક તત્વો સાથે મેળ નહોતો એવા લોકો પર પણ હુમલા થયા. જેતપુર તાલુકા પંચાયતના પ્રમુખ પર જે હુમલો થયો અને એમનું મૃત્યુ નીપજાવવામાં આવ્યું એ પણ કોંગીના આગેવાન હતા. હમણાં જ બે-ત્રણ દિવસ પહેલા સભાગૃહમાં ઉલ્લેખ થયો કે આદિવાસી વિકાસ કોર્પોરેશનના પ્રમુખ શ્રી વસાવાનું ખૂન પણ થયું. દિવસોના દિવસો સુધી એના ખૂની પકડાયા નથી. મૌખિક સૂચનાઓ આપવામાં આવતી હતી કે આ જે સંડોવાયેલા હોય તો એની ધરપકડ કરતાં વિચાર કરજો, ચકાસણી કરજો અને સંકેત સ્પષ્ટ હતો કે એવા લોકોની ધરપકડ ન કરવી. આ ગુજરાતમાં જે ગુંડાગીરી ચાલે છે તેને રાજકીય પીઠબળ છે એટલું જ નહીં પ્રબળ રાજકીય પીઠબળ છે. આજે ગામડાના લોકો સલામત નથી. સંખ્યાબંધ બનાવો બને છે અને સરકાર તપાસ ચાલુ છે એ હેઠળ આખી પ્રવૃત્તિઓને રક્ષણ આપ્યા કરે છે. ગયા વખતની સરકારમાં ગૃહ મંત્રીશ્રી એટલું તો આશ્વસન આપતા હતા કે તાકીદે હું આ પ્રશ્નનો નિકાલ કરીશ અને આગ્રહ રાખતા ત્યારે કહેતા કે અઠવાડિયામાં ફેસલો લાવી દઈશ. આ સરકારે હવે આગવી શૈલી વિકસાવી છે તપાસ ચાલુ છે સંખ્યાબંધ કિસ્સામાં તપાસ ચાલુ છે. તેનો એક નવો શિષ્ટાચાર, નવી શૈલી વિકસાવી છે કે જેમાં કોઈપણ ગુંડાગીરી આચરવામાં આવે તેમાં સરકારનો જવાબ રાબેતા મુજબનો હોય કે તપાસ ચાલુ છે. તપાસ કયારે પૂરી થશે એવો અમે સવાલ પૂછીએ ત્યારે કહે છે કે બને તેટલી વહેલી પણ એ કદી બને તેટલી વહેલી થતી જ નથી અને અગત્સ્ય મુનિના વાયદાની જેમ એનો સમય પુરો થતોજ નથી આ સરકાર તપાસમાં ગલ્લાં-તલ્લાં કરી રહી અને વાયદા કરે છે અને સાયનેડાય અનિશ્ચત મુદતના વાયદા તેની સામે અમારો સખત વિરોધ છે.

**શ્રી ચીમનભાઈ પટેલ]**

અમારી સખત લાગણી છે એ બાબતમાં મંત્રીશ્રી નોંધ લઈને એમની આગવી શૈલી હોય તો તેમાં પણ સુધારો કરે તેવી હું વિનંતી કરું છું.

આજે ગામડામાં શું સ્થિતિ છે? ખેડૂતો અનાજ તૈયાર કરે છે, ગુંડા લોકો આવીને બંદૂકની અણી બતાવીને અમારું ગાડું ભરી દો એમ કહે છે. ગુંડાઓ તો હવે ગાડા લઈને જ અનાજ ભરવા આવે છે, એવા કિસ્સા માનનીય મંત્રીશ્રીને જોઈતા હોય તો હું આપવા તૈયાર છું. એ જ રીતે માત્ર અનાજ પડાવી લેવું એટલું જ નહીં પણ ખેડૂતોની જમીનો પડાવી લેવાનું કામ પણ અસામાજિક તત્વો કરે છે અને આ સરકાર એને રક્ષણ આપે છે.

આ સભાગૃહની યાદ માટે યાદ આપવા માગું છું કે ગયા વખતે ૧૩ કિસ્સા મેં સિલસિલાબંધ માહિતી સાથે ગામઠામ સાથે આપેલા, અને આ સરકારે બે-ત્રણ વખત મને બાંયધરી આપી કે અમે તપાસ કરાવીશું એમાંથી ૬ કિસ્સાના મને જવાબ મળ્યા છે; સાત કિસ્સામાં ત્રણ વર્ષ થયાં હજુ જવાબ મળતા નથી. મારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે આ સરકાર કઈ રીતે ચાલે છે અને આ સભાગૃહના સભ્યોની કોઈ અદબ ખરી? સભાગૃહના સભ્યોનું કોઈ મહત્વ છે આ સરકાર માટે? માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ મારી સાથે સંમત થશો એમ હું આશા રાખું છું, કે જ્યારે આ સભાગૃહનો કોઈપણ સભ્ય મંત્રીશ્રીને પણ લખે, ફરિયાદ કરે તો મને લાગે છે કે મંત્રીશ્રી એનો જવાબ આપવાનો વિવેક દાખવે. કેટલીક વખત એવી વિગતો હોય કે જેમાં એની તપાસ કરવાની જરૂર પડે અને આખરી જવાબ આપવામાં વિલંબ થાય એ સ્વીકારું છું પરંતુ મંત્રીશ્રીને પત્ર મળ્યો છે એની પહોંચ તો મળે. મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે આ સરકારે એવો વિવેક પણ સાચવ્યો નથી. ખૂબ ગંભીર રીતે કહું છું કે વિરોધ પક્ષના નેતા તરીકે મેં લખેલા પત્રોના જવાબો ન તો મુખ્ય મંત્રીશ્રીએ આપ્યા છે, ન તો ગૃહ મંત્રીશ્રીએ પહોંચ મોકલવાની પણ ફુરસદ કાઢી છે, એ બન્યુ નથી અને તેથી એ બાબતમાં મને લાગે છે કે તેવું ન બને તે જોવાની જરૂર છે, કારણ કે પત્રો લખીએ છીએ ત્યારે અમે ફિઝુલ બાબતો ઉપર પત્રો લખતા નથી. કોઈ સાર્વજનિક, સામાજિક, જાહેર હિતની બાબતો વિશે કોઈ ફરિયાદ આવી હોય ત્યારે એ ફરિયાદ માટે હું લખું છું અને એવો જ વિવેક સચવાય એમ મને પોતાને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે જે પરિસ્થિતિ થઈ છે એમાં આ ગુજરાત રાજ્યમાં ગુંડાગીરી અને અસામાજિક તત્વોની બોલબાલા ચાલી છે તેમાં એક નવું ડાયમેન્શન પણ ઉમેરાયું છે. એમ મને પોતાને લાગે છે. નવું ડાયમેન્સન એ ઉમેરાયું છે કે પોલીસ તંત્રના કેટલાક અધિકારીઓ પણ કાં તો પોતાની જાતને સંડોવે છે, કાં તો આવી પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના ઉઘાડા, જોઈ શકાય તેવા દાખલા બને છે છતાં એ બાબતમાં શું બની રહ્યું છે એની કાંઈ ખબર નથી. આ સભાગૃહને હું યાદ આપવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં વિજયનગરમાં પોલીસે અસામાજિક તત્વો જેવી કામગીરી કરી છે. નિર્દોષ નાગરિકો ઉપર અત્યાર ગુજાર્યા અને તે વખતની સરકારે સ્વીકાર કર્યો કે આની તપાસ થાય અને તપાસ માટે માનનીય અધ્યક્ષશ્રીએ નીમેલી સમિતિનો અહેવાલ આવી ગયો. એ અહેવાલ પણ આ સભાગૃહમાં સર્વાનુમતે સ્વીકારાયો અને સ્વીકાર થયા પછી અમે અનેકવાર કહ્યું હતું કે એ અધિકારીઓ સામે શું પગલા



**શ્રી ચીમનભાઈ પટેલ]**

લેવાય છે તેની અમને જાણ કરજો. ત્યારે એમ પણ કહ્યું હતું કે સભાગૃહના મેજ ઉપર ન મૂકો તો પણ નિદાન સમિતિના અધ્યક્ષશ્રી તરીકે મને એની જાણ કરજો એવી મારી લાગણી છે. મંત્રીશ્રીએ એકરાર કરેલો કે જે પગલાં લઈશું એ અમે તુરત કહીશું. અહેવાલ રજુ થયા પછી ત્રણ-ચાર મહીને સવાલ પૂછ્યો ત્યારે કહ્યું કે હજી કાર્યવાહી ચાલુ છે. મારે એ જાણવું છે કે વિધાનસભાની સમિતિ સર્વાનુમતે સરકારને એક અહેવાલ રજૂ કરે અને એ અહેવાલને સરકારે સભાગૃહમાં સ્વીકાર્યો હોય. ત્યાર પછી તે અંગેની કામગીરી થઈ હશે, તેની મને ખબર નથી. હું એવો આક્ષેપ કરતો નથી કે અહેવાલ અંગેની સરકારે કામગીરી કરી નથી, એવી મને માહિતી નથી. પણ એ કામગીરી કરી હોય તો સભ્યો તરીકે અમને પણ જાણવાનો અધિકાર છે. ગુજરાતના લોકોને પણ એ જાણવાનો અધિકાર છે. આખરે મંત્રીશ્રીઓ મંત્રી તરીકે કામ કરે તેની સામે કોઈને વાંધો નથી. પણ આ સભાગૃહ સર્વોપરી છે એમ હું સમજું છું. આખરે ગુજરાતના લોકોની આકાંક્ષાઓ, અભિલાષાઓનું પ્રતિબિંબ આ સભાગૃહમાં પડતું હોય છે અને તે વખતે સભ્યો જ્યારે લોકલાગણીને ધ્યાનમાં રાખીને કોઈ માગણી કરે ત્યારે એ માગણીને ટલ્લે ચડાવવાનું વલણ સરકારનું, સરકારના પોતાને માટે પણ ઉપકારક નથી. એમ મને પોતાને લાગે છે.

અમરાઈવાડીનો કિસ્સો કહેવા માગું છું. એક વખત કહયો હતો એ વાત સાચી પણ આજે ફરીવાર એના સંદર્ભમાં હું બોલવા માગું છું. અમરાઈવાડીમાં એક નિર્દોષ નાગરિક ઉપર ગોળીબાર થયો, કોઈ અંગત અદાવતને લીધે હશે તેની મને માહિતી નથી, પણ એક વ્યકિત ઉપર એક ખાનગી વ્યકિતએ ગોળીબાર કર્યો, ગોળીબાર થાય એટલે તેની ફરિયાદ થાય અને તેનાં તેની ફરિયાદ કરવામાં આવી છે. એ ફરિયાદ થઈ ત્યારે તે દરદીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો ત્યારે હોસ્પિટલે તેનાં કપડા અને ગોળી પોલીસને સોંપ્યા. પોલીસે તે ગૂમ કરી દીધા અને કેસ કરતાં એવો કિસ્સો ઊભો કરવામાં આવ્યો કે આમાં ગોળીબાર થયો જ નથી. આવા કિસ્સામાં એટલા માટે હું પૂછવા માગું છું કે પોલીસે અસામાજિક તત્વો સાથે ભળી જતી હોય અને તે લોકોને રક્ષણ આપવાના આવા છૂપા જે પ્રયાસો થાય છે તેની વાત નથી કરતો, પણ આવા ઉઘાડા જે પ્રયાસો થાય છે તેમાં સરકાર કેમ કામ કરતી નથી, કેમ પગલા લેતી નથી? સરકાર જો આવા અધિકારીઓ સામે પગલા લેશે તો મને ખાતરી છે કે બીજા અધિકારીઓ માટે દાખલારૂપ બનશે અને બીજા અધિકારીઓ આવી ગોલમાલ કરવામાં અને અસામાજિક તત્વોને પ્રોત્સાહન આપવામાં હિંમત નહીં કરે. સરકારની દાનત જો સાફ હોય, સરકારનો ઈરાદો જો આમાં સ્પષ્ટ હોત તો પગલા લીધા હોત પણ આવા કિસ્સાઓમાં બને છે એવું કે સરકાર પોતે તપાસ કરે છે. પગલા લેવાનો વિચાર કરે છે અને એને કશેક કયાંકથી એવી ચાંપ દબાઈ જાય છે કે, લગાડવામાં આવે છે કે સરકાર બિચારી અને લાચાર લઈ જાય છે, કારણકે એ તત્વો સરકારને જે સહાનુભૂતિ ધરાવનારા લોકો હોય છે તેની યાદીમાં આવે છે અને તેથી સરકાર મુસીબત, સંકોચ અને હિચકિચાટ અનુભવે છે. ત્યારે બને છે એવું કે એની જગ્યાએ બીજો અધિકારી મૂકે તો એને પોલીસ રક્ષણ હેઠળ રહેવું પડે. એ જ પોલીસ સ્ટેશનમાં બીજો અધિકારી મૂકયો તો એને પોલીસ રક્ષણ હેઠળ રહેવું પડયું. એટલું જ નહીં પણ એણે ફરિયાદ કરી તો પોલીસે ફરિયાદ લેવાની ના પાડી. એટલે એ છેવટે કોર્ટમાં ગયો. પરિસ્થિતિ કેવી થઈ જાય છે કે પોલીસ અધિકારીની ફરિયાદ ન લેવાય અને

શ્રી ચીમનભાઈ પટેલ]

પોલીસ અધિકારીએ કોર્ટમાં જવું પડે. ફરિયાદ નોંધાવવા માટે એવી અસહ્ય પરિસ્થિતિ આ ગુજરાતમાં પેદા થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક પોલીસ સ્ટેશનો અસામાજિક પ્રવૃત્તિઓના અડ્ડા બની ગયા છે અને સરકારનું વારંવાર ધ્યાન દોરવા છતા ખબર નથી. સરકારને એમાં શુ રસ છે પણ સરકાર કોઈ પગલાં લેતી નથી. મારે પૂછવું છે આ સરકારને કે સરકાર ખરેખર ગુંડાગીરી નાબૂદ કરવા માગે છે ખરી ? અસામાજિક તત્વોને કાબૂમાં લેવા માગે છે ખરી? અને જો એમ હોય તો સરકારે એની સાબિતી ગુજરાતના લોકોને આપવી પડે. અને સાબિતીનો અર્થ હું એવો કરું છું કે જે ઉઘાડા કિસ્સા થયા છે, જેમાં ગુજરાતમાં ભારે મોટી એવી પ્રસિધ્ધિ મળી છે તેવા કિસ્સાઓમાં હત્યારાઓને કેમ પકડવામાં આવતા નથી ? માનગઢમાં કેટલાયે મહિનાઓ પછી હત્યારઓને પકડવામાં આવ્યા અને તેઓ હજી પણ બાકી છે. માનગઢનો કિસ્સો ઘણા વખત પહેલાં બન્યો પણ માનગઢના હત્યારઓ આજે પણ પકડાતા નથી. જયારે હું આ આક્ષેપ કરું છું ત્યારે મારા મનમાં બીજી એક વાત યાદ આવી જાય છે. આમાં પોલીસ સાથેનું કેવું ગઠબંધન છે તેનો દાખલો હું રજુ કરવા માગું છું. અમરેલીમાં એક ખૂન થયું. અમરેલી જિલ્લાની વાત કરું છું. એમાં ખૂનીઓ પકડાયા ઘણી મહેનતના અંતે, કેસ ચાલ્યો જન્મટીપની સજા થઈ અને જનમટીપની સજા થયા પછી તેમને પેરોલ આપવામાં આવે. પેરોલ આપે ખાસ પ્રસંગો હોય, દિકરીના લગ્ન હોય, મા-બાપનું અવસાન થયું, હોય, માઠા કે સારા પ્રસંગોએ પેરોલ આપે તેમાં કોઈ વાંધો નથી. પણ આ કિસ્સામાં તો એવું બન્યું કે ડિસ્ટ્રીકટ સુપ્રિન્ટેડન્ટ ઓફ પોલીસ ના પાડે, આમને હવે વધુ પેરોલ આપવામાં આવશે તો એ માથાભારે તત્વો છે, કાયદો અને વ્યવસ્થા પ્રશ્નો ઊભા કરે તેમ છે. આઈ.જી. (પ્રિઝન્સ) ના પાડે કે એને હવે વધુ બીજી કે ત્રીજી વખત પેરોલ આપી શકાય તેમ નથી, ત્યારે ગાંધીનગરમાં બિરાજમાન જે રાજકીય નેતૃત્વ ધરાવે છે. અને ગૃહ ખાતાના ચાર્જમાં હોય એવા લોકો પેરોલ આપે છે. પેરોલ એક વખત નહીં, કેટલી વખત પેરોલ આપવામાં આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, એની હું એક સામાન્ય વિગત રજૂ કરવા માગું છું. જેથી કરીને કેટલાક સભ્યોને આ કિસ્સાની ખબર ન હોય તો ખ્યાલ આવે કે શું ચાલી રહયું છે. જે પેરોલ આપવામાં આવી, તે એક વખત નહીં, બે વખત નહીં, ત્રણ વખત નહીં, ચાર વખત નહીં પણ સાત-સાત વખત પેરોલ આપવામાં આવે છે. ગાંધીનગરથી હુકમ થાય, આઈ.જી. પ્રિઝન્સને નહીં, ડી.એસ.પી. ના નહીં, કલેકટરના નહીં, કોઈના નહીં, અને એ પણ વારંવાર, પણ, સાહેબ, ખૂબીની વાત તો હવે આવે છે કે પેરોલ અપાય છે અને એ શખ્સો ખુલ્લે-આમ ફરતા હતા અને એમના કેસમાં સાક્ષીઓ આપરનારને ધમકીઓ આપતા હતા. તમે અમારા ખૂન કેસમાં સાક્ષી આપ હતી, અમે હિસાબ ચૂકતે કરીશું. એક-બે ગુનામાં સંડોવાયા હોય, જયારે અમરેલી જિલ્લાના ધારાસભ્યો, મને યાદ છે કે માનનીય મનુભાઈએ મુદો ઊભો કર્યો હતો અને ત્યારે અમે પણ ગૃહ મંત્રીશ્રીને વિનંતી કરી હતી કે ભાઈ, પેરોલ, પૂરી થયે પણ બે-ત્રણ મહિના થયા, હવે તો એમને લાવો. પછી, સાહેબ અમે તો ગૃહમંત્રીશ્રીને ખૂબ આગ્રહ કર્યો કે હવે તો હદ થાય છે, ત્યારે એમની સંવેદનશીલતા એકમદ બૂઠી થઈ ગઈ હતી એમ તો ન કહેવાય થોડી અસર થઈ અને ખૂબીની વાત એ છે કે આ સભાગૃહમાં સૂચન થયું તેના બીજા દિવસે એક વાગ્યે કવેશ્ચન અવર પૂરો થાય તે પહેલા એ પેરોલ ઉપર છૂટેલા કેદીઓને ફરી જેલમાં હાજર



શ્રી ચીમનભાઈ પટેલ]

કરી દેવાયા. ત્યાંરે સવાલ એ થાય છે કે પોલીસના રક્ષણ હેઠળ, હાજર કરી દીધા ત્યારે સવાલ પૂછવાનું મન થાય છે તે એ કે આ લોકોને ચોક્કસ પોલીસ રક્ષણ હેઠળ સલામત સ્થળે રાખી મૂકેલા કે જેથી આહીંયાથી હોય મિનિસ્ટરનો હુકમ થયો કે એમને હાજર કરી દો. ચર્ચા થાય છે, હવે બહુ ખરાબ દેખાય છે માટે તેમને હાજર કરી દીધા. આ કેવી કરામત છે આ સરકારમાં ગૃહ ખાતાની તેનો આ નમૂનો છે. હું જે કહેવા માગતો હતો તે એ કે આ સરકાર નિદાન, કારણ કે આમાં તો બીજી ઘણી બાબતો સંડોવાયેલી છે એક ગુંડાની વાત નથી, છેતરપિંડીની વાત ઉચાપતની વાત, ગેરકાયદેસર બાંધકામની વાત, બીજી ઘણી બાબતો છે. તો મેં માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યુ હતું એક શ્રોફની પેઢી અંગે, તેમને અંગત પત્ર લખ્યો હતો કે તમે પોતે ખાનગી એ શ્રોફની પેઢીના સમારંભમાં જઈને તેની સધ્ધરતાને સર્ટિફિકેટ આપતા હો એવા કાર્યક્રમોમાં ભાગ લેવાય અને બીજી બાજુ અમદાવાદમાં એને ત્યાં જમા મૂકેલી રકમો લેવાઈ જાય ત્યારે એ ડિપોઝીટરોને રકમો આપવામાં એ ગલ્લાતલ્લા કરતા હતા, તે પ્રસંગે મે મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યુ હતું કે તમે આવું ન કરો. પરંતુ બન્યુ એવું કે માનનીય મુખ્ય મંત્રીશ્રી જાય એટલે એને પ્રતિષ્ઠા તો મળે જ અને એને લીધે એ પેઢીએ ઠેર ઠેર સૌરાષ્ટ્રમાં શાખાઓ ખોલી દીધી અને સંખ્યાબંધ લોકો પાસેથી ડિપોઝીટો માગી. આજે, સાહેબ, એકાદ કરોડ રુપિયા જેટલી ડિપોઝીટો લોકોને પાછી મળતી નથી. લોકો કેટલીય વાર પૂછે છે કે મુખ્ય મંત્રીશ્રીને આમાં કહીએ, તો તો મેં કહયું કે કહો અને કહેવા જેવું હોય તો હું પણ આવવા તૈયાર છે, કારણ કે મુખ્ય મંત્રીશ્રી એમને ઓળખે છે એટલું જ નહીં પણ એમની સાથે એમને સંબંધ પણ છે એમ પણ હું સમજું છું. ત્યારે એ સરકારના જે મંત્રીઓ હોય છે તેઓ જાહેર સેવક હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય ચીમનભાઈ, આપ એક ચોકક્સ મુદ્દા ઉપરના બિલનો ચર્ચા કરી રહયા છો, તેમાં આપ મંત્રીશ્રીએ કાગળના જવાબ ન આપ્યા એવી બધી વાત લઈ આવ્યા અને પછી હવે આ શ્રોફ પેઢીની વાત લઈ આવ્યા તેને કાંઈ સંબંધ નથી.

શ્રી ચીમનભાઈ પટેલ : સાહેબ, આમાંથી જ અસામાજિક તત્વોને ઉત્તેજન મળે છે. આપ ન કહો તો I will restrict to the jurisdiction or purview or framework of the bill એમાં હું બીજી બે બાબતો કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, એ આડી વાત આપને કદાચ લાગે તો પણ કેમ પરવ્યુમાં છે તે હું બતાવવા માગું છું રજીસ્ટર અમદાવાદના મેડિકલ પ્રેકટિશનરો, અંગે આ ગૃહમાં કેટલીકવાર ચર્ચા થઈ ગઈ છે. એવા અસામાજિક તત્વો સાહેબ, લોકોને છેતરે, લોકોના પૈસા ઉચાપત કરે અને એ કરતાં પણ હું બહુ ગંભીર રીતે સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, આર. એમ. પી. ના સર્ટિફિકેટ આધારે પ્રેકટિશ કરે અને લોકોના જાન સાથે ખેલવાનો પ્રયાસ થાય ત્યારે આ સરકારે કોઈ કામગીરી કરવાની નથી હોતી ? અને આ સરકારે એવા લોકો સામે કોઈ કામગીરી કરી નથી તે દુ:ખની વાત છે. દારૂના વેપાર સાથે સંકળાયેલા લોકો અને જુગારની કલબો સાથે સંકળાયેલા લોકો સામે કામ લેવાની વાત છે. હું એને આવકારૂં છું પણ હું સરકારને પૂછવા માંગુ છુ કે, સરકાર એ

શ્રી ચીમનભાઈ પટેલ]

દારૂના વેપારીઓ અને જૂગારની કલબોના સંચાલકો સામે કામ લેવા માગે છે કે નહીં ? કારણ કે વડોદરામાં જે ચાલે છે કોમી રમખાણોના નામે એ તો માત્ર એક જૂથ, દારૂના અડ્ડા ચલાવનારા લોકો કે જુગારની કલબો ચલાવનારા લોકોની વચ્ચેની લડાઈ છે અને એમાં એના મુખ્ય સૂત્રધારો સલામત, કોંગીના આગેવાનો સાથે હળતામળતા છે માટે. શા માટે સરકાર એમાં પગલાં લેતાં અચકાય છે ? વડોદરાની જે કોમી રમખાણોની ભૂમિકા હતી એમાં કોંગ્રસનો આંતરિક વિખવાદ છે ? એ પણ એક કારણ હતું, એની ચર્ચા હું નહીં કરૂં માનનીય અધ્યક્ષશ્રી, એ આંતરિક વિખવાદને લીધે એક જૂથ એક જૂથને ટેકો આપે. બીજું જૂથ બીજા જૂથને ટેકો આપે એવી જે પરિસ્થિતિ છે તેની સામે આ સરકારે શું પગલાં લેવાના ? સરકાર પગલાં લેતી નથી અને આજે એક કોમી દાવાનળમાં વડોદરા હોમાઈ રહયું છે તેમાં હજી એ ભૂમિકામાં કામ કરનારા તત્વો આજે સંડોવાયેલા છે. માનનીય ગૃહ મંત્રીશ્રી તે દિવસે ત્યાં હતા, એમને કદાચ વખત નહોતો એટલે ઉંડી તપાસ નહીં કરી હોય માત્ર માહિતી લઈને જ પાછા આવ્યા હોય પરંતુ એમાં ઊંડી તપાસ કરે અને તેઓ જાતે માહિતી મેળવે તો એમને સમજાશે કે એમની સાથે બેસનારાંઓમાં પણ સંડોવાયેલા છે અને એની વાત જવા દઈએ તો પણ જે તત્વો છે તેની સામે તો નિદાન લાલ આંખ બતાવીને કામ કરે તે જરૂરી છે.

માનનીય મંત્રીશ્રીએ હમણાં ત્રણચાર દિવસ પહેલાં વડોદરાની પરિસ્થિતિની ચર્ચા વખતે ભયભીત ચીમકી આપી હતી. મેં કહ્યું હતું કે આ એકશન પ્લાન શું છે ? ત્યારે મંત્રીશ્રીએ કહ્યું હતું કે એકશન પ્લાન જયારે અમલમાં મૂકાશે ત્યારે ખબર પડશે અને ત્યારે તમે લોકો જ એનો વિરોધ કરવાના છો એમ એમણે કહયું હતું. મારે માનનીય ગૃહ મંત્રીશ્રીને પૂછવું છે તે એ છે કે, એકશન પ્લાન જે હોય તે એની વિગતો શું કામ જાહેર નથી કરતાં, અમલમાં મુકાશે તો તમે ફરિયાદ કરશો એવું શું કરવા ? એકશન પ્લાન વિશે મારે પૂછવાનું છે તે એ છે કે શું વિરોધીઓને સાફ કરવા માટેનો એકશન પ્લાન છે ? એ, એકશન પ્લાન હોય તો એમાં અમારો સખત વાંધો અને વિરોધ રહેશે, એ એકશન પ્લાન જાણ્યા વગર હું કહેવા માંગું છું. આજે જે વટ હુકમ આવ્યો છે એના નેજા હેઠળ જે ધરપકડો થઈ રહી છે ગુજરાતમાં, કેટલીક બરોબર કરી છે એમ એનું સમર્થન કરવા તૈયાર છીએ પણ રાજકીય કાર્યકર્તાઓને નિશાન બનાવીને જે ધરપકડો ગુજરાતનું ગૃહ ખાતું કરી રહયું છે એ આ વટહુકમનો ધારાનો, ભરપેટે રાજકીય દુરપયોગ કરી રહયું છે. અને રાજકીય દુરુપયોગ નહીં કરવાની ગૃહ અને મુખ્ય મંત્રીશ્રીએ ખાતરી આપી હતી, અને આજે જયારે રાજકીય દુરુપયોગ થઈ રહયો છે ત્યારે તે તરફ હું સરકારનું ગંભીર રીતે ધ્યાન દોરવા માગું છું. આનો વ્યાપક ફલક એવો રાખ્યો છે કે જેમાં ગમે તે રાજકીય કાર્યકર્તાને ગુંડા વિરોધી ધારા હેઠળ ધરપકડ કરવામાં આવે. માનનીય મંત્રીશ્રીએ કહયું કે આટલી ધરપકડો કરી છે તેમાં હું પૂછવા માંગું છું કે કેટલા રાજકીય કાર્યકર્તાઓની ધરપકડો કરી છે ? કારણ કે એ એમ કહેવાના કે જે ધરપકડ કરવામાં આવે છે તે ગુંડાઓની ધરપકડ કરવામાં આવે છે. અસામાજિક તત્વોની ધરપકડ કરવામાં આવે છે. એ વાત સત્યથી વેગળી છે. આજે તો રાજકીય કાર્યકર્તાઓ, કાયદો અને વ્યવસ્થાને નામે જે લોકોને વાંધો છે કાયદો અને વ્યવસ્થા જો તૂટી પડયાં હોય તો તેની સામેની વાજબી ફરિયાદ કરવાનો કોઈપણ નાગરિકને કે કોઈપણ જાહેર સેવકને અધિકાર છે. એ



શ્રી ચીમનભાઈ પટેલ ]

ફરિયાદ કરે એ જો ગુંડા તત્વોમાં આવી જતાં હોય તો એ કેવી રીતે ચાલે ? અને તેથી જ મારે મંત્રીશ્રીને ચેતવણી આપવી છે એ કે મહેરબાની કરીને કાયદો અને વ્યવસ્થાનું તંત્ર ખોરવાઈ ગયું છે તેની સામે અવાજ ઊભો કરનાર કાર્યકર્તાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવાનું બંધ કરો અને એ બંધ નહિ થાય તો પછી લોકોની ધીરજનો પણ અંત આવવાનો છે એ વાત સમજી લો. એ રાજકીય કાર્યકરોની ધરપકડ કરવાનું બંધ નહિ કરે તો નાછૂટકે અમારે જેલ ભરોનું આંદોલન આપવું પડશે, અને એટલા માટે કહેવા માંગું છું કે રાજકીય કાર્યકર્તાઓની ધરપકડ કરવાથી સંતોષ થતા હોય તો I offer my self for arrest હું જાતે એરેસ્ટ થવા તૈયાર છું, જો એનાથી સરકારને સંતોષ થતો હોય, તો, પણ એ ચાલે તેમ નથી. કેટલાયે રાજકીય કાર્યકર્તાઓની ધરપકડ ગુંડા ધારા હેઠળ કરેલ છે અને એવા કેટલાક કિસ્સાઓ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર હું લાવ્યો છું. અને ધ્યાન ઊપર લાવ્યો છું ત્યારે મેં માનનીય મંત્રીશ્રીને કહયું છે કે કોઈ દારૂ, જુગારના અડ્ડા ચલાવતા હોય, એવી અસામાજિક પ્રવૃતિમાં સંડોવાયેલા હોય તો અમારે એની સામે કાંઈ કહેવાનું નથી, પણ, સાહેબ, જેનો કોઈ ક્રિમિનલ હિસ્ટ્રી નથી, જેનો પોલીસ રેકર્ડ ઊપર કોઈ ગુનો નોંધાયલો નથી કે કર્યા નથી અને એની સામે કોઈ ફરિયાદ નથી, માત્ર સ્થાનિક કોંગ્રસી આગેવાનો સાથે એ બીજા પક્ષમાં હોવાને લીધે એક પ્રકારનો મેળ નહિ હોવાથી, સ્થાનિક પોલીસ અધિકારીઓ પાસે સત્તાધારી પક્ષ તરત પોતાની લાગવગ છે તેનો દુરુપયોગ કરીને તે રાજકીય કાર્યકર્તાઓની ધરપકડ કરાવવા એ આ ગુંડા નાબૂદ ધારાનું કાર્ય થતું નથી. એ વિરોધીઓને સાફ કરવાનું કામ થઈ રહયું છે અને એ યોગ્ય નથી એમ હું પોતે માનું છું અને તેથી મારે મંત્રીશ્રીને કહેવું છે કે આટલી બાબતની ચિંતા સૂચના આપો. જેની સામે કોઈ કેસ હિસ્ટ્રી નથી, જેની સામે આજ સુધી કોઈ ક્રિમિનલ ફરિયાદ નથી તેવા લોકોની ધરપકડ તો ન કરો. કોઈ તેવા વેપાર કરતો હોય તો, તેવા લોકો, દારૂનો વેપાર કરતો હોય તો, તેવા લોકોની ધરપકડ થઈ શકે. પરંતુ જેની સામે કોઈ આવી ફરિયાદ નથી, માત્ર સ્થાનિક કોંગ્રસી કાર્યકરો અગત્યના સ્થાનિક અધિકારીઓ માત્ર કોંગ્રસી કાર્યકરો કહે છે અને કરે છે એમ પણ હું કહેવા નથી માગતો, અધિકારીઓ પણ પોતાના હિસાબ કિતાબ સેટલ કરતા હોય છે, ગુંડા વિરોધી ધારા હેઠળ, તેવું ન બને એટલા માટે મારી ખાસ લાગણી છે કે તેનો ખૂબ ધ્યાન આપે તે જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે જયારે પગલાં લેવાની વાત કરીએ છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીઓ એમ જ કહે છે, પોલીસની સામેની ફરિયાદ ન સાંભળવી એવો નિયમ હોય એમ લાગે છે. પોલીસ તંત્રને વખોડવા માગતા નથી. આખરે પોલીસ તંત્ર એ કાયદો વ્યવસ્થા સાચવવા માટેનું તંત્ર છે અને પોલીસ એટલે ખરાબ એવી કોઈ છાપ અમારા મનમાં નથી. એમાં પણ કોઈ બ્લેકશીપ નથી એવું તો નથી જ. એમાં પણ કેટલાક ગુનાખોરી વૃત્તિ ધરાવનારા અધિકારીઓ અને અમલદારો હોય છે ત્યાર તેની સામે અત્યાચાર ગુજારાય અને એના પુરાવા રજૂ થાય છતાં સરકાર એ ડિમોરેલાઈઝ થઈ જશે એમ કરીને એની સામે પગલાં ન લે એ કોઈ રીતે ચલાવી શકાય નહિ. માનનીય અધ્યક્ષશ્રી, પોલીસને ફાવે તેમ કરવાની છૂટ આપવાનું લાઈસન્સ આ સરકારે આપી દીધું હોય એવી એક છાપ પેદા થઈ છે. ૨૨મી તારીખે અમદાવાદમાં શહેરમાં ૩૦૦ જગ્યાએ આગ લાગી,

**શ્રી ચીમનભાઈ પટેલ ]**

પોલીસની હાજરીમાં આગ લાગી અને કેટલાંક કિસ્સાઓમાં તેમાંના ઘણા કેટલાક સંડોવાયેલા હતા, ત્યારે સરકારને એ કહ્યું કે તપાસ કરાવીને પગલાં લો, જેથી કરીને આવી પ્રવૃત્તિ અટકે, સરકાર પ્રાથમિક તબક્કામાં ઠીક [illegible] કરેલા પણ પછી તો એકદમ કહી દીધું કે અમે આ કોઈ તપાસ કરવા માંગતા નથી. તપાસ અમે કરવાના નથી, શિસ્તનો કોઈ સવાલ ઉભો થતો જ નથી. આવી પરિસ્થિતિ પેદા થાય અને સરકાર મૂંગે મોઢે જે કાંઈ થયું છે એને સર્ટિફિકેટ આપીને માન્ય ગણી લે એ કેમ ચાલે? હું એમ નથી કહેતો કે બધા ખરાબ છે પણ જે લોકોના ઘરમાં પેસી જાય, અત્યાચાર આચરે અને છતાં એમાં પોલીસ ડિમોરેલાઈઝ થઈ જાય એમ કહીને કામ ન કરવું એ બરાબર નથી.

[બપોરના ૧૧-૩૦]

છેલ્લે વાત કરવા માગું છું કે કોઈપણ સરકાર હોય, એ સરકાર સામે આંદોલન ચલાવવાનો એ સરકારની ખોટી નીતિઓનો સામનો કરવાનો એ સરકારના કોઈપણ નિર્ણય સામે વિરોધ કરવાનો અધિકાર કોઈપણ નાગરિકને છે, અને આ સરકાર શું કરવા માગે છે આ કાયદાનો [illegible] સૌરાષ્ટ્રમાં કોઈ ખેડૂતનું અનાજ ભરી જનાર સામે કે બળાત્કાર કરનારા લોકો ઉપર નથી થતો, આ આંદોલન અથવા તો સરકારની સામે કાયદો અને વ્યવસ્થાની રજૂઆત કરનાર સામે એનો ઉપયોગ થઈ રહ્યો છે. ગઈ કાલે સુરતમાં અમારા પક્ષના કાર્યકર શેખની ધરપકડ કરવામા આવી તો હું પૂછવા માંગું છું કે એમણે કઈ એવી પ્રવૃત્તિ કરી કે જેના લીધા, એમની ધરપકડ કરવી પડી એમનો વાંક ગુનો એટલો હતો કે સરકારના પોલીસ તંત્રે એક નિર્દોષભાઈને પકડયાં તેને છોડાવવા માટેની રજૂઆત કરતા હતાં તે વખતે એક પોલીસે આવીને ત્યાં ઉભેલા બે નવજવાન યુવાનોની કોઈપણ કારણ વગર, કોઈપણ ચેતવણી આપ્યા વગર પોલીસ અધિકારીઓની હાજરીમાં સીધો ગોળીબાર કરીને મારી નાખ્યા એની સામે રજૂઆત એ અમારા કાર્યકર્તાનો ગુનો હતો. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કોઈ બેના ખૂન, વગર હુલ્લડે કે વગર અશાંત પરિસ્થિતિએ અને પોલીસની હાજરીમાં ચર્ચા કરતી વખતે પોલીસના હાથે ખૂન થાય અને એની રજૂઆત કરવી એ અસામાજિક પ્રવૃત્તિ થઈ ગઈ એ આ લો એન્ડ ઓર્ડરને જોખમરૂપ વ્યકિત થઈ ગઈ ? રાજકીય દુરૂપયોગ કરવાનું કામ સરકાર બંધ કરે એ સરકારના હિતમાં છે. અને જો સરકાર એમ નહિ કરે તો મને લાગે છે કે સરકારના પોતાના હિતમાં નથી આજે નહિ આવતી કાલે એની ખબર પડશે. આણંદનો દાખલો માનનીય અશોકભાઈએ આપ્યો, પેન્શનનો પ્રતિકાર કરવો એ દરેક નાગરિકનો અધિકાર છે. સરકાર જે કોઈ કાયદો કરે એનો માથે ચડાવીને અમલ કરવે એવું નથી. એવો કાયદો બદલવવા માટે લોકમત ઉભો કરવાનો દરેકનો અધિકાર છે પણ પેન્શનનો પ્રતિકાર કરવા માટે તે વખતે ભાગ લીધેલો એટલા માટે હવે એ ગુંડા વિરોધી ધારા હેઠળ પણ તેની ધરપકડ કરવામા આવી. આ કેટલ શરમજનક બાબત છે. ક્ષુલ્લક કારણો ઉભા કરવા. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તમે એન. એસ. એ હેઠળ પકડેલા જે રાજકીય કાર્યકર્તાઓ કે જેના કિસ્સાઓ હાઈકોર્ટ સુધી ગયેલા એમાંના કેટલા કિસ્સામાં સરકાર પૂરવાર કરી શકી કે એની ધરપકડ યોગ્ય હતી ? હાઈકોર્ટના એવા કોઈ ચુકાદા હોય તો આપ પણ સરકાર હવે કરે છે એવું કે ૨૧ દિવસ સુધી ગોંધી રાખે અને પછી જ્યારે હાઈકોર્ટમાં જાય ત્યારે મુદ્દત માગે છે અને મુદત માગીને એમ કહે કે અમારે વિચાર



**શ્રી ચીમનભાઈ પટેલ ]**

કરવાનો છે. અને મુદ્દત ન આપે તો હાઈકોર્ટનું પણ આવી બને અને સરકાર સીધી સુપ્રિમ કોર્ટમાં જાય, અને હાઈકોર્ટ એવા સંજોગોમાં મુદ્દત આપતી હોય છે. મુદ્દત આપે છે ત્યારે ૧૧-૦૦ વાગ્યે કેસ હિયરીંગ ઉપર આવવાનો હોય અને ૧૦-૦૦ વાગ્યે એને છોડી મૂકવામાં આવે અને ૧૧-૦૦ વાગ્યે સરકારી વકીલ નિવેદન કરે કે આરોપીઓને છોડી મૂકવામાં આવ્યા છે. આ પણ ગુજરાતના લોકો ઉપર સરકાર તરફથી અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. સરકાર તરફથી આ ગુંડાગીરી આચરવામાં આવી રહી છે નિર્દોષ નાગરિકો પાસે એનો શું ઈલાજ છે એ હું મંત્રીશ્રી તરફથી જાણવા માગું છું. કોર્ટો તો છે અને કોર્ટો છે એટલા માટે ગુજરાતના લોકો થોડા ઘણા સલામત છે એ પણ મારે કહેવું જોઈએ. આ સરકારનું ચાલે તો કોર્ટોમાં પણ કમિટેડ જજો રાખીને એનું જે ફાવે તે કરાવે એ હું જાણું છું પણ એવું નથી ચાલતું એટલી રાહત છે. વ્યકિત સ્વાતંત્ર્યને ગળે ટૂંપો દેવા માટે આ કાયદાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સરકાર સામે કોઈ અવાજ ન કરી શકે, આ સરકારના કોઈ પગલાંનો કોઈ વિરોધ ન કરી શકે, આ સરકારની સામે કોઈ રજૂઆત ન કરી શકે, આ સરકારની ખોટી નીતિઓ સામે લોકમત ઊભો કરવાનું કામ ન કરી શકે એટલા માટે થઈને આ બાબતમાં કરવામાં આવ્યું છે.

સરકારને મારે બીજું પૂછવું છે કે કોડ ઓફ કન્ડકટની વાત સરકાર ઘણીવાર કરે છે. સ્ત્રીઓને જ્યારે પકડવામાં આવે છે ત્યારે તેમને છોડી મૂકવી જોઈએ, ગુનો રજિસ્ટર કરીને જરૂર પડે એમના જામીન લઈને અને માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તો આની વિગતો મગાવે છે અને ગુજરાત સરકાર પણ મંગાવે છે. દરેક પોલીસ સ્ટેશને એક મહિના દરમિયાન કેટલી સ્ત્રીઓને ગુના માટે પકડવામાં આવી. કેટલા વાગ્યે પકડવામાં આવી, કેટલા વાગ્યે એમને છોડવામાં આવી, માનનીય અધ્યક્ષશ્રી, હું ત્રણ દિવસ પહેલાંની વાત કરું કે ગાંધીનગરમાં બે મહિલાઓને પકડવામાં આવી. ગુનો કરે, એ મહિલા છે માટે છૂટી જાય એવી કોઈ દલીલ કરવા હું ઊભો થયો નથી. એની ધરપકડ થાય પણ એ ધરપકડ થાય પછી એનો ગુનો રજિસ્ટર કરીને, જો એને જામીનની જરૂર પડે તો એને જામીન આપીને છૂટી કરવી જોઈએ, મારે દુ:ખ સાથે કહેવું જોઈએ કે એમાં સ્ત્રીઓની સલામતી નથી એવી ફરિયાદો મારી પાસે બાર વાગ્યે આવી, મેં અધિકારીઓને ફોન કર્યો કે મને તમારા કામમાં દખલ કરવાનો કોઈ અધિકાર નથી, મારી કોઈ એવી ચેષ્ટા નથી પણ આ બે સ્ત્રીઓને તમે પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખી છે એનો ગુન્હો તમે રિજિસ્ટર કરો અને એના જામીન લેવાના હોય તો જામીન લઈને છોડો. એટલી આ બે મહિલા પૂરતી મારી રજૂઆત છે, બાકી કાયદો કાયદાની રીતે કામ કરે એની સામે મને કોઈ વાંધો નથી, હું એ બાબતમાં કોઈ રજૂઆત કરવાની હશે તો ગૃહ મંત્રીશ્રીને કરીશ. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે તે મહિલાઓને ન છોડી અને સાડા નવ વાગ્યે પકડેલી બહેનોને સવા ત્રણ વાગ્યે છોડવામાં આવી છે. મને લાગે છે કે ગુજરાત સરકારે હવે આ બાબતમાં સાવચેત રહેવા જેવું છે. મહિલાઓ ગુનેગાર હોય તો એને ન પકડવા એવી અમારી કોઇ દલીલ નથી. પરંતુ મહિલાઓ તરફ જે સભ્યતાનું વર્તન આ ગૃહ ખાતા તરફથી અપેક્ષિત છે તે નથી અને તે હોય અને તે પ્રસ્થાપિત થાય એટલા માટે મેં મારી દલીલ કરી છે.

શ્રી ચીમનભાઈ પટેલ ]

હું છેલ્લે એક મહત્વની બાબત તરફ ધ્યાન દોરીને મારું વકતવ્ય પૂરું કરવા માગું છું. મારી જે વાત છે એ આટલી જ છે કે આ કાયદો ગુંડા ટોળીઓને, ગુંડા તત્વોને જેર કરવા માટેનો છે અને ગુંડાઓ કોઈ એક કોમના હોય છે એવું નથી, ઉચ્ચ કોમમાં પણ હોય અને નીચ કોમના પણ હોય છે. ગુંડાઓને કોઈ કોમ કે કોઈ જ્ઞાતિ હોતું નથી, ગુંડો એટલે ગુંડો. અસામાજિક પ્રવૃત્તિ એટલે અસામાજિક પ્રવૃત્તિ, પરંતુ એમાં મારે કહેવું જોઈએ કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના ગામડામાં જે સંખ્યાબંધ બનાવો બન્યા છે, એમાં જે ગુંડા તત્વો સંડોવાયેલા છે એ ગુંડા તત્વોને જેર કરવાનું આ સરકારે કર્યું નથી. ગઈ સરકારે તો કર્યું હતું અમને આશા હતી, ગૃહ મંત્રીશ્રી, નવા છે, ઉત્સાહી છે, જોમ જુસ્સો છે એટલે એ કાંઈક કરી બતાવશે, એ પણ ચીલાચાલુ પધ્ધતિઓમાં ફસાઈ ગયા છે એનું અમને દુઃખ છે. અને તેથી માત્ર સરકારી અહેવાલો ઉપર આધાર રાખવાને બદલે બીજી જે રજૂઆતો થાય છે એ તરફ ધ્યાન નથી અપાતું એ તરફ ધ્યાન અપાય એવી મારી વિનંતી છે. આકરામાં આકરાં પગલાં લેવાની ખાતરી આપવામાં આવે છે પણ એવાં પગલાં લેવાતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારની મીઠી નજરને લીધે અરાજક તત્વો ગુજરાતમાં ફૂલ્યા છે, ફાલ્યા છે, પછી એ દાણચોરીનું ક્ષેત્ર હોય કે પછી ગુંડાઓનું હોય, દારુનું હોય કે બળાત્કારના કિસ્સાઓનું હોય, ગઈ વખતની સરકારની સ્થિતિ તો એવી હતી કે અમારે ત્યાં તો ગુના વધતા જ નથી, દર વખતે ગૃહ મંત્રીશ્રી સભાગૃહમાં વખત લઈને એમણે પસંદ કરેલા ચોકકસ સમય ગાળાના આંકડાં જે બીજી રીતે આપણે સરખાવી ન શકીએ, હું તો સ્ટેટિસ્ટિકસનો વિદ્યાર્થી છું પણ માજી ગૃહ મંત્રીશ્રીએ આપેલા આંકડા સરખાવાનું માટે બહુ મુશ્કેલ છે. મનપસંદ સમયના આંકડા આપે અને અમુક આપે, અને અમુક ન આપે. જ્યારે અહીંયાં મંત્રીશ્રીએ એક વાતનો સ્વીકાર કર્યો છે એની નોંધ લઉં છુ. ગુનામાં વધારો થયો છે માટે આ કાયદાની જરૂર છે, ખૂનની કોશિશ, બળાત્કાર, જુગાર, દારુબંધી, લૂંટ, વ્યથા અને પચ્ચુરણ ગુનામાં ધરખમ વધારો થયો હોય કે થોડો વધારો થયો હોય પણ આ ગુનાઓમાં વધારો થયો છે તેથી જાહેર વ્યવસ્થાને જોખમરુપ આ અસામાજિક તત્વો છે અને એને હવે કાબૂમાં કર્યા વગર હવે ચાલે તેમ નથી એવી પરિસ્થિતિ પેદા થઈ છે એનો એમણે સ્વીકાર કર્યો છે એની હું નોંધ લઉં છુ અને કદર કરું છું.

છેલ્લે મારે જે કહેવું છે તે આટલું જ છે કે આ કાયદો જ્યારે લઈ આવ્યા ત્યારે બાંયેધરી અમને એ આપી હતી કે રાજકીય દુરુપયોગ નહિ થાય, સમાજમાં જેની પ્રતિષ્ઠા છે જે લોકોનું કોઈ ગુનાહિત કાર્ય નથી એવા લોકો સામે આ કાયદો નહિ વપરાય એનો આજે કોઈપણ પ્રકારે, એની કોઈ બાંયેધરીનું પાલન થતું નથી. ગુજરાતમાં તો માત્ર હાલની કોંગી સરકાર રાજકીય ધરપકડો કરીને હિસાબ કિતાબ ચૂકતે કરવામાં, વિરોધીઓને સાફ કરવામાં અને કોણ જાણે કેમ અમુક લોકોને નિશાન બનાવીને જે કરવામાં આવે છે એ યોગ્ય નથી, ખોટું છે અને કાંઈ નહિ તો સાહેબ, સરકારને સીધું જડી ગયું છે, ૩૦૨ નોંધ, બીજી કોઈ વાત જ નહિ, હલકી બીજી કોઈ વાતમાં પડવું જ નહિ ૩૦૨ નો ગુનો દાખલ કરી દીધો અને એમની સાથે વહાલા એવા સંડોવાયેલા હોય તો કાંઈ નહિ. હિંમતનગરમાં એક ખંજરબાજીનો કેસ બન્યો તો એમાં ૩૦૨



શ્રી ચીમનભાઈ પટેલ ]

નહિ પણ એમાં એને છોડી દીધો, કારણ પોલીસ અધિકારી સાથે હતો. વડોદરામાં અનેક કિસ્સો બન્યો તો ૩૦૨ આ સરકારના કારણો પણ વ્યક્તિઓ અનુકૂળ છે કે પ્રતિકૂળ છે એને અનુલક્ષીને પડાય છે. અમને લાગે છે કે આ બહુ ગંભીર બાબત છે. સરકાર જો આમાં હવે સ્વસ્થ બનીને, કારણ કે હું જોઉં છુ કે સરકારે એની સ્વસ્થતા ગૂમાવી દીધી છે. અને કાંઈક માનસિક પરિતાપ વચ્ચે કામ કરતી હોય તો પણ એને લોકો સાથે નિસ્બત છે ત્યાં સુધી આ કાયદાનો દુરુપયોગ ન થાય એ રીતે કામગીરી કરે અને જે કલમો આ સુધારા પછી આવવાના છે એ સુધારાઓની બાબતમાં જે કાંઈ રજૂઆતો કરીએ એને ધ્યાન પૂર્વક લઈને તંદુરસ્ત વલણ, રચનાત્મક અભિગમ છે એમ જ્યારે કહેશો ત્યારે મારી અપીલ કે વિરોધ પક્ષોની સારી વાત તમને સૂઝે, લાગે તો તેનો પણ સ્વીકાર કરશો એવી શ્રધ્ધા સાથે આ ધારો લાવો છો ત્યારે તેનો દુરુપયોગ અટકાવવાની અપીલ કરીને મારું વકતવ્ય પૂરું કરું છુ.

**શ્રી બાબુભાઈ કે. વાસણવાળા** (એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુંડા ધારાનું બિલ આ સરકાર લાવી છે, અને આનો ઉપયોગ કરવાનો થાય અને એનો વાજબી ઉપયોગ કરવામાં આવે તો મને એમ લાગે છે કે વધારેમાં વધારે જો કોઈને ગુંડા ધારા નીચે પકડવાના થાય તો એ કોંગ્રેસીઓને જ પકડવાના થાય. આ કોંગ્રેસમાં અસામાજિક તત્વો, ગુંડાઓ, આર્થિક ગુનેગારો, કોંગ્રેસ પક્ષની સત્તા આવવાના કારણે આ બધા તત્વો કોંગ્રેસમાં ભળી ગયા છે અને કોંગ્રેસમાં ભળી જવાને કારણે આજે એમને રક્ષણ મળ્યું અને એને કારણે કોંગ્રેસ પક્ષ, જે લોકોની અપેક્ષા હતી એ અપેક્ષા રહી નથી અને આજે એવું ટોળુ થઈ ગયું છે કે જેમાં અનેક જાતના તત્વો ભળેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુંડા ધારા માટે ૧૧ મહિના પહેલાં માગણી કરી હતી પણ ૧૧ મહિના પછી આ ગુંડા ધારો લાવવામાં આવે છે, અને અજાયબી તો એ છે કે, ધારાસભ્યોને પેન્શન આપવાનું બિલ એક દિવસમાં પસાર કરવામાં આવ્યું. આ કારણકે બધાને ખુશ કરવાના હતા. આ કોંગ્રેસ પક્ષના દંડકને બંગલો અને મોટર આપવાનું બિલ એક દિવસમાં પસાર કરવામાં આવ્યું. મેં તો સખત વિરોધ કરેલો કે પૈસાની બરબાદી કરો છો. અને આ ગુંડા ધારો લાવવા માટે ૧૧-૧૧ મહિના નીકળી જાય છે. અને ૧૧ મહિના સુધી અમે રાહ જોઈ કે ચાલવા દો, આ ગુંડાઓને પણ રાજ્યમાં ફરવા દો, આની પણ આપણે જરૂર છે, કારણ કે આ ચૂંટણીમાં વધારેમાં વધારે ગુંડાઓની અને અસામાજિક તત્વોની જરૂર પડતી હોય તો એ કોંગ્રેસ પક્ષને પડે છે. બધા અસામાજિક તત્વો તો અમારી પાસે આવે જ નહીં, કારણ કે એમને અમારી પાસે શું લેવાનું છે ? એમને તો જે લેવાનું છે એ કોંગ્રેસ પક્ષ પાસેથી જ લેવાનું છે. (અંતરાય)

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

**ઉપાધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ આપનું વકતવ્ય ચાલુ રાખો.

**શ્રી બાબુભાઈ કે. વાસણવાળા** : ૧૯૭૨ માં કટોકટી લાવ્યા હતા એ વખતે પણ જાહેર કરવામાં આવેલું કે હજુ એવા તત્વો છે કે જે દેશને નુકસાન કરે છે એને પકડવામાં આવશે પણ એક લાખ માણસોની આ દેશમાંથી ધરપકડ કરી અને એ પણ કેવા કે બધા જ રાજકીય કાર્યકર્તાઓની જ કરી

શ્રી બાબુભાઈ કે. વાસણવાળા ]

હતી. હું આ દાખલો આપું છું. એ જ પ્રમાણે જ્યારે આ ગુંડા ધારો લાવ્યા છે ત્યારે, જેમ કટોકટી વખતે જે કાયદો લાવ્યા હતા અને પકડાયા હતા અને રાજકીય કાર્યકર્તાઓને મોટે ભાગે પકડયા હતા તેમ આ ગુંડા ધારામાં પણ રાજકીય કાર્યકરોની મોટે ભાગે ધરપકડ થઈ છે. એનો ઓર્ડિનન્સ લાવ્યા પછી કયા કયા રાજકીય કાર્યકર્તાઓને પકડયા તે મારી અગાઉના વકતાઓએ કહયું છે, જેથી હું એમાં ઉતરવા માગતો નથી. અને ખુદ ગૃહ મંત્રીશ્રી પણ જાણે છે કે કયા કયા રાજકીય કાર્યકર્તાઓને પકડયા છે. એટલે એમાં જે એના પક્ષના એમણે પકડવા જોઈએ અને એનું પરિણામ પણ આવ્યું છે. એક એમના અગ્રણીને પકડયા. અમદાવાદમાં શાંતિ થઈ પણ પછી કેમ અટકી ગયા એ ખબર ના પડી. કોણ જાણે શું દબાણ આવ્યું કે તમે શું કરવા બેઠા છો. કોને પકડો છો, આ તો આપણા પક્ષના છે, એટલે આ અટકી ગયા જો આગળ વધ્યા હોત તો ગુજરાતમાં જે અશાંતિ ચાલે છે, ગુજરાતમાં જે ખૂનરેજી ચાલે છે, કોઈ સલામતી રહી નથી. એ સલામતી જો આગળ વધ્યા હોત તો રહેત. પણ એમને અટકાવવામાં અવ્યા કે અટકી ગયા એ ખબર નથી પણ કયા દબાણથી આ અટકયું એ ખબર પડતી નથી. હરિયાણા વિધાનસભામાં એના વિરોધના નેતાએ જ્યારે પાર્લામેન્ટમાં આતંકવાદનું બિલ લાવવામાં આવ્યું ત્યારે એમણે કહયું હતું કે, જ્યાં સુધી આર્થિક ગુનેગારોને પકડવામાં નહીં આવે ત્યાંસુધી ગમે તેવા બિલો લાવો પણ ત્યાંસુધી એની કોઈ અસર થવાની નથી. આ બિલમાં પણ જે આર્થિક ગુનેગારો છે, જે ગુંડાઓ છે, અસામાજિક તત્વો છે, એમને પકડવામાં નહીં આવે અને ફકત રાજકીય કાર્યકર્તાઓને પકડવામાં આવશે તો આ બિલનો કોઈ અર્થ રહેવાનો નથી. બિલ સારું પણ એનો અમલ જે રીતે થઈ રહયો એના કારણે એનું પરિણામ આવે એવું મને લાગતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હદ બાબત તો એ છે કે લક્ષ્મીપુરાનું સંમેલન થયું, તલવારો નીકળી, તલવારોની પૂજા થઈ અને એમાં એક મંત્રીશ્રી સામેલ હતા ગુજરાતના મંત્રીમંડળના એક મંત્રી એમાં સામેલ હતા. માજી મંત્રીશ્રી પણ સામેલ હતા અને એ ભાષણો કરે છતાં એમાંથી કોઈના ઉપર પણ આ સરકાર પગલાં લઈ શકી નથી. અને તેજસ પટેલ જેવાને ગુંડા ધારો લગાડી દીધો. એ પહેલાં આ સરકારે કેટલાક વિદ્યાર્થી આગેવાનોને મંત્રણા માટે બોલાવ્યા અને એમની ધરપકડ કરીને એમને એન.એસ.એ.માં પુર્યા આ જાતના વર્તનથી આ ગુંડા ધારો લાવવા છતાં ગુજરાતના લોકોમાં એમ લાગતું નથી કે આ એનું પરિણામ આવવાનું છે. અસમાજિક તત્વોને હદપાર કરવામાં આવે છે. સાધારણ રીતે તે હદપાર કરતી નથી પણ દબાણ આવે ત્યારે કોઈકવાર કરે છે પણ હદપાર કરવામાં આવે તો પછી એને સ્ટે પણ તાત્કાલિક મળી જાય છે અને મેં એવા પણ દાખલા જોયા છે કે એનો હદપારનો હુકમ પણ રદ થઈ જાય છે. જેનો હદપારનો હુકમ રદ થઈ જાય એ આ કોંગ્રેસના આગેવાનોને હાર પહેરાવવા આવે, કારણ કે એનો હદપારનો હુકમ રદ થઈ ગયો. એની ખુશાલીમાં એ આનંદથી હાર પહેરે અને એવા એક-બે અસામાજિક તત્વો મારી પાસે આવ્યા હતા કે અમે હાર પહેરાવી આવ્યા. મેં કહયું શેના માટે પહેરાવી આવ્યા ? તો કહે કે અમારો હદપારીનો હુકમ રદ થઈ ગયો. કહેવું પડે. દાખલો આપું તો અમદાવાદનો એક મોટામાં મોટો ગુંડો એની સામે મેં ફરિયાદ કરી તો હજુ સુધી પણ અને પકડયો નથી. મેં યાદી પણ આપી છે. એ દાદાને મેં ફરિયાદ કર્યા પછી ખબર પડી કે આ ફરિયાદ મેં કરી છે



શ્રી બાબુભાઈ કે. વાસણવાળા ]

તો એ એક કોંગ્રેસીને લઈને મારે ઘેર આવ્યો. અને મને એ કોંગ્રેસી એમ કહે કે બાબુભાઈ આમને ઓળખો છો ? મેં ના પાડી કે હું એમને ઓળખતો નથી. ત્યારે એમણે એમ કહયું કે આ ભાઈ ફલાણા ફલાણા છે અને બહુ સારા માણસ છે તમે એમની સામે શું કામ ફરિયાદ કરો છો? મેં એમનું નામ પૂછયું તો મને એમનું નામ આપ્યું. મેં કહયું કે ભાઈ, આ તો જબરજસ્ત માણસ છે, એમને મારે ઘેર કયાંથી લઈ આવવા ? આમાં તો અમારી સલામતી ના રહે. બીજો દાખલો આપું તો આ કોંગ્રેસવાળા આવા લોકો સાથે સંકળાયેલાં હોય છે. એટલા માટે પોરબંદરનો દાખલો આપવા માગું છું. હું પોરબંદર જાતે ગયો હતો. પોરબંદરમાં એક માણસને મકાન વેચવાનું હતું. એ મકાન વેચી ના શકે અને જો મકાન વેચવું હોય તો એને ૫૦,૦૦૦ કે લાખ રૂપિયા ગુંડાઓને આપવા પડે. જાણીતા ગુંડાઓ છે અને અત્યારે જેલમાં છે. એમને જેલમાં પણ મેં છાપામાં નિવેદન આપ્યું ત્યારે કોર્ટે સમન્સ કાઢયા પછી એમને પૂરવામાં આવ્યા છે. આ રાજયમાં કોર્ટો છે એના કારણે ઘણી સવલત છે. પણ જો આ સરકારનું ચાલે તો મારા તમારા જેવાની કે ***એ જાતનું...

**એક સભ્યશ્રી** [***] એ જાતનો ઉલ્લેખ [***]માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ મુદ્દો ઊભો કરી શકે ?

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય બાબુભાઈ માનનીય અધ્યક્ષશ્રીનો ઉલ્લેખ આ સભાગૃહમાં થઈ શકે નહીં એટલે માનનીય બાબુભાઈ, એ શબ્દો રદ કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ કે. વાસણવાળા :** માનનીય અધ્યક્ષશ્રી, સલામતી કોઈની નહીં રહે, પોરબંદરમાં હું જાતે ગયો હતો અને જાતે ત્યાં ફર્યો. બહેનોને અસામાજિક તત્વો ઉઠાવી ગયા હતા અને એમની ઉપર રેપ કર્યો હતો. એ વિસ્તારમાં પણ હું ગયો હતો અને મને એમ કહેવામાં આવ્યું કે તમે અહીં કયાં આવ્યા ? તમારી સમામતી નહીં રહે, કારણ કે અહીંયાં આ અસામાજિક તત્વો સાથે કોંગ્રેસના આગેવાનો પણ ભળેલા છે. તો તમે જલદીથી જતા રહો. હું બે દિવસ રોકાયો હતો અને ત્યાંની સિવિલ હોસ્પિટલમાં ગયો હતો અને ત્યાંના આગેવાનોને મળ્યો હતો અને જે પરિસ્થિતિ જોઈ એ એટલી ભયંકર હતી કે આ પોરબંદરનું શું થશે એમ આપણને લાગે. એવી પરિસ્થિતિ વત્તો ઓછે અંશે રાજયના અનેક શહેરોમાં પડેલી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસનો એક વિચાર વિભાગ ચાલે છે અને એના કન્વીનર છે એમને પણ જાહેર કરવું પડયું કે આ રાજયમાં જે કોમી તોફાનો થાય છે. એ તોફાનોમાં સૌથી વધારે જવાબદારી જો હોય તો એ કોંગ્રેસના અસંતુષ્ટ તત્વોની છે. આ રાજયમાં જે કોમી તોફાનો થાય છે એમાં અસંતુષ્ટ કોંગ્રેસીઓ ભળેલા છે. આ કેટલી ગંભીર બાબત છે ? આ રાજયના માજી મુખ્યમંત્રીશ્રી ગુજરાતમાં જયાં જયાં આવાં તોફાનો થાય છે કે આવા બનાવો બને છે ત્યારે શાંતિ માટે પ્રયત્નો કરે છે, શાંતિથી અપીલો કરે છે અને લોકોની વચ્ચે ફરે છે અને લોકોને મળે છે. એમણે પણ એમ કહયું કે આ આ કોંગ્રેસની અંદર જ આવા તોફાનીઓ, આવા અસામાજિક તત્વો ભળેલાં છે' આને કારણે આ ગુજરાતમાં કોઈ દિવસ આ તોફાનો શાંત થવાના નથી. આ એમનું તારણ છે. આ શહેરમાં અને ગુજરાતમાં ગુંડાઓ છે જ. એ સરકાર પણ જાણે છે અને પ્રજા પણ જાણે છે. એકે

---

[***] આ વાકયો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા છે.

એક પોલીસ સ્ટેશનવાળા જાણે છે, છતાં આ ગુંડાઓને પકડાવામાં આવતા નથી. એકે એક વિસ્તારમાં દારૂના અડ્ડાઓ ચાલે છે. એકે એક પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ચાલે અને એની પણ એમને માહિતી હોય છે જ. આ સરાકાર એટલું જ કરે કે તમારા વિસ્તારમાં એક પણ દારૂનો અડ્ડો ચાલશે અને જો બંધ કરવામાં નહીં આવે તો તમને એના માટે જવાબદાર ગણવાંમાં આવશે, તો આનાથી બે કામ થશે, એક થશે. એક તો દારૂના અડ્ડાં બંધ થશે અને જે અસામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે એ પણ બંધ થશે. એટલે સરકારને મારી વિનંતી છે કે આ ગુંડાધારો લાવ્યા છો તો એ લાવ્યા પછી એનો અમલ કરવામાં જો આ બધા જે તત્વો છે તે તત્વોને જેર કરવામાં એનો ઉપયોગ નહીં કરો તો એ પરિસ્થિતિમાં કાંઈ ફેર પડવાનો નથી. આ ગુંડા ધારો જયારે આવ્યો છે ત્યારે એ ખરેખર આવકારદાયક છે. પણ માનનીય સભ્યશ્રી અશોકભાઈએ કહયું તેમ આમાં ફેરફાર કરાવ્યો છે. મને ખબર નથી કે શું ફેરફાર કરાવ્યો છે. પણ જે ફેરફાર કર્યો હોય એ પણ શુધ્ધબુધ્ધિથી જો એનો અમલ કરશે. પણ મને એવી શ્રધ્ધા દેખાતી નથી. ભવિષ્યમાં આવનારા દિવસોમાં આ સરકારનું ખુલ્લું દિલ સાબિત થશે. અત્યારે તો ગુજરાતી પ્રજા જાણે છે કે આ ધારાનો ઉપયોગ એ ફકત વિરોધપક્ષના રાજકીય આગેવાનો સિવાય ભાગ્યે જ એક-બે ઉપર થયો છે. બીજા કોઈ ઉપર થયો નથી. એટલે આજે આપણે છૂટા પડીએ ત્યારે આવતી કાલથી ગુજરાતના અને અમદાવાદ શહેરના ગુંડાઓને જો પકડવામાં આ સરકાર શરૂ કરશે તો આ ગુજરાતમાં જે શાંતિ માટે અપીલો કરે છે, લાખો રૂપિયાની જાહેર ખબરો આપે છે એ એમને કરવું નહીં પડે. એ જો કરશે તો મને ખાતરી છે કે આ શહેરમાં અને ગુજરાતમાં શાંતિ થશે અને ગુંડાધારાનો વાજબી ઉપયોગ કરવાનું વિચારશે એ આશા સાથે હું વિરમું છું.

**શ્રી હરિપ્રસાદ વિ. શુંકલ** (માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુંડા વિરોધી બિલ જે ગૃહ મંત્રીશ્રીએ રજૂ કર્યું છે એને હું સમર્થન આપું છું અને હાર્દિક રીતે આવકારું છું. હમણાં જ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ એમ જણાવ્યું કે ગુજરાત સરકારે હવે સાવચેત રહેવા જેવું છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના આ ઉદ્ગારો કયા હેતુ માટેના છે અને આ ઉદ્ગારો શું સૂચવે છે એનો આપણને ગર્ભિત રીતે બધાને ખ્યાલ આવી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી હમણાં જે વાત રજૂ કરવામાં આવી કે આ ગુંડા ધારા નીચે માત્ર રાજકીય કાર્યકરોને જ પકડવામાં આવે છે. કોઈપણ કાર્યકર હોય, નાગરિક હોય કે રાજકીય પક્ષમાં એ પોતે ગમે તે જાતની ભૂમિકા ભજવતો હોય તો આવી વ્યકિતઓ પૈકી કોઈપણ વ્યકિત જો અસામાજિક પ્રવૃત્તિ કરે તો શું એને પકડી નાં શકાય ? માનનીય બાબુભાઈ, આપની પાસે તો યાદી હશે, કારણ કે આપની પાસે જ ઘણા આવે. હમણાં જ આપના ઉદ્ગારો હતા. કોઈ પણ વ્યકિત રાજકીય પક્ષમાં જોડાયેલી હોય, કોઈપણ હોદ્દા ઉપર હોય તો એની અટકાયત ના કરવી અને એમને છૂટો દોર આપવો ? અસામાજિક પ્રવૃત્તિઓ કરવા દેવી, એ કેવી રીતે બની શકે? જો આવી એટલે કે રાજકારણમાં સંડોવાયેલી વ્યકિતઓ હોય, એ પણ જો અસામાજિક પ્રવૃત્તિ કરતી હોય અને જો એમને પકડવામાં આવે તો એ ખરેખર એ ધન્યવાદને પાત્ર છે. આ બિલના ફલસ્વરૂપ જે કાંઈ કાર્યવાહી થઈ રહી છે, એ ખરેખર યોગ્ય છે અને એ ધન્યવાદને પાત્ર છે. હમણાં જ કહેવામાં આવ્યું કે, જે રાજકીય કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે એમની સ્લેટ ગઈકાલ સુધી કોરી હતી. આજના દિવસ સુધી એ વ્યકિત



બની શકે કે પ્રમાણિક હોય, પરંતુ આજે જો એ અપ્રમાણિક બને તો એના માટે શું ? એમને આ કાયદો લાગુ ના પાડી શકાય ? આ પણ વિચારવા જેવી વાત છે. હું મારા મહેસાણા જિલ્લાનો દાખલો આપું તો તાજેતરમાં અનામત આંદોલનના નામે ઘણુ બધું ચાલ્યું. દરમિયાનમાં કેટલાક મુઠ્ઠીભર તત્વોએ ખૂબ અઢળક નાણાં એકઠા કર્યા. ઘણી જાતની પ્રવૃત્તિઓ કરી. અનામત આંદોલનનો ખેલ મહેસાણા જિલ્લામાંથી શરૂ થયો છે. એનું ઉદ્ભવ સ્થાન મહેસાણા જિલ્લાનું છે. એ ખેલ ધીમે ધીમે અમદાવાદમાં અને એ પછી ગુજરાતના અન્ય શહેરોમાં શરુ થાય. મહેસાણા જિલ્લામાં એમ કહેવામાં આવ્યું, દિલ્હી જઈને નિવેદનો પણ કરવામાં આવ્યા અને અન્ય રજૂઆતો પણ કરવામાં આવી. હરહંમેશ નિવેદન કરવામાં આવ્યા એમાં જણાવવામાં આવ્યું કે મહેસાણા જિલ્લાની ગરીબ પછાત ગણાતી જ્ઞાતિઓ છે એમણે કાળો કેર વર્તાવ્યો છે અને એમણે ખૂબ નુકસાન પહોંચાડયું છે. આવી સત્યથી વેગળી વાતો અને ભ્રમ ઉપજાવનારી વાતો ઊભી કરીને જે પછાત કોમ છે એમની પ્રત્યે પૂર્વગ્રહ બંધાય તેવાં નિવેદનો આપણે રોજ છાપામાં વાંચીએ છીએ, તેવા સંજોગોમાં એક-બે ઠાકોર ભાઈઓના ગામ ઉપર હુમલા થયા છે, કેટલાક પ્રસંગો એવા પણ બન્યા છે કે જેમાં જાતે ઘાસ બાળીને તે અંગેની ફરિયાદ અને પંચનામા અતિશયોકિત ભરેલાં કરવામાં આવ્યાં હોય તેવા પણ દાખલાઓ બન્યા છે. અસામાજિક પ્રવૃત્તિઓ કોણ કરે છે તે આ બધા ઉપરથી સમજી શકાય તેવી વાત છે. જે લોકો અસમાજિક પ્રવૃત્તિ કરે છે તે લોકો તે પ્રવૃત્તિને ઢાંકવાનો પ્રયત્ન કરે છે અને પેલી ગરીબ અને કચડાયેલી પ્રજા છે, એમનામાં આજે આઝાદીના ૩૫ વર્ષ પછી પણ એમનામાં જાગૃત્તિ આવી નથી એવી પ્રજા જ્યારે આવા સંજોગોમાં એમને મુઠ્ઠીભર અને સાધનસંપન્ન લોકો ફરતા હોય, એમાં રાજકીય કાર્યકરોને પણ હાથ હોય ત્યારે આવો જે વટહુકમ છે તે યોગ્ય છે અને એમના માટે આશીર્વાદરૂપ છે.

વિરોધ પક્ષના નેતાશ્રીએ એક વાત રજૂ કરી પરંતુ આ કોંગ્રેસ સરકાર ન્યાય તંત્રની સુરક્ષા માટે પૂરેપૂરી જાગૃત છે. હસ્તક્ષેપ કરવાનો કોઈ બનાવ મારા ખ્યાલમાં છે ત્યાંસુધી બન્યો નથી, એને માન પણ આપ્યું છે. આ તબકકે એમ પણ કહેવામાં આવ્યું કે હાઈકોર્ટમાં મુદતો માગવા માટે ૨૧ દિવસ પછી પણ માગણી કરવામાં આવી છે. એ જે વાત છે એ જે ન્યાયતંત્રની પ્રણાલિકા છે તેને સુસંગત વાત છે એટલે એ વાતને આ બિલની સાથે સરખામણી કરવામાં આવી છે એ જરાપણ સુસંગત નથી.

બળાત્કાર અને આવી બીજી આનુષંગિક વાતો પણ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી છે. બળાત્કારના કિસ્સામાં કોંગ્રેસ સરકારે કોઈ પીછેહઠ કરી હોય અગર તો દોષિત વ્યકિતને મુકત કર્યો હોય એવો દાખલો આજસુધી બન્યો નથી. વધુમાં બળાત્કારના કિસ્સામાં સખતમાં સખત પગલાં લીધાં હોય તો એ કોંગ્રેસ સરકારે લીધા છે.

પોરબંદરમાં સલામતી નથી એમ માનનીય સભ્યશ્રી વાત કરી ગયા છે, પરંતુ સવાલ એ છે કે પોરબંદરના સલામતી હતી નહીં તો માનનીય સભ્યશ્રી શી રીતે સલામત રહી શક્યા? એ બતાવે છે કે પોરબંદરમાં કાયદો અને વ્યવસ્થાનું તંત્ર આજે પણ સચવાયું છે એ એનો ઈતિહાસ કહે છે. હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે પોતે સલામત આવ્યા એ જ પુરવાર કરે છે કે ત્યાં સલામતી છે. અસામાજિક તત્વો પોરબંદરની અંદર

શ્રી હરિપ્રસાદ વી. શુક્લ ]

સમાજને વિઘાતક હોય એવી પ્રવૃત્તિ કરે છે, એમની સામે અટકાયતના કે જે કોઈ બીજાં પગલાં લેવામાં આવી રહયાં છે એ બિલકુલ યોગ્ય છે. આ ધારો સામાન્ય વર્ગ માટે છે, જે આજે પણ ગામડાઓની અંદર ડરી ડરીને ચાલે છે. એવો એક મોટો વર્ગ બહુમતિમાં છે એ ભયથી કંપિત છે, અજ્ઞાનતાથી ભરપૂર છે એવા સમાજ માટે આ ધારો લાવવામાં આવ્યો છે એ આશીર્વાદ રૂપ છે. સંભવ છે કે કેટલાક મુઠ્ઠીભર સ્થાપિત હિતો છે એમને કદાચ આ ધારો નહીં ગમે, કારણ કે સરવાળે આ ધારો એમના માટે ભયસૂચક નીવડશે. એટલે આ કાયદો લાવવા બદલ ગૃહ મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું અને એને કડકમાં કડક અમલ થાય અને ગમે તેવો ચમરબંધી પણ છટકી ન શકે તેવી વિનંતી કરૂં છું. આ બિલના સમર્થન સાથે હું મારું વક્તવ્ય પૂરું કરું છું અને આ ધારો લાવવા માટે ગુજરાત સરકારને અભિનંદન આપું છું.

**શ્રી દિલીપભાઈ ન. સંઘાણી (અમરેલી) :** // માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અસામાજિક પ્રવૃતિ અટકાવવા માટે ગુંડા વિરોધી ધારો લાવવા માટે, સૌરાષ્ટ્રમાં ગુંડાગીરી નાબૂદી સમિતિની રચના કરીને સૌ પ્રથમ કોઈએ જો માંગ કરી હોય, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગુંડાગીરી/ બેફામ બની છે માટે ગુંડાગીરી નાબૂદી ધારો લાવો, એ આ ધારો લાવવા માટે ભારતીય જનતા પાર્ટી સમિતિએ જ્યારે માગણી કરી અને એ સંજોગોમાં આ ગુંડાગીરી ધારો લાવવા માટે સરકાર//સહમત થઈ નહીં અને એટલા માટે કે રખેને કોઈ એક રાજકીય પાર્ટી આવો ગુંડાગીરી ધારો લાવવાની માગણી કરે અને આ સરકાર લાવે તો લોકોમાં એમની પ્રતિભા કંઈક વિશેષ રૂપમાં ઉપસશે// એ કારણોસર એક યા બીજા બહાને સરકાર પાસે ગુંડાઓને અટકાવવા માટે, સક્ષમ પગલાં લેવા માટે જરૂરી કાયદા છે એવો દાવો કરીને એકાદ વર્ષ સુધી વિલંબ કર્યો અને અંતે જે જરૂરીયાત 'ઈ સમાજમાંથી ઊભી થઈ હતી, એ કાયદો લાવી રહયા છે. ત્યારે અમે સ્વીકારવા અને અનુમોદન આપવા અહીંથી ઊભું થવું જોઈએ. પણ આ કાયદો આવે ત્યારે આ વટહુકમ બહાર પડે ત્યારે સર્વસંમતિથી/ આપણી જે માગણી હતી એ માગણીને કાગળો ઉપર, છાપામાં નિવેદનો કરીને એવો પ્રતિભા ઉપસાવવા પ્રયત્ન કર્યો કે સર્વપક્ષીય સહમતિથી આ કાયદો આવી રહયો છે. પણ એમાં પણ સર્વસંમતિ વિના એકતરફી// પોતાના મનમાં પોતાના હિતરક્ષકોને પાછલા બારણેથી કેમ બચાવી લેવાય એવી છટકબારીઓ રાખીને, આ કાયદો આવી રહયો છે. ત્યારે કહેવું પડે છે કે આ કાયદામાં જે જોગવાઈઓ કરવામાં આવી છે. અને/// મૌખિક રીતે, રાજકીય રીતે આનો ઉપયોગ નહીં થાય એવી જે ખાતરી આપવામાં આવી હતી. એ ખાતરીનું આજે પાલન થાય છે ખરૂં ? આ કાયદો નહોતો ત્યારે ગુંડાઓની કાંઈક મર્યાદા, કંઈક લુંટ-લૂંટવાની રીપધ્ધતિમાં ફેરફાર હતો જુદા જુદા ક્ષેત્રો, અંગે, વ્હાઈટ કોલર ગુંડા અંગે, બીજા ગુંડાગીરીના પ્રકારના મારા આગાઉના માનનીય સભ્યશ્રીએ કીધું એટલે રીપીટ કરવા માગતો નથી. પણ શરૂઆતમાં ગુંડાઓ ખેડૂતોને જ્યારે હેરાન/ કરતા, લૂંટતા ત્યારે કઈ રીતે લૂંટતા ? પાક ઉભો હોય અને ઊભો પાક લાગી જાય ત્યારે હું એમ માનતો કે પાક લણવાની મહેનત તો ખરીને પણ જેમ જેમ સરકાર તરફથી આશ્રય// અને સહકાર મળતો ગયો તેમ ગુંડાગીરીની પધ્ધતિમાં પણ ફેરફાર થતા ગયા ઊભો પાક લણવાની મહેનત કરવી પડે



શ્રી દિલીપભાઈ ન. સંઘાણી ]

તો એમાંથી કંઈક ઓછી મહેનત થાય તો પાક તૈયાર થઈને, ખળુ તૈયાર હોય/// ત્યારે ખળામાંથી સીધો પાક ભરી જવા લાગ્યા અને એ પણ એમને મહેનત લાગી અને ફરિયાદો થઈ અને રાજકીય આશ્રયના લીધે આવા લોક છૂટવા માંડ્યા ત્યારે ખળામાંથી પણ પોતાના ઘર સુધી,૩ બજાર સુધી લઈ જવા પડે એટલી મહેનત પણ એમને ત્યારે લાગી એટલે ખેડૂત એમનો પાક ઘેર લઈ જતા હોય ત્યારે રસ્તામાંથી એના વાહનમાં જ એના ગાડામાં જ, રાજુલા તાલુકાની ફરિયાદ/ છે, સરકાર પાસે નોંધ છે, તે ખેડૂતના ટ્રેક્ટરમાં તૈયાર થયેલો પાક લઈ લીધો ત્યાંના ગુંડાઓ પોતાને ઘેર લઈ ગયા. શરૂઆતમાં ખાલી પાક લઈ જતા અને હવે તો ટ્રેક્ટર પણ પચાવી પાડે// છે આ ફરિયાદ જ્યારે અમારી પાસે આવી અને અમે ઉપર રજૂઆત કરી ત્યારે ૩-૪ મહિને ટ્રેક્ટર પાછું મળ્યું માલ તો પાછો મળ્યો નથી. એમાં પણ મહેનત પડતી હોય ત્યારે// ખેડુતો માલ વેચી આવતા હોય ત્યારે એમના દીકરાને રોકીને કહેવામાં આવે કે આટલા પૈસા આપી જા અને અમે આ બાબતમાં જ્યારે રજૂઆત કરતા હોઈએ, ત્યારે આમાં જોગવાઈ પ્રમાણે સરકારી પ્રવૃતિમાં જે કે અન્ય પ્રવૃતિમાં બાધ આવે એવી કોઈ પ્રવૃતિ કરતા હોય તો એને ગુંડાધારા નીચે પકડવામાં આવે, ત્યારે અમને શંકા જાય છે, આજે પણ આ રીતે પકડાયા ત્યારે શંકા જાય છે// કે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જ્યારે ગુંડાગીરી વિરોધી છે એને બચાવવા માટે અમે રજૂઆતો કરશું ત્યારે સ્વાભાવિકપણે કોંગ્રેસના જે લોકો એમનો સહકાર લઈને ચૂંટણી જીત્યા છે, એમના લીધે ઉચું માથું કરીને ફરતા હશે// એ ગુંડાની સામે અમે ચોક્કસ પણે આવીશું ત્યારે એમ કહેશે કે અમારી પ્રવૃતિની સામે, એમના સાથ અને સહકારથી સરકાર સુધી પહોંચ્યા હોય અને સરકારી કાર્યના એક યા બીજા બહાના હેઠળ કાર્યના કાર્યકર્તાઓને પકડવાની જો ચેષ્ટા રાજકીય કાર્યકર્તાઓને પકડવાની જો ચેષ્ટા થશે તો માનનીય શ્રીમનુભાઈઓ પણ ચીમકી આપી છે અને અશોકભાઈઓ સુધારો મૂક્યા છે, તમે કોઈ એવા રાજકીય કર્તાને તો કદાચ ન પકડો કે જેના ઉપર આવી પ્રવૃતિના કોઈપણ ગુના ન હોય. આજે હું એવો બચાવ કરવા ઊભો નથી થયો કે કોઈપણ રાજકીય પક્ષના સભ્ય હોય તો એને ગુંડા એક્ટ હેઠળ ન લો, તો તો પછી દારૂ વેચવાવાળા બળાત્કાર કરવાવાળા, ચોર લુંટારાને આશ્રય આપવાવાળા અને એમની જ્યારે પકડવામાં આવે ત્યારે એમને અગાઉથી ખબર પડી ગઈ હોય તો કોંગ્રેસના સભ્યનું પોત બનાવશે. કે હું કોંગ્રેસનો સક્રિય સભ્ય છું. તો શું એને ન પકડી શકાય ? તો આવી પ્રવૃતિ કરતા હોય તેને ચોકકસપણે ભૂતકાળના ઈતિહાસ ઉપરથી, તેની પ્રવૃતિ ઉપરથી પકડે પણ જે સફેદ કોલરની ગુંડાગીરીની વાત કરી એમ સૌરાષ્ટ્રમાં જે જમીન પચાવવાના બનાવો બને છે. એ કેવા પ્રકારે બને છે? શરૂઆતમાં ગુંડાગીરીથી, જોહુકમીથી આ જમીનમાં નહીં ઘૂસતા એમ કહીને ખેડૂતોને નહોતા ઘૂસવા દેતા. ૭/૧૨ કે અન્યત્ર કાગળો ઉપર ભલે ખેડુતોનું નામ હોય પણ જોહુકમીથી એમાં નહોતા ઘૂસવા દેતા પણ મારો સ્પષ્ટ આક્ષેપ છે કે જ્યારથી તેમને રાજકીય પીઠબળ મળ્યું અને બુધ્ધિજીવીઓનો સંચાર મળ્યો છે ત્યારે હવે તો ખેડુતો ઉપર દાદાગીરી કરીને ખેડુતો પાસેથી કાયદેસર દસ્તાવેજ કરાવી લેવામાં આવે છે. આવી ફરિયાદો પણ આ સરકાર સમક્ષ ઘણીવાર થઈ છે. એમના સાક્ષી આજે સુરજી વલ્લભભાઈ પણ છે. રાજુલા-

શ્રી દિલીપભાઈ ન. સંઘાણી ]

માંથી અમરેલી જિલ્લામાંથી જ્યારે જે ગુંડાગીરી ફાલી હતી. ત્યારે એમણે જે બે બોલ કે બે આશ્વાસનના શબ્દો અમે જેમની પાસે રજૂ કરી શકીએ તેમ હતાં (અંતરાય) ગુંડાગીરી નાબૂદીનું જે બિલ આવે અને તેમાં દરેક સભ્યોઓ પોતાના મંતવ્યો આપવાના હોય એ મંતવ્યો આપના સભ્યો પણ પૂરાં અધિકારથી આપી શકે છે. હું જે વાત કરતો હતો તે ખેડુતોની અને ગ્રામ્ય વિસ્તારની વાત કરી રહયો હતો. જેમને જમીન છે એમની જમીન ઝૂંટવાય જવાની બીક લાગે છે જેમની પાસે મિલકત છે એમની પાસેથી મિલકત ઝૂંટવાઈ જવાની બીક લાગે છે. પણ જમીન કે મિલકત નથી જેમની પાસે એમને પણ ગુંડાગીરીના કંઈક અનુભવો થયા એવા લોકો અમારી પાસે આવે છે. જે ગરીબ માણસ સવારના ઉઠીને રાત સુધી પરસેવો પાડતો હોય એમને પણ એમના મન મુજબ રોજીરોટી મેળવવા માટે એમને વધુ પૈસા આપતા હોય ત્યાં જઈ શકે નહીં એવા પ્રસંગો પણ નોંધાયા છે. એની કેટલીયે ફરિયાદો રેકર્ડ ઉપર છે. આજે રોજેરોજના પૈસા આપી જતા હોય ત્યાં તેવા ખેડૂતને ત્યાં પોતે દાડી કરવા જાય, રોજીરોટી મેળવવા જાય તો એમને રાહત મળે પણ બળજબરી અને ધમકીથી એમને એમ કહેવામાં આવે કે તારે મારે ત્યાં જ કામ કરવું પડશે અને સવારથી રાત સુધી મહેનત કર્યા પછી જ્યારે એ રોજી મેળવવા દાડી મેળવવા, મહેનતાણું મેળવવા આવે છે. ત્યારે એને મળે છે શું ? એને મળે છે ગાળ કાં જુતા. તો આવા પ્રસંગો સરકાર પાસે અત્યાર સુધીમાં ઘણા આવ્યા છે અને આ ગુંડાગીરી ફકત ગામડામાં કે ગરીબ માણસને ત્યાં થાય છે. એવું નથી. મોટા શહેરમાં પણ કંઈક કિસ્સાઓ નોંધાયા છે. આજે વર્ષો જૂનો ભાડૂઆત મકાનમાં રહેતો હોય અને સરકારે ભાડૂઆતના કાયદાથી તેમને રક્ષણ આપ્યું પણ એ ભાડુઆતને આવા ગૂંડાઓ ધમકી આપીને માર મારીને એમનું રહેણાંક ખાલી કરાવે છે. આવા બનાવો બન્યા છે. એના ફરિયાદ સરકાર પાસે પણ છે જ. અને આવી ફરિયાદો હોય ત્યારે હું એમ પૂછવા માગું છું, જાણવા માગું છું કે જમીન પડાવી લેનારને મુકતપણે મજૂરોને મજૂરીએ નહીં જવા દેનારને, પોતાની બહેન દિકરી ઉઠાવી જનારની સામે ફરિયાદ કરી હોય તેવા આરોપીઓને અત્યાર સુધી કેટલાને પકડવામાં આવ્યા ? અત્યાર સુધી પકડવામાં આવ્યા હોય તો કોઈ ખાતાની આંખે થઈ ગયો હોય, વ્યકિતગત અણબનાવ હોય, સત્તાધારી જૂથના અગ્રણી સાથે વ્યકિતગત કોઈ વાંધા હોય આવા માણસોને પકડવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી આમાં જોગવાઈ છે કે ગેરકાયદેસર હથિયાર રાખે અને ત્રાસ ફેલાવે, તો એમ પુંછવા માગું છું કે અત્યાર સુધી કે ગુજરાતમાં કેટલાયે હથિયારો પકડાણાં છરી ધારિયાં તલવાર, રિવોલ્વર સુધી માફ સરકાર ભલે કરે પણ રિવોલ્વર કદાચ પોતાના સ્વરક્ષણ માટે બિન લાયસન્સી રાખે તેને જવાદેવા હોય તો ભલે જવા દે. પરંતુ જે ઘાતક પદાર્થો ભયંકર બોંબ ગુજરાતમાં અત્યાર સુધીમાં કેટલા પકડાયા અને આવા પકડાયેલા બોંબવાળાને કેટલાને પકડવામાં આવ્યા? થોડા દિવસ પહેલાં જ સાવકકુંડલામાં બોંબનું કારખાનું પકડાણું હતુ અને બીજા જ દિવસે તે બોંબ નહિ સામાન્ય ફટાકડા છે આવું નિવેદન ત્યાંના ડી.એસ.પી. ને કરવું પડયું કોના લીધે કરવું પડયું ? કયું રાજકીય પરિબળ આમાં આવ્યું? એ મારા પરેશનો વિસ્તાર હોવાથી તેનો ચેપ અમારે ત્યાં લાગી ન જાય માટે રજૂઆત



શ્રી દિલીપભાઈ ન. સંઘાણી ]

કરવા, તેની સાવચેતી રૂપે ગયો હતો. મારા અગાઉના સભ્યશ્રીઓ કહ્યું કે કોઈ પણ ચમરબંધી હોય, પછી એ સાંસદ સભ્ય હોય કે પછી ધારાસભ્ય હોય કે પછી સત્તાધારી જૂથનો હોદો ધરાવતો હોય આની ભલામણથી તેને રાષ્ટ્રના હિતમાં જવા ન દો. લોકોનો પણ જુવાળ એવો ભભૂકી ઉઠયો છે કે તે અધિકારીને પણ ખબર પડી કે પરિસ્થિતિ વણસી છે. અને ત્યારે ફરીવાર એકસ્પર્ટના રિપોર્ટ મુજબ કહેવું પડયું કે ત્રીસ થી ચાળીસ માણસોને ઈજા પહોંચાડી શકે તેવા ભયંકર બોંબ છે. અને એ બોંબમાં સંડોવયેલા માણસોને પકડવામાં આવ્યા કે આ બોંબવાળાને પકડો એવી રજૂઆત કરનાર ત્યાંના દૂધવાળાને પકડવામાં આવ્યા આ દુધવાળાની જ વાત નથી કરતો પણ ગુંડાગીરી વિરુધ્ધ રજૂઆત કરનારને જ પકડવામાં આવ્યા. ત્યારે અમને શંકા એમ જાય કે કે આજે ગુજરાતભરમાં જયાં આવી પ્રવૃત્તિ થતી હતી ત્યાં સમાજનો હિતમાં જે જાહેર સેવક છે. જે પોતાની ફરજ સમજે છે. એમને વ્યકિતગત જોખમ હોય કે ન હોય તેની પરવાહ કર્યા વગર સક્ષમ અધિકારી સમક્ષ રજૂઆત કરવી જોઈએ. અને તેમની પાસે રજૂઆત કરવા જાય, અધિકારી ખાતરી પણ આપે આખરે તેના ઉપર પણ કોઈ તંત્ર ચાલે છે. ગાંધીનગરથી અને આવા તંત્રને લીધે તેઓને છોડી મૂકવામાં આવતા હોય, તેમની સામે કોઈ પગલાં લેવામાં ન આવતા હોય તો આપણે ત્યાં આ કાયદો લાવીને ગુજરાતની જનતા ઉપર એક વિશ્વાસનું જે વાતાવરણ ઊભું કરવા માગીએ છીએ તે કેટલે અંશે સફળ થશે ? જેમ પુત્રના લક્ષણ પારણામાં જે આપણી કહેવત છે એમ વટહુકમ આવ્યો અને ત્યારથી અત્યાર સુધાં જે પગલાં લેવાણા તેના ઉપરથી આપણને આ કાયદાનું અમલીકરણ જયારે આવશે ત્યારે કઈ રીતે પગલાં લેવામાં આવશે તે અંગે પણ સ્વાભાવિક રીતે જ આપણામાં શંકા પ્રેરે છે અને તે શંકાનું જડમૂળથી નિરાકરણ કરવા માટે અહીંયા ગૃહ મંત્રીશ્રીએ ખાતરી ભલે આપી હોય પણ એ ખાતરી કદાચ આ ગૃહ મંત્રીશ્રી પેલા ગૃહ મંત્રીશ્રીની જેમ બોલ્યુ નહિ ફરી જાય. તે હશે ત્યાં સુધી ટકશે પણ આવતીકાલે અને આ સંજોગોમાં હમણાં જ માનનીય અશોકભાઈએ રજૂઆત કરી કે સરકીટ હાઉસમાં પણ કાંઈક રજૂઆત થઈ રહી છે. અને કદાચ કાલ જવાનો વખત આવે તો કાયદામાં જોગવાઈ નહીં હોય તો પરિસ્થિતી શું થશે. એટલા માટે આ કાયદામાં જ એવી જોગવાઈ કરવામાં આવે કે કોઈ અધિકારીને કોઈ રાજકીય સત્તા સ્થાને બેઠેલા પદાધિકારીને કિન્નાખોરીથી પગલાં લેવાની ઈચ્છા થાય અને ચેષ્ટા કરે તો એના હાથ કાયદાથી બંધાયેલા હોય અને તે કિન્નાખોરીથી કોઈપણ કોરડો વીંઝી શકે નહિ અને લોકશાહીનું સાચું સ્વરૂપ એ જોઈશે શકે અને હું એવી અપેક્ષા રાખું છું કે ગૃહ મંત્રીશ્રી જે વિસ્તારમાંથી અને જે સમાજમાંથી આવે છે તેમને આવા બાળપણથી અભ્યાસ કાળમાંથી અત્યાર સુધીમાં કંઈક આવા અનુભવો જોયા હશે અને કંઈક રજૂઆતો થઈ હશે, એના આધારે પણ ગરીબ અને પછાત માણસોને જે કોઈ પીડતા હોય, જે કોઈ ડસતા હોય અને એમની વહારે કોઈ જતા હોય અને તેમની વહારે જનાર અને રજૂઆત કરનારને અધવચ્ચે અટકાવીને અને પકડીને પૂરી ન દે અને એમના વતી જે બોલનારા હોય તેમને અટકાવી ન દે. આજે અમે વારંવાર એ વાતનો ઉલ્લેખ કરીએ છીએ. કે કોઈ રાજકીય માણસને પૂરી ન દે, વ્યકિતગત અમારી ધરપકડ થાય કે ન થાય, તેના ડરથી અમે આ વાત

નથી કરતા પણ વિદ્યાર્થી અવસ્થામાં પણ જો વ્યકિતગત વાત કરતા હોઈતો કટોકટી વખતે પણ હું વિદ્યાર્થી હતો કટોકટીનો અને મીસાનો લાભ લઈ સાબરમતી જેલનો અનુભવ પણ કરી આવ્યો છું. એટલે એની અમને કોઈ પરવાહ નથી કે અમારી ઉપર કોઈ વિકટ પરિસ્થિતી આવે પણ આવતી કાલના દિવસોમાં મોટાભાગના આ પાટલી ઉપર જે ભાઈઓ બેઠા છે તેમને અત્યાર સુધીમાં એક યા બીજા સ્વરૂપમાં જેલમાં જવાના પ્રસંગો બન્યા છે. ભૂતકાળના પ્રસંગોમાં અમારે જેલમાં જવાનું થયું જ છે. કિનાખોરીથી અમને પકડયા હોય કે, સવિનય કાનૂન ભંગ કર્યો હોય, અમે સરકારના જૂલ્મશાહી પગલાં સામે, પણ આવતીકાલના દિવસોમાં રખેને જો એવું બને કે સામી પાટલી પર બેઠેલા ભાઈઓને આ તમાસો જોવામાં આવશે કે આ અનુભવ થશે તો કોઈ દિવસ જેમણે જેલનો દરવાજો પણ જોયો નથી અને જેલમાં શું પરિસ્થિતી છે તે પણ નહીં જોયું હોય, અમે વિદ્યાર્થીકાળમાં મીસા હેઠળ જેલમાં ગયેલા તેના સાક્ષી હરિભાઈ અહીંયા બેઠા છે. ત્યારે અમે પેરોલની જે અરજી લઈને જતા તો જે ઉદારતાથી અમારી તરફ પેરોલ આપતા હતા અને આજે એમનો જ ભોગ બની તે દિવસે જે ગૃહમંત્રી હતા તેમની આજે પરિસ્થિતી શું છે ? એમનો જ ભોગ બન્યા, સારા માણસોને ત્યાં કેવું સ્થાન હોય તે બતાવી આપ્યું છે. આજે એ પક્ષમાં ઉદારતાને કેવું સ્થાન છે એ તો જ્યારે હુ સભ્ય શ્રી હરિભાઈને જોઉં છું ત્યારે મને એમ થાય છે કે ક્યા સ્થાને કોંગ્રેસમાં શું પરિસ્થિતિ છે. તેની અમને કોઈ ચિંતા નથી એ તેમની આંતરિક બાબત છે એમણે જે નિર્ણય કરવો હોય તે કરે પણ સામાન્ય જનતાને લાગતું વળગતું હોય તેના અંગે અમારે કહેવું જોઈએ એટલા માટે કહીશ કે એક ઉપર એક કાયદા બનાવતા જઈએ અને તેવા કાયદાના ખોખાંથી, તેના નવા નવા કાયદાથી જનતા પણ અજાણ હોય તેના બદલે શકય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા કાયદે વધુમાં વધુ સારો વહીવટ થઈ શકે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવી જોઈએ. જે કાયદા હોય તે પર્યાપ્ત હોય અને તેનો સંપૂર્ણ ઉપયોગ કરીને જનતાને તેનો લાભ અને સુવિદ્યા મળે તેવા પ્રયત્નો આ સરકાર કરે તેવું હું મારું સૂચન કરુ છું. અને ફરીવાર માનનીય ગૃહમંત્રીશ્રીને હું એ વાત તરફ ધ્યાન દોરુ છુ કે આ કાંયદો જ્યારે લાવી રહ્યા છીએ ત્યારે કાયદાથી કોઈ જાતની ક્ષતિ ન રહી જાય એ ક્ષતિના લીધે અત્યારે જે અટકાયતમાં લેવાયા હોય અને રાજકીય દબાણ જ્યારે આવે ત્યારે તે દબાણને લીધે તેમને પોતાને જ એમને છોડવાની ભલામણ કરવી પડે.

છેલ્લી માહિતી એક મેં આજે સાંભળી છે. જો શકય હોય તો અમદાવાદમાં જે તોફાનો થતાં હતાં અને તે થોડા દિવસોથી શાંત છે. અને જેમને પકડવામાં આવ્યા એ માણસ જેલમાંથી બીજા સાથે વાત કરી શકે તેવી સુવિધા તેમને મળતી હોય તો પણ આવા કાયદાઓનો અર્થ કોઈ રહેશે નહિ એ જેલમાં બેસીને ગમે તેની સાથે ટેલિફોનમાં વાત કરી શકે અને સૂચના પણ આપી શકે. આવા કાયદા નીચે જેને પકડયા હોય અને તેને આવી સુવિધા આપવામાં આવતી હોય તો આવા કાયદાનો અર્થ શું રહેવાનો છે ? એમની સૂચના ઉપર, વાત ઉપર કે ચિનગારી ઉપર જનતામાં આગ ફેલાતી હોય અને એમની ઉપર (અંતરાય) ચંદ્રકાંતભાઈ આપનું નામ અહિ લોકસભામાં વાત થઈ હોય અને આપું તે વાજબી નહિ ગણાય. આપણી



આપણી ગૃહની એક પ્રણાલિકા છે અને એમ છતાંયે ગૃહમંત્રી માગશે એ જાણે છે કોણે વાત કરી છે તે રાને જ્યારે આ પરિસ્થિતી ગુજરાત ભરની ચાલી રહી છે. ત્યારે ગૃહ મંત્રીશ્રી જરૂરી સુધારા સાથે આવતા દિવસોમાં બિલ લાવે એવી વિનંતી કરું છું.

**શ્રી કલજીભાઈ ર. કટારા (ખેડબ્રહ્મા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી ગુંડા વિરોધી બિલ અહીં લાવ્યા છે એને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. આ ગૃહની અંદર મારા આગળના વકતાઓ જે કાંઈ બોલ્યા અને એમાં પણ સામી પાટલી ઉપરથી મારા સાથી મિત્રો જે કાંઈ બોલ્યા અને......

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય કલજીભાઈ, માનનીય સભ્યશ્રીઓ એમ કહો.

**શ્રી કલજીભાઈ ર. કટારા :** માનનીય સભ્યશ્રીઓ જે કાંઈ બોલ્યા એમને મેં સાંભળ્યા અને કેટલાંક સભ્યશ્રીઓએ જે નિવેદનો કર્યા તે મેં સાંભળ્યા. તેમાં તો જાણે આ જે ગુંડાધારો બની રહયો છે એ ગુંડાધારો અમારી ઉપર જ જાણે ન બની રહ્યા હોય, એમને શું એમાં ફફડાટ પેસી ગયો છે. ગામડાંઓની અંદર જે પ્રજા પછાત વિસ્તારો-માં રહે છે ત્યાં ગુંડાધારા જેવું કોઈ છે નહિ પણ સુધરેલા ગુંડાઓ જે ગામડાંની અંદર અહીંથી જે કાંઈ આવે છે અને કેટલાક ભાજપનો સ્વાંગ સજીને અમારા વિસ્તારમાં આવે છે અને એમ કહેવામાં અવે છે કે તમે હડતાળ પાડો, ટોળું ભેગું કરીને એમ કહેવામાં આવે છે કે તમે દુકાન બંધ કરી દો, અને એમ કહેવામાં આવે છે કે દુકાન બંધ કરવામાં નહિ આવે તો દુકાન સળગે તેની જવાબદારી અમારી નથી. પણ કેટલીક વખત દુકાનો બંધ કરવી પડે છે. તેવા માણસો માટે અને જે જે માનનીય સભ્યશ્રીઓ વાત કરતા હતા તે બે મોઢે બોલતા હતા અને એમ કહેવામાં આવે છે કે કોંગ્રેસીઓ આવું કરે છે. કોંગ્રેસીઓ તો આ ધારો લાવ્યા છે, તેને અનુમોદન આપવું જોઈએ પણ અમારે ત્યાં ગામડામાં એક કહેવત છે કે પાટલા ઘો હોય એને બે જીભ હોય, તે રીતે એ લોકો બે જીભે વાત કરે છે. પણ સારાને તો આવકારો અને સારાંને આવકારીને આપણે આ બિલનો વિરોધ કર્યા વગર બિન-વિરોધી રીતે આપણે એને પસાર કરવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંની પ્રજા બોલી શકતી નથી પણ ગામડાની પ્રજાએ અમે અમારી જે ધાક ધમકી જે બતાવી હતી અને ગામડાંની પ્રજા જ્યારે ગ્રામ શકિત બતાવશે ત્યારે શૂન્ય અવકાશ હશે તે પણ સમજી લેજો. અમારા પછાત એરિયાના આદિવાસી વિસ્તારની અંદર તમારો કરફ્યુ, તમારી ૧૪૪ની કલમ, માનનીય અધ્યક્ષશ્રી, કયાંય કામ નહીં આવે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, જે ભાજપના નામે, વિરોધપક્ષોના નામે અમારા વિસ્તારમાં બદી ફેલાઈ રહી છે તે સાફ સમજી લે કે આ ધારો એ કોના માટે છે? જેવું વાવશો તેવું લણશો. શું કામ ચિંતા કરો છો. ખોટું કરશો તો જેલના સળિયા વધાવશે અને સારુ કરશો તો ફુલના હાર પણ પહેરવા પડશે તો, માનનીય અધ્યક્ષશ્રી, દુકાનો સળગતી હોય, કોમ-કોમ વચ્ચે ઝેર ફેલા-વવામાં આવતું હોય, અને જ્યારે આવાં તત્ત્વો કામ કરતા હોય તો તેવા કામ કરનાર માણસોને પણ પકડવા નહીં ? તેમાં આપણે સાથે મળીને બિન વિરોધી રીતે આ બિલ પસાર કરીએ તેવું હું કહું છું.

હું એમ કહેવા માગું છું જે સાબરકાંઠામાં જે ચાલી રહયું છે, થોડાક બનાવો હિંમત-નગરમાં બન્યા છે. તે પણ મેં જોયું. કોની

દુકાનો બાળી અને કોણે બાળી છે તેની તપાસ ચાલે છે. પણ ત્યાંના તત્ત્વો, જે આવા તત્ત્વો કામ કરી રહ્યા છે અને રાજકીય રૂપ આપીને કામ કરવામાં આવે છે અને જે મિલકતનો નાશ કરવામાં આવે છે, ગામડાઓમાં એક બીજા સાથે મહેનત કરીને, પૈસા કરીને દુકાન ઊભી કરી હોય અને ત્યાં કેવું પડતંત્ર રચીને રાતોરાત દુકાન સળગી જતી હોય તેવા માણસોને ઝેર કરવા જોઈએ. માનનીય ગૃહમંત્રીશ્રીને હું એમ કહેવા માગું છું કે આમાં ગમે તેવા મોટા ચમરબંધી માણસો હોય તો પણ આ ઝેરને આપણે ફેલાતું અટકાવવા માટે આ ધારો લાવ્યા છીએ તે બરાબર છે અને હું અનુમોદન આપું છું અને આવા તત્ત્વોને પકડીને આપણે નશ્યત કરવી જોઈએ. સારૂં છે કે ગામડાના વિસ્તારોમાં હજુ કાંઈ ફેલાયું નથી પણ જે કાંઈ માણસો જે વિસ્તારમાં છે તે સમજે છે. અમારે ત્યાં કેટલાંક કર્મચારીઓ છે અને તેમાં રાજકીય અમલદારો પણ છે, તે અમલદારો હડતાળ ઉપર ઊતરી જાય., જિલ્લા પંચાયતના કર્મચારીઓને કહે છે કે ઉતરી જાવ અને તમને પગાર નહીં મળે તો બહારથી લાવીને આપી દઈશું. આવી જે વાતો કરનારા મામલતદાર ઓફિસ હોય કે કલેક્ટર ઓફિસ હોય અને તેમાં સારા ગણાતાં માણસો હોય તે માણસો ધાકધમકી દબાણ કરીને કર્મચારીઓ દ્વારા તંત્ર ઠપ કરી દેવાની વાતો ચાલતી હોય તો તેવા માણસોને રાજકીય રૂપ આપીને અમારા વિસ્તારની અંદર ભાજપના જે કોઈ શું છે તે ખબર નહીં પણ ખાસ કરીને, આ રીતે જે ચાલી રહયું છે તેની ઉપર એવા માણસોને.........

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરૂં થતાં ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ સોમવારે, તા. ૮મી જુલાઈ ૧૯૮૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

---



"અ" કોલમ

અખબારી કચેરીઓને થયેલ નુકસાન ... ૪૨-૪૭, ૫૨—૫૩

અઘારા, શ્રી અમરતલાલ ગ.—
વિધેયક (સરકારી)—
ગુજરાત પછાતવર્ગ વિકાસ કોર્પોરેશન વિધેયક, ૧૯૮૫ ... ૪૫૧--૪૫
અછત અને મંદ કૃષિ જાહેર કરેલ તાલુકાઓ ... ૩૭૦--૩૭૧
અધિકારીઓની ખાલી જગ્યાઓ ... ૩૬૪

અધ્યક્ષશ્રીનું અવલોકન—
મંત્રીશ્રીનો જવાબ ખોટો હોય તો નિયમ મુજબ કાર્યવાહી કરી શકાય છે. આમાં ચર્ચા હોઈ શકે નહિ ... ... ૭૦૦

અધ્યક્ષશ્રીનો નિર્ણય—

અમુક શબ્દ કાર્યવાહીમાંથી રદ કરવા અંગે ... ૧૪૮ ૪૧૬

કોઈ સભ્ય જયારે આ ગૃહના સભ્ય ન હોય ત્યારે એમના વિશે કોઈ આક્ષેપાત્મક વાત ન કરવી જોઈએ. ... ૬૧૮
પાછા ખેંચાયેલા શબ્દો
સભ્યશ્રી ગુનેગારોના વકીલ તરીકે બોલી રહયા છે એમ કહેવું અસાંસદીય. ... ૧૫૩--૫૪

માનનીય અધ્યક્ષશ્રીનો ઉલ્લેખ આ સભાગૃહમાં થઈ શકે નહિ આથી રદ રકવો. ... ૮૩૫

'અ' કોલમ

અનામત આંદોલન દરમ્યાન થયેલ નુકસાન ... ૭૪૪

અનામત આંદોલન દરમ્યાન ચુકવાયેલ વળતર ... ૨૧૪--૨૧૫

અનામત આંદોલન દરમ્યાન થયેલ જાનહાનિ ... ૨૧૭—૨૧૮

અનામત આંદોલન દરમ્યાન હુમલા ... ૨૨૪--૨૨૫

અનામત આંદોલન દરમ્યાન ગોળીબાર ... ૨૨૬

અમદાવાદમાં પોલીસ દમન અંગે ફરિયાદો ... ૨૩૦

અમદાવાદમાં તોફાનો દરમ્યાન પકડાયેલા શસ્ત્રો ... ૧૭૧--૧૭૬, ૨૨૭

અમદવાદમાંથી પકડાયેલા બિન પરવાનાના હથિયારો ... ૧૮૯--૧૯૦

અમદાવાદમાં લશ્કર અને સી. આર. પી. ... ૨૧૪

અમરેલી જિલ્લામાં શિષ્યવૃતિ... ૩૫૭—૩૫૮

અરધા કલાકની ચર્ચા—

તારાંકિત પ્રશ્ન ક્રમાંક—૧૨૦ના જવાબની બાબત પર ચર્ચા... ૪૭૯--૪૮૮

અલગ ગ્રામ પંચાયત આપવા અંગે ... ૭૬૨—૭૬૩

આગ અને લૂંટના બનાવો ... ૨૪૧--૨૪૨

એનો અહેવાલ આપણે ત્યાં મૂકાઈ ગયો છે પણ, માનનીય અધ્યક્ષશ્રી, હું એ ટીકામાં જવા માગતો નથી પણ આવા અહેવાલ જયારે મુકાય છે ત્યારે એ અહેવાલની ચર્ચા થાય તો એને લગતી જે કાંઈ માહિતી હોય એ માહિતી અંગે આ વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓ ચર્ચા કરી શકે અને એમાં જે કાંઈ ખૂબીઓ અને ખામીઓ હોય એ તરફ સરકારશ્રીનું ધ્યાન દોરી શકે. એટલે હું આપનું ધ્યાન દોરું છું કે એ દ્વારા સભ્યશ્રીઓ જે કાર્ય સૂચિ નકકી થાય ત્યારે આ અહેવાલમાંથી જે કાંઈ મહત્વના મુદા લાગે એની ચર્ચા આ સભાગૃહ સમક્ષ આવે એ જાતનું હું સૂચન કરવા માંગું છું.

**અધ્યાક્ષશ્રી :** માનનીય શાંતિભાઈ, આપ તો કામકાજ સલાહકાર સમિતિમાં છો ને?

**શ્રી શાંતિલાલ પ. પટેલ :** હા, જી.

**અધ્યક્ષશ્રી :** તો જે પ્રશ્ન આપે અહીં ઉઠાવ્યો એ આપે કામકાજ સલાહકાર સમિતિમાં ઉઠાવવો જોઈએ. કામકાજ સલાહકાર સમિતિમાં સભ્યોને ચર્ચા કરવાની તક મળે છે અને એ એનો અધિકાર છે. આપ કામકાજ સલાહકાર સમિતિના સભ્ય છો અને સભાગૃહમાં આ વાત ઉઠાવો એ વાત વાજબી નથી અને બીજું એ કે આ બે કોરપોરેશનના અહેવાલ રજૂ કરવામાં આવ્યા છે એની ચર્ચા સભાગૃહમાં થવી જોઈએ એમ જો આપને લાગતું હોય તો એ મુદો આપ કામકાજ સલાહકાર સમિતિમાં ચોકકસ ચર્ચા માટે મૂકી શકો છો. ભૂતકાળમાં આવું બન્યું હતું અને ભૂતકાળમાં અહેવાલની ચર્ચા પણ થઈ છે.

**શ્રી શાંતિલાલ પ. પટેલ :** એટલે જ, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સભાગૃહમાં અહેવાલ રજૂ કરતા હોય એ જ વખતે ચર્ચા થાય તો અમને માહિતી મળી શકે ને?

**અધ્યક્ષશ્રી :** માનનીય શાંતિભાઈ, એકની એક વાત કરવાથી શું ફાયદો?

**શ્રી શાંતિલાલ પ. પટેલ :** મારે, સાહેબ, સભ્યશ્રીઓને અહેવાલ મળ્યો નથી, એ જાણવું છે.

**અધ્યક્ષશ્રી :** તમારે જાણવાનો અધિકાર છે, પણ આપ મર્યાદામાંથી બહાર એટલા માટે જાઓ છો કે આપને જે અધિકાર મળ્યો છે એ અધિકારનો ઉપયોગ કરવાને બદલે આપે સભાગૃહમાં આ વાત મૂકી છે એ બિલકુલ વાજબી નથી. આપ પણ કમિટીમાં છો અને માનનીય મંત્રીશ્રી પણ કમિટીમાં છે. બન્ને સાથે બેસીને ચર્ચા કરીને નકકી કરી શકો છો.

## અધિસૂચનાઓ

**શ્રી વલ્લભભાઈ પો. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા. ૨૦-૪-૮૫ ની અધિસૂચના ક્રમાંક-જી એચપી-૩૬-એમ. સી. જી-૧૦૮૪-૨૩૦૧-જે, સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચના સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.

**શ્રી દોલતભાઈ ચે. પરમાર (પંચાયત મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કામકાજની યાદી ક્રમાંક ૩ ની પેટા બાબત (૪)માં દર્શાવેલ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની નીચેની અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

(ક) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૩-૧૯૮૫-નપમ-૧૦૮૩-૧૬૯૩ (૧)--ક--૧.





(ખ) તા. ૧૮-૫-૮૫ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૪-૧૯૮૫-નપમ ૧૦૮૩--૧૬૯૩ (૨) ક--૧.

(ગ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૫/-૧૯૮૫-નપમ-૧૦૮૩--૧૬૯૩-(૩)--ક--૧.

(ઘ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૬-૧૯૮૫- નપમ-૧૦૮૪--૧૬૯૩ (૪)--ક--૧.

(ચ) તા. ૧૮-૫-૮૫ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૭-૧૯૮૫-નપમ-૧૦૮૪-૧૬૯૩ (૫) ક--૧.

(છ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક--કેપી--૧૮-૧૯૮૫-નપમ ૧૦૮૩-૧૬૯૩- (૬) ક--૧.

(જ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૯-૧૯૮૫-નપમ -૧૦૮૪-૧૬૯૩ (૭) ક--૧.

(ઝ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૨૦-૧૯૮૫-નપમ -૧૦૮૪--૧૬૯૩- (૮) ક--૧.

(ટ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૨ - ૧૯૮૫-નપમ ૧૦૮૩-૧૬૯૩ (૧૦) ક--૧.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવામાં આવી

## વટહુકમ ક્રમાંક ૧૧ નામંજૂર કરતો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ્ટ (ખાડિયા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે આ સભાગૃહ સન ૧૯૮૫ નો વટહુકમ ક્રમાંક ૧૧ સન ૧૯૮૫નો ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતનો વટહુકમ ના મંજૂર કરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

## સન ૧૯૮૫નું* ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦

### ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબત વિધેયક, ૧૯૮૫

દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યકિતઓ, ઔષધ ગુનેગારો, અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની જાહેર વ્યવસ્થા જાળવી રાખવાનો બાધ આવે તેવી અસામાજીક અને ભયજનક પ્રવૃતિઓ અટકાવવાનો તેમની નિવારક અટકાયત માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી (ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૨૦ સન ૧૯૮૫ નું ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતનું વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરૂં છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી (ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૧૯૮૫ ના વિધેયક ક્રમાંક ૨૦ સન ૧૯૮૫ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ

*આ વિધેયક ગુજરાત રાજપત્રમાં ૨૬મી જૂન, ૧૯૮૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી શાંતિલાલ પ. પટેલ ]**

એનો અહેવાલ આપણે ત્યાં મૂકાઈ ગયો છે પણ, માનનીય અધ્યક્ષશ્રી, હું એ ટીકામાં જવા માગતો નથી પણ આવા અહેવાલ જ્યારે મુકાય છે ત્યારે એ અહેવાલની ચર્ચા થાય તો એને લગતી જે કાંઈ માહિતી હોય એ માહિતી અંગે આ વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓ ચર્ચા કરી શકે અને એમાં જે કાંઈ ખૂબીઓ અને ખામીઓ હોય એ તરફ સરકારશ્રીનું ધ્યાન દોરી શકે. એટલે હું આપનું ધ્યાન દોરું છું કે એ દ્વારા સભ્યશ્રીઓ જે કાર્ય સૂચિ નકકી થાય ત્યારે આ અહેવાલમાંથી જે કાંઈ મહત્વના મુદા લાગે એની ચર્ચા આ સભાગૃહ સમક્ષ આવે એ જાતનું હું સૂચન કરવા માંગું છું.

**અધ્યાક્ષશ્રી** : માનનીય શાંતિભાઈ, આપ તો કામકાજ સલાહકાર સમિતિમાં છો ને?

**શ્રી શાંતિલાલ પ. પટેલ** : હા, જી.

**અધ્યક્ષશ્રી** : તો જે પ્રશ્ન આપે અહીં ઉઠાવ્યો એ આપે કામકાજ સલાહકાર સમિતિમાં ઉઠાવવો જોઈએ. કામકાજ સલાહકાર સમિતિમાં સભ્યોને ચર્ચા કરવાની તક મળે છે અને એ એનો અધિકાર છે. આપ કામકાજ સલાહકાર સમિતિના સભ્ય છો અને સભાગૃહમાં આ વાત ઉઠાવો એ વાત વાજબી નથી અને બીજું એ કે આ બે કોરપોરેશનના અહેવાલ રજૂ કરવામાં આવ્યા છે એની ચર્ચા સભાગૃહમાં થવી જોઈએ એમ જો આપને લાગતું હોય તો એ મુદો આપ કામકાજ સલાહકાર સમિતિમાં ચોકકસ ચર્ચા માટે મૂકી શકો છો. ભૂતકાળમાં આવું બન્યું હતું અને ભૂતકાળમાં અહેવાલની ચર્ચા પણ થઈ છે.

**શ્રી શાંતિલાલ પ. પટેલ** : એટલે જ, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સભાગૃહમાં અહેવાલ રજૂ કરતા હોય એ જ વખતે ચર્ચા થાય તો અમને માહિતી મળી શકે ને?

**અધ્યક્ષશ્રી** : માનનીય શાંતિભાઈ, એકની એક વાત કરવાથી શું ફાયદો?

**શ્રી શાંતિલાલ પ. પટેલ** : મારે, સાહેબ, સભ્યશ્રીઓને અહેવાલ મળ્યો નથી, એ જાણવું છે.

**અધ્યક્ષશ્રી** : તમારે જાણવાનો અધિકાર છે, પણ આપ મર્યાદામાંથી બહાર એટલા માટે જાઓ છો કે આપને જે અધિકાર મળ્યો છે એ અધિકારનો ઉપયોગ કરવાને બદલે આપે સભાગૃહમાં આ વાત મૂકી છે એ બિલકુલ વાજબી નથી. આપ પણ કમિટીમાં છો અને માનનીય મંત્રીશ્રી પણ કમિટીમાં છે. બન્ને સાથે બેસીને ચર્ચા કરીને નકકી કરી શકો છો.

### અધિસૂચનાઓ

**શ્રી વલ્લભભાઈ પો. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા. ૨૦-૪-૮૫ ની અધિસૂચના ક્રમાંક-જી એચપી-૩૬-એમ. સી. જી-૧૦૮૪-૨૩૦૧-જે, સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચના સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.

**શ્રી દોલતભાઈ ચે. પરમાર (પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કામકાજની યાદી ક્રમાંક ૩ ની પેટા બાબત (૪)માં દર્શાવેલ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની નીચેની અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

(ક) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૩-૧૯૮૫-નપમ--૧૦૮૩-૧૬૯૩ (૧)--ક--૧.



**શ્રી દોલતભાઈ ચે. પરમાર ]**

(ખ) તા. ૧૮-૫-૮૫ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૪-૧૯૮૫-નપમ ૧૦૮૩--૧૬૯૩ (૨) ક--૧.

(ગ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૫/-૧૯૮૫-નપમ-૧૦૮૩--૧૬૯૩-(૩)--ક--૧.

(ઘ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૬-૧૯૮૫- નપમ-૧૦૮૪--૧૬૯૩ (૪)--ક--૧.

(ચ) તા. ૧૮-૫-૮૫ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૭-૧૯૮૫-નપમ-૧૦૮૪-૧૬૯૩ (૫) ક--૧.

(છ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક--કેપી--૧૮-૧૯૮૫-નપમ ૧૦૮૩-૧૬૯૩- (૬) ક--૧.

(જ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક-કેપી-૧૯-૧૯૮૫-નપમ -૧૦૮૪-૧૬૯૩ (૭) ક--૧.

(ઝ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૨૦-૧૯૮૫-નપમ -૧૦૮૪--૧૬૯૩- (૮) ક--૧.

(ટ) તા. ૧૮-૫-૮૫ ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૨ - ૧૯૮૫-નપમ ૧૦૮૩-૧૬૯૩ (૧૦) ક--૧.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવામાં આવી

### વટહુકમ ક્રમાંક ૧૧ નામંજૂર કરતો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ્ટ (ખાડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ સન ૧૯૮૫ નો વટહુકમ ક્રમાંક ૧૧ સન ૧૯૮૫નો ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતનો વટહુકમ ના મંજૂર કરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

### સન ૧૯૮૫નું* ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦

### ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબત વિધેયક, ૧૯૮૫

દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યકિતઓ, ઔષધ ગુનેગારો, અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની જાહેર વ્યવસ્થા જાળવી રાખવાનો બાધ આવે તેવી અસામાજીક અને ભયજનક પ્રવૃતિઓ અટકાવવાનો તેમની નિવારક અટકાયત માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી (ગૃહ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક ૨૦ સન ૧૯૮૫ નું ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતનું વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરૂં છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમરસિંહ ભી. ચૌધરી (ગૃહ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૧૯૮૫ ના વિધેયક ક્રમાંક ૨૦ સન ૧૯૮૫ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ

---

*આ વિધેયક ગુજરાત રાજપત્રમાં ૨૬મી જૂન, ૧૯૮૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

અટકાવવા બાબતના વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પરિસ્થિતિની અંદર ગુજરાત અસામાજિક પ્રવૃતિ અટકાવવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે. એ અગાઉ વટહુકમ લાવ્યા. વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ નીચે મળેલી બિન-સરકારી સભ્યોને જે તકો છે એ આધારે આ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ કરું છું ત્યારે મારે કહેવું જોઈએ કે આ વટહુકમ અસલ નથી તેથી તેને અસરકારક બનાવવો જોઈએ. આ સરકાર આ વટહુકમ દ્વારા અસામાજિક તત્વોને અંકુશમાં લઈ શકે તેવી શકિતશાળી સરકાર નથી. એના માટે કેટલાક દાખલા આપવા માગું છું.

ગુંડા નાબૂદી ધારો અસામાજિક તત્વોને જેર કરવા માટે લાવવો જોઈએ એવું વર્ષોથી આપણા આગેવાનો કહેતા આવ્યાં છે અને છેલ્લાં પાંચ વર્ષની અંદર અનેક વખત રજૂઆતો પણ કરી હતી, માનગઢની ઘટના બની ત્યારે તો તેની ભૂમિ ઉપર રહેતા અને હાલના આરોગ્ય મંત્રીશ્રીએ પણ એ માગણીની અંદર પોતાનો અવાજ રજૂ કર્યો હતો. માનગઢની ઘટના બાદ રાજ્યમાં અનેક જગ્યાએ આવી ઘટનાઓ બનતી જ રહી અને અસામાજિક તત્વો આવી ઘટનાઓનું સર્જન કરનારા બનતા ગયા અને પરિણામ એ આવ્યું કે આજે ગુજરાતની અંદર આતંકનો આક્રોશ પ્રગટયો ત્યાં સુધી આ કાયદો બનતા વાર લાગી. કાયદો વટહુકમના સ્વરુપે આવે છે ત્યારે આપણે આ કયાંથી લઈ આવ્યા ?

રાજય સરકારના કયાદા ખાતાએ અભ્યાસ જ નથી કર્યો એવું લાગે છે. રાજય સરકારના કાયદા ખાતા પાસે સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ આવ્યું છે એનો પણ રાજયના કાયદા ખાતાએ અભ્યાસ નથી કર્યો એની વિગતો હું આ સભાગૃહને આપવાનો છું. પરંતુ રાજય સરકારે તો તામીલનાડુનું એક બિલ મારા ભૂતપૂર્વ સભ્યશ્રી લાખાણી લઈને આવ્યા હતા એ લાખાણીના બિલને, સરકારી સભ્યના બિલને તામીલનાડુના બિલ ઉપર ગુજરાતનું બિલ બનાવ્યું છે અને ગુજરાતના બિલને આધારે આ સરકાર વટહુકમના અમલ માટે લઈ આવી છે તેથી આ બિલ અપૂરતું છે એની હું વાત કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા સરકારને કહું છું કે બિહારની અંદર પણ આવો કાયદો આવ્યો અને એના ઉપર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ આવ્યું. એ જજમેન્ટ જો આ સરકારે કે કાયદા ખાતાએ આ બિલ સાથે જોડયું હોત તો એક નવું જ સર્જન થઈ શકયું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એ અસામાજિક તત્વોની જનેતા છે. એ જ એને રક્ષણ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષના દાખલા આપી શકું એમ છું. હમણાંના દાખલા આપતો નથી. (અંતરાય) હું એ આપવાનો છું અત્યારે પણ પરિસ્થિતિ એવી છે કે અત્યારે એ પ્રકારના અસામાજિક તત્વો ફાલતા જોયા છે. એક વ્હાઈટ કોલર એન્ટીસોશિયલ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરું છું તે બધા જ સભ્યોના મત વિસ્તારને સ્પર્શે છે. [illegible] વિસ્તારની અંદર જઈને કોઈને પૂછજો કે નાણાં ધીરનાર એક પેઢી ભાગી ગઈ, એ નાણાં ધીરનાર પેઢીએ ચિટિંગ કર્યું, એ નાણાં ધીરનાર પેઢી છેતરપિંડી કરે અને એને કારણે



ગુજરાતની પ્રજાના ૮૦ કરોડ રૂપિયા જાય છે. સરકારને પૂછીએ તો જવાબ એમ મળે છે કે એની ઉચ્ચ કક્ષાએ તપાસ ચાલુ છે. પરંતુ સરકાર તપાસ કેવી રીતે કરે ? કારણ કે એ પેઢીના આગેવાનોની સાથે સાથે તો રાજયના મુખ્ય મંત્રીશ્રીના ફોટાઓ છાપાઓમાં છપાતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સૌરાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન ભાવનગર જિલ્લાના માનગઢ તરફ હું જતો હતો ત્યારે એક ગરીબ ખેડૂત મારી પાસે આવ્યો. એ પેઢીનું નામ હું બોલતો નથી પણ એ ખેડૂત મારી પાસે રડતો રડતો આવ્યો અને તેણે મને કહ્યું કે આમાં મારા પૈસા ગયા છે અને મારા એ પૈસા મને પાછા મળે એવો કાંઈક પ્રયત્ન કરો તો મેં એને પૂછ્યું કે તેં આ પેઢીમાં પૈસા શા માટે મૂકયા હતા ? તેની સધ્ધરતા તો તારે જોવી હતી ? ત્યારે, માનનીય અધ્યક્ષશ્રી, એમને મને કહ્યું કે મુખ્ય મંત્રીશ્રી સાથે આ પેઢીના આગેવાનોના ફોટા મેં જોયા એટલે તે પેઢી મને સધ્ધર લાગી. મેં કહ્યું કે કંપની સધ્ધર હતી કે પેઢી સધ્ધર હતી ? સરકારની નૈતિક તાકાત હોય તો (અંતરાય) ગુજરાતના ગરીબ માણસોના રૂા. ૮૦ કરોડ કરતાં પણ વધારે પૈસા દબાવીને જે અસામાજિક તત્વો બેસી ગયા હોય, રાજયના મુખ્ય મંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે ચૂંટણી પહેલા કે એમને પકડીને પૂરી દેવામાં આવશે. નામદાર રાજ્યપાલશ્રી સમક્ષ પણ ઘણી ફરિયાદો થઈ છે. તો આ ધારા નીચે પણ તેમની ધરપકડ કરવામાં આવતી નથી. બીજા કોઈ ધારા નીચે એની ધરપકડ થાય તેવી હું આશા નથી રાખતો. માનનીય ગૃહ મંત્રીશ્રી, બાકીના કાયદાઓમાં તેઓ સપડાતા નથી. જયારે બાકીના

ગુના પકડાતા નથી અને રાજકીય આશરો મેળવે છે. ગરીબ માણસોનું શોષણ કરે છે, આવા લોકોની ધરપકડ કરવાની સરકારની નૈતિક શકિત હોય તો હું એને આવકારવા તૈયાર છું. સરકાર ખાતરી આપે, એટલા માટે હું આ પ્રયત્ન કરી રહયો છું. રાજયની અંદર કેવી રીતે બનાવો બને છે સુરતનો બનાવ બન્યો. વ્હાઈટ કોલર એન્ટી સોશિયલની વાત કરું છું. સુરતમાં કેન્દ્ર સરકારના અધિકારીઓ સામે હુમલા થયા. માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે ૧૭ મિનિટમાં પોલીસ પહોંચી ગઈ અને ખાસ ઈજા થઈ નહોતી. સ્થળ ઉપર જઈ હું તપાસ કરી આવ્યો કે ૧૭ મિનિટમાં પોલીસ પહોંચી નહોતી.

બીજી વસ્તુ છે. સુરતમાં કેન્દ્ર સરકારના અધિકારીઓ સામે થવાની એની હિંમત કેમ પેદા થઈ ? આવું કામ કેમ કરી શકયા આવી હિંમત કેમ પેદા થઈ, એનો ઉંડો અભ્યાસ છેલ્લા પાંચ વર્ષનો કરવામાં આવે તો શાંતિનાથ સિલ્ક મિલનો રિપોર્ટ આ સરકાર પાસે આવી ગયો છતાં, સાત-સાત લોકોનું ખૂન કરનાર, મારી નાખનાર, શાંતિનાથ સિલ્ક મિલનો માલિક સલામત બેઠો હોય, એની સામે સરકારે કોઈ પગલાં ભર્યા નથી, એને જેલના સળિયા પાછળ મોકલવા પ્રક્રિયા થઈ નથી. પરિણામે આવા ધોળા હાથી જેવા ગણાતા અસામાજિક તત્વો રાજયમાં સલામત ફરતા હોય છે, એટલા માટે કે એને રાજય સરકારનો આશ્રય હોય છે. હિંમત હોય છે, નિર્ભય બનીને તેઓ ફરે છે. તેઓ માને છે કે કશું થવાનું નથી. કેન્દ્ર સરકારના કર્મચારીઓ પર હુમલા કરે, ઈન્કમટેક્ષના કર્મચારીઓને મારે, એમને કશું થવાનું નથી કારણ કે ગાંધીનગરમાં બેઠેલ સરકાર એ અમારી સરકાર છે એમ તેઓ માને છે. સરકાર

શ્રી અશોક ભટ્ટ ]

સામે મારો વાંધો હોય તો તે એ છે કે અસામાજિક તત્ત્વોને સરકાર આશ્રય આપે છે. આ વાત એટલા માટે કહું છું કે બાકીના ખૂનના ગુનાના દાખલા આપવા માગતો નથી. અમદાવાદમાં ગરીબ બહેનનું ખૂન થયું, તપાસ અધૂરી રહી ગઈ. અમદાવાદના પોલીસ સ્ટેશનમાં પરશુરામ નામના માણસને માર્યો, એને પ્રાઈવેટ કમ્પ્લેન કરવી પડી, એની ફરિયાદ કરવા માગતો નથી પણ હું તો એ વાત કરવા માગું છું કે આ રાજ્યમાં પાંચ વર્ષ તો એવા ગયા છે કે જ્યાં આદિવાસી વિકાસ કોરપોરેશનના પ્રમુખ સ્વ. વસાવાનું ખૂન થયું, તેના ખૂનીને પકડવા માટે રાજ્યના આદિવાસી ભાઈઓને કેન્દ્ર સરકાર પાસે જઈને ફરિયાદ કરવી પડી. માનનીય ગૃહ મંત્રીશ્રી આ ગૃહને ખાતરી આપે, હવે તો એનો ખૂની પકડાઈ ગયો છે. પણ એ ખૂની છૂટી ન જાય એટલા માટે ઉચ્ચ કક્ષાની અદાલતમાં એનો કેસ ચાલે ત્યારે માત્ર ત્યાંના સ્થાનિક સરકારી વકીલને બદલે પ્રતિષ્ઠાનો કેસ હોવાથી એની અંદર સ્પેશિયલ પ્લીડર રોકાય એવી માગણી ત્યાંથી આવી હતી પણ આ માંગણી એ વખતના ગૃહમંત્રીએ નકારી નાખી હતી. હવે આદિવાસી ગૃહ મંત્રી છે ત્યારે તેનો સ્વીકાર કરશે એવી આપના દ્વારા એમને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્યની અંદર કોંગ્રેસ પક્ષના એક અગ્રણી નેતા, આદિવાસી નેતાની ધરપકડ કરવા માટે આ સરકારના ગૃહ મંત્રીશ્રી અને આ સરકાર નાકામિયાબ નીવડી હતી, ત્યારે આ સરકાર પાસે સામાન્ય જનતા કઈ અપેક્ષા રાખી શકે ? કયું કારણ હતું? કોણ એના માટે જવાબદાર હતું? કયા પરિબળો રોકતા હતા કે જે પોલીસને આ ખૂનીને પકડતા રોકતું હતું? તપાસ કરવા ગયેલા અધિકારીના કહેવા પ્રમાણે રોકનારા પણ એજ પક્ષના હતા, એવું જો ખરેખર હોય તો એ શરમજનક છે. હું આ દાખલા દ્વારા પુરવાર કરવા માગું છું. બતાવવા માગું છું કે ભૂતકાળની અંદર છેલ્લા પાંચ વરસમાં જે રાજકીય આશ્રય અપાયો, જે રાજકીય રીતે તેમને પોષ્યા તેને કારણે ગુનો કરનારા, ખૂનો કરનારા, ગોળીઓ ચલાવનારાઓની વૃત્તિ વધતી જાય છે અને પરિણામે આજે ગુજરાતમાં જે અગનખેલ ફેલાતો જાય છે એના માટે આજના ગૃહ મંત્રીશ્રી હાઉસમાં આવીને એમ કહે કે હું શું કરું મને તો આ બધું વારસામાં મળ્યું છે તો એમના જવાબને મારે સ્વીકારવો પડશે. એમણે ઘણો પરિશ્રમ કરવો પડે તેમ છે, હું જાણું છું કે અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી આ બધા દાખલાઓ આપના દ્વારા આપવા પડે છે અને એટલા માટે કહું છું કે આ ગૃહ મંત્રીશ્રી કેટલીક પ્રવૃત્તિઓથી દૂર રહે.

ગયા ગૃહ મંત્રીશ્રીએ માર્શલ એન્ડ માર્શલ નામની એક કંપનીએ મોપેડ નોંધાવવા માટેની જાહેરાત આપી ત્યારે લોકોએ જોયું કે આ કંપનીના ઉદ્ઘાટક તરીકે માનનીય ગૃહ મંત્રીશ્રી છે, અને જ્યારે ગૃહ મંત્રીશ્રીની કક્ષાની વ્યક્તિ એક કંપનીના ઉદ્ઘાટક હોય ત્યારે લોકોને વિશ્વાસ બેસે છે કે આ કંપનીમાં આપણે મોપેડ નોંધાવીશું તો આપણને એ વહેલું મળશે. અને પરિણામ શું આવ્યું કે એક કરોડ રૂપિયા લઈને પેલો ચાલ્યો ગયો. ગરીબ માણસના પૈસા હતા, કોઈ કારવાળાના કે કોઈ મારૂતિની નોંધણીના પૈસા ન હતા. ગરીબ અને મધ્યમ વર્ગના માણસોના એક કરોડ રૂપિયા લઈને એ ચાલ્યો ગયો. ગૃહ મંત્રીશ્રી આવા કાર્યક્રમ હાજર રહેવાના હતા, તેઓ એનાં ઉદ્ઘાટન કરવાના હતા એટલા માટે લોકોએ પૈસા ભર્યા હતા એક વિશ્વાસથી, આ પ્રકારનો રાજકીય આશ્રય, આ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ, એની સાથે જોડાયેલા લોકો, આ પ્રકારની આપણી



શ્રી અશોક ભટ્ટ ]

કાર્યરીતિ, આ પ્રકારની આપણી પધ્ધતિ, અને એ પછી પણ આપણે એમ કહીએ કે અમે અસામાજિક તત્ત્વોને કાબૂમાં લઈને એને નિર્મુળ કરવાને માટે શકિતમાન છીએ ત્યારે મને થોડી શંકા પેદા થાય છે. એ શંકાનું નિવારણ સરકારશ્રી દ્વારા થાય એટલા માટે આ ભૂતકાળને હું વાગોળતો હતો. (અંતરાય) આપના જ પક્ષના છે, એમના નામ લેવાની જરૂર નથી, આપ સૌ જાણો છો. અમદાવાદ શહેરની અંદર કોર્ટના એક અગત્યનો ચુકાદો આવ્યો. ત્રણ-ત્રણ ખૂનનાં ખૂનીનો આવ્યો. એ ચુકાદો આપની વખતે સેશન્સ કોર્ટના જજે લખ્યું કે જેણે વીસ મિનિટમાં ત્રણ ખૂનો કર્યા હોય તેવા વરૂને છૂટો ન મુકાય. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એક દિવસ અમદાવાદના મણિનગરના પૂર્વ વિસ્તારની અંદર કોંગ્રેસ હાઉસના કાર્યાલયની અંદરથી, એની ઓફિસની અંદરથી ખંજરો નીકળી, એની તસ્વીરો આ ગૃહમાં રજૂ થઈ ગઈ. અસામાજિક તત્ત્વો સારા રક્તદાતા છે એવું પ્રમાણપત્ર આપ્યું અને એના કારણે અસામાજિક પરિબળો બળવાન બન્યા. સમાજની અંદર રાક્ષસી પરિબળ તરીકે બહાર આવ્યા ત્યારે આપણે આ પાટલી ઉપર બેઠા હોઈએ કે પેલી પાટલી ઉપર પણ આપણે સૌ સભ્યોએ એક આચારસંહિતા નક્કી કરી લેવી પડશે. જો અસામાજિક પ્રવૃત્તિને નિર્મૂળ કરવી હશે, ગુંડાગીરી ખતમ કરી નાંખવી હશે, આ ફણીધર નાગને સમાજની અંદર છૂટો ન રાખવો હોય તો આપણે સૌ લોકોએ મર્યાદાની કેટલીક લક્ષ્મણ રેખા બાંધવી પડશે. **(અંતરાય)** હું તો મારી વિગતો આપું છું કે એ વાત કરતો હતો કે આ ગૃહ મંત્રીશ્રી આચારસંહિતાની વાત કરશે કે ચૂંટણીઓ આવે ત્યારે જેલમાં બેઠેલાઓને પેરોલ નહીં મળે, બાકીના સમયમાં પેરોલ આપો પણ જે નામી અસામાજિક તત્ત્વો છે, જેનો ચૂંટણીમાં લાભ લેવો છે એવાને પેરોલ નહીં જ મળે. સામાજિક કારણસર પેરોલ મળે એની સામે વાંધો નથી, માંદગીમાં પેરોલ મળે એની સામે વાંધો નથી પણ ચૂંટણીઓ આવે ત્યારે આપણે અસામાજિક તત્ત્વોને પેરોલ આપીએ છીએ ત્યારે પરિણામ એ આવે છે કે પોરબંદરની જેલ બંધ કરવી પડી. હવે ગુજરાતની બીજી જેલો પણ બંધ કરવાનો વારો આવવાનો છે. મેં કીધું તેમ દારૂ વેચનારો, જુગાર રમનારો એ તો અસામાજિક છે જ પણ છરી લઈને લૂંટનારો પણ અસામાજિક છે, એને ડામી દેવો જોઈએ, એને નિર્મૂળ કરવો જોઈએ, એને ભટકતો નહીં રાખવો જોઈએ. હથિયાર લઈને ફરનાર ગુંડાઓને ખતમ કરી નાંખવા જોઈએ, અંકુશમાં રાખવા જોઈએ. પણ એ પહેલાં આપણે કેટલીક વસ્તુઓ કાબૂમાં રાખવી પડશે. કેટલાક નવા પ્રકારના અસામાજિક તત્ત્વો, બુધ્ધિશાળી અસામાજિક તત્ત્વો પેદા થયા છે. એક અસામાજિક તત્ત્વો અમદાવાદના રિલીફ શોપિંગ સેન્ટરમાં બેઠા છે. એણે આર. એમ.પી.ના સર્ટિફિકેટો વેચ્યાં. રજિસ્ટર્ડ મેડિકલ પ્રેકટિશનર નહીં રેગ્યુલર મેડિકલ પ્રેકટિશનર. છોકરો ૫૦૦ રૂપિયા આપે એટલે ડોકટર થઈ જાય એનો જે પહેલો કાર્યક્રમ હતો ત્યારે એની અંદર એ વખતના રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રીએ હાજરી આપી હતી. આરોગ્યના સર્ટિફિકેટ આપનાર માણસ બંધ જ થઈ જાય. મારો વાંધો આ જ છે. ફાર્માસિસ્ટ અને કમ્પાઉન્ડરના પ્રમાણપત્રો આપે છે. ખુલ્લેઆમ વેચાય છે. આમાં ગામડાનો ગરીબ માણસ અને અભણ માણસ એ પ્રમાણપત્ર લે છે અને છેતરાય છે. આ પ્રમાણપત્રો લઈ એ કાંતો નોકરી કરે છે અથવા દવાખાનું ખોલે છે. ત્યારે જાણે માણસો મારવાનું લાયસન્સ ગુજરાતમાં વેચાતું મળતું હોય એવી સ્થિતિ આપણે પેદા કરી છે. આવા તો અનેક પ્રકારના દાખલાઓ છે, એમાંના કેટલાક આપું છું.

[શ્રી અશોક ભટ્ટ ]

મારી સરકારને વિનંતી એ છે કે, આપણે મિત્રો રાખીએ, ઉદ્યોગપતિઓ સાથે સંબંધો રાખીએ અને તેમની સાથેના સંબંધો પણ વિસ્તારતા જઈએ, પરંતુ, ખુદ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ, રાજ્યના અધિકારીઓએ આવા સંબંધો ન રાખવા જોઈએ, જેને લીધે, માનનીય અધ્યક્ષશ્રી, પ્રોબ નામના મેગેઝીનને ફોટા છાપવા પડે. આવા ફોટા અને લખાણો જોતાં અને વાંચતા શરમ આવે છે. કદાચ રાજ્યની બીજી વ્યકિતને, ડાયરેકટર ઓફ ઈન્ફર્મેશનને શરમ નહીં આવતી હોય, પણ એ લખાણ વાંચતા મને તો શરમ આવે જ છે. એમ થાય છે કે મારા રાજ્યના મુખ્ય મંત્રીશ્રીની આવી બેઈજ્જતી અખબારમાં થયેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલું ગૌરવ અને સંયમ ન જાળવી શકતા હોય તો તે સંબંધો કટઓફ કરી શકે. તેઓ કોની સાથે સંબંધ રાખે છે. એ તો જોવું જોઈએ ને, એને તો ઓળખવા જોઈએ ને ? આ ફરિયાદ માત્ર મારી જ નથી, ત્યાં બેઠેલા છે તેમની પણ છે. એટલે આવી ફરિયાદ માત્ર કાંઈ વિરોધપક્ષોની જ નથી.

ગુજરાત મૂલ્યનિષ્ઠ રાજકારણમાં માને છે, લોકશાહીના આદર્શ સિધ્ધાંતોમાં માનનારું આ રાજ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી લોકશાહી પ્રણાલિકા એવા પ્રકારની છે કે રામે સીતા માટેની ટીકા ધોબી પાસે સાંભળી અને તેમણે તેમની અગ્નિપરીક્ષા કરી, જ્યારે અહીં તો એકે એક માણસ, માત્ર એક ધોબી જ નહીં પણ અનેક લોકો ટીકા કરતા થઈ ગયા છે છતાં પણ આપણે અગ્નિપરીક્ષા કરાવતા નથી. આપણી સરકારની અગ્નિપરીક્ષા થતી નથી ત્યારે મને અશ્રધ્ધા થતી જાય છે કે અસામાજિક તત્વો અંગેનું બિલ જે સરકાર પોતે લાવી રહી છે એ સરકારની પાસે એટલી ક્ષમતા છે ખરી કે એને કાયદામાં લાવી શકશે? અને એ ક્ષમતા ન હોય તો આ સરકારના હાથમાં આવું શસ્ત્ર આપતાં શું થશે એનો આ ગૃહે ગંભીરતાથી વિચાર કરવો પડશે. અમદાવાદના દારૂવાળાઓને અને જુગારવાળાઓને કબજે કરવા પડશે એમ આપણે ઘણીવાર કહીએ છીએ. તો કરી નાખો, કોણ ના પાડે છે ? અમદાવાદના દારૂ વેચનારાઓની યાદી ગૃહમંત્રીશ્રીને ત્રણ વખત મેં આપી છે અને આ ગૃહની અંદર પડકાર આપ્યો હતો કે અમદાવાદની અંદર દારૂ વેચાતો જોવો હોય તો એ જોવા માટે મેં એમને આમંત્રણ પણ આપ્યું હતું, પરંતુ મારી મુશ્કેલી એ છે કે એ વખતના નાયબ શ્રમમંત્રીશ્રી અને એ વખતના નાણા મંત્રીશ્રી એક ટ્રાવેલિંગ કંપનીનું ઉદઘાટન કરવા ગયા હતા કે જે ટ્રાવેલિંગ કંપનીનો માલિક દારૂ વેચનારો હતો. આપણે આવા સંયમો નહીં પાળીએ અને આવા કાયદા કરીશું તો એનો અમલ થવાનો નથી. હું અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશનના માણસોની વાત કરવા માગતો નથી. પરંતુ મારે એ જાણવું છે કે આ ગૃહ મંત્રીશ્રીએ પરમ દિવસે એકરાર કર્યો અને આજે સભાગૃહની અંદર એક ગંભીર વાતનો એમણે સ્વીકાર કર્યો. માનનીય સભ્યશ્રી મારખીભાઈના ઉપર એક નનામી અરજી આવી, કારણ કે નામ આપતાં માણસ ગભરાય છે. ગભરાય એ સ્વાભાવિક છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે બે પેટી વિદેશી શસ્ત્રો જામનગરના જામખંભાળિયા ગામની અંદરથી મળ્યા. ત્યારે એ વિદેશી શસ્ત્રો દાણચોરો લાવેલા. માનનીય મંત્રીશ્રી માને છે એવા નથી. કોઈ જઈને આવે છે અને એકાદ બે લઈને આવે છે એવું નથી. મોટા પ્રમાણમાં વિદેશી શસ્ત્રો રાજ્યની અંદર ઘૂસાડવાના બનાવો બનતા જાય છે અને ગંભીરતાપૂર્વક મારે



શ્રી અશોક ભટ્ટ ]

કહેવું જોઈએ કે ગુજરાત એ સરહદી રાજ્ય છે અને એટલા માટે ગુજરાતની અંદર આતંક ફેલાવનારા તત્વોને પંજાબની માફક શસ્ત્રો પૂરા પાડવાનું કામ કોઈ નજીકનો પડોશી દેશ કરી નથી રહયોને, એ ખૂબ ગંભીરતાથી જોવું પડશે. અને માત્ર સરળતાથી, એને માત્ર સાહજિકતાથી જોઈ લઈશું કે કોઈ એક વહાણ સલાયાથી ગયું અને એક બંદૂક લઈને આવ્યું એવું નથી. તેઓ લઈને આવે છે. ચાલીશ હજાર રૂપિયાની અંદર અમેરિકન જર્મની અને ઈટાલીની રિવોલ્વરો વેચાય છે. અને આવું જયારે હું કહીશ ત્યારે હું જાણું છું કે ત્રણ વખત મારી આવી માહિતીને ઉતારી પાડીને જવાબ આપે છે એનું મને ભયંકર દુ:ખ છે. માનનીય અધ્યક્ષશ્રી, એમતે મને એક વખત એવું કહયું હતું, કે જયારે હું મહિતી આપું છું એના કરતાં વિશેષ માહિતી એમની પાસે હોય છે અને એમ કહીને મને વિશેષ માહિતી આપવાને બદલે, એના ઉપર પગલાં લેવાની ખાતરી આપવાને બદલે એમણે મને ઉતારી પાડવાનો પ્રયત્ન કર્યો હતો. એનું મને દુ:ખ છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રના હિતની અંદર, રાજયના હિતની અંદર, આ માહિતી મારે સરકારશ્રીને પહોંચાડવાની છે અને એટલા માટે કહું છું કે રાજયની અંદર દાણચોરી કરતી ત્રણેક ટોળકી છે, એ ત્રણ પ્રકારના કામ ગુજરાતમાં કરે છે. દાણચોરી માટેનું ગુજરાત સ્વર્ગ બની ગયું છે એ એટલા માટે કે દાણચોરોની ધરપકડ માટેની જે ભલામણો થાય છે એની અંદર એ પ્રમાણેની ધરપકડો થતી નથી. આ વખતની વાત હું નથી કરતો પણ અગાઉ ૧૯૮૪માં ગુજરાત સરકારના કસ્ટમ વિભાગે ૧૫૨ લોકોની ભલામણ કરી હતી એમાંથી ૫૨ વ્યકિતઓને પકડી હતી બાકીની ૧૦૦ને પકડવામાં ગુજરાત સરકારનું ગૃહ ખાતું નિષ્ફળ ગયું હતું. હું આશા રાખું છું કે આ દિશામાં સફળ થાય અને ગૃહ મંત્રીશ્રી પોતાની નિષ્ઠા બતાવે અને જે કાંઈ નૂટિઓ કે ખામીઓ હોય એ પૂરી કરશે. અને પરિણામે રાજયનો જે કસ્ટમ વિભાગ છે અને રાજય સરકારે પણ કહયું છે કે ૧૯૮૫ પહેલાં કેન્દ્ર સરકારના સીધા વોરન્ટથી ધરપકડો કરી હતી અને એટલા માટે હું આપના દ્વારા સરકારશ્રીને કહું છું કે રાજયમાં જે દાણચોરીની પ્રવૃતિ ફૂલીફાલી છે, હેરોઈન જેવા ભયંકર ઔષધો નશાકારક ઔષધો લાવે છે, ચરસના ગોળેગોળા વેચે છે અને એ જે તત્વો છે એ તત્વો આ વિદેશી શસ્ત્રો લાવે છે. એ જ તત્વો ગુજરાતની સરહદ ઉપરથી ગરીબ બેનોને ઉપાડી લઈ જઈને વિદેશોમાં વેચવાની પ્રવૃતિ કરે છે. એકલા માંડવી ગામમાંથી જ ૧૦૦ જેટલી હરિજન બહેનોને પકડીને લઈ જવામાં આવી છે. ટાઈમ્સ નામના એક અખબારે ૧૯૮૩માં લખ્યું હતું કે ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપરથી એક લાખ કરતાં વધારે ગાયો પાકિસ્તાન મોકલવામાં આવી હતી. આ જે પરિબળો ગુજરાતમાં ડેરો જમાવીને બેઠા છે અને એ જે પરિબળો આતંકનો પડછાયો ફેલાવે છે, તે પરિબળો ગુજરાતની આજની પરિસ્થિતિ સર્જનારા છે. આ પરિબળોને આપણે ઓળખવામાં ભૂલ ન કરીએ, હું આપના દ્વારા બહુ ગંભીરતાથી કહું છું કે જે અધિકારીઓ ૧૪ જિલ્લામાં છે અને જેમણે સફળતાપૂર્વક કામ કર્યું છે, તેમાં કચ્છના ડી.એસ.પી. જે પ્રમાણેનું કામ કરે છે એ જ પ્રમાણેની કામગીરી ગુજરાતના બધા જ પોલીસ અધિકારીઓ કરે તો અસામાજિક તત્વોને ડામવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. કચ્છ વિસ્તારના જે અસામાજિક તત્વો છે તેઓ ત્યાંના ડી.

એસ.પી.નું નામ સાંભળે તો સૂતા હોય તો ઉભા થઈ જવાય તેવું છે. તેથી, માનનીય અધ્યક્ષશ્રી, આવા પ્રમાણિક અધિકારીઓને સાચવવાની જવાબદારી સરકારની છે.

**શ્રીમતી શાંતાબહેન યો. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહયું છે કે મને કાગળ મળ્યો છે કે હરિજન બહેનોને ઉપાડી જવામાં આવી છે તો કાગળ માનનીય સભ્યશ્રી પાસેથી મળી શકશે ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ કહયું છે કે ૧૯૮૩માં મને મળેલી માહિતી મુજબ એમ કહયું છે અને હું તેની માહિતી આપી શકું તેમ છું. માંડવીના સભ્યશ્રી પણ તેની પૂરી વિગતો આપવાના છે અને તે બહેનોને રબારી નામના સબ ઈન્સ્પેકટર પાછી લાવ્યા છે.

**શ્રીમતી શાંતાબહેન યો. મકવાણા** : માનનીય સભ્યશ્રી એ જણાવશે કે એ બહેનોમાં હરિજન સિવાયની બીજી બહેનો હતી કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : મેં કહયું છે કે આ રાજયમાં બહેનોને ઉપાડીને લઈ જવાની પ્રવૃતિ પણ આ ટોળકી કરે છે અને તેના ભાગ રૂપે મારી પાસે જે ફરિયાદ આવી છે તે ફરિયાદની વિગતો મેં આપી છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, મારી પાસે કદાચ આપના કરતાં માહિતી ઓછી હોય, કારણ કે આપ એ ગરીબ વિસ્તારમાં કામ કરનારા છો પણ આપ બોલી શકતા નથી તે હું જાણું છું. (અંતરાય)

**ઉપાધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. માનનીય મંત્રીશ્રી, આપ મંત્રીશ્રી છો, આપ આપની મર્યાદા સમજો છો ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્વભાવ જ એવો છે. (અંતરાય)

(માનનીય મંત્રીશ્રીને ઉદ્દેશી)

**ઉપાધ્યક્ષશ્રી** : આપ મંત્રીશ્રી હો ત્યારે આવી વાતોમાં બહુ ખેંચાવું નહિ જોઈએ, થોડી મર્યાદા રાખવી જોઈએ, જરૂર પડે તો આપને મદદ કરવા બીજા સભ્યશ્રીઓ છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું ફરીથી વિનંતી કરું છું, એ વિસ્તારમાંથી જુદા જુદા પક્ષો આવે છે એ ગંભીરતાથી જુએ એટલા માટે મેં આટલી વિસ્તૃત વાત કરી પરંતુ હવે હું આ મુદ્દા ઉપર વાત કરતો નથી, કારણ કે મારે બીજા મુદ્દાઓ ઉપર પણ વાત કરવી છે.

રાજયના ગૃહ મંત્રીશ્રીને મારે જણાવવાનું કે અમદાવાદ શહેરની અંદરથી જેમની પાસેથી શસ્ત્રો પકડાયાં છે એમને ગુંડા ધારા હેઠળ પકડવામાં આવ્યા નથી. આ જે ધારો છે એમાં બહુ સ્પષ્ટ જોગવાઈ છે કે આવી પ્રવૃતિ કરનાર લોકોની ધરપકડ કરી શકાય છતાં પણ, માનનીય અધ્યક્ષશ્રી, મને એ ખબર નથી પડતી કે જે સતાઓ સરકારને આ સભાગૃહે અને બંધારણે અને રાજયના રાજયપાલશ્રીએ વટહુકમ દ્વારા આપી છે એ વટહુકમનો વટ કાપી નાખે તેવી પ્રવૃતિ સરકાર કરવા માંડી છે. એવી પ્રવૃતિઓ આજે શું કામ કરે છે ? એવાં કયા કારણો છે કે જેમની પાસેથી વિદેશી શસ્ત્રો મળ્યાં છતાં એમને



આ ધારા હેઠળ પકડાયા નથી? વિદેશી શસ્ત્રો પકડાયા હશે પણ વટહુકમ દ્વારા પકડયાં નથી, માનનીય અધ્યક્ષશ્રી, કેટલીકવાર આ સરકારને જાણે અજાણે કેટલીક પ્રવૃતિઓ એને ગમતી નથી અને કેટલીક ગમે છે. એના કેટલાક ગમા અને કેટલાક અણગમા છે, કેટલાક લાઈકિંગ અને ડિસ-લાઈકિંગ છે. પંચનાથ મહાદેવના મંદિરની અંદર રામધૂન કરે એ ન ગમે અને ઘી કાંટા રોડ ઉપર જે દેશના વડાપ્રધાનશ્રીની મુલાકાત થઈ હતી તેવા સ્થળ ઉપરથી શસ્ત્રોના ફોટા છાપાની અંદર છપાય અને નીકળે એવા સમાચારો વાંચ્યા અને એવા સ્થાનોએ પણ કોમ્બિંગ કર્યા પછી જવાબદાર માણસોને ત્યાંથી શસ્ત્રો મળી આવ્યા. એની પાછળનું પગેરું શોધવાનો પ્રયત્ન થાય ત્યારે, માનનીય અધ્યક્ષશ્રી, એમને એમ થાય છે કે આ વટહુકમ સાથે મેળવેલી સત્તા કોને માટે હતી અને કોની સામે વાપરવા માટે હતી ? સરકારે જે કાયદો કર્યો છે એ કાયદાની અંદર જે ઉદ્દેશો બતાવ્યા છે તે ઉદ્દેશો માત્ર બતાવવા ખાતર જ હતા ? મારો સીધો સવાલ એમને એ છે કે આજે જવાબ આપતી વખતે મંત્રીશ્રીએ કહયું કે લક્ષ્મણસિહની ખાંભી કેમ ન બનાવી અને રાણાની કેમ બનાવી ? મારો એમને સીધો સવાલ એટલો જ છે કે લક્ષ્મણસિહના આરોપીઓ અને ખૂનીઓને પકડયા તો શ્રી રાણાના આરોપીઓને કેમ છૂટા ફરવા દીધા છે ? શા માટે આવી ભેદભાવ ભરી નીતિ રાખી છે ? શા માટે એમને પકડવામાં આવતા નથી ? એવા કયાં કારણો છે કે એને છૂટા ફરવા દેવા પડે છે ? આ આરોપીઓ પકડાય તો આ ખૂનોની પાછળ કયા પ્રેરક બળો હતા એના ખુલાસાની અંદર કોઈ પક્ષના કાર્યકર્તાઓના નામો સંડોવાની શકયતા છે એટલા માટે તમે એમને છૂટા રહેવા દીધા છે, જતાં કર્યા છે. કયા એવા કારણો છે કે તમે એને પકડી નથી શકતાં શા માટે રાજયનું પોલીસ તંત્ર એવું નિર્બળ બની ગયું છે ? શું એ ક્ષમતા વિહોણું થઈ ગયું છે ? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ગૃહ મંત્રીશ્રી ધારે તો ઘડીના છઠ્ઠા ભાગની અંદર શ્રી રાણાના ખૂનીઓને પકડી શકે તેમ છે, પરંતુ શા માટે પકડતા નથી એનાં કારણો આપશે ત્યારે ખબર પડશે પણ, માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ગૃહ મંત્રીશ્રી આ કાયદો લાવ્યા છે ત્યારે મારે એક લીટીમાં જો કહેવાનું હોય તો હું એમ કહું કે ઘોડા તબેલામાંથી છૂટી ગયા પછી તબેલાને તાળું મારવા માટે ગૃહ મંત્રીશ્રી નીકળ્યા છે, કારણ કે આ અસમાજિક તત્વો જતા રહ્યા છે, એ ગુજરાતની અંદર વડોદરામાં ગયા કે કોઈ માંડલમાં ગયા કે કોઈ વિરમગામમાં ગયા, કોઈ બીજે ગયા અને ત્યાં પણ આગ ફેલાવતા ગયા. (અંતરાય) આપ જાણો છો એટલું હું જાણું છું. મારા કરતાં આપ વધારે પણ જાણતા હશો. મારું જ્ઞાન અપૂરતું હોય તો એ પૂર્તતા કરવા માટે મારી આપને વિનંતી છે. કે (અંતરાય) હું તો એટલા માટે ગૃહ મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપ વામન છો, વિરાટ કદમ ઉઠાવવા માંગો છો. એક વિરાટ કદમ ઉઠાવો એક પગલું અમદાવાદમાં ભર્યુ, અમદાવાદમાં છરા ભોંકવાના બનાવો બંધ થઈ ગયા, બોમ્બ ફેંકવાના બનાવો બંધ થઈ ગયા. બીજું કદમ ઉઠાવવા જતા હતા ત્યાં ગૃહ મંત્રીશ્રીના કદમમાં કોઈએ બેડી નાખી દીધી. એ બેડીને તોડવા માટે શું હતું ? કોણે ના પાડી ? કદમ ઉઠાવવા માટે કોણે ના પાડી ? બીજું કદમ પોલીસ સામેનું હતું. બધા સભ્યો જાણે છે, બધા લોકો કહે છે, કેટલાંક લોકો ટેલિફોન કરે છે અને ઘેર તપાસ કરે છે કે ગૃહ મંત્રીશ્રીએ

ઉઠાવેલ કદમનું પરિણામ કાંઈ આવ્યું ? ટેલિફોનની લાંબી રિંગ લાગે તો અમરસિહ ભાઈને અભિનંદન આપે છે પરંતુ અંતે વિરાટ થાય છે ત્યારે લાગે છે કે બાજુમાં બેસેલ માણસ ના પાડે છે કે આ વિરાટ ન બનતા. ના, તમે ત્રણ ડગલામાં અસામાજિક તત્વોના ત્રણ સભ્યોને ખતમ ન કરતા. એ ના પાડનાર લોકોને ફરી એક વાર કહેવું પડશે કે હવે રૂક જાવ, બહુ થઈ ગયું છે. સાડા ત્રણ માસ પહેલાં આ કદમ ઉઠાવવામાં આવેલ. સાડા ત્રણ માસ પછી ઉઠાવ્યું છે ? શું ઉઠાવ્યું છે ? અસામાજિક તત્વોને રોકવાનો કાયદો કરવાથી અસામાજિક પ્રવૃતિ બંધ થતી નથી. અસામાજિક તત્વોને ખતમ કરવાનું દ્રઢ મનોબળ આ સરકારમાં જોઈએ. આ સરકારમાં એ વિલ જોઈશે. અને એ વિલ હશે તો સરકારના ગૃહ મંત્રીશ્રીને એટલી હિંમત પક્ષના સભ્યોએ આપવી પડશે.

/ માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર ક્રિકેટમાં બને છે કે આપણી ટીમના સારા બોલર હોય અને વધારે વિકેટ લીધી હોય તો એની પાસેથી બોલિંગ લઈ લેવામાં આવે છે. એક વિકેટ આપે લીધી પછી બીજી વિકેટ લીધા પછી આપ પાસેથી બોલિંગ લઈ લેવામાં આવે છે. (અંતરાય) ગૃહ મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા જોઈએ કે સ્પષ્ટ વકતા છે, વડોદરામાં જ તેરોરો કહ્યું કે રાસંતુષ્ટ કોંગ્રેસીજનો આની અંદર ભળ્યા છે. (અંતરાય) એનો ખુલાસો કર્યો એ ખુલાસાની સામે માનનીય સંસદ સભ્ય વડોદરાનાએ એમને પત્ર લખીને પડકાર ફેંક્યો કે તમે આવું બોલ્યા છો, પત્રમાં ન આવ્યું હોત તો હું એ વાત લાવત નહીં. હું એટલા માટે આ કહી રહયો છું કે ગુજરાતમાં જે કાંઈ બની રહયું છે એ બનાવોની પાછળના જે પરિબળો છે એ પરિબળોનો કેવો ઉપયોગ થાય છે. આપણે કેટલીકવાર પોલીસની ટીકા કરતા હોઈએ છીએ પણ એની ટીકા કરતાં દયા આવે છે, કરૂણા આવે છે કે શું કરવા એમની ટીકા કરવી જોઈએ. અમદાવાદ શહેરમાં કરફ્યુ છે, એ કરફ્યુમાં જે પાસો આપાયા છે એ પાસોની જે યાદી છે એ યાદી માનનીય ગૃહ મંત્રીશ્રી જ્યારે નવરા પડે ત્યારે જુએ કે એમાં કેટલા મટકાવાળા છે, જુગારી છે, એના આંકડામાં હું પડતો નથી પણ એવા માણસોને કરફ્યુ પાસો આપાયા છે એ પાસો કઈ રીતે આપાયા એનો જરૂર આપણે વિચાર કરવો પડશે. જો પોલીસ અધિકારી દ્વારા આપાયા હોય તો પોલીસ અધિકારીની સામે પગલાં લેવાં જોઈએ કે શા માટે આપ્યા. મારા જેવા કોઈ હોદ્દેદારો દ્વારા આપ્યા છે ? કોના દ્વારા આપાયા છે ? પણ એટલો સંયમ તો રાખવાનું કહી દઈએ કે આની પ્રવૃતિની અંદર જે સંડોવાયાં છે એ છૂટા ન ફરે એ પણ જોવું રહયું. એટલી ક્ષમતા માનનીય ગૃહ મંત્રીશ્રી ધરાવતા હશે તો આ કાયદા દ્વારા, વટહુકમ દ્વારા અસામાજિક લોકોની સામે આપણે પગલાં લેવાની ક્ષમતા ધરાવીશું. આવા નાના નાના કામમાં ક્ષમતા બતાવવી એ એમની અગ્નિપરીક્ષા છે. એટલા માટે કહું છું કે ઘણીવાર ગુનેગારોને છૂટો દોર મળે છે અને એને આપેલા સહેજ છૂટા દોરનું શું પરિણામ આવે છે એ આપણે આણંદની અંદર દુકાનો લૂંટાઈ, દોઢ-બે કરોડ રૂપિયાનું નુકસાન થયું અને એના કોર્ટની અંદર જે કેસ થતા છે એમાં વીડિયો કેસેટ પણ છે. અને છાપામાં જે સમાચાર આવે છે, એ વીડીયો કેસેટમાં જે પોલીસ અધિકારીઓ હાજર રહેલા છે એ સ્થળ ઉપર હાજર રહેલા દેખાય છે. એ કોર્ટમાં બેસવા



આવે ત્યારે અથવા જ્યારે ત્યાં બનાવ બન્યો ત્યારે પોલીસ અધિકારી હાજર હતા એવું આવીને કોઈએ માનનીય મુખ્ય મંત્રીશ્રીને ફરિયાદ કરી હોય તો એની પાછળ એવા જવાબદાર અધિકારી કે જેની સામે વેપારીઓ લૂંટાયા છે, લુંટાયેલા વેપારીને રક્ષણ ન મળે અસામાજિક તત્વોને એમ કહ્યું હોય કે જાવ લુંટો, તમને કશું જ કરવાના નથી શું રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થા માત્ર વિરોધ પક્ષો માટે જ છે ? ગુજરાતની અંદર પંજાબની માફક હીટ લિસ્ટ બનાવવાની વાત તા. ૨૫મી માર્ચના સંદેશમાં આવી હતી. હીટ લિસ્ટ બનાવનાર માણસે પોતાના નામ સાથે નિવેદન કર્યું હતું છતાં આજ સુધી આવા માણસને ક્યારેય પકડવાનો પ્રયત્ન સરકાર તરફથી થયો નથી. અનામત આંદોલનનો વિરોધ કરનારા લોકો હશે એનું હીટ લિસ્ટ બનાવીશું. એવી જે હિંસાની સ્થિતિ હિંસા થતા પહેલાં એણે કરી હતી એની સામે સરકારે કોઈ પગલાં નથી લીધાં. હું સરકારશ્રીને એ કહેવા માગું છું કે ૨૫મી માર્ચનું સંદેશ મગાવી લે. અને જોઈ લે કે આ કોનું કાર્ય હતું. રાજ્યના ગૃહ મંત્રીશ્રી પાસે જૂનામાં જૂના રિપોર્ટ આવતા હોય છે. એટલે એ બાબત સરકારશ્રીના ધ્યાન બહાર નહીં હોય. પણ આવું બને છે ત્યારે આપણે રાજ્યની અંદર કેવી પરિસ્થિતી પેદા કરવા માગીએ છીએ ?

પર્યાવરણની વાત એ દેશના વડાપ્રધાનશ્રીનો બહુ રસનો વિષય છે. ત્યારે પર્યાવરણ જો રોકવું હોય તો પ્રદુષણ રોકવું પડે. આપણી વિધાનસભાની ચર્ચાનો ઉલ્લેખ કરૂં કે તા. ૧૮-૩-૭૧ના રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવની ચર્ચા વખતે તે વખતના વિરોધ પક્ષના સભ્યશ્રી સનત મહેતાએ જે શબ્દો વાપર્યા હતા તે હું ફરી વાપરવા માગું છું કે વિરોધ પક્ષના હોય એ બધાને પોલીસ તંત્ર મારફતે જેર કરવાની વાતને હું પોલિટિકલ પોલ્યુશન કહેવડાવું છું. રાજ્યની અંદર ફેકટરીનું ગંદુ પાણી જેટલું ખરાબ છે. તેનાં કરતાં આ રાજ્યનું પોલિટિકલ પોલ્યુશન વધારે ખરાબ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૧માં સૌથી પહેલાં સરકારને રાજકીય પ્રદુષણ સામે ચેતવવાના પ્રયાસો તે વખતના માનનીય સભ્યશ્રી સનતભાઈએ કર્યા હતા. એ વખતે પ્રદુષણ કેવું હતું તે આપણે જાણીએ છીએ. એ વખતના વિરોધપક્ષના સભ્યોને એન. એસ. એ. હેઠળ પકડીને પૂરી દેવામાં આવતા નહોતા, ટેલિફોન ટેપ કરવામાં આવતા નહોતા તે વખતે સભ્યશ્રી ઉપર ૩૦૨ના કેસો દાખલ કરવામાં આવતા નહોતા, ખોટા આળ નાંખવાના પ્રયત્નો કરવામાં આવતા નહોતા. આજે માનનીય સભ્યશ્રી સનતભાઈને પૂછીએ કે પોલીસ તંત્રનો ઉપયોગ કરીને વિરોધપક્ષના સભ્યોને જેર કરવા માટે કેટલો વપરાય છે?

**શ્રી મનુભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ એક માજી સભ્યશ્રીનું વકતવ્ય ટાંકીને વાત કરે ત્યાં સુધી તો બરાબર હતું પણ વારંવાર એ સભ્યનું નામ લઈને આ ગૃહની અંદર આવી રીતે ચર્ચા કરી શકે કે કેમ ? માનનીય અશોકભાઈએ સનતભાઈનું નામ લઈને પુનઃ પાછી એની એ જ વાત શરૂ કરી દીધી છે.

**ઉપાધ્યક્ષશ્રી** : સામાન્ય રીતે આપણે સભાગૃહમાં પહેલાં કોઈ કાર્યવાહી થઈ હોય તેના અનુસંધાને વાત કરી શકીએ પણ કોઈ સભ્ય જ્યારે આ ગૃહના સભ્ય ન હોય ત્યારે એમના વિશે કોઈ આક્ષેપાત્મક વાત ન કરવી જોઈએ અને તેમની લાગણી ન દુભાય તેની કાળજી રાખવી જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ :** મારે દુઃખ સાથ કહેવું પડે છે કે માનનીય સનતભાઈ માટે માનનીય મનુભાઈને કેટલી લાગણી છે એ તો ગયા પાંચ વર્ષમાં જ તેમના અને સનતભાઈ સાથેના સંબંધો જે હતા તેના ઉપરથી કહી શકાય છે. જે સનત-ભાઈને એમણે ગુરૂપદે સ્થાપ્યા હતા અને તેમના શિષ્યપદે હતા...

**શ્રી મનુભાઈ પરમાર :** એમાં એક જ એની એ જ વાત રિપીટ કરી રહયા છે.

**ઉપાધ્યક્ષશ્રી :** આ તો આપના સંબંધોની વાત છે. આપના સંબંધો બહુ મીઠા હતા.

**શ્રી મનુભાઈ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે મારા સંબંધો તો અશોકભાઈ સાથે પણ સનતભાઈ કરતાં વધુ મીઠા છે પણ આ ગૃહની અંદર સંબંધોની ચર્ચા કરવી વાજબી નથી.

**શ્રી અશોક ભટ્ટ :** મારે મીઠા સંબંધોની કે સ્નેહભર્યા સંબંધોના સંભારણાની યાદ આપવી નહોતી. હું તો એટલા માટે કહેતો હતો કે સનતભાઈ માટે મને શ્રધ્ધા છે. સનતભાઈના પગલે પગલે હું પણ ચાલ્યો હતો અને એવા ચાલનારા સભ્યોને એમ થાય છે કે હું જે વાત નથી કરી શકતો એ વાત સામી પાટલી પરથી થાય ત્યારે મને આનંદ થાય. એવો આનંદ માણવાના એક વિશાળ અર્થમાં હું કહેતો હતો. હું જે કહેતો હતો એ વૈચારિક તત્વ મારે સનતભાઈ સાથે, આમાં કોઈની લાગણી દુભાવવાનો કે લાગણીના સ્નેહભર્યા સંબંધોને ઉશ્કેરવાનો આશય નહોતો. હું બહુ જ ગંભીરતાપૂર્વક કહેતો હતો કે રાજ્યની અંદર જાહેર જીવનની અંદર રાજકીય પ્રદુષણ આપણે પેદા કર્યું છે. તો રાજકીય પ્રદુષણ પેદા થશે તે કેવું હશે. અને એનું પરિણામ શું આવશે ? અત્યારે એમ લાગે છે કે (અંતરાય) માનનીય સભ્યશ્રી કાંતિભાઈએ બેઠાં બેઠાં કહયું કે તે વખતે કોઈ ગુના કરતા નહોતા ત્યારે મને આ વાત યાદ આવી. ગ્રીસના એક રાજાએ ગુલામ રાજાઓને પકડયા હતા અને ગુલામ રાજાઓની પાસે રથ ખેંચાવતો હતો. તે વખતે રથ ઉપર બેઠો બેઠો રાજા હસતો હતો. અને ખુશ થતો હતો. અને મજા માણતો હતો. અને એ એમ કહી રહયો હતો કે હું તો હસું છું. ત્યારે એક ગુલામ રાજા બાજુમાંથી નીકળતો હતો તે તથા થાક ખાવા માટે નીકળતી વેળાએ હસ્યો, અને આ ગુલામ રાજાને હસતો જોઈને પેલા રાજાને નવાઈ લાગી. તેણે પુછયું કે ભાઈ, આટલા પરિશ્રમ પછી પણ તું કેમ હસે છે. તો પેલા ગુલામ રાજાએ કહયું કે હું એટલા માટે હસું છું. કે પૈડુ ઉપર ગયા પછી નીચે પણ આવે, ઉપર જાય છે. અને ફરી પાછું નીચે આવે છે. આ હું છેલ્લી દસ મિનિટથી જોઈ રહયો છું. એટલે મારે સરકારને એ જ કહેવું છે કે આ પૈડું કેટલી મિનિટમાં ફરીથી આવશે, કેટલા કલાકમાં આવશે, કેટલા વખતમાં આવશે ? પૈડું નીચે આવવાનું છે. અને પૈડુ નીચે આવશે? ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રણાલિકા આપણે ચાલુ રાખવાના છીએ, આ જ પ્રવૃતિ ચાલુ રાખવાના છીએ. વિરોધ પક્ષોને ખતમ કરવા માટે? આ પાંચ વર્ષ તમારાં આવ્યા છે. અને પછી પાંચ વર્ષ અમારાં પણ આવશે એમાં કોઈને કાંઈ શંકા નથી. પણ નીચે આવ્યું કે ઉંચે આવ્યું એનો સવાલ નથી. પણ અમારે સરકારનો આભાર માનવો જોઈએ કે એણે અમને પણ સારા કહેવડાવ્યા છે. આ સરકારે



ઘણા મિત્રોને તોડીને અમને સારા કહેવડાવવા માટે પ્રયાસ કર્યો છે. અને એ પ્રયાસ કરવામાં માનનીય સભ્યશ્રી સુરેશભાઈએ જે ફાળો અમદાવાદમાં આપ્યો છે. એ તો અમદાવાદ શહેરના ઈતિહાસમાં અમદાવાદ નગરી જાણી શકી છે. અને એટલા માટે હું એનો ઉલ્લેખ કરતો નથી. હું જે વાત કરતો હતો એ રાજકીય પ્રમોશનની વાત કરતો હતો. રાજ્યમાં આપણે રાજકીય પ્રમોશન મેળવવા માગીએ છીએ કે નહીં ? વિરોધ પક્ષો સામે પોલિસ તંત્રનો ઉપયોગ કરવા માગીએ છીએ કે નહીં અને સાહેબ, એને વધારે સમર્થક કરવા માટે એક બીજું ઉદાહરણ આપવા માગું છું મહાભારતના યુધ્ધની અંદર કર્ણને ઘણી બધી ઈર્ષા આવી. (અંતરાય) મને ખબર પડતી નથી કે પાછલી પાટલી ઉપર બેઠેલા માણસો સીટી કેમ મારતા નથી. ખાલી અવાજ જ કરે છે, સીટી પણ મારવી જોઈએ. સીટી મારવાની સાથે અમારે ત્યાં પણ વિસ્તારમાં જ્યાં થિયેટરો હોય છે. ત્યાં પહેલવહેલાં પહેલી લાઈનમાં બેસનાં લોકો પીકચરમાં અભિતાભ કે પ્રાણ આવે ત્યારે સીટી મારે છે. એવી આદતવાળા માણસો તો અહીંયા આવી ગયા નથી ને ? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી હું મારી વાત કરતો હતો એ વાતથી મારે આગળ જવું નથી. બાકી એમને ખુશ કરવા માટે હું વાત કરતો નથી. એમને સારુ લગાડવા માટે પણ વાત કરતો નથી. આ સમાજને અને આવતીકાલના સમાજમાં એક ઉત્ક્રાંતી લાવવા માટેની હું વાત કરૂં છું. પણ આપ આવું કરશો. તેની મને ખબર નહીં. તમને મહાભારતમાં રસ છે. તે હું જાણું છું (અંતરાય) બધા કુરૂક્ષેત્રમાં ગયા જ છો. બધા જ મહારથીઓ કુરૂક્ષેત્રમાં જ છો. જેમ મહાભારતમાં પાંડવોને ખતમ કરી નાખવા અને વેર લેવાનું કર્ણે નક્કી જ પણ કર્ણ તો ભોળો હતો. તે વખતે એક સર્પ કર્ણની પાસે ગયો અને તેને કહયું કે મારે પાંડવો ઉપર વેર લેવું છે, મારા પિતાને પાંડવોએ માર્યા છે. તેથી કર્ણ તું મને તારા એક તીર ઉપર બેસાડીને પાંડવો તરફ ફેંક પણ કર્ણે તેને ના પાડી. અને સર્પને તીર ઉપર બેસાડીને ન મોકલ્યો. મારે તો એટલું જ કહેવું છે કે અસામાજીક તત્વો મારફત તમે વિરોધપક્ષોને મહાભારતના યુધ્ધમાં ગમે તે શસ્ત્ર વાપરો, રાષ્ટ્રીય સુરક્ષા ધારાનું શસ્ત્ર વાપરો તેનો મને વાંધો નથી. આ યુધ્ધમાં તમે વિરોધપક્ષોની સામે યુધ્ધ કરો તેનો મને વાંધો નથી, આ યુધ્ધમાં તમે વિરોધપક્ષના લોકોને બદનામ કરો તેનો મને વાંધો નથી. પણ આ યુધ્ધની જે ભૂમિકા તમારે ભજવવાની છે અને તમે એ ભૂમિકા માટે અસામાજીક તત્વોને બાણમાં ફેંકતા હો ત્યારે શું પરિણામ આવવાનું છે ? તે જુઓ. મારે એટલા માટે કહેવું પડે છે કે આ સરકાર અસામાજીક તત્વોના સર્પનો ઉપયોગ કરે તેવી સરકાર છે. એક મંત્રીશ્રીએ અહીં આવીને સોગંદ લીધા હતા કે હું કોઈ કોમનો નથી, હું કોઈ નાતનો નથી, હું કોઈ જાતનો નથી, મને કોઈ વર્ગ માટેનો ભેદ નથી. એવા મંત્રીશ્રી ત્યાં હાજર રહયાં. હું એ મંત્રીશ્રીને જવાબદાર ગણતો નથી, જવાબદાર ગણું છુ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને. મુખ્યમંત્રીશ્રી આ રાજ્યની અંદર વર્ગ વિગ્રહના અશ્વ ઉપર સવાર થઈને જ આવે છે. એ સરકાર રાજ્યની અંદર જે અગન ફેલાવી રહી છે જે આગ ફેલાવી રહી છે પ્રશ્નો આજે પતશે કે કાલે પતશે, સમાધાન આજે થશે કે કાલે થશે. રોસ્ટર જશે કે રહેશે એનો એમાં સવાલ નથી, સવાલ એટલો જ છે કે આ રાજ્યની અંદર આજે જે આપણે વર્ગ વિગ્રહની આગને ફેલાવી રહયા છીએ એ આગને કાબૂમાં

શ્રી અશોક ભટ્ટ ]

લેવા માટે કોઇ ફાયરબ્રિગેડ માગવાનું નથી. આજે રાજ્યની અંદર જે સ્થિતિ ઉભી થઇ છે એ સ્થિતિની અંદર જે પરિસ્થિતિ પેદા થઇ છે, તલવાર અમે ખેંચીશું તીર-કામઠા અમે કાઢીશું, કોની આગળ કાઢીશું કોની સામે કાઢીશું ? માનનીય અધ્યક્ષશ્રી અહીં આગળ આપણે બધા એક જ છીએ ગુજરાતના વિકાસની અંદર જેમણે બધાએ ફાળો આપેલો છે એ સૌ એક ભારત માતાના સંતાનો છીએ.

સરકારને ચૂંટણી જીતવાની હતી. એટલા માટે એમણે જે નિર્ણયો કર્યા એ નિર્ણયોના પરિપાકરૂપે આ રાજ્યની અંદર અસંતોષ પેદા થયો અને એમાંથી જુદા જુદા ફણગાઓ ફૂટ્યા. પ્રાંતિજની અંદર આગ લગાડી મહેસાણા જિલ્લાની અંદર ખેડૂતોના બે કોમોના લોકોને દુઃખ થાય તેવી સ્થિતિનું નિર્માણ કોણે કર્યું ? સરકારે સર્જી, સમાજે રચેલા આપણે સૌ સરજી, સામે બેઠેલા જવાબદાર માણસોએ સર્જી, લક્ષ્મીપુરાની અંદર સંમેલનો થયાં, પ્રવચનો કર્યા, એ પ્રવચનોના પુરાવાને આધારે તો રાજ્યની સરકાર નિષ્પક્ષ હોય તો રાજ્યના એ મંત્રીશ્રીનું રાજીનામું લઇને એને રાષ્ટ્રીય સલામતી ધારા હેઠળ પકડવા જોઇતા હતા. રાષ્ટ્રીય સલામતી ધારા હેઠળ અમારી ધરપકડ કરી ત્યારે તમે કાચવાડામાં જઇને પ્રવચન કર્યું હતું. ભુદરપુરા જઇને પ્રવચન કર્યું હતું આવાં જે કારણો ગણાવ્યાં છે એ વજુદ વિનાના ગણાવ્યાં છે તો ત્યાં સુધી તમે પગલાં ભરી શકો કે નહીં? એમના માટે કશું નહીં ? એક માટે હુકમો થાય બીજા માટે ન થાય, શું કરવા આમ થાય છે. કાયદો છે એને કોઇ મર્યાદા નથી, એની સામે કોઇ આવતું નથી, કાયદાની સામે બધા સમાન હોવા જોઇએ અને આવા બનાવો બનતા નથી એટલા માટે જ કહું છું રાજ્યમાં જે પોલીટીકલ પોલ્યુશન થઇ રહ્યું છે એ માત્ર વિરોધ પક્ષ ઉપર જ થાય એવું નથી. વિરોધી વાતો લખનાર ઉપર પણ થાય છે, વિચારધારાથી દૂર જનારા માટે પણ એનો ઉપયોગ થાય છે. બધાને માટે એક જ નિયમ હોય તો અમને જરૂર આનંદ થશે પણ એવું બનતું નથી. ત્યારે અમારે આ વાત કરવી પડે છે. લોકશાહીનું કોઇ ઉંડાણ હોય તો તે વાણી સ્વાતંત્ર્ય છે. અને એની સાથે સાથે વિચાર સ્વાતંત્ર્ય છે અખબારી છે, આજે રાજ્યની અંદર એવો કોઇ કાયદો નથી કે જેના કારણે કોઇ અખબારને વેચાતુ બંધ કરી શકાય. રાજ્યના ગૃહ મંત્રાલયે સીધી સૂચના આપી, કોઇ પણ જાતની ચકાસણી કર્યા સિવાય મોડી રાતે સૂચના આપી કે આ અખબાર છે એને વેચાતું બંધ કરી દેવાય. અને તે રીતે ગુજરાત સમાચાર જનસતા, ઇન્ડિયન એક્સપ્રેસ અને વેસ્ટર્ન ટાઇમ્સ અને આણંદના નયા પડકાર ઉપર હુમલા થયા. આજે અખબારો ઉપર હુમલા થયા એના કારણે રાજકીય પોલ્યુશન રાજકીય વાતાવરણને કલુશીત કરવાની અંદર એ જાય છે. અને જ્યારે એના વિશે અવાજ થાય છે, જ્યારે એનો જવાબ મગાય છે. ત્યારે એવો જવાબ આપવામાં આવે છે કે તપાસ ચાલુ છે. શસ્ત્રો પકડાયા એનું શું થયું તો કહે કે તપાસ ચાલુ છે, ખાનગી ગોળીબારમાં શું થયું તો તપાસ ચાલું છે, એક સાથે લોકોને બાળી મૂકવામાં આવ્યા તો એની તપાસ ચાલુ છે, ગાડુડી હત્યાકાંડ એની તપાસ ચાલુ છે, ગોમતીપુર હત્યાકાંડ તપાસ ચાલુ છે, આવું પાટિયું જો ગૃહ મંત્રાલય ઉપર લખાયેલ હોય તો કોઇ મશ્કરીમાં કદાચ એમ કહેશે કે તમાસો ચાલુ છે એવું કોઇ વાંચી બેસે તો એમાં આપણે શું કહી શકીશું ? આ તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે. એવો જવાબ હવે આ



શ્રી અશોક ભટ્ટ ]

ગૃહ મંત્રીશ્રીને તો નહીં શોભે. ગૃહ મંત્રીશ્રી કાયદા દ્વારા આ સરકારને વધારે સબળ બનાવવા માગતી હોય, અસામાજીક તત્વોને ડામવા માગતી હોય, એની પ્રવૃતિઓ ઉપર કદમ ઉઠાવવા માગતી હોય અને એના માટે વધારે શકિત અને સામથ્ય મેળવવા માગતી હોય તો અત્યારના કાયદા એમને ઓછા પડતા હોય તેમ હું માનતો નથી. ઇન્ડિયન પિનલ કોડની સતા એમને ઓછી પડે છે. અને આ બધી પ્રવૃતિઓને ડામી શકાતી નથી. એમ માનનીય મંત્રીશ્રી કહેવા માગતા હોય તો મારે કશું કહેવાનું નથી. પણ, માનનીય અધ્યક્ષશ્રી હું માનનીય મંત્રીશ્રી છેલ્લાં પાંચ વરસના બનાવોની ફાઇલ મગાવીને જુએ અને મને સ્પષ્ટ જવાબ આપે કે છેલ્લા પાંચ વરસમાં પોલીસ કમિશનરે કેટલા લોકોને તડીપાર કરવાના હુકમો કર્યા અને એ હુકમોની સામે રાજ્યના ગૃહ સચિવાલયે કેટલા કિસ્સામાં સ્ટે ઓર્ડર આપ્યા એના આંકડા આપશે તો, અને જોશે તો ખબર પડશે કે સ્ટે આપવામાં કોને રસ હતો, કોની ભલામણ હતી, એ જરા બીટવીન ધી લાઇન તપાસ કરે. હું એમ નથી કહેતો કે એ બીટવીન ધી લાઇનની તપાસ સભાગૃહમાં જાહેર કરે પરંતુ તડીપારના હુકમો થયા એ સત્તા કાયદામાં બહુ મોટી સત્તા છે અને અસામાજીક તત્વોને દામવાને માટેની બહુ અસરકારક સત્તા છે. અને એ સતાનો ઉપયોગ બરાબર અભ્યાસ કરીને તડીપારના હુકમો પોલીસ કરતી હોય છે. અને આવા હુકમો રાજકોટ, સુરત, અમદાવાદ, વડોદરા વગેરેમાં થયા છે એ હુકમોની સામે ગૃહ મંત્રાલયના ડેપ્યુટી સેક્રેટરી કક્ષાની વ્યકિત સ્ટે આપે, એને મુક્ત આપ્યા કરતી હોય છે. એમાં ઘણા ગંભીર આક્ષેપો છે પણ એમાં પોલિટીકલ ડખલ હોય છે. એટલે આપણે જો એનાથી પર જઇશું તો અને કદમ ઉઠાવીશું તો, રાજ્યના પોલીસમાં ખમીર આવશે. આજે રાજ્યની સરકારે ૨૦૦ ઉપરાંત પકડયા છે તેથી શું રાજ્યમાં શાંતિ થઇ જવાની છે, એવી વાતો કરવી એ મને તો લાગે છે કે ભ્રામક છે, કારણ કે, આ કાયદામાં જે ત્રુટિ છે એના ઉપર હું પછી આવીશ ત્યારે ખબર પડશે પણ બિહારમાં જ્યારે આ કાયદો આવ્યો ત્યારે હાઇકોર્ટે અને સુપ્રિમ કોર્ટે લોકોને છોડી મૂકયા. સરકારને મારે તો એટલું જ કહેવાનું છે કે સરકારના કદમમાં જો આત્મ વિશ્વાસ ન હોય તો સરકારે કયા કદમો ઉઠાવવા જોઇએ ? સૌથી પહેલાં તો જે દારૂ વેચનારી અને લાવનારી ગેંગ છે, એના જે વડા છે એ ગેંગસ્ટરને પકડવા પડશે, માફિયા ટોળીના જે આગેવાનો છે એને પકડવા પડશે, ખૂનો કરનારી ટોળકીના જે આગેવાનો છે એને પકડવા પડશે. મહારાષ્ટ્ર સરકારે આવો કાયદો કર્યા સિવાય પણ રાષ્ટ્રીય સુરક્ષા ધારાનો અમલ કરીને કેટલાક લોકોને પકડવાના પગલાં ભર્યા અને એનું પરિણામ પણ આવ્યુ અને એના કારણે લોકો મહારાષ્ટ્રમાંથી બહાર ભાગી ગયા, રાજ્યની પોલીસ એવા લોકોને ઓળખતી નથી એવું તો નથી. મારે કહેવું પડશે કે એવા જે નામધારી લોકો છે એની સામે પગલાં લેવાં જોઇએ. અને લેવાય છે. આજે ૨૦૦ ની ધરપકડ થઇ છે, એમાં નામધારી નથી પકડાયા એવું મારૂં કહેવાનું નથી, પરંતુ જે પકડાયા છે એની યાદી બહાર પડાય તો લોકોને વિશ્વાસ આવે કે જે નામધારી લોકો છે એ પકડાય છે અને સરકાર ગંભીરતાપૂર્વક ગુંડાગીરી નાબૂદ કરવા પગલાં લઇ રહી છે. એટલે જે લોકો પકડાયા છે એમાં જે ખાસ કરીને નામધારી લોકો છે એની યાદી બહાર પાડવામાં સરકારે અચકાવું જોઇએ નહીં, એના કારણે લોકોમાં વિશ્વાસ પેદા થશે

શ્રી અશોક ભટ્ટ ]

માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો જેલમાં ગયા છે એના માટે મારે એક બાબત તરફ ધ્યાન દોરવાનું છે કે લોકોને જેલમાં મૂકીશું તો એનાથી કાયદો સુધરી જવાનો નથી. હું હમણાં જ જેલમાં જઈ આવ્યો છું એટલે એની સ્થિતિની મને ખબર છે. સૌરાષ્ટ્રની જેલની વાત કરતો નથી. ત્યાં તો પોરબંદરની જેલની કેવી પરિસ્થિતિ થઈ છે ? એના કારણે એ જેલ આખો બંધ કરી દેવી પડી, પરંતુ હું તો ૨૫મી ફેબ્રુ- આરીએ રાજકોટની જેલમાં જેલ સુપ્રિ- ન્ટેન્ડન્ટ રાઉન્ડમાં નીકળ્યા ત્યારે ત્યાં ગુને- ગારે એને રીંગ કરી લીધા, જેલની પોલીસ બાજુમાં ઉભી રહી ગઈ, ત્યાં દારૂનું પીપ હાજર હતું એમાંથી એ દારૂ જેલ સુપ્રિન્ટેન્ડન્ટ ઉપર છાંટવામાં આવ્યો. એને તમાચા મારવામાં આવ્યા, જુતા માર- વામાં આવ્યા. ત્યારપછી આઈ.જી. પ્રિઝને વિઝિટ કરી તો કોઈ પગલાં આ કેદીની સામે લેવાયાં નહીં. એમની જેલ ટ્રાન્સફર કરી નાખી અને એમને જામનગર જેલમાં મૂક્યા. સુધારો એટલો થયો કે એક જેલની અંદર રાજકીય આશ્રયને કારણે જેલ સુપ્રિ- ન્ટેન્ડન્ટને મારી શકાતા હતા એ બીજા ગૃહ મંત્રીશ્રી આવ્યા ત્યારે સામાજિક સુધારો થયો અને એ કેદીને જામનગર બદલ્યા અને એ કેદીએ સામાજિક સુધારો કર્યો અને એ જેલમાં એમના જે ભાઈ હતા એમને એપ્રિલમાં એ પરણાવી શક્યો. એટલો મોટો સુધારો થયો એનો મારે ચોક્કસ સ્વીકાર કરવો રહ્યો, એટલે હું જે કહેતો હતો કે એક સામટા આટલા બધા કેદીઓને એક જેલમાં મૂકવાથી પરિણામ એ આવશે કે આપણે જેલનું તંત્ર સાબદું કરવું પડશે. ૧૯૭૬-૭૭નો આપણો અનુભવ એવો છે કે જે લોકોએ દાણચોરી અને એવા બીજા ગુનાઓ માટે પકડાયેલા કેદીઓનો જેમણે અભ્યાસ કર્યો છે અને જેમણે લેખ લખ્યો છે એમણે કહ્યું છે કે દેશમાં જ્યારે આ બધા દાણ- ચોરોને એક જગ્યાએ મૂક્યા એના કારણે એમની પ્રવૃતિ એટલી બધી વધી ગઈ કે એની આખી ગેંગ બની ગઈ, એની આખી સિન્ડીકેટ બની ગઈ. એટલે આ બધા ગુંડા- ઓને એક સાથે રાખવામાં આવે ત્યારે આવી કોઈ પરિસ્થિતિ પેદા થાય નહીં તેની પણ તકેદારી રાજ્યે રાખવાની રહેશે. આવી પરિસ્થિતિ સર્જાતી જાય છે.

હું જ્યારે સૌરાષ્ટ્રની જેલની વાત કરું છું ત્યારે અમદાવાદની વાત ન કરું તો એમને ખરાબ લાગે. સિવિલ હોસ્પિટલમાં એક કેદી ઘાયલ થઈને આવ્યો, એને અસ્ત્રાના ઘા વાગ્યા છે. કોણે અસ્ત્રો જેલમાં જવા દીધો, કોણે માર્યો, ક્યાંથી પહોંચ્યો, એને માટે તપાસ કરવાની જરૂર છે. એટલા માટે કે બધા અસામાજિક તત્વોને આપણે એક જગ્યાએ ભેગા કરીશું તો એમાંથી પણ નવા પ્રશ્નો પેદા થશે અને એથી હું રાજ્ય સરકારને એ બાબતમાં પણ ગંભીરતાથી ચેતવણી આપવા માગું છું કે આવી કોઈ પરિસ્થિતિ જેલોમાં પેદા થાય નહીં તેને માટે પૂરતી કાળજી રાખવાની ખાસ જરૂર છે.

આજે તો રાજ્યમાં રાજકીય પ્રદુષણ ચાલુ છે. ગુંડાગીરી નાબૂદી ધારા હેઠળ સરકાર રાજકીય કાર્યકર્તાઓને પકડે નહીં અને ખરેખર જે ગુંડાઓ છે, જે રાજ્યમાં અશાંતિ ઉભી કરવામાં મદદ કરે છે એમને જો પકડશે તો જ આ કાયદો સાર્થક બનશે. આનો હું એક દાખલો આપવા માગું છું. હસમુખભાઈ પ્રહલાદભાઈ પટેલ, એમને ગુજરાત સરકારે ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એક્ટિવિટિઝ ઓર્ડિનન્સ ૧૯૮૫ અનુસાર કરેલી અટકાયતના હુકમ અનુસાર



શ્રી અશોક ભટ્ટ ]

અને એની કલમ ૯ની જોગવાઈ અનુસાર ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટ સીએનજેપી/વસી /ખેડા તા. ૬-૫-૮૫ થી કર્યો, એનો રિપોર્ટ વાંચતો નથી પણ એક કારણ પેન્શન પ્રતિકારનો ગુનો એમણે કરેલો અને આંદોલન ચલાવેલું અને આવેદન પત્ર આપેલું. એ આવેદન પત્રને પણ આ કારણમાં સંમિલત કરવામાં આવ્યું છે. પેન્શન પ્રતિકાર સમિતિ જનતા પાર્ટીએ ૨૧-૪-૮૪ના રોજ આણંદની સમિતિએ આવેદન પત્ર આપેલું અને તે આણંદના મામતલદારને આપેલું.

**(વિશ્રાંતિ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

## બિનસરકારી સંકલ્પો

**અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગો માટે અનામત બાબત**

**શ્રી મોતીભાઈ મા. ચાવડા (બાવળા):** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચેનો પ્રસ્તાવ રજૂ કરું છું.

"ભારતને સ્વરાજ મળ્યા પછી ૩૭ વર્ષ વીતી ગયાં છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીની આ જન્મભૂમિમાં મહાત્માજીએ પ્રબોધેલા ગરીબોના ઉત્કર્ષની વાત જ્યારે વિચારીએ છીએ ત્યારે અનુસૂચિત જાતિઓ, જન- જાતિઓ, :પછાત વર્ગો તથા લઘુ મતિઓના વિકાસ માટે હજુ સુધી પણ એવી સ્થિતિ પેદા થઈ શકી નથી કે જેથી સમાજના દલિત અને અને કચડાયેલા લોકો આગલી હરોળમાં આવવા માટે શકિતમાન થયા હોય. ભારતના બંધારણે પણ પછાત વર્ગોને સમાજની આગલી હરોળ સાથે મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ખાસ પ્રકારની જોગવાઈઓ કરી છે અને તે જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય સરકારને સત્તાઓ પણ આપી છે.

સેંકડો વર્ષોથી પછાત રહી ગયેલા વર્ગોને સામાજિક અને શૈક્ષણિક રીતે આગળ લાવવા માટે તથા વિકાસની જે તકોથી તેઓ વર્ષો સુધી વંચિત રહી ગયા છે તેનો લાભ મેળવવા માટે તેઓ શકિતમાન થાય તે હેતુથી અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, તથા અન્ય પછાત વર્ગોને માટે અનામત બેઠકો, ઉચ્ચ અભ્યાસ તેમજ જાહેર સેવાઓમાં પણ તેમને સ્થાન આપવાની જોગવાઈઓ કરવામાં આવેલી છે અને આ અનામતની જોગવાઈ તથા જાહેર સેવાઓમાં બઢતી માટે રોસ્ટર પધ્ધતિની જોગવાઈઓનો રાષ્ટ્રીય કક્ષાએ સ્વીકાર કરવામાં આવ્યો છે.

સમાજના સર્વાંગી વિકાસને નજર સમક્ષ રાખીને અગાઉની સરકારોએ ગુજરાતમાં અનામત તથા રોસ્ટર બાબતમાં જે પગલાં :લીધાં તેને આ સભાગૃહ અનુમોદન આપે છે અને પછાત સમાજની વાજબી માગણીઓને સંતોષવા માટે હાલની સરકારે લીધેલાં પગલાંને પણ આ સભાગૃહ સંપૂર્ણપણે ટેકો આપે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મોતીભાઈ મા. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનને આઝાદી મેળવવાની